8556

પુસ્તક ૧૨
અંક ૨

# સ્વાધ્યાય

વસંતપંચમી
વિ. સં. ૨૦૩૧



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વેરાનો લેખ

ચિત્ર ૧
મૈત્રેય બુદ્ધ
(ફોટો : મણિભાઈ વોરા)

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. ( ટપાલખર્ચ સાથે )

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા**

**સંપાદક**

મુદ્રક: શ્રી રસિકલાલ જી. પટેલ મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ ( સાધના પ્રેસ ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી, ૧૯૭૫.

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૩૧ પુસ્તક ૧૨

ફેબ્રુઆરી, ૧૯૭૫ અંક ૨

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય*

ભોગીલાલ જ. સાંડેસરા

ઈ.સ. ૧૪૫૦થી ૧૮૫૦ સુધીનો આશરે ચાર શતાબ્દીનો કાલખંડ એ વાસ્તવિક અર્થમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો યુગ છે. નરસિંહ પૂર્વેના સાહિત્યને પ્રાચીન ગુજરાતી કે મારુ-ગુર્જર સાહિત્ય કહી શકાય; એની યે પહેલાં ઉત્તરકાલીન અપભ્રંશ તથા અપભ્રંશ ઐતિહાસિક પૂર્વક્રમમાં રહેલાં છે. પ્રથમ ઉત્તર ભારત ઉપર અને પછી બાકીના ભારત ઉપર તુર્કો અને મુસ્લિમ ધર્મ પાળતા પરદેશીઓનો વિજય થયો ત્યારે ઊભા થયેલા ધાર્મિક-સામાજિક અનેકવિધ નવા પ્રશ્નોના સન્દર્ભમાં ભારતીય માનસને અને ભારતીય સંસ્કારિતાના એક નવા જ યુગને અભિવ્યક્તિ આપવાનું કાર્ય ભારતીય ભાષાઓએ નવેસરથી ઉપાડી લીધું. લોકપ્રચલિત કથ્ય ભાષાઓએ તત્કાલીન સમાજની વ્યાવહારિક જરૂરિયાતો પૂરી પાડવાની હતી તે સાથે દેશની અંદર જ દેશની સંસ્કારિતા માટે લડત ચલાવવાની હતી. ભારતીય જીવન એના જૂના ચીલાઓમાં જ ચાલતું રહ્યું હોત તો સંભવ છે કે નવ્ય ભારતીય ભાષાઓનાં સાહિત્યનો જન્મ અને વિકાસ એકાદ શતાબ્દી જેટલો મોડો થયો હોત. ભારતીય વિચારપ્રવાહના નાયકોએ પોતાના પૂર્વજોના ઉચ્ચ સાંસ્કારિક અને આધ્યાત્મિક વિચારોનો આમવર્ગમાં પ્રચાર કરવા માટે લોક-ભાષાઓનું માધ્યમ સ્વીકાર્યું; હિન્દુઓના તાત્ત્વિક ઐકેશ્વરવાદનો તેમણે આધાર લીધો અને મુસ્લિમોના નિર્ગુણ ઐકેશ્વરવાદ સાથે એનો સ્વાભાવિક સમન્વય સાધવા પ્રયત્ન કર્યો. આ પ્રયત્નોનું વાહન મુખ્યત્વે નવ્ય ભારતીય ભાષાઓ બની. પ્રાદેશિક સાહિત્યોનો આ રીતે વિકાસ થતાં વિભિન્ન પ્રદેશોના વ્યક્તિત્વના વિકાસને વેગ મળ્યો. સાંસ્કારિક અને ભાષાકીય પ્રદેશના ઘડતરને રાજકીય એકમની ઘટના દ્વારા પણ ઉત્તેજન મળ્યું. પ્રદેશના ઘડતરમાં બીજાં તત્ત્વો સાથે વાહનવ્યવહારનાં સાધનો-માર્ગોનું યે વિશિષ્ટ મહત્ત્વ છે. જેમ કે ગુજરાતના સ્વભાવ-ઘડતરમાં એના લાંબા સમુદ્રકિનારાએ અને વિદેશી વેપારે અગત્યનો ભાગ ભજવ્યો છે તેમ પ્રથમ પાટણમાં અને પછી અમદાવાદમાં સ્વતંત્ર ગુજરાતી સલ્તનતની સ્થાપનાએ તથા તેની સ્થિર થયેલી દઢતાએ મારવાડ અને ગુજરાતની પ્રાયઃ સમાન ભાષાને—જેમાં બોલીભેદો હશે જ—ગુજરાત

---

* ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી પ્રકાશન 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ગ્રન્થ ૨'ની ભૂમિકા.

અને મારવાડની બે સ્વતંત્ર ભાષાઓરૂપે વિકસવાનો અવકાશ આપ્યો. ઇસવી સનની પંદરમી સદીના આરંભમાં અમદાવાદની સ્થાપનાની ઘટના નરસિંહ મહેતાના વૃદ્ધમાન્ય કવનકાળથી થોડાક દશકા જેટલી જ જૂની છે.

પૂર્વકાળના અને આપણા અભ્યાસવિષય કાલખંડના સાહિત્યનાં પ્રેરક બળો બહુધા સમાન હતાં. આચાર્ય હેમચન્દ્રના અપભ્રંશ વ્યાકરણમાં ઉદ્ધૃત થયેલા પ્રેમશૌર્ય અને સામાન્ય ઉપદેશના દુહાઓનું સાતત્ય અર્વાચીન કાળ સુધી રહેલું છે એ સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના ઐતિહાસિક જીવન અને લોકસાહિત્ય ઉપરથી જણાય છે. સંસ્કૃતનો સુભાષિતછંદ જેમ અનુષ્ટુપ તેમ અપભ્રંશ અને ગુજરાતી-રાજસ્થાનીનો સુભાષિતછંદ દુહો. દુહા વિષે કોઈ વિદગ્ધે કહેલો એક જૂનો ગુજરાતી દુહો છે :—

> દૂહો તિહાં કહીજઇ, જિહાં હોહિ લોક સુજાણ;
> અધૂરઇ પૂરઉ કરઇ, પૂરઇ કરઇ વખાણ.

પંદરમા સૈકા પછીના ગુજરાતી હસ્તલિખિત સાહિત્યમાં સુભાષિતોના—પ્રાસ્તાવિક દુહાના અનેક સમૃદ્ધ સંગ્રહો મળે છે, જેમાંના કેટલાક શ્રી. ચિમનલાલ દલાલે, શ્રી મધુસૂદન મોદીએ, અને આ લેખકે છપાવ્યા છે. આ સિવાય જૂની પદ્યવાર્તાઓ અને આખ્યાનોમાં, રાસા આદિમાં દુહા અને અન્ય છંદોમાં રચાયેલાં પુષ્કળ સુભાષિતો-મુક્તકો ઉદ્ધૃત થયેલાં છે, જેનો 'સુભાષિત રત્નભાંડાગાર' જેવો મોટો સંગ્રહ સંકલિત થઈ શકે. શિષ્ટ સાહિત્યનો લોકસાહિત્ય સાથેનો પ્રત્યક્ષ સંપર્ક અને સમન્વય અહીં જોઈ શકાય છે અને મધ્યકાલીન સાહિત્યના અનેક પ્રકારોમાં લોકસાહિત્યનો પ્રભાવ વિવિધ રીતે અને વિવિધ કોટિએ વરતાય છે.

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં ધર્મ એ પ્રાભાવિક પ્રેરક બળ હતું, કેમ કે જીવનનાં અનેક અંગો ધર્મરંગે રંગાયેલાં હતાં. એમાં વ્યાપક અર્થમાં ધર્મજીવન ઉપરાંત આર્યધર્મના વિવિધ સંપ્રદાયોનો સમાવેશ થાય છે. પહેલાં જૈનધર્મ લઈએ, કેમ કે નરસિંહ પૂર્વેનું ઉપલબ્ધ સાહિત્ય પ્રાયઃ જૈન સાહિત્ય છે. એનું કારણ એ નથી કે જૈનેતર સાહિત્ય રચાયું જ નહિ હોય; એમ હોવું શકય કે સંભવિત નથી. પણ જૈન ગ્રન્થભંડારોની સામાજિક સંગોપનપદ્ધતિને કારણે જૈન સાહિત્ય વ્યવસ્થિત રીતે સચવાયું એટલો જ એનો અર્થ છે. જૈનેતરકૃત જે થોડુંક સાહિત્ય મળે છે તે પણ જૈન ભંડારોમાં સચવાયું છે તે હકીકત આ વિધાનનું એક પ્રમાણ છે.

પંદરમા સૈકા પછીના કાલખંડમાં જૈન સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે. જૈનેતર સાહિત્ય પણ અર્વાચીન સમયમાં આવતા જઈએ તેમ તેમ સારું સચવાયેલું છે. એથી પરસ્પરથી કેટલેક અંશે સંપૃક્ત છતાં લગભગ સમાન્તર વહેતા રહેલા આ બંને પ્રવાહોના તુલનાત્મક અભ્યાસ માટે પણ પર્યાપ્ત અવકાશ રહે છે.

ભાગવત-વૈષ્ણવ ધર્મનો વિકાસ અને પ્રચાર શતાબ્દીઓ પૂર્વેથી લગભગ સમગ્ર ભારતમાં હતો અને તેના પ્રભાવમાંથી ગુજરાત મુક્ત રહી શકે નહિ. ચૌલુકય યુગથી માંડી ગુજરાતનું સંસ્કૃત, પ્રાકૃત અને લોકભાષાનું સાહિત્ય (જેમાં હેમચન્દ્રે ઉદ્ધૃત કરેલા રાધાકૃષ્ણ વિષેના દુહાનો પણ સમાવેશ થાય છે) એ વાતના પ્રમાણરૂપ છે. નરસિંહ-મીરાંની ઉત્કટ ભક્તિજ્વાળાનો ઉદ્ભવ કંઈ

આકસ્મિક નહોતો, પણ દેશભરમાં પ્રવર્તમાન પ્રબળ ભક્તિ-આન્દોલનનો અંશ હોઈ વિશિષ્ટ પ્રતિભાવાન વ્યક્તિઓ દ્વારા અભિવ્યક્તિ પામ્યો હતો. પણ પુષ્ટિમાર્ગના સ્થાપક વલ્લભાચાર્યના આગમન પછી ગુજરાતના ધાર્મિક જીવનમાં શાન્ત પરિવર્તન આવ્યું. જૈન ધર્મની અનુયાયી અનેક વણિક જ્ઞાતિઓ વૈષ્ણવ બની. અહિંસા, તપ અને દાનધર્મની આર્યધર્મસંમત પૂર્વપરંપરાનો સ્વીકાર કરી, વલ્લભાચાર્યે એમાં સેવાનો આનંદ અને ઉત્સવનો ઉલ્લાસ ઉમેરીને પ્રજાજીવનને સાચા અર્થમાં નવપલ્લવતા અર્પી, ભક્તિમાર્ગનો મહાયાન સર્વ પ્રકારના અધિકારીઓ માટે ચાલુ કર્યો. મધ્યકાલના લગભગ અર્વાચીન છેડે વિદ્યમાન સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદે એને આચારશુદ્ધિ અને સાત્ત્વિકતાનો પુટ આપ્યો. ભક્તિમાર્ગના આશ્રયથી અને ભક્તિજ્ઞાનના ઉપાસક, આમજનતાની વચ્ચે રહેનારા સંત-ભક્તોના સરલ આચાર અને સાદી પણ મરમી વાણીના પ્રભાવથી સામાજિક જીવનના આતંકોને હિન્દુ સમાજ કંઈક સ્વસ્થ રીતે પચાવી શક્યો. શ્રીમદ્ ભાગવત આમ તો પુરાણગ્રન્થ હોવા છતાં મધ્યકાલીન સાહિત્યના એક પરિબળરૂપ બન્યો હતો.

સ્માર્ત ધર્મ, પુરાણોક્ત ધર્મ, શિવપૂજા અને શક્તિપૂજા ઉપરાંત અતિ પ્રાચીનકાળથી ચાલ્યા આવતા લોકધર્મો સમાજમાં પ્રચલિત હતા. રામાયણ-મહાભારત ઉપરાંત પુરાણો આદિને આધારે વિવિધ પ્રકારોમાં રચાયેલું સાહિત્ય આથી મધ્યકાલમાં છે; શાક્ત સંપ્રદાયનું સાહિત્ય પણ છે. લોકધર્મને બાદ કરતાં ઉપર્યુક્ત સર્વ સંપ્રદાયોમાં ગુજરાતી ઉપરાંત ઓછાવત્તા પ્રમાણમાં સંસ્કૃત અને પ્રાકૃતમાં પણ સાહિત્ય રચાયું છે. આથી આ સમયના ગુજરાતી સાહિત્યનો વિચાર સમગ્ર ધાર્મિક-સામાજિક જીવન અને સાહિત્યપ્રવૃત્તિના સન્દર્ભમાં કરવો જોઈએ.

પ્રાચીન ભારતમાં ઉપનિષદપ્રોક્ત સર્વાત્મભાવમાંથી ઉદ્ભવેલો એકેશ્વરવાદ અને નિર્ગુણવાદ હતો અને ઉપરટપકે દેખાતો બહુદેવવાદનો આભાસ વસ્તુતઃ એકેશ્વરવાદને દૃઢ કરવા માટે હતો; પણ ઉત્તર ભારતના તુર્કી વિજય પછી મુસ્લિમ એકેશ્વરવાદ અને નિરાકાર ઈશ્વરની ઉપાસનાએ સમન્વયાત્મક શ્રદ્ધાને અદકો વેગ આપ્યો અને સંતપ્રણાલિના ઉદ્ભવ અને વિકાસની ભૂમિકા તૈયાર થઈ. મધ્યકાલીન રહસ્યવાદનું એમાં મિશ્રણ અને રસાયણ થયું. ગુજરાતમાં પણ એની અસર સ્વાભાવિક રીતે થઈ. નાથયોગીઓની મરમી વાણી, સૂફીઓની મસ્તી અને વૈષ્ણવોની પ્રેમલક્ષણા ભક્તિ અને અનુભવનો આત્મવિશ્વાસ એ બધું એ સંતવાણીમાં—જેમાંની કેટલીક ગ્રન્થસ્થ થઈ છે અને ઘણી નથી થઈ—સંભળાય છે; માર્ગી બાવાઓનાં, તુરી જોગી ફકીરનાં ભજનોમાં પણ સંભળાય છે. જ્ઞાનમાર્ગી કાવ્યધારાનો વિચાર પણ આ સાથે જાય, જેમાં એક બાજુ વેદાન્તનો ઉપદેશ આપતી સ્વતંત્ર કે અનૂદિત કૃતિઓ છે, તો બીજી બાજુ વસ્તો, બુટિયો, ગોપાળ, ધનરાજ, અખો આદિની આધ્યાત્મિક અનુભવના પરિપાકસમી કૃતિઓ છે. યોગી આનંદઘનજી અને મહાપંડિત યશોવિજયજી જેવા જૈન કવિઓની કૃતિઓ પણ આ બીજી કોટિમાં આવે.

આ સંતવાણીને તથા ભક્તિસંપ્રદાયને ઊર્મિપ્રાણિત પદપ્રકાર અનુકૂળ આવ્યો. અંદાજે હજારો પદો રચાયાં હશે. એમાં જ્ઞાન અને ઉપદેશનાં પદો પણ છે. આખ્યાનો કે પદ્યવારતાઓમાં ઘનીભૂત બનતી ઊર્મિની અભિવ્યક્તિ માટે અથવા વૃત્તાન્તકથનમાં વચ્ચે વચ્ચે વિરામ માટે પણ

પદો મુકાય છે. આખ્યાનરૂપમાં રચાયેલી ' અખેગીતા ' જેવી તત્ત્વજ્ઞાનવિષયક કૃતિઓમાં પણ વચ્ચે વચ્ચે પદો આવે છે. પદપ્રકારનાં શિખરો મુખ્યત્વે નરસિંહ, મીરાં, રાજે, દયારામ, પ્રેમાનંદ સખી આદિમાં સર થયાં છે.

આખ્યાન એ કથાત્મક કવિતા રજૂ કરે છે. એ દૃષ્ટિએ આ જ પ્રકારની કવિતા રજૂ કરતા જૂના સાહિત્યપ્રકાર ' રાસ ' અથવા ' રાસો ' સાથે એને ગાઢ સંબંધ છે. અથવા એમ કહી શકાય કે ' આખ્યાન ' અને ' રાસ ' એ વાસ્તવિક રીતે જોતાં એક જ પ્રકાર છે, અને તે જૈનેતર પરંપરામાં મુખ્યત્વે ' આખ્યાન ' તરીકે અને જૈન પરંપરામાં ' રાસ ' તરીકે ઓળખાયો. નાકર અને વિષ્ણુદાસ જેવા પ્રસિદ્ધ જૈનેતર આખ્યાનકારોએ અનુક્રમે પોતાનાં ' નળાખ્યાન ' અને ' રુકમાંગદપુરી ' એ આખ્યાનો માટે ' રાસ ' શબ્દ પ્રયોજ્યો છે અને ભાલણે પણ ' દશમસ્કન્ધ 'માં એ અર્થમાં ' રાસ 'નો પ્રયોગ કર્યો છે. જૂની ગુજરાતીમાં ' રાસ ' અને ' આખ્યાન ' એ બન્ને ય સામાન્ય રીતે ધર્મકથાને અને કેટલીક વાર ઐતિહાસિક વસ્તુને ( અલબત્ત, ઘણુંખરું તો એના કલ્પનામિશ્રિત સ્વરૂપમાં ) કાવ્યવિષય બનાવે છે. જૈન રાસાઓ ઉપાશ્રયોમાં અથવા શ્રાવકોના ઘરમાં નાના શ્રોતાવર્ગ આગળ ગવાતા હતા, જ્યારે આખ્યાનોનું કથકો અથવા માણભટ્ટો દ્વારા જાહેર સ્થળોમાં મોટી મેદની સમક્ષ ગાન થતું હતું. બન્ને પ્રકારમાં વસ્તુ અને સાહિત્યિક ' પ્રયોજન ' ( ' મોટિફ ' ) ધાર્મિક હતાં, તોપણ રાસ હંમેશાં ઉપાશ્રયના વાતાવરણમાં રહ્યો અને ઉપદેશાત્મક તત્ત્વમાંથી મુક્ત થઈ શક્યો નહિ, જ્યારે આખ્યાન વિભિન્ન રુચિ અને રસવૃત્તિવાળી મેદની સમક્ષ ગવાતું હોઈ તેના રચયિતાઓએ ઉપદેશના તત્ત્વ નીચે રંજન ચેપાઈ જાય નહિ એની સતત કાળજી રાખી. સંસ્કૃત પ્રાકૃતાદિ નહિ જાણનાર જનસમાજને મનોરંજક રીતે ધર્મકથાઓ સંભળાવવાની વૃત્તિમાંથી જન્મેલા આ સાહિત્યપ્રકારનાં પ્રસ્તુત બે નામો સહેજ વિભિન્ન સ્વરૂપે થયેલો વિકાસ માત્ર દર્શાવે છે.

રાસ અને આખ્યાનના સંબંધનો વિચાર કરતાં રાસ અને પ્રબન્ધનું સ્વાભાવિક સ્મરણ થાય છે. સાદા સંસ્કૃત ગદ્યમાં અને ક્વચિત્ પદ્યમાં રચાયેલાં ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક કથાનકોને મધ્યકાલીન સંસ્કૃત સાહિત્યમાં ' પ્રબન્ધ ' કહે છે, પણ જૂના ગુજરાતી સાહિત્યમાં તો રાસ જેવી કથાપ્રધાન રચનાઓને ' પ્રબન્ધ ' નામ અપાયેલું જોવામાં આવે છે, જેમ કે ' વિમલ-પ્રબન્ધ ', ' કાન્હડદેપ્રબન્ધ ', ' હમ્મીરપ્રબન્ધ ' આદિ. અલબત્ત, આ રીતે જેમને ' પ્રબન્ધ ' નામ અપાયું છે એવી રચનાઓ કોઈ ઐતિહાસિક વસ્તુ પરત્વે હોય છે એટલું પેલા સંસ્કૃત પ્રબન્ધો સાથે એનું સામ્ય ખરું; જો કે એમાંયે ' વિમલપ્રબન્ધ 'ને અને ' કાન્હડદે-પ્રબન્ધ 'ને કેટલીક હસ્તપ્રતોની પુષ્પિકાઓમાં ' રાસ ' કહ્યા છે. બીજી બાજુ, ' વસ્તુપાલ–તેજપાલ રાસ, ' ' સમરા રાસ, ' ' પેથડ રાસ, ' ' કુમારપાલ રાસ ' અને એવી ઐતિહાસિક વ્યક્તિ કે વૃતાન્તો પરત્વે રચાયેલી કૃતિઓને ' પ્રબન્ધ ' કહેવામાં આવી નથી. માત્રામેળ છંદોમાં રચાયેલી ઐતિહાસિક કૃતિઓ ' પ્રબન્ધ ' કહેવાય અને દેશીઓમાં રચાયેલી ' રાસ ' કહેવાય એવી એક માન્યતા છે, પણ તે સાધાર નથી, કેમ કે દેશીબદ્ધ રાસોની જેમ માત્રામેળ છંદોમાં રચાયેલા રાસો પણ મોટી સંખ્યામાં મળે છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે ગુજરાતમાં રાસ અને પ્રબન્ધ વચ્ચેની ભેદ-રેખા બહુ સ્પષ્ટ નથી. બલકે, એ બંનેને અલગ સાહિત્યપ્રકારો તરીકે વર્ણવવા એ પણ વધારે પડતું છે.

એ જ રીતે દેશીબદ્ધ રચનાને આખ્યાનનું એક વ્યાવર્તક લક્ષણ ગણવામાં આવે છે, તે પણ આખ્યાનના પ્રારંભિક યુગ માટે બધી રીતે સાચું ગણી શકાય નહિ. વીરસિંહકૃત 'ઉષાહરણ' (ઈ. સ. ૧૪૬૪ આસપાસ), કર્મણકૃત 'સીતાહરણ' (ઈ. સ. ૧૪૭૦ આસપાસ), દેહલકૃત 'અભિનવ ઊઝણૂં' (ઈ. સ.નો ૧૬મો સૈકો), માંડણકૃત 'રામાયણ' અને 'રુકમાંગદ કથા' (ઈ. સ.નો ૧૬મો સૈકો) આદિ આખ્યાનો ચોપાઈ આદિ માત્રામેળ છંદોમાં રચાયેલાં છે. જૈન રાસા અને જૈનેતર આખ્યાનની સમાન રચનાપરંપરાની આપણે હમણાં વાત કરી તે અહીં પ્રયોગમાં સ્પષ્ટ દેખાય છે. આ પ્રકારની રચનાઓમાં વચ્ચે વચ્ચે પદો મૂકવાની પરંપરા પણ બંનેમાં સમાન છે.

આ તો મુખ્યત્વે સ્વરૂપની વાત થઈ. રાસ અને આખ્યાન એ જૂના ગુજરાતી સાહિત્યનો સૌથી લોકપ્રિય સાહિત્યપ્રકાર છે. જનસમૂહનું એના જેવું અને જેટલું સમારાધન બીજા કોઈ પ્રકારે કર્યું નથી. રાસ અથવા આખ્યાન તરીકે ઓળખાવી શકાય એવી સેંકડો કૃતિઓ ઉપલબ્ધ છે.

રાસ–આખ્યાન સાથે જેની તુલના કરી શકાય એવો બીજો સાહિત્યપ્રકાર કથા અથવા પદ્યવારતા છે. એના મૂળમાં લોકવાર્તા છે, પણ એનું સાહિત્યિક રૂપ આનંદલક્ષી કથાનું છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં કથાનું આનંદલક્ષી રૂપ પૈશાચી પ્રાકૃતમાં રચાયેલી ગુણાઢ્યકૃત લુપ્ત 'બૃહત્કથા'માં (તથા 'કથાસરિત્સાગર,' 'બૃહત્કથામંજરી' આદિ એનાં સંસ્કૃત રૂપાન્તરોમાં), ધાર્મિક રૂપ પાલિ 'જાતક'માં અને 'બૃહત્કથા'ના જૈન ધર્મકથા લેખે થયેલા રૂપાન્તર 'વસુદેવ-હિંડી'માં તથા નીતિશાસ્ત્રલક્ષી વ્યાવહારિક રૂપ 'પંચતંત્ર'માં જણાય છે. એ કથાઓનો વારસો વિવિધ ફેરફારો અને પરિવૃદ્ધિ સાથે પ્રાકૃત અને અપભ્રંશ દ્વારા ગુજરાતીમાં આવ્યો છે, અને પ્રાચીન કાળથી માંડી ઓગણીસમા સૈકા સુધી એ કથાઓ સામાન્યતઃ પદ્યમાં તેમ જ કેટલીક વાર ગદ્યમાં યે મળે છે. ઘણી વાર એ જૂની કથાનું નવસંસ્કરણ હોય છે, તો પ્રસંગોપાત્ત સંસ્કૃત કથાનું કે કથાગ્રન્થનું ગદ્ય ભાષાન્તર કે રૂપાન્તર હોય છે. ઉદાહરણ તરીકે, 'કાદંબરી', 'પંચતંત્ર', 'બિલ્હણ કથા', 'ધૂર્તાખ્યાન' આદિનાં આવાં પદ્ય કે ગદ્યમાં થયેલાં ભાષાન્તર-રૂપાન્તરો છે. એમાં પણ પદ્યરચનાની દૃષ્ટિએ જોઈએ તો માત્રામેળ છંદોમાં તેમ જ દેશીઓમાં એમ બંને રીતે રચાયેલી પદ્યવારતાઓ મળે છે. આનંદલક્ષી કથાઓનો સૌથી મોટો લેખક શામળ છે; જો કે એની પછી ઠેઠ અર્વાચીન કાળના સીમાડા સુધી એવી રચનાઓની પરંપરા ચાલુ રહેલી છે. એમાં કંઈક અપવાદરૂપ ગણી શકાય એવી જૈન કવિઓએ રચેલી પદ્યવારતાઓ છે, પણ એમાં યે વચ્ચે વચ્ચે આવતા ધર્મોપદેશ અને અને છેલ્લે નાયક-નાયિકા દીક્ષા લે એવી ઘટનાઓ સિવાય બધું આનંદલક્ષી છે. અર્થાત્ જૈન કથાલેખકો અને કવિઓએ ધર્મોપદેશ અર્થે જનમન-રંજનનું આ સાધન સ્વીકાર્યું હતું. ઠેઠ પાંચમા સૈકા આસપાસ 'વસુદેવ-હિંડી'ના કર્તા સંઘદાસગણિ કહે છે કે 'કામકથામાં રક્ત જનોને શૃંગારકથાના વ્યપદેશથી ધર્મ કહું છું'; અને આગળ ઉમેરે છે કે 'વિદ્વજ્જનોના હૃદયમાં નિક્ષિપ્ત થયેલી કામકથા પણ પરિણામવશાત્ ધર્મકથા સાથે સંયોજિત થાય છે'.

પદ, આખ્યાન, રાસ, વારતા આદિની જેમ ફાગુ પણ જૂના ગુજરાતી સાહિત્યનો એક મુખ્ય પ્રકાર છે. એનું નામ જ સૂચવે છે તેમ (સંસ્કૃત फल्गु > પ્રાકૃત फग्गु 'વસંત') એ

વસંતવર્ણનનો પ્રકાર હોઈ માનવ ભાવ અને પ્રકૃતિનું સમન્વિત સુભગ આલેખન એ એની એક વિશિષ્ટતા છે. ગુજરાતી ભાષાના ઠેઠ આરંભકાળથી ઓગણીસમા સૈકા સુધી રચાયેલા ફાગુના પુષ્કળ નમૂના મળે છે. વસ્તુ, નિરૂપણ, છંદોરચના આદિની દૃષ્ટિએ આ સાહિત્યપ્રકારે સાધેલા વિકાસની ઐતિહાસિક તેમ જ નિરપેક્ષ દૃષ્ટિએ અભ્યાસ કરવા માટે પૂરતી સામગ્રી એમાંથી પ્રાપ્ત થાય છે. જૈનેતર ફાગુઓ માત્ર દસેક મળ્યા છે, જ્યારે ઉપલબ્ધ જૈન ફાગુઓની સંખ્યા અંદાજે સો ઉપરની હશે. ( સંસ્કૃતમાં પણ, જયદેવની અષ્ટપદીઓની જેમ, ગેય છંદોમાં રચાયેલા થોડાક જૈન ફાગુઓ મળ્યા છે એનો ઉલ્લેખ અહીં કરવો જોઈએ.) તુલના ઉપરથી એટલું સ્પષ્ટ છે કે વસંતવર્ણનનું એક જ મૂળ સાહિત્યસ્વરૂપ બંને ય પરંપરામાં સહેજ પ્રકારાન્તરે વિકસ્યું છે. વસંતવર્ણન ઉપરાંત વસંતક્રીડા એ ફાગુનો વિષય છે, અને શૃંગારના બંને પ્રકારો વિપ્રલંભ અને સંભોગનું એમાં નિરૂપણ હોય છે. પ્રાચીનતર અપભ્રંશમાં આપણને રાસુ વગેરે પ્રકારોના નમૂના મળે છે તેમ ફાગુના મળતા નથી, અને તેથી ફાગુનું સાહિત્યપ્રકાર લેખે મૂળ ચોક્કસ રૂપે સમજવાનાં સાધનો નથી, પણ સંસ્કૃત સાહિત્યનાં ઋતુવર્ણનનાં કાવ્યો સાથે એની તુલના કરી શકાય. જૂના ગુજરાતી પ્રગટ–અપ્રગટ ફાગુઓમાંથી મેં એકત્ર કરેલાં અવતરણો ( જુઓ ' પ્રાચીન ફાગુ-સંગ્રહ ' માં ' ફાગુનો સાહિત્યપ્રકાર ' એ પ્રાસ્તાવિક લેખ ) બતાવે છે કે ફાગુ એ જાહેરમાં વિવિધ રીતે નૃત્યાદિ સાથે ગવાતો પ્રકાર હતો, ઓછામાં ઓછું એના પ્રાચીનતર સ્વરૂપમાં તો હતો. નૃત્યકાવ્ય કે ગેયરૂપકને કંઈક મળતો એ પ્રકાર હશે અને લોકસાહિત્યમાંથી શિષ્ટ સાહિત્યમાં સ્વીકારાયો હશે. અલબત્ત, જેમ જેમ આ પ્રકાર પોતાના મૂળ સ્વરૂપથી દૂર જતો ગયો અને શિષ્ટ સાહિત્યના એક પ્રકાર લેખે જ વિકસતો–અથવા કહો કે પલટાતો ગયો તેમ તેમ એના જાહેરમાં પ્રયોગની શકયતા ઓછી થતી ગઈ. ( ફાગુ એ જાહેરમાં કે નિદાન સમુદાયમાં ગાવાનો પ્રકાર હતો એની નિશાનીઓ એની છંદોરચનામાં પણ છે. દુહા કે રોળા જેવા માત્રામેળ છંદના પ્રારંભમાં, છંદનો ખરેખર અંશ નહિ એવાં 'અહે', 'અહ' કે 'અરે' જેવાં લટકણિયાં મુકાયાં છે તે જાહેરમાં એ છંદો લલકારવાની અનુકૂળતા માટે હશે.) પાછળના સમયમાં ફાગુમાં કેટલીક એકવિધતા આવી ગઈ. એવા પણ ફાગુઓ રચાયા છે, જેમને નામ માત્ર ફાગુ ગણી શકાય. પણ એકંદરે જોતાં ચૌદમા શતકથી માંડી કેટલાક સૈકા સુધી માનવ ભાવો સાથે પ્રકૃતિનું ગાન ગાતી, શૃંગાર સાથે ત્યાગ અને વૈરાગ્યના તરંગો ઉછાળતી કવિતા આ સાહિત્યપ્રકારે આપી છે. આખ્યાન કે રાસ કરતાં આનું સ્વરૂપ ટૂંકું છે, પણ ' વસંતવિલાસ ', ' ચુપઇ ફાગુ ' કે ' વિરહ દેસાઉરિ ફાગુ ' જેવી કૃતિઓ બાદ કરતાં મોટે ભાગે એમાં કંઈક ઇતિવૃત્ત આવતું હોઈ હોરી કે ધમાર જેવાં વસંતખેલનાં ટૂંકાં પદો કરતાં એમાં વૈવિધ્યને વિશેષ અવકાશ રહ્યો છે.

' ષડ્ઋતુવિરહ વર્ણન ' ( દયારામ ) જેવાં ઋતુવર્ણનનાં કાવ્યો, બારમાસીઓ, તિથિ-વારનાં કાવ્યોને પણ અહીં યાદ કરવાં જોઈએ. બીજા કેટલાક ગૌણ પદ્યાત્મક સાહિત્યપ્રકારો જૂના ગુજરાતી સાહિત્યમાં છે, પણ એ સર્વનો નિર્દેશ આ પ્રાસ્તાવિક લેખમાં આવશ્યક નથી.

જૂના ગુજરાતી સાહિત્યમાં ગદ્ય લખાણો વિરલ કે અણછતાં હતાં એવો સામાન્ય ખ્યાલ પ્રવર્તે છે, પણ જૂના સાહિત્યની શોધ થતી જાય છે તેમ તેમ એ ખ્યાલ પ્રમાણોપેત નથી એ નિશ્ચિત થાય છે. ચૌદમા સૈકાથી માંડી જૂની ગુજરાતીમાં ગદ્યસાહિત્ય મળે છે અને એનું વૈપુલ્ય ઉત્તરોત્તર વધતું જાય છે. અર્વાચીન કાળમાં ગદ્ય ઘણાબધા સાહિત્યપ્રકારોનું વાહન બન્યું છે એવું

જો કે એ સમયમાં નહોતું; ગદ્યનું પ્રયોગક્ષેત્ર સીમિત હતું, તો પણ એ સીમિત ક્ષેત્રમાં યે ગદ્યનાં થોડાંક અલગ અલગ રૂપો મળે છે. સંસ્કૃત કે પ્રાકૃત કે વ્રજ ભાષાના ગ્રન્થના કે ક્વચિત્ પારસી ધર્મગ્રન્થોના અનુવાદ કે ટીકારૂપ બાલાવબોધો અને ટબાઓ; અક્ષરના રૂપના માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાતી બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત ગદ્ય 'બોલી'માં રચાયેલા 'પૃથ્વીચંદ્રચરિત્ર' અને 'સભાશૃંગાર' જેવા વર્ણકસંગ્રહો; અજ્ઞાતકર્તૃક 'કાલકાચાર્ય કથા' જેવી, ક્વચિત્ અલંકારપ્રચુર અને ક્વચિત્ સહેલા રસળતા ગદ્યમાં રચાયેલી કથાઓ અને 'કાદંબરી કથાનક' જેવા કથાસંક્ષેપો; દાર્શનિક ચર્ચાઓ, વાદવિવાદો અને પ્રશ્નોત્તરીઓ; 'ઔક્તિક' તરીકે ઓળખાતા, ગુજરાતી દ્વારા સંસ્કૃત શીખવા માટેના સંખ્યાબંધ વ્યાકરણ-ગ્રન્થો (એમાં નાનકડો ગુજરાતી-સંસ્કૃત શબ્દકોશ પણ હોય છે)—જેમાં સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા' અને કુલમંડનગણિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક' જેવા ભાષાના ઇતિહાસનાં સીમાચિહ્નોનો સમાવેશ થાય છે—;સ્વામીનારાયણનાં 'વચનામૃતો'નું પ્રવચનશૈલીનું વિશદ અને પ્રવાહી ગદ્ય—એ જૂના ગુજરાતી ગદ્યસાહિત્યનાં પ્રાપ્ત વિવિધ રૂપો છે. અત્યારે ઉપલબ્ધ થતું જૂનું ગદ્ય એટલું વિપુલ છે કે એનું પ્રકાશન કરવામાં આવે તો 'બૃહત્કાવ્યદોહન'ના સુપ્રસિદ્ધ ગ્રન્થો જેવા ઓછામાં ઓછા સો ગ્રન્થો તો સહેજે ભરાય. જો કે જુદા જુદા પ્રાચીન ગ્રન્થભંડારો અને સંગ્રહોમાં જે ગદ્યસાહિત્ય મારા જોવામાં આવ્યું છે તે વિચારતાં લાગે છે કે આ વિધાનમાં સંભવ અત્યુક્તિનો નહિ પણ અલ્પોક્તિનો છે.

મધ્યકાળનું સાહિત્ય બહુધા ધર્મપ્રધાન કે ધર્મમૂલક છે. સૌથી વિષમ સમયમાં યે સમાજશરીરમાં ધર્મની નાડીમાં ચેતન હોઈ ધર્મ એ સાહિત્યનું અગત્યનું પ્રેરક બળ હતું, એટલે સાહિત્યમાં ધર્મની પ્રધાનતા હોય એ સ્વાભાવિક છે, પણ 'એક પ્રેમાનંદના પૂજ્ય અપવાદ સિવાય' બધું મધ્યકાલીન સાહિત્ય કેવળ ધર્મરંગ્યું કે મૃત્યુની પયગંબરી કરનાર હતું એમ કહેવું વાસ્તવિક હકીકતોથી વેગળું છે. જીવનરસ–પ્રેમ અને વિરહ, શૌર્ય અને પરાક્રમ, હર્ષ અને શોક—નું ગાન કોઈ પણ સમાજમાં અને કોઈ પણ પ્રજાના સાહિત્યમાં ન હોય એ બને જ શી રીતે ? 'વસંતવિલાસ' અને એ પ્રકારના અન્ય ફાગુઓ, વૃત્તબદ્ધ શૃંગારકાવ્યો—માધવકૃત 'રૂપસુન્દર કથા' અને અજ્ઞાતકર્તૃક 'કુલાંચરિત્ર', નર્બુદાચાર્યકૃત 'કોકશાસ્ત્ર ચતુષ્પદી' તથા કામશાસ્ત્રવિષયક ગદ્યપદ્યાત્મક કૃતિઓ, 'બિલ્હણપંચાશિકા'ના ગદ્યમાં અને પદ્યમાં અનુવાદો તથા 'બિલ્હણપંચાશિકા'માંથી પ્રેરણા પામી સ્વતંત્ર રીતે રચાયેલી 'શશિકલા ચોપાઈ', 'મયણછંદ' અને 'અમૃતકચોલાં' જેવી શૃંગારપ્રધાન કૃતિઓ, 'ગીતગોવિન્દ'ના તથા 'વાગ્ભટાલંકાર' અને 'વિદગ્ધમુખમંડન' જેવા અલંકારગ્રન્થોના ગદ્યાનુવાદો, 'કાદંબરી'નો આખ્યાનરૂપ સારોદ્ધાર અને ગદ્યાત્મક સંક્ષેપ, 'રણમલ્લ છંદ' અને 'કાન્હડદે પ્રબંધ' જેવાં વીરરસપ્રધાન ઐતિહાસિક કાવ્યો, 'પંચાખ્યાન' કે 'પંચતંત્ર'ના પદ્ય અને ગદ્યમાં સારસંગ્રહો કે અનુવાદો, શામળની પદ્યવારતાઓ તથા એના અનેક પુરોગામીઓની એ પ્રકારની બહુસંખ્ય રચનાઓ, 'રત્નપરીક્ષા' અને 'ગણિતસાર' જેવી કૃતિઓ—આવાં બીજાં અનેક ઉદાહરણો આપી શકાય, પણ સ્થાલીપુલાકન્યાયે ઉપર્યુક્ત વિધાનના સમર્થનમાં આટલાં બસ થશે એમ માનું છું. ભવાઈની સંકલના ચૌદમા સૈકામાં અસાઇતે કરી હતી, પણ ભવાઈના નવા નવા વેશો ઠેઠ અર્વાચીન કાળ સુધી રચાતા અને ભજવાતા રહ્યા છે.

મધ્યકાલીન ગુજરાતની ગ્રન્થસ્થ ચિત્રકલાનો વિચાર આ ચર્ચા સાથે પ્રસ્તુત છે. સં. ૧૫૦૮(ઈ. સ. ૧૪૫૨)માં ચિત્રિત થયેલું 'વસંતવિલાસ'નું ઓળિયું પ્રાપ્ત થયું ત્યારથી ભારતીય કલાવિવેચકોનું ધ્યાન એ પ્રત્યે આકર્ષિત થયેલું છે. પુષ્કળ જૈન હસ્તપ્રતોમાં એ કલાના નમૂના ઉપલબ્ધ હોઈ કેટલાક એને જૈનાશ્રિત ચિત્રકલા કહે છે. ગુજરાત અને રાજસ્થાનની હસ્તપ્રતોમાં એના નમૂના મળતા હોઈ એને પશ્ચિમ ભારતીય કે ગુજરાતી ચિત્રકલા પણ કહેવામાં આવે છે. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ગ્રન્થોમાં, જૈન તેમ જ જૈનેતર ગ્રન્થોમાં આ ચિત્રો ઉપલબ્ધ હોઈ એને ધર્મનિરપેક્ષ કલા ગણવી જોઈએ. પૂર્વોક્ત ચર્ચાના સન્દર્ભમાં પૃથક્કરણ કરીએ તો, જૈન ધર્મના સચિત્ર સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોમાં 'કલ્પસૂત્ર', 'ઉત્તરાધ્યયન સૂત્ર', 'સંગ્રહણી', 'કાલકાચાર્ય કથા' આદિનો સમાવેશ થાય છે. જૈનેતર સચિત્ર સાહિત્યમાં 'ગીતગોવિન્દ', 'બાલગોપાલસ્તુતિ', 'દુર્ગાસપ્તશતી', 'બિલ્હણપંચાશિકા', 'મેઘદૂત', 'માધવાનલ-કામકંદલા', 'રતિરહસ્ય', 'શાલિહોત્ર' 'કાકરુત' આદિ ઉલ્લેખપાત્ર છે, પણ ઉપલબ્ધ જૈન અને જૈનેતર ગુજરાતી સાહિત્યકૃતિઓ જે સંખ્યામાં ચિત્રિત થયેલી છે તે ઉપરથી સમાજમાં આ કલાને મળતા વ્યાપક આશ્રયની તથા તે દ્વારા વ્યક્ત થતા જીવનરસની કલ્પના થઈ શકે છે. પણ અહીં કરાયેલો નિર્દેશ કેવળ ઉદાહરણાત્મક છે, સંપૂર્ણ નથી એ હકીકત નોંધવી જોઈએ. જૈન ગુજરાતી કૃતિઓમાં 'નલ-દવદંતી ચોપાઈ', 'આર્દ્રકુમાર રાસ', 'ધન્ના-શાલિભદ્ર રાસ', 'શ્રીપાલ રાસ', 'માનતુંગ-માનવતી રાસ', 'હરિબલ ચોપાઈ', 'ચંદરાજાનો રાસ', 'પ્રિયમેલક રાસ', 'પાર્શ્વનાથવિવાહલો' આદિનાં ચિત્રો ઉલ્લેખપાત્ર છે. જૈનેતર ગુજરાતી સચિત્ર કૃતિઓમાં 'પંચાખ્યાન', 'હરિલીલા ષોડશ કલા', 'પ્રબોધપ્રકાશ', 'ધ્રુવચરિત્ર', ભાલણકૃત 'દશમ સ્કન્ધ', પ્રેમાનંદકૃત 'મામેરું', ગિરધરકૃત 'રામાયણ', 'કુત્બુદ્દીનની વારતા', પારસી કવિ રુસ્તમ પેશોતનકૃત 'અર્દાવિરાફનામેહ'[1] વગેરે કૃતિઓ મળે છે. સાહિત્ય સાથે ચિત્રકલા કેવો તાલ મેળવે છે તે આવી સચિત્ર હસ્તપ્રતોમાંથી જણાય છે. દશાવતારનાં, રાગરાગિણીનાં અને ભોગાસનોનાં ચિત્રોના સંપુટો તથા અનેકવિધ કલાત્મક ગંજીપા મળે છે. શિહોરના રાજમહેલનાં, વડોદરામાં તાંબેકરના વાડાનાં અને સૌરાષ્ટ્રમાં પાડરશિંગાનાં ભીત્તિચિત્રો તત્કાલીન જીવન અને સમાજનું—યુદ્ધ અને શાન્તિની વિવિધ પ્રવૃત્તિનું વ્યાપક ચિત્રણ કરે છે. એ ભીત્તિચિત્રો અને ગ્રન્થસ્થ ચિત્રો વચ્ચેનો ભેદ એટલો જ કે ભીત્તિચિત્રોનું ભૌતિક ફલક સ્વાભાવિક રીતે જ વિશાળ છે, જ્યારે ગ્રન્થસ્થ ચિત્રોને હસ્તપ્રતના માપની સંકુચિત મર્યાદા સ્વીકારવી પડી છે. ચિત્રકલાનો વિષય ગમે તે હોય, પણ એમાં જીવનની અભિવ્યક્તિ છે. મધ્યકાલીન ગુજરાતના વિપુલ ચિત્રિત સાહિત્યને મૃત્યુની પયગંબરી શી રીતે ગણી શકાય ?

'રણમલ્લ છંદ' કે કાન્હડદેપ્રબન્ધ' જેવા થોડાક અપવાદો બાદ કરતાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને રાજ્યાશ્રય નહોતો. ચિત્રકલાને અને ચિત્રિત સાહિત્યને ધનિકાશ્રય હતો ખરો, પણ એકંદરે એ સાહિત્ય સામાન્ય સમાજમાં ઉદ્ભવેલું, વિકસેલું અને વિસ્તરેલું હતું. આથી તે સમયે વ્રજભાષામાં, ચારણી સાહિત્યમાં કે રાજસ્થાની-ડિંગળ આદિમાં રચાયા છે તેવા

---

૧ કામા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈના સંગ્રહમાં આ આખ્યાનની ૧૦૬ ચિત્રોવાળી હસ્તપ્રત સચવાયેલી છે. એની બીજી સચિત્ર હસ્તપ્રતો પણ એ સંસ્થામાં છે.

કાવ્યશાસ્ત્ર, કોશ, છંદઅલંકારાદિ કે નાયિકાભેદના ગ્રન્થો ગુજરાતી સાહિત્યમાં નથી. નરસિંહ, ભાલણ, અખો, શામળ, બ્રહ્માનંદ, પ્રીતમ, દયારામ આદિ અનેકોએ વ્રજભાષામાં ઘણું લખ્યું છે તથા ગુજરાતી કવિઓએ વ્રજભાષામાં કરેલા પ્રદાન વિષે એક કરતાં વધુ મહાનિબંધો લખાયા છે. સંસ્કૃત–પ્રાકૃત, વ્રજ અને ગુજરાતી સાહિત્યરચનાની ધારા ગુજરાતમાં લગભગ એકસાથે વહેલી છે. સંસ્કૃત અને વ્રજનું સ્થાન અભ્યાસીઓની રુચિને ઘડનાર અને એમને કાવ્યરચના અને વિદ્યાવ્યાસંગની તાલીમ આપનાર પ્રકૃષ્ટ સાહિત્યભાષાઓ તરીકે હતું, પરન્તુ ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય તો સમાજની રગેરગમાં વ્યાપેલાં હતાં; સાહિત્યકૃતિઓ બહુધા વાંચવા માટે નહિ, પણ સાંભળવા કે ગાવા માટે હતી એ વસ્તુ વિશિષ્ટ કૃતિઓના બહોળા પ્રચાર માટેનું એક નિમિત્ત કારણ હતી. ગુજરાતી કાવ્યોને લેખબદ્ધ કરવાં એ મુખ્ય નહિ પણ આનુષંગિક બાબત હતી. આપણા મુખ્ય શિષ્ટ કવિઓનાં કાવ્યો, પ્રેમાનંદાદિનાં આખ્યાનો તથા અનેક જ્ઞાતનામા અને અજ્ઞાતનામા કવિઓનાં પદો લોકમુખે સર્વવ્યાપક હતાં અને હજી છે. આપણા પદસાહિત્યનો મોટો ભાગ અલ્પાંશે લિપિબદ્ધ થયો હતો અને સંતવાણી તો લોકમુખે જ સંક્રમણ પામતી રહી હતી. સંતવાણીનું વાહન ગુજરાતી લોકબોલી અને ખડી બોલીના મિશ્રણ જેવી 'સાધુબોલી' છે અને સંતસાધુઓની જેમ તે પણ સતત પરિવ્રજન કરતી રહી છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય જનતાના સર્વ વર્ગોમાં વ્યાપક હતું અને એના પ્રણેતાઓ સમાજના સર્વ સ્તરોમાંથી આવેલા હતા. વિદ્યાવ્યાસંગ જેમનું કર્તવ્ય હતું એવી બ્રાહ્મણ અને નાગર જેવી જ્ઞાતિઓ તથા કવિકર્મ અને બંદીકૃત્ય જેમનો પરંપરાગત વ્યવસાય હતો એવી બારોટ અને ચારણ જેવી જાતિઓના કવિ કે લેખકોની આપણે અહીં વાત નહિ કરીએ, પણ અન્ય જાતિઓના લેખકો અને તેમની કૃતિઓના થોડાક ઉદાહરણરૂપ નિર્દેશોથી ઉપર સૂચવી તેવી વસ્તુસ્થિતિનો કંઈક ખ્યાલ આવશે.

પ્રસિદ્ધ આખ્યાનકાર નાકર વડોદરાનો ડીસાવાલ વણિક હતો અને આખ્યાનો રચીને એક નાગર બ્રાહ્મણ મિત્ર–સંભવતઃ માણભટ્ટના યોગક્ષેમ અર્થે તેને સોંપી દેતો હતો. 'વલ્લભાખ્યાન'નો કર્તા ગોપાળદાસ અને 'રસસિન્ધુ'નો કર્તા ગોપાળદાસ બન્ને પુષ્ટિમાર્ગીય વણિક હતા. 'ગોપાળગીતા'નો કર્તા ગોપાળદાસ નાંદોદનો મોઢ વણિક હતો અને 'નાસિકેતાખ્યાન' આદિ રચનાર રણછોડ કપડવંજ પાસે તોરણાનો ખડાયતો વણિક હતો. 'મૃગીસંવાદ'નો કર્તા જાવડ પણ વણિક હતો. 'કુમારપાલ રાસ' આદિ અનેક રાસાઓ રચનાર ઋષભદાસ ખંભાતનો શ્રાવક વણિક હતો. તે સિવાય લીંબો, ખીમો, હરખજી, હીરાણંદ (પંદરમા શતકમાં થયેલા 'વિદ્યાવિલાસ પવાડો', 'વસ્તુપાલ રાસ' આદિ રચનાર સાધુ હીરાણંદથી ભિન્ન), નેમિદાસ, કર્ણસિંહ, પેથો, પ્રકાશસિંહ, વચ્છ ભંડારી આદિ શ્રાવક વણિક કવિઓ અને તેમની રચનાઓ જાણવા મળ્યાં છે. પરબત કવિ શ્રાવક ભાવસાર હતો અને લીંબડીનો પાસો કવિ શ્રાવક પાટીદાર હતો. દેપાળ અને મયારામ એ જૈન ધર્માનુયાયી ભોજક કવિઓ હતા. 'પ્રબોધબત્રીસી' આદિનો કર્તા માંડણ, આખ્યાનકાર કાશીસુત શેધજી અને 'અભિમન્યુ આખ્યાન'નો કર્તા તાપીદાસ બંધારા જ્ઞાતિના હતા. 'હરિરસ' નો કર્તા પરમાનંદ દીવનો બ્રહ્મક્ષત્રિય—કપડાં છાપનાર કારીગર હતો. ઉચ્ચ કવિત્વયુક્ત 'મહિના' રચનાર રત્નો ખેડાનો ભાવસાર હતો. પરબત અને ભીમ એ બે

કવિઓ જૈન ધર્માનુયાયી ભાવસાર હતા. 'સુધન્વાખ્યાન' રચનાર મોરાસુત ગોવિન્દ સૂરતનો કંસારો હતો. વેદાન્તી કવિ અખો અમદાવાદનો સોની હતો. 'બાલચરિત'નો કર્તા ફીકો વશી અને 'પાંડવવિષ્ટિ'નો કર્તા કૃઢ અનાવિલ બ્રાહ્મણ ખેડૂતો હતા. 'અર્જુનગીતા'નો કર્તા ધનદાસ ધંધુકાનો પાટીદાર હતો અને નિરાંત ભક્ત દેથાણનો પાટીદાર હતો. 'ચાબખા' વડે નામાંકિત ભોજો ભગત પણ આખાબોલો અભણ પાટીદાર હતો. 'રુક્મિણીહરણ'નો કર્તા દેવીદાસ ગાન્ધર્વ હતો. સ્વામીનારાયણના સંપ્રદાયના વિખ્યાત કવિ નિષ્કુળાનંદ પૂર્વાશ્રમના લાલજી સુથાર હતા. 'ધ્રુવાખ્યાન'નો કર્તા હરિદાસ વાળંદ હતો અને 'શુકદેવાખ્યાન'નો કર્તા વસ્તો ડોડિયો બોરસદનો ધારાળો હતો. પ્રેમભક્તિનાં ઉત્તમ પદો રચનાર રાજે કેરવાડાનો મોલેસલામ ગરાસિયો હતો. બાપુસાહેબ ગાયકવાડ વડોદરાના રાજકુટુંબનો સંબંધી મરાઠો હતો.

સંતપ્રણાલિમાં ઉચ્ચનીચના કોઈ ભેદ નહોતા, એનું પ્રધાન લક્ષ્ય તો એ ભેદો નિવારી એક ઈશ્વરને ભજવાનું હતું. પંદરમા સૈકામાં ઉત્તર ભારતમાં સ્વામી રામાનંદના શિષ્યમંડળમાં કબીર વણકર, રોહિદાસ ચમાર, સદના ખાટકી, સેના વાળંદ, ધન્ના જાટ, પીપાજી રાજપૂત અને નરહરિ બ્રાહ્મણ હતા. એ જ પરિસ્થિતિ આપણા અભ્યાસવિષય કાલખંડમાં ગુજરાતમાં જોવા મળે છે. ગુજરાતના કબીરપંથી સંતકવિઓમાં ભાણદાસ અથવા ભાણસાહેબ લોહાણા હતા. એમના ગુરુ આંબા છઠ્ઠા નામે નિરક્ષર ભરવાડ હતા, જેમનાં ભજનો શ્રી. ઝવેરચંદ મેઘાણીએ 'સોરઠી સંતવાણી'માં પ્રગટ કર્યાં છે. ભાણસાહેબના પુત્ર ખીમદાસ અથવા ખીમસાહેબ. ભાણસાહેબના એક શિષ્ય રવિસાહેબ તે એમના સંસ્પર્શમાં આવ્યા પહેલાં રવજી નામે વ્યાજખોર વણિક હતા; ભાણસાહેબે એનો જીવનપલટો કર્યો હતો. રવિસાહેબના એક રાજપૂત શિષ્ય થરાદના ઠાકોર માનસિંહજી તે મોરારસાહેબ, જેમણે જીવત સમાધિ લીધી કહેવાય છે. લીંબડીના સંત કવિ મીઠા ઢાઢી મુસલમાન હતા, જેમણે રવિસાહેબને પણ અમુક પ્રસંગે ઉપદેશ કર્યો હતો. રવિ-ભાણ સંપ્રદાયે મસ્ત ભજનોનું વિપુલ સાહિત્ય સર્જ્યું છે, જેમાંનું કેટલુંક 'રવિ-ભાણ સંપ્રદાયની વાણી' એ નામથી પ્રગટ થયું છે. એ સંપ્રદાયના ભજનિક કવિઓમાંના એક ત્રિકમદાસ ગરોડા અથવા હરિજન બ્રાહ્મણ હતા અને હોથી સુમરો મુસલમાન હતા. કાજી મહમદશાનાં ભજનો આજે પણ સૌરાષ્ટ્રમાં ગવાતાં સંભળાય છે.[1] બહુસંખ્ય ભાવવિભોર પદો રચનાર સંત જીવણદાસ અથવા દાસી જીવણ ગોંડળ પાસે ઘોઘાવદરના ચમાર હતા.

સૌરાષ્ટ્રના લોકસમાજની ભજનિક પરંપરા ઉપર મારવાડના ક્ષત્રિય રાજકુમાર રામદેવજી અથવા રામદે પીરે પ્રવર્તાવેલા મહામાર્ગ અથવા નિજારની પણ ઊંડી અસર છે. સૌરાષ્ટ્રના વિખ્યાત સંત અને ભજનિક કવિ દેવીદાસ જેમણે પોતાનું જીવન રક્તપીતિયાંની સેવામાં ગાળ્યું હતું તેઓ રબારી હતા, જ્યારે એમનાં શિષ્યા અમરબાઈ[2] આયર અને બીજા શિષ્ય શાદુળ

---

૧ અર્વાચીન કાળમાં વીસનગરના અનવરમીયાં કાજી ('અનવર કાવ્ય') અને પીર સત્તારશાહ આદિની રચનાઓની તુલના આ સાથે થઈ શકે.

૨ મધ્યકાલીન સાહિત્યમાં કવયિત્રીઓ એ અભ્યાસનો એક અલગ વિષય છે. મીરાંબાઈનું વ્યક્તિત્વ અને કૃતિત્વ સૌથી પ્રસિદ્ધ છે. દીવાળીબાઈ, કૃષ્ણાબાઈ, પુરીબાઈ, રાધાબાઈ વગેરેએ ભક્તિનાં પદો ગાયાં છે. એમાંની રાધાબાઈ વડોદરાવાસી મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતી. સંસ્કૃત 'હંસવિલાસ'ના

ભગત કાઠી હતા. શાદુળ ભગત અથવા 'શાદલ પીર'ની શિષ્યા માંગલબાઈ નામે કાઠિયાણી હતી. રાજકીય ઉત્પાતો અને દુષ્કાળમાં અનાથ બનેલાં બાળકોના આશ્રય માટે મોરબી પાસે વવાણિયામાં ધર્મસ્થાન સ્થાપનાર દેવજી સંત રામબાઈ, જેઓ ભજનોમાં પોતાને 'રામુ' તરીકે ઓળખાવે છે તેઓ આહીર હતાં. રામદેવજીના પટ્ટશિષ્ય હરજી ભાટીના શિષ્ય શેલણશીની ચેલી લોયણ લુહાર જ્ઞાતિની હતી; એણે પોતાના એક વારના મિત્ર લાખાને ઉદ્દેશી 'વાયક' કહ્યાં છે. ગંગાબાઈ અથવા 'ગંગા સતી'એ પચાસેક પદો પોતાના પુત્ર અજોભાની પત્ની–પુત્રવધૂ માનબાઈને સંબોધેલાં છે. ગંગાબાઈ ગોહીલ રાજપૂત હતાં. જામનગરના સંતકવિ હમીર કુંભાર હતા. લખમો ભગત માળી હતો. આ પૈકી કેટલાકનાં મરમી ભજનો 'સોરઠી સંતવાણી' અને 'પુરાતન જ્યોત'માં સંઘરાયાં છે. આવાં બીજાં પણ ઉદાહરણો ટાંકી શકાય.

ખોજા, મતિયા અને વોરા જેવા મુસ્લિમ સંપ્રદાયોએ પોતાની ધાર્મિક કવિતા ગુજરાતીમાં લખી છે. ખોજાપંથી પદસાહિત્યમાં 'દશાવતાર', 'મોમણ ચેતાવણ', 'ઇમામવાળાના પ્રછા' વગેરે ભજનસાગરો છે; એની આંતરસામગ્રીમાં કબીર-નાનક જેવો અદ્વૈતવાદનો પાસ જણાય છે.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં પારસીઓએ સંસ્કૃતમાં લખ્યું છે (જુઓ શ્રી. એસ. ડી. ભરૂચાસંપાદિત Collected Sanskrit Writings of the Parsees, Vols. I-VI) તેમ ગુજરાતીમાં પણ લખ્યું છે. પારસી ધર્મગ્રન્થોના ગુજરાતી ગદ્યાનુવાદો વિષે અગાઉ ઉલ્લેખ કર્યો છે, પણ સત્તરમા શતકમાં સુરતના મોબેદ રૂસ્તમ પેશોતન પહેલી વાર ગુજરાતી પદ્યમાં 'જરથોસ્ત-નામેહ', 'શ્યાવક્ષ-નામેહ', અને 'અર્દાવિરાફ-નામેહ', એ સુદીર્ઘ ચરિત્રો આખ્યાનરૂપે આપે છે. સંભવતઃ સોળમા સૈકામાં થયેલા રાંમ નામે પારસી કવિ તથા સત્તરમા સૈકામાં થયેલા બરજોર ફરેદુન તથા નવસારીનિવાસી નોશેરવાન જમશેદ એ પારસી કવિઓ ઉલ્લેખયોગ્ય છે. સત્તરમા શતકના પારસી કવિઓનું ગુજરાતી કવિતાને પ્રદાન એટલું ગણનાપાત્ર છે કે એ વિષે શ્રી. પેરિનબહેન કાપડિયાએ એક મહાનિબંધ તૈયાર કર્યો છે. ગુજરાતી સાહિત્યની સેવાની પારસીઓની આ પરંપરા અર્વાચીન યુગ સુધી સતત ચાલુ રહેલી છે.

ઈસવી સનના બારમા શતકના આરંભમાં આચાર્ય હેમચન્દ્રકૃત અપભ્રંશ વ્યાકરણના રચનાકાળની આસપાસ ગુજરાતી ભાષા-સાહિત્યનો આરંભ ગણીએ તો એ કાળથી માંડી ઈસવી સનના ઓગણીસમા શતકના ઉત્તરાર્ધમાં–૧૮૫૩માં અવસાન પામેલા કવિ દયારામના સમય સુધી એટલે કે લગભગ સાડાસાતસો વર્ષ સુધી પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતીનો સાહિત્યસ્રોત વિપુલ અને અવિચ્છિન્ન રીતે વહેતો રહ્યો છે. એમાં હિન્દુઓ, જૈનો, મુસ્લિમો અને પારસીઓની રચનાઓ છે. ભાષાને ખિલવનાર અને તેને વિકાસકોટિએ આગળ લઈ જનાર નરસિંહ, મીરાં,

---

પ્રણેતા, શાક્ત સંપ્રદાયના હંસ મીઠુ અથવા મીઠુ મહારાજની શિષ્યા જનીબાઈ નામે રસિક કવયિત્રી થઈ ગઈ. ઓલપાડની નાનીબાઈએ રૂપકપ્રધાન 'વણઝારો' રચ્યો છે. સંત નિરાંતની શિષ્યા વણારશીબાઈનાં પદો મળે છે. પીર કાયમુદ્દીન ચિશ્તીના પંથની વોરા કવયિત્રી રતનબાઈની 'કલામો' ભક્ત કવિઓનાં ભાષા અને ભાવ વ્યક્ત કરે છે. જૈન પરંપરામાં 'ચારુદત્તચરિત્ર' રચનાર પદ્મશ્રી સાધ્વી અને 'કનકાવતી આખ્યાન' રચનાર હેમશ્રી સાધ્વી થઈ ગયાં છે, પણ સમગ્ર રીતે જોતાં કવયિત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે અને એમનું પ્રદાન અલ્પ છે. એનું કારણ મુખ્યત્વે સામાજિક પરિસ્થિતિમાં જ ખોળવું રહ્યું ને ?

ભાલણ, પ્રેમાનંદ, શામળ, રાજે, દયારામ આદિની કૃતિઓ છે; ભાષાની અભિવ્યક્તિને કસોટીએ ચઢાવનાર અને તેની શક્તિઓને સવિશેષ સૂક્ષ્મતા અર્પનાર અખો, કૃષ્ણજી, વસ્તો, યશોવિજય આદિનાં કવિતામાં તત્ત્વજ્ઞાન ગૂંથતાં કાવ્યો છે; કેટલાક વિશિષ્ટ અને આકર્ષક પ્રકારો ધરાવતું વિપુલ ગદ્ય તથા વૈવિધ્યભર્યું શક્તિશાળી પદ્ય છે; સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં જે ઉત્તમ અને ઉપયોગી જણાયું તે બધું ગુજરાતીમાં ઉતારવાનો ભારે પુરુષાર્થ એમાં છે; તે ઉપરાંત એ પ્રાચીન વારસા સાથે ગુજરાત અને ગુજરાતીની આગવી વિશેષતાઓનો સુમેળ સાધતી પણ પુષ્કળ રચનાઓ છે. જીવનમાં તેમ સાહિત્યમાં પરંપરાનું પ્રાધાન્ય હતું એવા યુગમાં વિવિધ ઉદ્દેશથી અને વિવિધ પ્રકારો દ્વારા ગુજરાતી ભાષાની જે અનવરત ઉપાસના થઈ છે—અને પચીશીવાર નહિ પણ લગભગ દશકાવાર—એ ઉપાસનાનાં ફળ લિખિત સ્વરૂપે આજે પણ જે ઇયત્તામાં ઉપલબ્ધ છે એનો જોટો ભારતીય આર્ય ભાષાસાહિત્યોના ઇતિહાસમાં એકમાત્ર સિંહાલીના અપવાદ સિવાય ક્યાંય નથી. દયારામના અવસાનકાળે ગુજરાતી ભાષા માત્ર વ્યવહારુ ઉપયોગની કથ્ય ભાષા નહોતી, પણ આઠ શતાબ્દીના સતત અને સમર્થ ખેડાણનો વારસો ધરાવતી સમૃદ્ધ સાહિત્યભાષા હતી.

વિવિધરંગી ગુજરાતી પ્રજાનું આંતરચૈતન્ય ટકાવી રાખવામાં સૌથી મોટો ફાળો કોઈનો હોય તો તે મધ્યકાળના કવિઓ, સંતો, ભજનિકો અને કથકો-કથાકારોનો છે. ઇતિહાસના સૌથી વિષમ સમય-ગાળાઓમાં પણ, એથી, પ્રજાએ પોતાની આંતરિક સમતા સાવ ગુમાવી નહોતી તથા શાન્તિ અને આશ્વાસન પ્રાપ્ત કર્યાં હતા. "ગોવર્ધનરામે કહ્યું છે તેમ, ગામ ગામ વચ્ચે અંધેર, ધાડલૂંટ ઇત્યાદિને કારણે સંપર્ક રહ્યા નહિ હોય ત્યારે ય દરેક ગામે પોતાનો આછોપાતળો પણ કવિ નિપજાવ્યો, જેણે નાનકડો સ્થાનિક દીવડો બની લોકોનાં હૈયાંને લીલાં રાખ્યાં. તેમાંના વિશેષ સત્ત્વશાળીની પ્રતિષ્ઠા સ્થાનિક ન રહેતાં પ્રદેશવ્યાપી પણ બની. મધ્યકાળના આ કવિકુળે સમાજને એના સારા દિવસોમાં તેમ જ રાજકીય અને નૈતિક વિપત્તિ વેળા બૌદ્ધિક વિનોદ, સાહિત્યરસ, ધર્મલભ્ય આશ્વાસન અને નૈતિક બળ આપ્યું છે અને સમાજને એકાદ ડગલું આગળ લઈ જવાની સેવા બજાવી છે. ગોવર્ધનરામે આથી સાચું જ કહ્યું છે કે આ કવિઓ વિના ગુજરાતનું લોકજીવન રણ જેવું વેરાન અને શુષ્ક બની જાત અને ગુજરાત હૃદયની સચેતનતા ખોઈ બેઠું હોત. ગુજરાતી ભાષાને એમણે ઘડી, પલોટી, કેળવી, તેને ભાવક્ષમ, અર્થવાહી અને મધુર બનાવી એ સેવા તો જુદી" (પ્રો. અનંતરાય રાવળ, 'ગુજરાતી સાહિત્ય', ભાગ પહેલો, પૃ. ૨૪).

# ગુરુ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

આધ્યાત્મિક શૌર્ય-વીર્ય-દક્ષતાસંપન્ન સમત્વબુદ્ધિ (સ્થિતપ્રજ્ઞતા, સ્વાસ્થ્ય) પ્રદાન કરનાર નિદર્શનમાળા આગળ ચલાવતાં અન્તર્યામી શ્રીકૃષ્ણે અર્જુનને 'અભય' નામનો સંવાદ કહ્યો.[1]

કોઈ એક જ્ઞાનવિજ્ઞાનપારગામી બ્રાહ્મણને એકાન્તમાં બેઠેલો જોઈ તેની પત્નીએ પૂછ્યું: 'તમારા જેવા પતિને પામીને હું કયા લોકને પામીશ? તમે તો અવિચક્ષણ ખેડૂતની જેમ 'કર્મ' (રૂઢ ક્રિયાકાંડ) છોડીને બેસી ગયા છો. અમે તો સાંભળ્યું છે કે પત્નીઓ પોતાના પતિના લોકને પામે છે. (તમે તો 'ધાર્મિક' કર્મ ત્યજી દીધાં છે, એટલે તમારી સાથે મારી પણ દુર્ગતિ થશે ને?)' (૧૪-૨૦-૧થી ૪)

એટલે પેલા શાન્તચિત્ત બ્રાહ્મણે મુખ મલકાવતાં ઉત્તર આપ્યો: 'સુભગે! તારા વચનથી મને માઠું નથી લાગ્યું. (અજાણ્યાં એમ જ બોલે.) કર્મીઓ (કર્મકાંડીઓ) ગ્રાહ્ય, દશ્ય અને શ્રાવ્ય કર્મને જ કર્મ કહે છે, અને એમ જ્ઞાનહીન જનો (આસક્તિથી) કર્મ કરીને મોહમાં જ ફસાય છે. આ જગતમાં નૈષ્કર્મ્ય-નિષ્કામ વર્તન આ છે એમ સ્થૂળરૂપે દેખાતું નથી. (કારણ એ પ્રચ્છન્ન છે.) સર્વ પ્રાણીઓ જન્મથી આરંભીને મૃત્યુપર્યંત મન-વચન-કર્મથી શુભ-અશુભ કર્મ કર્યાં જ કરે છે.' (૧૪-૨૦-૫ થી ૮)

આ રીતે પ્રસ્તાવના કરીને આગળ ચાલતાં બ્રાહ્મણ બોલ્યો: 'દશ્ય દ્રવ્યસામગ્રીથી થતાં કર્મોનો જ્યારે રાક્ષસોએ નાશ કરવા માંડ્યો, ત્યારે મેં આત્મા વડે આત્મામાં રહેલા (બ્રહ્મના) આયતનને જોયું, કે જ્યાં તત્સંજ્ઞક નિર્દ્વંદ્વ બ્રહ્મ વસે છે, જ્યાં અગ્નિ સાથે સોમનું વ્યવધાન

---

१ अत्राप्युदाहरन्तीममितिहासं पुरातनम् ।
दंपत्योः पार्थ संवादम् अभयं नाम नामतः ॥ १४-२०-१

ભયથી ચિત્ત વિકળ થાય છે, તેનાથી બુદ્ધિ અસ્થિર થાય છે, તેથી દૈવી સંપત્તિનું પ્રથમ લક્ષણ 'અભય' છે. (ગીતા ૧૬-૧)

ભયનું મૂળ કારણ 'હું અને મારું' છે, જુદાઈ અને અળગાપણું છે, જ્યાં ઐક્ય છે ત્યાં કોણ કોનાથી ડરે? મનુષ્યમાં જ્યાં સુધી ભેદબુદ્ધિ છે, મારા-પરાયાની ભાવના છે, ત્યાં સુધી અભય, નિર્ભયતા આવી શકે નહિ. નિર્ભયતાનો આભાસ આવે ખરો.

'બૃહદારણ્યક' ૧-૪-૨ કહે છે: द्वितीयाद्वै भयं भवति । ડર તો બીજાનો લાગે. શ્રીકૃષ્ણનું 'અભય'નું શિક્ષણ દરેક સ્તરના મનુષ્યના હૃદયમાંથી જુદાઈની ભાવના કાઢી, ઐક્યની સ્થાપના કરી સાચા અભયની-અમૃતત્વની પ્રાપ્તિ કરાવવા અર્થે છે.

થાય છે, અને જે જગાએ રહીને ધીર પુરુષ પંચભૂતોને ધારણ કરે છે.[2] (આ યોગની પરિભાષા જણાય છે. મસ્તકમાં રહેલ સોમ અમૃત ટપકાવે છે તેને નાભિમાં રહેલ અગ્નિ પીને નષ્ટ કરે છે. પરન્તુ ધીર એ બન્નેનું પ્રાણાયામાદિ ક્રિયાઓ દ્વારા નિયંત્રણ કરીને પાંચે ભૂતોને સમ્યગ ધારણ કરી રાખી, ઉન્નતિ સાધે છે.) વળી જ્યાં બ્રહ્માદિ દેવો તેમ જ ઉત્તમ વ્રતધારી, જિતેન્દ્રિય, શાન્તાત્મા વિદ્વાનો તે અક્ષરબ્રહ્મની એકાગ્ર ચિત્તે ઉપાસના કરે છે, એ બ્રહ્મ નાકથી સુંઘાય એવું નથી, જીભથી ચખાય એવું નથી, ત્વચાથી સ્પર્શી શકાય એવું નથી, કેવળ મનથી જ સ્પર્શી શકાય એવું છે... ' (૧૪-૨૦-૯ થી ૧૨ ; સર૦ 'બૃહદારણ્યક' ૪—૫—૧૫)

[ એ પછી બ્રાહ્મણે વિવિધ રૂપકોથી : વૈશ્વાનર આત્મા અને તેની સાત જ્વાળાઓ (પાંચ જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ); દશ હોતાઓ (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય); મનની તેમ જ બ્રહ્મવાદિની વાણીની શ્રેષ્ઠતા ; પાંચ ઇન્દ્રિયો અને મન–બુદ્ધિરૂપી સાત હોતાઓના સ્વભાવનું વર્ણન, તેમ જ આ સાતેને અન્યોન્યાશ્રયી દર્શાવતો સંવાદ; પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પ્રાણરૂપી પાંચ હોતાઓ અને તેઓ પરસ્પરાવલંબી છે તે દર્શાવતો સંવાદ[3]; હર્ષ (આનન્દ)

---

૨ रक्षोभिर्वध्यमानेषु दृश्यद्रव्येषु कर्मसु ।
आत्मस्थमात्मना तेन दृष्टमायतनं मया ॥ २०-१४-९

આયતન = રહેઠાણ, આશ્રયસ્થાન.

સર૦ तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वाङ्गानि सत्यमायतनम् ॥ 'કેન ઉપનિષદ્' ૪–૮

એ (બ્રહ્મરહસ્ય જાણવા) માટે તપ, સયંમ, (યજ્ઞ)કર્મ પ્રતિષ્ઠા–આશ્રય છે. વેદો તેનાં સર્વ અંગો છે, અને સત્ય તેનું આયતન છે.

'રાક્ષસોએ કર્મોનો નાશ કરવા માંડચો' સાથે સર૦ 'બૃહદારણ્યક ઉપનિષદ્' ૧-૩માં દેવ–અસુરની સ્પર્ધાનું રૂપક. એમાં દેવો અને અસુરો વચ્ચે (દૈવી અને આસુરી સંપત્ વચ્ચે) સ્પર્ધા થતાં દેવોની કલ્યાણકારી પ્રવૃત્તિઓને અસુરો પાપથી વીંધી નાખતા હતા. છેવટે અન્તરાકાશમાં વસતા મુખ્ય પ્રાણના આશ્રયે દેવો સ્વસ્થ બન્યા અને અસુરોનો નાશ થયો. (આ સાથે જુઓ 'છાન્દોગ્ય ઉપનિષદ્' ૧–૨). [ જુઓ બૃ. ઉ. ૧–૩–૧ નું શાંકરભાષ્ય : શાસ્ત્રજનિત–અનુભૂત–જ્ઞાન અને કર્મથી ભાવિત પ્રાણ, **દ્યોતનશીલ–પ્રકાશક હોઈ દેવ છે** અને તે જ પ્રાણ સ્વાભાવિક પ્રત્યક્ષ તેમ જ અનુમાનજનિત દૃષ્ટ પ્રયોજનવાળાં **કર્મ અને જ્ઞાનથી ભાવિત હોઈ અસુર છે**. પોતાના જ અસુઓમાં (પ્રાણોમાં) રમણ કરે છે તેથી અસુર કહેવાય છે. દેવો થોડા છે. અસુરો ઘણા છે, કારણ કે શાસ્ત્રજનિત કર્મજ્ઞાનપ્રવૃત્તિની અપેક્ષાએ સ્વાભાવિકી કર્મજ્ઞાનપ્રવૃત્તિ વધારે થતી હોય છે. શાસ્ત્રજનિત શુદ્ધ પ્રવૃત્તિ અત્યન્ત યત્ન કરવાથી સિદ્ધ થાય છે...ઇ.)

यत्र तद्ब्रह्म निर्द्वंद्वं यत्र सोमः सहाग्निना ।
व्यवायं कुरुते नित्यं धीरो भूतानि धारयन् ॥ २०-१४-१०

૩ સંવાદને અંતે પ્રજાપતિ પાંચે પ્રાણોને કહે છે :

सर्वे श्रेष्ठा न वा श्रेष्ठाः सर्वे चान्योन्यधर्मिणः ।
सर्वे स्वविषये श्रेष्ठाः सर्वे चान्योन्यरक्षिणः ॥ १४-२३-२२

જેનું સ્ફુટ રૂપ તેવા 'ઉદાન'રૂપી દ્વંદ્વાતીત પરમ બ્રહ્મનું વર્ણન કરતો નારદ-દેવમતસંવાદ[૪]; કરણ, કર્મ, કર્તા અને મોક્ષ એ ચાર હોતાઓ દ્વારા સંપન્ન થતા યોગયજ્ઞ( = પૂર્ણ અનાસક્તિ )થી દેવ નારાયણને ઓળખવાની વિધિ: વગેરેની બ્રાહ્મણીને સમજણ પાડી. પછી પોતાના સૂક્ષ્મ બ્રહ્મચર્યને દર્શાવતું ઉત્કૃષ્ટ નિદર્શન આપ્યું. ]

'સર્વના હૃદયમાં રહેલો એક જ શાસ્તા છે, બીજો કોઈ શાસ્તા નથી. તે મને યોજે છે તેમ હું વર્તું છું. આ શાસ્તા પુરુષ હૃદયમાં રહીને જ મારું શાસન કરે છે. જેમ નીચાણવાળા પ્રદેશમાં જળ આપોઆપ વહી જાય છે એમ હું તેની આજ્ઞાથી કાર્ય કરું છું.[૫] (વિશ્વમાં ખરો) એક જ (સત્)ગુરુ છે બીજો કોઈ ગુરુ નથી. હું જે ગુરુની વાત કરું છું તે તો હૃદયમાં વસે છે, કે જેના ઉપદેશ( નો અનર્થ કરીને ) સૌ દાનવો સદૈવ પરાભવ પામે છે.' એમ ગુરુની જેમ અનુક્રમે બન્ધુ,

---

एकः स्थिरश्चास्थिरश्च विशेषात्पञ्चवायवः ।
एक एव ममैवात्मा बहुधाप्युपचीयते ॥ १४-२३-२३
परस्परस्य सुहृदो भावयन्तः परस्परम् ।
स्वस्ति व्रजत भद्रं वो धारयध्वं परस्परम् ॥ १४-२३-२४

'( હે પ્રાણો! ) તમે સર્વ શ્રેષ્ઠ છો અથવા નથી. તમે સર્વ એકબીજાના ધર્મવાળા છો, પોતપોતાના વિષયમાં સૌ શ્રેષ્ઠ છો, અને સર્વ પરસ્પરનું રક્ષણ કરનાર છો. ( ખરેખર તો ) એક જ વાયુ સ્થિર છે અને અસ્થિર પણ છે. કેટલીક લાક્ષણિકતાઓથી એ પાંચ વાયુ કહેવાય છે. વળી મારો આત્મા એક જ છે પણ તે જ અનેક રૂપે વિસ્તરે છે. પરસ્પરના સુહૃદ થઈને એકબીજાને સંતોષ આપતા તમે સુખપૂર્વક જાઓ. તમે એકબીજાનું ધારણ કરજો, તમારું કલ્યાણ થાઓ.

આ શ્લોકો સાથે ગીતા ૩-૯ થી ૧૨ વાંચતાં પરિતોષની લાગણી જન્મે છે.

૪ 'નારદ-દેવમતસંવાદ' ( આશ્વ. અ. ૨૪ ) સાથે 'તૈત્તિરીય ઉપનિષદ્' ૩-૬ દ્રષ્ટવ્ય, એમાં 'આનન્દ બ્રહ્મ છે' એમ પ્રતિપાદિત કરેલું છે.

સર૦ બૌદ્ધ સાહિત્યમાં 'ઉદાન'નો અર્થ 'આનન્દ' કે 'અંતરનો આનન્દ' થાય છે તે. MWD, p.184

૫ (क) एकः शास्ता न द्वितीयोऽस्ति शास्ता
यथा नियुक्तोऽस्मि तथा चरामि ।
हृद्येष तिष्ठन्पुरुषः शास्ति शास्ता
तेनैव युक्तः प्रवणादिवोदकम् ॥ १४-२६-१

=કે. ૨-૫૭-૮; ૧૨-૨૧૯-૮

આ ગાથા બોલનાર બ્રાહ્મણ બ્રહ્મવેત્તા છે. આ જ વિચારના બીજા ઉપયોગનાં મહાભારતોક્ત ઉદાહરણ નીચે પ્રમાણે :

(ख) કપટદ્યૂતમાં દુર્યોધન વતી શકુનિ દાવ પર દાવ જીતવા માંડયો ત્યારે આવી રહેલા દારુણ ભયને નિહાળીને પંડિત વિદુરે કડક પણ હિતકારી વચનોથી ધૃતરાષ્ટ્ર, દુર્યોધન અને કૌરવસભાને ચેતવી. ત્યારે અત્યંત ચિડાયેલા દુર્યોધને વિદુરને ધુત્કારી કાઢતાં કહ્યું હતું, 'ગર્ભમાં સૂતેલા પુરુષને જે આજ્ઞા આપે છે, તે જ એક શાસનકર્તા છે, બીજો કોઈ નહિ. એની આજ્ઞાથી જેમ જળ નીચાણમાં વહી જાય છે, એમ હું પણ એની પ્રેરણા પ્રમાણે વર્તું છું.' ૨-૫૭-૮

શ્રોતા અને દ્વેષ્ટા ( દ્વેષ કરનાર ) પણ સર્વના હૃદયમાં રહેલો છે, એમ જણાવીને તેણે દૃષ્ટાંત કહી સંભળાવ્યું :

'એક સમયે દેવો, ઋષિઓ, સર્પો અને અસુરો પ્રજાપતિની પાસે બેઠા હતા. તેમણે પ્રજાપતિને, 'અમને કલ્યાણ થાય તેવું કહો' એવી વિનંતી કરી. ત્યારે પ્રજાપતિ બોલ્યા: 'ओमित्येकाक्षरं ब्रह्म ।' આ સાંભળી દરેકે પોતાના સ્વભાવ પ્રમાણે અર્થ ગ્રહણ કર્યો. પ્રજાપતિના હોઠનું ચલનવલન જોઈ દોડી ગયેલા તેઓ પૈકી સર્પોએ દંશ કરવાનો ભાવ, અસુરોએ ( ધર્મનો ) દમ્ભ કરવાનો ભાવ, દેવોએ દાન કરવાનો ભાવ અને મહર્ષિઓએ દમ( સંયમ )નો ભાવ ગ્રહણ કર્યો. આ રીતે એક જ શાસ્તાને મેળવીને અને એક જ શબ્દથી સંસ્કાર પામીને પણ સર્પો, અસુરો, દેવો અને ઋષિઓએ જુદા જુદા ભાવ ગ્રહણ કર્યા હતા, માટે હું કહું છું કે પોતે જ પોતાનો ગુરુ છે. કારણ કે જે કંઈ કહેવામાં આવે છે તેને તે ( પોતે ) સાંભળે છે, અર્થને ગ્રહણ કરે છે તથા ( ચિત્તમાં જ ) ફરી ફરી પૂછવાથી જે સાંભળ્યું હોય અને ગ્રહણ કર્યું હોય તે યથાતથ કહે છે. એની અનુમતિ મળે ત્યારે જ કર્મની પ્રવૃત્તિ થાય છે. માટે ગુરુ, બોદ્ધા, શત્રુ, દ્વેષ્ટા તો હૃદયમાં જ બેઠો છે. માણસ જગતમાં પાપ કરીને પાપાચારી થાય છે અને શુભ આચરણથી શુભાચારી થાય છે. જે કામનાપૂર્વક ઇન્દ્રિયસુખમાં રત છે તે કામાચારી છે અને જે સદૈવ ઇન્દ્રિયજયમાં રત છે તે ( બ્રહ્મચર્ય )વ્રતચારી છે.[૬] જે મનુષ્ય

---

દુર્યોધનના વક્તવ્ય સાથે 'પાંડવગીતા' ( ૫૭ )માં દુર્યોધનના મુખમાં મુકાયેલો પેલો પ્રખ્યાત શ્લોક, જે મહાભારતમાં નથી તે અહીં દ્રષ્ટવ્ય :

जानामि धर्मं न च मे प्रवृत्ति-
जानामि पापं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥

( ग ) શ્રીથી વિહીન થયેલો, સ્થાનભ્રષ્ટ અને પાશોથી બંધાયેલો હોવા છતાં નમુચિ તો સાગરની જેમ અક્ષુબ્ધ રહ્યો. તે જોઈને શતક્રતુ ઇન્દ્રે એનું કારણ પૂછતાં એણે, જે થવાનું હોય છે તે થાય છે એવા ભાવનું જણાવતાં કહ્યું: 'હું તો એ શાસ્તા( પરમેશ્વર )ની આજ્ઞા પ્રમાણે વર્તું છું તેથી દુ:ખી થતો નથી...ઇ.' ( ૧૨–૨૧૯–૮ ). નમુચિની બુદ્ધિ સામાન્ય જ્ઞાનવાળા પણ વધુ શ્રદ્ધાવાળા સાધકની છે. નમુચિને એનો ખ્યાલ પણ છે, તેથી એ કહે છે: 'બંધ અને મોક્ષમાં શું શ્રેય છે એ હું જાણું છું, પણ તે પ્રાપ્ત કરી શકતો નથી. પણ ધર્મ્ય આશાથી હું કર્મો કરું છું, અને ( શાસ્તા ) આજ્ઞા કરે છે એ પ્રમાણે હું વર્તું છું.' ( ૧૨–૨૧૯–૯ )

૬ पापेन विचरँल्लोके पापचारी भवत्ययम् ।
शुभेन विचरँल्लोके शुभचारी भवत्युत ॥ ૧૪-૨૬-૧૪
कामचारी तु कामेन य इन्द्रियसुखे रतः ।
व्रतचारी सदैवैष य इन्द्रियजये रतः ॥ ૧૪-૨૬-૧૫

૧૪–૨૬–૧૫ ગમાં व्रतचारीનું પાઠાંતર ब्रह्मचारी છે.

ગીતામાં ઉલ્લેખાયેલ 'મૂઢ, મિથ્યાચારી' ( ગીતા ૩–૬ ) અને 'અનાસક્ત રહી કર્મેન્દ્રિયોથી કર્મયોગ આચરનાર' ( ગીતા ૩–૭ ) વચ્ચેનો ફરક આ શ્લોકોમાં સહેલી ભાષાથી વ્યક્ત થાય છે.

વ્રતકર્મો ( કર્મકાંડો )નો ત્યાગ કરે છે અને કેવળ બ્રહ્મના આશ્રયે રહીને બ્રહ્મભૂત થઈને જગતમાં વિચરે છે તે બ્રહ્મચારી થાય છે. બ્રહ્મ એ પુરુષનાં સમિધ છે, બ્રહ્મ અગ્નિ છે, બ્રહ્મ 'સંસ્તર' ( યજ્ઞ અથવા તો યજ્ઞક્રિયાપદ્ધતિ ) છે, બ્રહ્મ જળ છે, બ્રહ્મ ગુરુ છે અને એ એમ બ્રહ્મમાં જ લીન રહે છે. આવા સૂક્ષ્મ બ્રહ્મચર્યને જ્ઞાની પુરુષો જાણે છે અને જાણ્યા પછી (ચરાચરગુરુ, અન્તર્યામી એવા ) ક્ષેત્રજ્ઞના શિક્ષણ મુજબ અનુદર્શન કરતા તેઓ ( પ્રતિભાદર્શન નહિ પણ નિરંતર દર્શન કરતાં ) તે બ્રહ્મચર્યને આચરણમાં ઉતારે છે '.[૭] (૧૪–૨૬–૧ થી ૧૮)

[ બ્રાહ્મણે આપેલા ઉપર્યુક્ત નિર્દર્શન સાથે સરo 'બૃહદારણ્યક', અ. ૫, બ્રાહ્મણ ૨માં આવતી કથા: પ્રજાપતિના ત્રણ દિકરા—દેવો, મનુષ્યો અને અસુરોએ 'દ દ દ' શબ્દથી અનુક્રમે દમ, દાન અને દયા ગ્રહણ કર્યાં એ કથા સાથેનું વસ્તુસામ્ય. મહાભારતે પોતાના કથયિતવ્યનું યોગ્ય વાહન બનાવવા કથામાં જરૂરી ફેરફાર અને વિસ્તાર કર્યો છે.

લૅટિનમાં 'D D D' અર્થાત્ ત્રણ 'દ' અનુક્રમે Dat, Dicat, Dedicat અર્થાત્ દાતા, ભક્ત અને આત્મસમર્પક એવા અર્થમાં પ્રયોજાય છે: મહાભારતની સમીક્ષિત વાચના 'આશ્વમેધિકપર્વ' ફેસિક્યૂલ ૩૨B, પૃ. ૪૬૫ ઉપરની અધ્યાય ૨૬ની નોંધ જુઓ. ]

વળી પોતાની બ્રાહ્મી સ્થિતિને 'બ્રહ્મવન'નું રૂપક આપી સમજાવતાં બ્રાહ્મણે કહ્યું: 'કામ, ક્રોધ અને વિષયો વગેરે અનેકાનેક વિઘ્નોથી ભરપૂર મહાભયંકર સંસારમાર્ગને પાર કરીને હું

---

૭ ब्रह्मैव समिधस्तस्य ब्रह्माग्निर्ब्रह्म संस्तरः ।
आपो ब्रह्म गुरुर्ब्रह्म स ब्रह्मणि समाहितः ॥ १४-२६-१७

સરo

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

૬–૨૬–૨૪ ( ગીતા ૪–૨૪ ) અને આગળ.

અર્પણ ( હોમવાનાં સાધન ) બ્રહ્મ છે, હોમવાના પદાર્થ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ (યજ્ઞકર્તાએ) હોમેલું તે પણ બ્રહ્મ. આમ કર્મમાત્ર બ્રહ્મ છે એવી જેની નિશ્ચિત બુદ્ધિ છે તે બ્રહ્મને જ પામે છે.

एतदेतादृशं सूक्ष्मं ब्रह्मचर्यं विदुर्बुधाः ।
विदित्वा चान्वपद्यन्त क्षेत्रज्ञेनानुदर्शिनः ॥ १४-२६-१८

સરo ૧૪–૨૭–૨૫; ૨૮–૨૮

ક્ષેત્રજ્ઞ=પરમાત્મા પોતે જ. જુઓ ૧૪–૩૪–૧૨; સાથે જુઓ ગીતા ૧૩–૨ ( ૬–૩૫–૨ ).

સરo ગાંધીજી: 'તેથી જ ગુરુ શબ્દનો શુદ્ધ અર્થ હું શોધી રહ્યો છું અને વખતોવખત કહું છું કે હું નિત્ય ગુરુની શોધમાં છું. જે ગુરુમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનો લય થાય અને જે સાક્ષાત્ પરબ્રહ્મ સમ હોય તે દેહધારી, વિકારી, રોગી મનુષ્ય ન હોય, પણ તેનામાં તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની બધી શક્તિ હોય; એટલે કે તે મુખ્યત્વે આપણી કલ્પનામાં જ હોય અને તે ગુરુ–ઇષ્ટદેવ–કેવળ સત્યની મૂર્તિ પરમાત્મા જ હોય.'

જુઓ 'ધર્મમંથન' ( સં. ૧૯૯૧ )માં 'પ્રભુ મોટો કે ગુરુ?' (તા. ૧૦–૬–૧૯૨૮) પૃ. ૧૪૦.

મહાવનમાં દાખલ થયો છું. એ વનની બરાબરી કરી શકે એવું જગતમાં કંઈ નથી. એમાં પ્રવેશનાર શોક-હર્ષ કરતાં નથી, ડરતાં નથી, ડરાવતાં નથી.[૮] એમાં નિષ્કામ (કર્મયોગરૂપી) યજ્ઞકર્મ ચાલે છે. પરિણામે એમાંથી બીજું વન પ્રકાશી નીકળે છે, જેમાં ક્ષેત્રજ્ઞરૂપી સૂર્ય પ્રકાશે છે અને જે પ્રતિજ્ઞા (સમ્યગ્ દર્શન), શાન્તિ, જ્ઞાન, તૃપ્તિ વગેરેથી પરિપૂર્ણ છે. યશ, (બ્રહ્મ)વર્ચસ્ અને મહત્તા, ઐશ્વર્ય, વિજય, સિદ્ધિ તથા તેજ એ સાત જ્યોતિઓ ક્ષેત્રજ્ઞરૂપી સૂર્યને અનુસરે છે. જેમની કામનિક આશાઓ કૃશ થઈ છે, જેઓ ઉત્તમ વ્રત (નિષ્કામ કર્મ) કરવાની આશાવાળા છે, જેમણે તપથી બધા કલેશને ભસ્મ કરી નાખ્યા છે, તેઓ આત્માને આત્મામાં લીન કરીને બ્રહ્મની ઉપાસના કરે છે.[૯] ...... આવા દિવ્ય અરણ્યને બ્રહ્મનિષ્ઠો જાણે છે, અને જાણ્યા પછી (અન્તર્યામી) ક્ષેત્રજ્ઞના સતત માર્ગદર્શન પ્રમાણે આચરણ કરે છે.[૧૦] (૧૪-૨૭-૧ થી ૨૫)

આગળ ચાલતાં પોતાની અનાસક્ત નિર્લેપ નિર્દ્વંદ્વ સ્થિતિનું વર્ણન કરતાં અને તેની સૂક્ષ્મતા વર્ણવતાં બ્રાહ્મણ બોલ્યો: 'હું ગન્ધોને સૂંઘતો નથી, રસોને જાણતો નથી, રૂપને જોતો

---

૮ (क) न तत्प्रविश्य शोचन्ति न प्रहृष्यन्ति च द्विजाः ।
न च बिभ्यति केषांचित्तेभ्यो बिभ्यति केचन ॥ १४-२७-६

સર૦ ૧૪-૪૬-૩૯; ૬-૩૪-૧૫ અને ૧૭ કખ (ગીતા ૧૨-૧૫ અને ૧૭ કખ). વળી જુઓ ૧૨-૨૨૩-૫ તથા એ શ્લોક ઉપરનું ઉદ્ઘાટન 'ભારત-રત્ન,' બીજી આવૃત્તિ, પૃ. ૨૦૮-૨૧૦.

(ख) સર૦ 'શ્રી ગુરુ ગ્રન્થ સાહિબ' પૃ. ૧૪૨૭, ગુરુ તેગબહાદુરનો શ્લોક:
भै काहु कउ देत नहि, नहि भै मानत आनि ।
कहु नानक सुनि रे मना, गिआनि ताहि बखानि ॥ १६ ॥

९ कृशाशाः सुव्रताशाश्च तपसा दग्धकिल्बिषः ।
आत्मन्यात्मानमावेश्य ब्रह्माणं समुपासते ॥ १४-२७-२३

સર૦ यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ ६-२८-१८
(ગીતા ૬-૧૮)

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ ६-२८-२०
(ગીતા ૬-૨૦) ઇત્યાદિ

જ્યારે સંપૂર્ણ વશમાં આવેલું મન આત્મામાં જ સ્થિર થાય છે અને સાધક કામનામાત્રને વિશે નિઃસ્પૃહ થાય છે, ત્યારે તે યોગી કહેવાય છે. યોગના સેવનથી કાબૂમાં આવેલું મન જ્યાં શાન્તિ પામે અને જ્યાં આત્મા વડે જ આત્માનું દર્શન કરીને યોગી, (રસસ્વરૂપ) આત્મામાં જ સંતોષ પામે છે...... (આવો યોગ કંટાળા વિના દૃઢનિશ્ચયથી સાધવો.)

૧૦ एतदेतादृशं दिव्यमरण्यं ब्राह्मणा विदुः ।
विदित्वा चान्वतिष्ठन्त क्षेत्रज्ञेनानुदर्शितम् ॥ १४-२७-२५
સર૦ ૧૪-૨૬-૧૮; ૨૮-૨૮

'છાંદોગ્યોપનિષદ્'ના (૬-૧૪-૧ થી ૩) ભાષ્યમાં શંકરાચાર્યે સંસારની અરણ્ય સાથે વિસ્તારપૂર્વક સરખામણી કરી છે તે દ્રષ્ટવ્ય.

નથી, કશાને સ્પર્શ કરતો નથી, કશું સાંભળતો નથી અને કોઈ સંકલ્પ પણ કરતો નથી. ઇષ્ટની કામના, અનિષ્ટનો દ્વેષ સ્વભાવ કરે છે. સ્વભાવથી કામ-દ્વેષ ઉદ્ભવે છે, અને પ્રાણ-અપાન પ્રાણીના દેહમાં નિવસીને કાર્ય કરે છે. [૧૪-૨૮-૧, ૨. સર૦ ગીતા ૫-૮ થી ૧૪. 'નારદપરિવ્રાજકોપનિષદ્' આવી સ્થિતિને આચારમાં મૂકતા બ્રહ્મવેત્તા વિશે કહે છે તે પણ સર૦: 'મૂંગા, નપુંસક, પાંગળા, આંધળા, બહેરા અને મુગ્ધ (જડ)ની જેમ વર્તનાર મુક્ત બને છે. અન્નના રસમાં આસક્ત થયા વિના ભોજન કરનાર અને સત્ય, હિતકર તથા મિતભાષી છે તે મૂંગો, નવજાત કન્યા, સોળ વર્ષની યુવતી અને સો વર્ષની ડોસીને જે નિર્વિકાર ભાવે જુએ છે તે નપુંસક; કામ સિવાય ઘૂમતો નથી તે પંગુ; ઊભા રહેતાં કે ચાલતાં ચાર યુગ(સોળ હાથ)થી વધુ દૂર દૃષ્ટિપાત નથી કરતો તે અંધ; ભલી-બૂરી અને હર્ષ-શોક પ્રદાન કરનારી વાત જે સાંભળતો નથી એટલે કે તેનાથી ચિત્તને ચળવા દેતો નથી તે બહેરો; વિષય સમીપ હોય, તન્દુરસ્તી સરસ હોય તોપણ જે નિદ્રાધીન મનુષ્યની જેમ અલિપ્ત રહે છે તે મુગ્ધ કહેવાય છે.' 'નારદપરિવ્રાજક ઉ.' ૩-૬૨ થી ૬૮] એ કામ-દ્વેષ-પ્રાણ-અપાન અને તેમના અનિત્ય ભાવોને, તેમ જ તેમનાથી અન્ય એવા ભૂતાત્માને હું શરીરમાં લક્ષિત કરું છું ત્યારે કામ, ક્રોધ, જરા અને મૃત્યુ મને કોઈ રીતે બાધ કરી શકતાં નથી. (૧૪-૨૮-૩. જુઓ 'બૃહદારણ્યક' અ. ૩-૩ 'અન્તર્યામી બ્રાહ્મણ'). હું તો આકાંક્ષા અને દ્વેષરહિત હોઈ કમળપત્ર ઉપરના જળબિન્દુની જેમ અલિપ્ત રહું છું. જેમ સૂર્યની કિરણજાળ આકાશમાં ક્યાંય લેપાતી નથી એમ નિત્યને જાણનાર જ્ઞાની પણ કર્મોની ભોગજાળમાં ક્યાંય લેપાતો નથી.' (૧૪-૨૮-૪,૫)

અને પછી આ વિષય અંગે (હિંસક પશુયાગ કરવા તત્પર) એક અધ્વર્યુ તથા (અહિંસા-ધર્મના ઉપાસક, સાંખ્યમાર્ગી) યતિ વચ્ચેના સંવાદનું ઉદાહરણ આપ્યું, જેમાં અંતે અધ્વર્યુએ યતિના ઉપદેશમાંથી સાર ગ્રહણ કર્યો, સત્સંગનો મહિમા ગાતાં અહિંસક માનસિક યજ્ઞ કરવાનું સ્વીકાર્યું.[11] પરિણામે (યજ્ઞનો લોકસંગ્રહનો વિચાર જેના મૂળમાં છે એવાં કર્મોનો) એકાંગી વિરોધ કરનાર યતિ ચૂપ થઈ ગયો, અને અધ્વર્યુ પણ (હિંસક યજ્ઞમાં રહેલી આસક્તિ દૂર કરી) નિર્મોહ થઈને મહામખ (માનસ મહાયજ્ઞ) કરવા માંડ્યો. દૃષ્ટાંતનો સમારોપ કરતાં બ્રાહ્મણ બોલ્યો: 'બ્રહ્મવેત્તાઓ આ રીતે આવા સુસૂક્ષ્મ મોક્ષને જાણે છે, અને જાણ્યા પછી અનુદર્શન કરતા (સતત રખવાળી કરતા અન્તર્યામી) ક્ષેત્રજ્ઞ દ્વારા તદનુસાર વર્તે છે.'[12] (૧૪-૨૮-૬ થી ૨૮)

---

૧૧ सद्भिरेवेह संवासः कार्यो मतिमतां वर ।
भवतो हि मतं श्रुत्वा प्रतिभाति मतिर्मम ॥ १४-२८-२५

भगवन्भगवद्बुद्ध्या प्रतिबुद्धो ब्रवीम्यहम् ।
मतं मन्तुं क्रतुं कर्तुं नापराधोऽस्ति मे द्विज ॥ १४-२८-२६

હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ! મનુષ્યે સત્સંગ કરવો જોઈએ. તમારો ધર્મમત સાંભળી મારી બુદ્ધિમાં પ્રકાશ થયો છે. ભગવન્! તમારી પવિત્ર બુદ્ધિથી જેને પ્રતિપત્તિ થઈ છે એવો હું કહું છું કે, તમારો મત સ્વીકારીને હું (માનસિક ક્રતુ) કરીશ તો, હે દ્વિજ! એમાં મારો કંઈ અપરાધ થશે નહિ.

૧૨ उपपत्त्या यतिस्तूष्णीं वर्तमानस्ततः परम् ।
अध्वर्युरपि निर्मोहः प्रचचार महामखे ॥ १४-२८-२७

ત્યારબાદ બ્રાહ્મણે આ વિષયની છણાવટ કરતાં જામદગ્ન્ય રામનું આખ્યાન કહ્યું.[૧૩] એમાં ક્ષત્રિયોનો એકવીસ વખત સંહાર કરી ચૂકેલા રામને એમના પિતૃઓએ હિંસક કર્મથી નિવૃત્ત થવા આદેશ આપી રાજર્ષિ અલર્કનું દૃષ્ટાંત કહ્યું : "રાજર્ષિ અલર્કે હિંસક યુદ્ધ વડે સામ્રાજ્ય સ્થાપી, બાહ્ય શત્રુઓને હરાવ્યા. (પણ એટલે તો તૃષ્ણાઓ વધી ગઈ!) તેથી એણે આંતરશત્રુઓનો (હઠ-)યોગથી (માનસિક હિંસાથી) નાશ કરવા નક્કી કર્યું. પણ ધ્યાન દ્વારા એણે પારખ્યું કે આ તો આત્મવિનાશનો માર્ગ છે. તેથી એણે (રાજ-)યોગનો શ્રેષ્ઠ શ્રેયસ્કર માર્ગ પકડ્યો. મનને એકાગ્ર કરી — ચિત્તવૃત્તિનિરોધ કરી (રાજ-)યોગથી તે આત્મસ્વરૂપમાં પ્રવેશ્યો તથા પરમ સિદ્ધિ પામ્યો.[૧૪] સિદ્ધિ મળતાં એ વિસ્મિત થઈને બોલી ઊઠ્યો : 'અહો, ઘણા કષ્ટની વાત છે કે અમે

---

एवमेतादृशं मोक्षं सुसूक्ष्मं ब्राह्मणा विदुः ।
विदित्वा चानुतिष्ठन्ति क्षेत्रज्ञेनानुदर्शिना ॥ १४-२८-२८

**મખ**=માનસ યજ્ઞ. જુઓ 'શાન્તિપર્વ', અ. ૨૫૫. ત્યાં અહિંસક યજ્ઞ કરવાનું વિધાન કરતાં 'મખ' શબ્દનો પ્રયોગ આવે છે. 'શાન્તિપર્વ' ૨૫૫-૩૬ ઉપર ટીકા કરતાં પં. નીલકંઠ લખે છે: पशवः पशुप्रायाः मन्दमतयो मखं मानसिकं क्रतुं न प्राप्नुयुः । तत्प्राप्तेः बहुपुण्यसाध्यत्वात् । વળી આગળ ચાલતાં શાન્તિ. ૨૫૫-૩૭માં મહાભારત સ્પષ્ટતા કરતાં કહે છે: उत यज्ञा उतायज्ञा मखं नार्हन्ति ते क्वचित् । યજ્ઞ કરનાર હોય કે યજ્ઞ ન કરનાર હોય, તેઓ (પશુ જેવા મન્દમતિઓ) કદી પણ મખને યોગ્ય નથી—માનસ યજ્ઞને પહોંચી શકે નહિ.

૧૩ જામદગ્ન્ય રામે પૃથ્વી નિઃક્ષત્રી કરી તેનું આ એક રૂપાંતર છે. આ કથાનકનાં બીજાં રૂપાંતર માટે જુઓ, 'આદિપર્વ,' અ. ૯૮; 'સભાપર્વ,' અ. ૨; 'આરણ્યકપર્વ,' અ. ૧૧૫ થી ૧૧૭; 'શાન્તિપર્વ,' અ. ૪૮ થી ૫૦.

૧૪ સર૦ 'યોગસૂત્ર'નાં આરંભ અને અંતનાં સૂત્રો:

योगश्चित्तवृत्तिनिरोधः ॥ १-२

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ, અર્થાત્ ચિત્તને વિવિધ વૃત્તિનાં રૂપ ધારણ કરતાં અટકાવવું તે.

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥ १-३

એ નિરોધ થતાં દ્રષ્ટા સ્વ-રૂપમાં (આત્મરૂપમાં, અન્તર્યામીમાં) સ્થિતિ કરે છે, સ્વસ્થ થાય છે.

पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यः स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिरिति ॥ ४-३४

(સર૦ 'સાંખ્યકારિકા' ૬૫ થી ૬૮)

કૃતકૃત્ય થવાથી પુરુષાર્થશૂન્ય બનેલા પ્રકૃતિના ગુણોનો પોતાના કારણમાં આત્યંતિક લય થાય એ જ **કૈવલ્ય** છે. (ત્યાં ત્રિવિધ દુઃખોનો કેવળ અભાવ છે.) અથવા ચિતિશક્તિરૂપ દ્રષ્ટાની સ્વરૂપમાં સ્થિતિ થાય છે તે કૈવલ્ય છે.

અહીં સ્વામી વિવેકાનંદનાં પ્રસ્તુત સૂત્ર ઉપરનાં આ વચનો ઉદ્ધૃત કરવા યોગ્ય છે:

Glory unto those who have realised their own nature; may their blessings be on us all! ('Rājayoga', 1937, p. 290)

હઠયોગની દૃષ્ટિ સ્થૂલ હોઈ તે શરીર ઉપર અને સિદ્ધિઓ ઉપર કેન્દ્રિત થાય છે. એની શરૂઆત આસનથી થાય છે. તેથી એનો સાધક હિંસક બની ઇન્દ્રિયો ઉપર બલાત્ આક્રમણ કરે છે. રાજયોગની દૃષ્ટિ સર્વાન્તર્યામી ઉપર હોય છે, અને તેથી શરૂઆત યમ-નિયમ દ્વારા આસનથી માંડી નિર્બીજ સમાધિ સુધી જાય છે. તેથી એ મૃદુ બની પ્રેમથી જીતે છે. એનો ધ્યાનમંત્ર છે अनु कृष्णं जयेम । તે છતાં હઠયોગ નિર્મળ દૃષ્ટિથી સધાય તો રાજયોગની સાધના માટે ઉત્તમ ભૂમિકા તૈયાર કરી આપે છે જ.

પૂર્વે (બાહ્યશત્રુવિહીન) રાજ્યની આરાધના કરી, પણ મને હવે સમજ પડે છે કે (રાજ-)યોગથી શ્રેષ્ઠ એવું કોઈ સુખ નથી. योगान्नास्ति परं सुखम् ।" પરશુરામે પિતામહોની આજ્ઞા શિરોધાર્ય કરી અને દુર્ગમ સિદ્ધિ પામ્યા. ('આશ્વમેધિકપર્વ', અ. ૨૯, ૩૦)

બ્રહ્મનિષ્ઠે(બ્રાહ્મણે) પોતાની નિદર્શનમાળાનાં તેજસ્વી રત્નોનો પ્રકાશ વેરતાં વળી એક કથા કહી: "જ્યારે દોષો વધી ગયા તથા સજ્જનો દુઃખી થવા માંડ્યા ત્યારે રાજા અમ્બરીષે તાકાતથી રાજ્યની લગામ હાથમાં લીધી.[૧૫] એણે (ત્રિગુણાત્મક પ્રકૃતિના નવે) મહાદોષોનો નિગ્રહ કર્યો અને (સત્ય-અહિંસારૂપી) સજ્જનોનો સમાદર કરી કેટલીક ગાથાઓ ગાઈ:[૧૬] 'મેં ઘણાખરા દોષ જીતીને સર્વ શત્રુઓનો નાશ કર્યો છે, પણ હજુ લોભરૂપી શત્રુનો નાશ કરી શકાયો નથી. એ લોભમાંથી તૃષ્ણા જન્મે છે અને મનુષ્ય તરસ્યાની જેમ તૃષ્ણાથી આકુળ-વ્યાકુળ થઈને નીચે ને નીચે પડતો જાય છે, પણ તેને ભાન આવતું નથી. આવા અકાર્ય કરાવનારા લોભને (સર્વાન્તર્યામીની આરાધનારૂપી) તીક્ષ્ણ તરવારથી છેદી નાખો, છેદી નાખો... તેથી લોભના રૂપને બરાબર પારખીને, ધૃતિથી તેનો નિગ્રહ કરવો અને આત્મામાં જ રાજ્ય કરવાનું ઇચ્છવું. (વિષયોની ગુલામીમાંથી છૂટી સ્વાધીન થવું.) એ જ એક સાચું રાજ્ય છે, બીજું નહિ. એ એક જ (લોભ) રાજાને મેં જીત્યો છે.' એમ બાકીના એક લોભનો ઉચ્છેદ કરતાં રાજા અમ્બરીષે (આધ્યાત્મિક) આધિરાજ્ય—ચક્રવર્તીપદને પ્રમુખ માનીને પ્રસ્તુત ગાથાઓ ગાઈ હતી. इति राज्ञाम्बरीषेण गाथा गीता यशस्विना । आधिराज्यं पुरस्कृत्य लोभमेकं निकृन्तता ॥" ('આશ્વમેધિક પર્વ', અ ૩૧; છેલ્લા શ્લોક સાથે જુઓ 'તૈત્તિરીય ઉપનિષદ્,' ૧-૬-૨માં आप्नोति स्वाराज्यम् । ધ.)

અને આવું સાર્વભૌમત્વ (આત્માનું આધિરાજ્ય) પ્રાપ્ત કરનાર રાજા જનકનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપતાં બ્રાહ્મણ બોલ્યો: "રાજા જનકે કોઈ અપરાધમાં આવેલા એક બ્રાહ્મણને શિક્ષા કરવા કહ્યું: 'તારે મારા રાજ્યમાં રહેવું નહિ.' ત્યારે બ્રાહ્મણે જનકને કહ્યું: 'તારા રાજ્યની સીમા મને કહે, કારણ હું બીજા રાજ્યમાં જવા ઇચ્છું છું અને શાસ્ત્ર અનુસાર તારા કહેવા પ્રમાણે વર્તવા માગું છું.' આ અર્થઘન વચન સાંભળતાં જનક એક મુહૂર્ત સુધી વિચારમાં પડી ગયો. પછી વિચારોનો ગૂંચવાડો દૂર થતાં બોલ્યો, 'મારા બાપદાદાના આ રાજ્યમાં ઘણાં જનપદો મારે સ્વાધીન છે, પણ મને એમાં મારું પોતાનું રાજ્ય દેખાયું નહિ. મેં જ્યારે રાજ્યમાં કંઈ ન જોયું ત્યારે મિથિલામાં શોધ કરી, પણ તેમાંયે કંઈ મળ્યું નહિ. ત્યારે મેં મારી સંતતિમાં શોધ કરી, પણ તેમાંયે કંઈ ન મળ્યું એટલે મને કશ્મલ (વિચારોનો ગૂંચવાડો) થયું. કશ્મલ દૂર થતાં મારી બુદ્ધિ ઠેકાણે આવી. હવે મને લાગે છે કે આ સર્વ રાજ્ય મારું છે અથવા મારું નથી. આ આત્માયે મારો નથી અથવા સર્વ પૃથ્વી પણ મારી છે. હે દ્વિજોત્તમ! હું

---

૧૫ ૧૪-૩૧-૫, ૬

સર૦ यदा यदा हि धर्मस्य થી શરૂ થતા ભગવદ્ગીતાના વિખ્યાત શ્લોકો, ગીતા૪-૭, ૮ 'અનુગીતા'ના સંદર્ભમાં પ્રસ્તુત શ્લોકોનું કોઈ વિશિષ્ટ તેજસ્વી અર્થઘટન નજરે પડશે.

૧૬ નવ દોષો: (૧) સત્ત્વગુણના: હર્ષ, સ્તમ્ભ, અભિમાન. (૨) રજોગુણના: શોક, ક્રોધ, અતિસંરમ્ભ. (૩) તમોગુણના: ઊંઘ, તન્દ્રા, મોહ. (જુઓ ૧૪-૩૧-૧, ૨)

માનું છું કે જેમ આ મારું છે એમ બીજાઓનું પણ છે, માટે તારું દિલ ચાહે ત્યાં સુધી અહીં રહે અને અહીં રહે ત્યાં સુધી તેને ભોગવ.'૧૭ (૧૪-૩૨-૧ થી ૧૧)

આથી બ્રાહ્મણે પૂછ્યું: 'કયી જાતની જ્ઞાનબુદ્ધિ રાખીને તેં મમત્વનો ત્યાગ કર્યો છે એ મને કહે.' (૧૪-૩૨-૧૨, ૧૩)

રાજા જનકે ઉત્તર આપ્યો: 'જગતમાં સર્વ કર્માવસ્થાઓ નાશવંત છે તેથી હું 'આ મારું જ છે' એવી બુદ્ધિ કરતો નથી. 'આ કોનું છે? આ ધન કોનું છે?' એવું વેદવચન છે. આથી 'આ મારું છે' એવી બુદ્ધિ મને થતી નથી.૧૮ હું 'મારે માટે' કંઈ પણ ઇચ્છતો નથી કે કાર્ય કરતો નથી. પાંચે ઇન્દ્રિયો અને તેના વિષયો ગન્ધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દને 'મારે માટે' ભોગવતો નથી કે ઇચ્છતો નથી. અરે, મારા મનમાં રહેલા મનને (મંતવ્યને, વિચારોને, બુદ્ધિને) પણ હું 'મારા માટે' ઇચ્છતો નથી. મારી સર્વ કાર્ય-પ્રવૃત્તિ દેવો, પિતૃઓ, પ્રાણીઓ અને અતિથિઓ માટે જ હોય છે. એટલે મને અને સર્વ મહાભૂતોને તેના વિષયો સહિત મેં વશ કર્યાં છે, તથા સર્વત્ર મારું રાજ્ય પ્રવર્તે છે.'૧૯ (૧૪-૩૨-૧૪ થી ૨૩)

---

૧૭ तया न विषयं मन्ये सर्वो वा विषयो मम ।
आत्मापि चायं न मम सर्वा वा पृथिवी मम ।
उष्यतां यावदुत्साहो भुज्यतां यावदिष्यते ॥ १४-३२-११

સર૦ ૧૨-૧૬૮-૧૩, ૧૪.

વધુ માટે જુઓ 'ભારત-રત્ન' (બીજી આવૃત્તિ), પૃ. ૨૧૮થી, ૨૨૨થી.

૧૮ कस्येदमपि कस्य स्वमिति वेदवचस्तथा ।
नाध्यगच्छमहं बुद्ध्या ममेदमिति यद्भवेत् ॥ १४-३२-१५
સર૦ °मा गृधः कस्यस्विद्धनम् ॥ ઈશા. ઉ. ૧ ધ.

'(૧) કોઈના ધનનો લોભ કરીશ નહિ. (૨) આકાંક્ષા ન કર. આ ધન કોનું છે?' જનકે નિર્દેશેલ વેદવચન તે આ.

એક જીવન્મુક્ત સિદ્ધ પ્રસ્તુત વેદવચનનો દ્વિતીય અર્થ કરીને, પોતે જે નિર્મમત્વથી, કર્મફળત્યાગની બુદ્ધિથી રહે છે, તેના પૂરક ભાવાત્મકરૂપે—પોતાના રાજ્યમાં, પોતાની ભૌતિક સત્તા ચાલે છે ત્યાં, અનુભૂત સમભાવથી બીજાને રહેવાનું અને ભોગવવાનું આમંત્રણ કરે છે. કારણ છેવટે ભેગું કરેલું 'આ ધન કોનું છે? જેનું છે તે ભોગવો, જેને જરૂર છે તે ભોગવો, **પરમાત્મા** ભોગવવા દે તે ભોગવો.' જે ચિત્તમાં આવો ઉભયપક્ષી ઉત્તમ સમભાવ પ્રકટ થાય છે ત્યાં જીવન્મુક્તિ છે, અર્હત્વ છે, વિદેહીપણું છે, બ્રહ્મયોગ છે, માધુર્યથી પૂર્ણ સક્રિય પ્રસાદયોગ છે.

૧૯ જનકની આ નિષ્કામ વૃત્તિને ગીતામાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણે અનુકરણીય દાખલારૂપે ટાંકી છે. (અહીં 'અનુગીતા'માં પણ તેઓ જ આ દૃષ્ટાંત આપે છે):

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ ६-२५-२० (ગીતા ૩-૨૦).

જનકાદિ કર્મ વડે જ પરમસિદ્ધિને પામી ગયા. (હે અર્જુન!) લોકસંગ્રહાર્થે પણ તારે કર્મ કરવું ઘટે છે.

શુદ્ધ લોકસંગ્રહી વૃત્તિથી કાર્ય કરતા નિર્મળ મનુષ્યનું જીવન મંગળમય છે.

એટલે મુક્ત હાસ્ય વેરતા બ્રાહ્મણરૂપધારી ધર્મે કહ્યું: 'આ જે બ્રહ્મરૂપી નાભિવાળા તેમજ બુદ્ધિરૂપી આરાવાળા, કદી પાછું નહિ ફરનારા—આત્યંતિક ગતિવાળા અને સત્ત્વગુણરૂપી નેમિ (પરિધ)થી વીંટાયેલા એવા (ધર્મ-)ચક્રનો તું એક પ્રવર્તક છે.”[૨૦] (૧૪-૩૨-૨૪,૨૫)

[હવે પત્નીના પ્રશ્નનો (૧૪-૨૦-૧ થી ૪) ઉત્તર આપતાં] બ્રાહ્મણ બોલ્યો: 'તું તારી (અપકવ) બુદ્ધિ પ્રમાણે મારા માટે જેવું વિચારે છે એવો હું નથી. હું વિપ્ર (અન્તરોર્મિઓનો ઉન્નત પ્રકંપ અનુભવનાર) છું, મુક્ત છું, (બ્રહ્મ-)વનેચર છું, **ગૃહસ્થધર્મા બ્રહ્મચારી પણ છું.**[૨૧] હું સર્વવ્યાપી છુ. હું સર્વનો અન્તક છું. સમગ્ર પૃથ્વીનું સામ્રાજ્ય અને સ્વર્ગનું સામ્રાજ્ય એ સૌને (જ્ઞાન-)બુદ્ધિ યથાવત્ જાણે છે, અને એવી બુદ્ધિ એ જ મારું પરમ ધન છે. જાણકાર પુરુષો ગૃહસ્થ, વાનપ્રસ્થ, બ્રહ્મચર્ય કે કોઈ પણ આશ્રમમાં હોય (અર્થાત્ પ્રવૃત્તિની કે નિવૃત્તિની મારફત સાધના કરતા હોય) પણ એ બ્રહ્મનિષ્ઠો માટે તો (જ્ઞાનબુદ્ધિ, શમબુદ્ધિનો) આ એક જ માર્ગ છે. એ માર્ગે તેઓ ગમન કરે છે.[૨૨ક] ભિન્ન ભિન્ન આશ્રમચિહ્નો ધરાવવા છતાં

---

૨૦ त्वमस्य ब्रह्मनाभस्य बुद्धयारस्यानिवर्तिनः ।
सत्त्वनेमिनिरुद्धस्य चक्रस्यैकः प्रवर्तकः ॥ १४-३२-२५

આ 'બ્રહ્મરૂપી નાભિવાળા' (૧. બ્રહ્મનાભ–વિષ્ણુ, ૨. બ્રહ્મ જેની નાભિ અર્થાત્ કેન્દ્રમાં છે તેવું) ચક્ર તે ગીતામાં एवं प्रवर्तितं चक्रं । (૬-૨૫-૧૬; ગીતા ૩-૧૬)થી ઉલ્લેખાયેલું યજ્ઞચક્ર.

સર૦ 'કેશવ કાલચક્ર, જગચ્ચક્ર અને યુગચક્ર (રૂપી) છે. આત્મયોગથી ભગવાન્ એને સતત જાગ્રત રહીને ફેરવે છે.' ૫-૬૬-૧૨

૨૧ विप्रोऽस्मि मुक्तोऽस्मि वनेचरोऽस्मि ।
गृहस्थधर्मा ब्रह्मचारी तथास्मि ॥ १४-३३-१ ગદ્ય.

ગૃહસ્થ થવું અને બ્રહ્મચર્ય પાળવું: વાસનાઓનાં વાવાઝોડાંની મધ્યે પણ નિર્વાતસ્થાનમાંની અડોલ દીપશિખાની જેમ સ્થિતપ્રજ્ઞ રહેવું, કિલ્લામાં રહીને રક્ષણાત્મક નહિ પણ ખુલ્લા મેદાનમાં, હવામાં, સાગરમાં અને ભયાનક ગિરિકંદરાઓમાં (ષડ્રિપુઓરૂપી) દુશ્મનો સામે આક્રમક થઈને તેમને મહાત કરવા: આ પાયાના તેમ જ વિશિષ્ટ મહત્ત્વના સિદ્ધાંત પર શ્રીકૃષ્ણ, શ્રીરામકૃષ્ણ પરમહંસ અને ગાંધીજીની આચાર-વિચારની એકમતી અહીં સ્પષ્ટ પ્રતીત થાય છે, અને તે સૂચક પણ છે. શરૂઆત કરતા સાધકો માટે આ સંયમનો આદર્શ છે. સાધકે તો પોતાની મર્યાદા અનુસાર જરૂર મુજબ કિલ્લામાં રહેવું પડે તો રહીનેય દુશ્મનોનો સામનો કરવો અને આદર્શે પહોંચવું. (વળી જુઓ ખંડ ૨, પ્રક. ૨૧૧, 'કર્મનિશ્ચયજ્ઞ'માં ૫–૨૯–૮થી ૨૬, પૃ. ૨૧૭થી)

૨૨ક. एकः पन्था ब्राह्मणानां येन गच्छन्ति तद्विदः ॥ ૧૪-૩૩-૫ કખ.

સર૦ नान्यः पन्था विद्यतेऽयनाय । 'શ્વેતાશ્વેતર' ૩–૮; ૬–૧૫; 'ચિત્ત્યુપનિષદ્' ૧૩–૧૧; 'નારદ–પરિવ્રાજક ઉ.' ૯–૧; 'ત્રિપાદવિભૂતિનારાયણ ઉ.' ૪–૩; नान्यः पन्था अयनाय विद्यते । 'મહાવાકય ઉ.' ૩; 'ચિત્ત્યુપનિષદ્' ૧૨-૭; 'લક્ષ્યુપનિષદ્' ૭.

(લાક્ષણિકતાએ ભિન્ન અનુગમો ધરાવવા છતાં) જેમની બુદ્ધિ પ્રશાન્ત થયેલી હોય છે, તેઓ સરિતાઓ સાગરમાં એકરૂપ થઈ જાય એમ એક જ બ્રહ્મભાવને પામી જાય છે. આ માર્ગ બુદ્ધિગમ્ય છે, શરીરગમ્ય નહિ. કર્મમાત્ર આદિ અને અન્તવાળાં છે, અને શરીર કર્મથી બંધાયેલું છે, માટે **સુભગે! તને પરલોકનો ભય છે જ નહિ.** એટલે તું મારા (ક્ષેત્રજ્ઞના) ભાવમાં ભાવથી નિરત રહીને મારા સ્વરૂપને (આત્માને)જ પામીશ.'[૨૨૫] ('આશ્વમેધિકપર્વ' અ. ૩૩)

હવે વિપ્રપત્નીને શ્રદ્ધા બેઠી. એણે વિનંતી કરી: 'આ જ્ઞાન અલ્પબુદ્ધિવાળા અવિવેકીને તો પ્રાપ્ત થાય એમ નથી, અને મારી બુદ્ધિ તો નાદાન, સંકુચિત તથા ડામાડોળ છે, માટે મને આ જ્ઞાનપ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન દર્શાવો.' (૧૪-૩૪-૧, ૨)

બ્રાહ્મણે દર્શાવ્યું: 'ગુરુ વડે, જિજ્ઞાસુ અને ગુરુરૂપી બે અરણિઓના મથનથી, તપ અને શ્રુત(વિદ્યા)ના મથનથી જ્ઞાનાગ્નિ પ્રકટે છે......અને વારંવાર અભ્યાસથી જેનાથી પર કંઈ નથી એ ક્ષેત્રજ્ઞ (સર્વાન્તર્યામી પરમાત્મા) રૂપ થવાય છે. એ પ્રાપ્ત કરવામાં વિધિનિષેધનો ઉપદેશ કરવામાં આવતો નથી.' (૧૪-૩૪-૩ થી ૯)

સંવાદનો સમારોપ કરતાં શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશી બોલ્યા: 'તે પછી બ્રાહ્મણીની બુદ્ધિ ક્ષેત્રજ્ઞસંક્ષય (જીવરૂપે સમજાતો ક્ષેત્રજ્ઞ આત્મા વસ્તુતઃ પરમાત્માનો અંશ છે, એમ ક્ષેત્રજ્ઞનું પરમાત્મામાં વિલોપન) કરનારી તથા (પ્રકૃતિની રમણામાં ઢંકાયેલા) ક્ષેત્રજ્ઞ કરતાં ઉત્તમ એવો બીજો (પરમાત્મા, પુરુષોત્તમ) ક્ષેત્રજ્ઞ પ્રવર્તે છે એવું સમજતી થઈ. [૧૪-૩૪-૧૦; સર૦ ગીતા. અ-૧૩, 'ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગયોગ'. તેમાં પણ ખાસ કરીને શ્લોક ૩૦ થી ૩૪. વળી જુઓ 'શાન્તિપર્વ', ૧૮૦-૨૩, ૨૪ ઇ. અહીં એક જાણીતું સૂક્તિ-રત્ન સરખાવવા જેવું છે:

देहबुद्धया तु दासोऽहं जीवबुद्धया त्वदंशकः ।
आत्मबुद्धया त्वमेवाहमिति मे निश्चिता मतिः ॥ ]

અર્જુને પૂછ્યું: 'ભગવન! જેમણે આવી (અનુત્તમ) સિદ્ધિ પ્રાપ્ત કરી છે એ બ્રાહ્મણી અને બ્રાહ્મણશ્રેષ્ઠ ક્યાં રહે છે?' (૧૪-૩૪-૧૧)

---

૨૨૫. तस्मात्ते सुभगे नास्ति परलोकमयं भयम् ।
मद्भावभावनिरता ममैवात्मानमेष्यसि ॥ ૧૪-૩૩-૮

બ્રાહ્મણ શ્રીકૃષ્ણનું મન છે અને બ્રાહ્મણી એ બુદ્ધિ છે. (જુઓ હવે પછી નીચે ૧૪-૩૪-૧૨.) ઉત્કટ ગોપીભાવ જન્મે, પાંગરે, વિકસે અને આરાધક 'રાધા' રૂપે પરિપૂર્ણ થઈ શ્રીકૃષ્ણમાં એકરૂપ—સ્વરૂપસ્થ થઈ જાય એવી પ્રબળ શક્યતાઓ આ 'અભય' સંવાદમાં રહેલી છે.

હવે શ્રીભગવાને રૂપકની ભાષાનો અર્થપ્રકાશ કરતાં જણાવ્યું: '**( સૂક્ષ્મ સંપતને જીતનારા ) હે ધનંજય ! તું મારા મનને બ્રાહ્મણ અને મારી બુદ્ધિને બ્રાહ્મણી જાણ, અને જેને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવ્યો તે તો હું જ છું.**'[૨૩] **(૧૪-૩૪-૧૨)**

[ અપૂર્ણ ]

---

૨૩ (૧) **मनो मे ब्राह्मणं विद्धि बुद्धिं मे विद्धि ब्राह्मणीम् ।**
**क्षेत्रज्ञ इति यश्चोक्तः सोऽहमेव धनंजय ॥ १४-३४-१२**

ગીતાપ્રોક્ત આદેશ, સિદ્ધાન્ત

**उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ६-२८-५** ( ગીતા ૬-૫ )

પૈકી અહીં 'અનુગીતા'માં આત્મા આત્માનો બંધુ કેવી રીતે થાય તે લીલયા દર્શાવ્યું છે. પ્રસ્તુત સંવાદમાં 'મન' અર્થાત્ નિર્મળ ચિત્ત, જેમાં પરમાત્માનું સ્વચ્છ પ્રતિબિંબ ભાસે છે, 'બુદ્ધિ' એટલે ચિત્તનો આસક્તિયુક્ત ભાગ અને 'ક્ષેત્રજ્ઞ' એટલે સ્વયં પરમાત્મા; સ્વયં પરમાત્માની શ્રીથી વિભૂષિત નિર્મળ ચિત્ત, તેની સ્વાભાવિક, પ્રેમાળ સત્પથે ખેંચી જનાર શક્તિથી ચિત્તને મલિન કરનાર ભાવોને સદંતર ગાળી નાખી, પ્રતિબિંબ બિંબથી ભિન્ન ન હોતાં, વિભૂતિમાત્ર એ બિંબ ક્ષેત્રજ્ઞની છે એમ સમજીને તત્ સંજ્ઞક એનામાં વિલય પામે છે; એનું રોચક વર્ણન છે. (જુઓ 'ભારત-રત્ન', દ્વિતીયાવૃત્તિ, પૃ. ૨૪૫ થી)

સ૨૦ **क्षेत्रज्ञं तं विजानीहि नित्यं लोकहितात्मकम् ।**
**तमो रजश्च सत्त्वं च विद्धि जीवगुणानिमान् ॥ १२-१८०-२४**

'ક્ષેત્રજ્ઞ' એવો તે આત્મા અવિનાશી અને જગતહિતકારી છે એમ જાણ. તમસ્, રજસ્ અને સત્ત્વ એ ત્રણ ગુણો 'જીવ'ના ( આસક્તિયુક્ત ચિત્તના ) છે એમ જાણ.

( ૨ ) જુઓ 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગ યોગ', ગીતા અ-૧૩ સમગ્રપણે અને તેનો શ્લોક ૨ :

**क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।**
**क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ ६-३५-२** ( ગીતા ૧૩-૨ )

ભારત ! વળી સર્વ ક્ષેત્રોમાં મને જ ક્ષેત્રજ્ઞ જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદનું (શરીર અને આત્માના ભેદનું) જે જ્ઞાન છે તે જ (સાચું) જ્ઞાન છે, એવો મારો મત છે.

# નાથ અને સિદ્ધ સંપ્રદાય

**જેઠાલાલ ત્રિવેદી**

આપણા સાંસ્કૃતિક ઇતિહાસમાં નવ નાથ અને ચોરાસી સિદ્ધો વિશિષ્ટ પ્રકારનું સ્થાન ધરાવે છે. ભારતના અનેક સંપ્રદાયો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાથ અને સિદ્ધ સંપ્રદાયની અસર પડેલી જોઈ શકાય છે. સિદ્ધ પરંપરામાંથી પરિમાર્જિત રૂપે વિકસેલો નાથ સંપ્રદાય તો તેના પ્રચલન કાલે ચારિત્ર્યશુદ્ધિનો અપૂર્વ માનદંડ બની ગયો હતો, એમ કહી શકાય.

નાથ સંપ્રદાયની ઉત્પત્તિ સિદ્ધ સંપ્રદાય સાથે સંકળાયેલી છે. નાથ યોગીઓ તેમના સંપ્રદાયના પ્રવર્તક–આદિનાથ તરીકે યોગેશ્વર શિવને ગણાવે છે. વળી સિદ્ધ સંપ્રદાય ઉપર પણ પ્રાચીન શૈવ મતની અસર પડેલી છે. એટલે શૈવ મત અને તેના અધિષ્ઠાતા શિવ-શંકરનો ઇતિહાસ સંક્ષેપમાં અવલોકવો આવશ્યક બને છે. સિદ્ધો ઉપર બૌદ્ધ મતની પણ અસર હતી એટલે તેનો પણ યથાપ્રસંગ પરિચય કરીશું.

## શિવ-શંકર

શિવ અથવા શંકરને લોકો 'મહાદેવ' પણ કહે છે. શંકર-પાર્વતી કૈલાસમાં બેસીને સોગઠાં રમે છે અગર વિમાનમાં બેસીને ફરે છે, એ જાતનો ઉલ્લેખ વ્રતકથાઓ કે લોકકથાઓમાં વારંવાર જોવા મળે છે, પણ એ ભોળા ગણાતા શિવ માત્ર સોગઠાં રમી જાણે છે, એવું નથી. એ સંસારની અનેક વિદ્યાઓના જ્ઞાતા પણ છે. જ્યારે જ્યારે પાર્વતીને કોઈ પણ વિદ્યા જાણવાની ઇચ્છા થાય છે ત્યારે તે શંકરને પ્રશ્ન કરે છે:

कैलासशिखरे रम्ये गौरी पृच्छति शंकरम् ।
गुह्याद्गुह्यतरं किञ्चित् कथयस्व महेश्वर ॥

"હે શંકર! કોઈ ગુહ્યમાં ગુહ્ય વિદ્યા હોય તો તે મને જણાવો." પછી ભોળાનાથ શંકર ગમે તે ગહનવિદ્યા શ્લોકબદ્ધ શૈલીમાં પાર્વતીને કહેવાનું શરૂ કરે છે. આ રીતે શિવના મુખેથી સંગીત, સામુદ્રિક, ધનુર્વેદ, મંત્રવિદ્યા, સાવરતંત્ર, સ્વરોદય; રસાયનવિદ્યા વગેરેનો ઉપદેશ અવાર-નવાર થતો રહે છે.

શિવ ઐતિહાસિક વ્યક્તિ છે કે કેમ એવો પ્રશ્ન જ રહેતો નથી, કારણ તેમને 'અજન્મા' કહેલા છે. પણ પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં શિવ, મહાદેવ કે શંકરનું વર્ણન જોવા મળતું નથી. વૈદિક કાલના આર્ય દેવતાઓમાં આ રીતે શંકરનો ઉલ્લેખ નથી પણ ને અનાર્ય જાતિના દેવ હોય એવું ઋગ્વેદની કેટલીક ઋચાઓ ઉપરથી જણાય છે. ઋગ્વેદમાં લિંગપૂજકોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

## લિંગપૂજા

ઋગ્વેદ( ૭-૨૧-૫ )માં ઇન્દ્રને સંબોધીને કરેલી નીચેની પ્રાર્થના મળે છે :—

न यातव इन्द्र जूजुवुर्नो न वन्दना शविष्ठ वेद्याभिः ।
स शर्धदर्यो विषुणस्य जन्तोर्मा शिश्नदेवा अपि गुर्ऋतं नः ॥

હે તેજસ્વી ઇન્દ્ર ! યાતવ અમારી પાસે ન આવી શકે. હે બલશાલી, એ ગૂઢ વિદ્યાઓના જ્ઞાતા લોકો અમારાં યજ્ઞ વગેરે શુભ કાર્યો પાસે ન આવે અને તેને ભ્રષ્ટ ન કરે. હે આર્ય ! પોતાના પ્રજાજનોને ઉત્સાહિત કર અને જેમનો દેવતા શિશ્ન ( લિંગ ) છે તેવા યાતવોના સ્પર્શથી અમને અને અમારા યજ્ઞાદિકને બચાવી લે.

ઋગ્વેદના મંત્ર ૧૦-૯૯-૩માં શિશ્નદેવોના ગઢને ઇન્દ્ર દ્વારા જીતવાનો ઉલ્લેખ છે. આ ઉપરથી સર રામકૃષ્ણ ભાંડારકરે તેમના 'વૈષ્ણવ અને શૈવ પંથ' નામના ગ્રંથમાં એવું પ્રતિપાદન કર્યું છે કે ઋગ્વેદના સમયમાં અનેક આર્યેતર જાતિઓ લિંગની પૂજા કરતી હતી. તે જાતિઓ આર્યની દુશ્મન હતી તે હકીકત ઉપરની ઇન્દ્રની પ્રાર્થનાવાળી ઋચા ઉપરથી જાણી શકાય છે. આ જાતિઓ કોણ હશે ?

મોહેન-જો-ડેરોના ખોદકામમાં શિવલિંગ જેવી માટીની તથા પથ્થરની ઘડેલી અને સ્વયંભૂ આકૃતિઓ તેમ જ વૃક્ષની આકૃતિઓ મળી છે. તે ઉપરથી તે સંસ્કૃતિના લોકો લિંગની તથા વૃક્ષની પૂજા કરતા હશે એવું અનુમાન વિદ્વાનોએ કરેલું છે. એ પ્રજા આર્ય ન હતી પણ દ્રાવિડ જાતિની હતી, એમ પણ માનવામાં આવે છે.[૧] પ્રાચીન તામિલ સાહિત્યમાં શિવ અને તેમના પુત્રો મરુગણનું વર્ણન મળે છે તે પણ સૂચક છે. દ્રાવિડ જાતિ જ્યારે સિન્ધુ પ્રદેશમાં રહેતી ત્યારે ત્યાં રહેલા આર્યો સાથે તેમને સંઘર્ષ થયો હોય એ સંભવિત છે.

આ રીતે આર્યોને શિશ્નદેવોનો પરિચય થયો હોય અને તેના ફલસ્વરૂપે ઋગ્વેદમાં વર્ણવેલી ઇન્દ્રની પ્રાર્થના આર્યોએ રચી હશે.

## વૈદિક રુદ્ર અને શિવ

ઋગ્વેદમાં રુદ્ર નામથી જે દેવતાની સ્તુતિ અને મંત્રો ઉપલબ્ધ થાય છે તે શિવ છે, એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. પણ વેદોક્ત રુદ્રનું સ્વરૂપ ખ્યાલમાં રાખીએ તો રુદ્ર એટલે અગ્નિ એમ સ્પષ્ટ સમજાય છે. ઉદાહરણ તરીકે એક પ્રાર્થના લઈએ :

त्वमग्ने रुद्रो असुरो महो दिवस्त्वं शर्धो मारुतं पृक्ष ईशिषे ।
त्वं वातैररुणैर्यासि शङ्गयस्त्वं पूषा विधतः पासि नु त्मना ॥[૨]

હે અગ્નિ, હે તેજસ્વિન્ ! તું રુદ્રરૂપ છે. તું અસુરોની મહાન વિપત્તિ છે. તું સૂર્ય, વાયુના બળનો સંયુક્ત સ્વામી છે. તું વેગવાન અશ્વોથી પ્રયાણ કર. તું શાંતિદાતા, પોષક અને સમર્થ હોઈ તારી સેવાનું વ્રત ધરનારાંનું રક્ષણ કરે છે.

---

૧ સિંધુ ઘાટીની આ સભ્યતાના એક અભ્યાસી મારા મિત્ર ડૉ. ફતહસિંહે એ લિપિની ૫૦૦ મુદ્રાઓ વાંચી છે. તેઓ તેમાં વૈદિક દેવતાઓ અગ્નિ, ઇન્દ્ર વગેરેનો ઉલ્લેખ બતાવે છે. એટલે એ સંસ્કૃતિ ચોક્કસ રીતે આર્યેતર હશે કે કેમ એ સંદેહ હવે ખડો થાય છે. (स्वाहा–ત્રૈમાસિક પત્રિકા: ડીસેંબર, ૧૯૬૮ ).

૨ ઋગ્વેદ : ૨–૧–૬.

યજુર્વેદમાં પણ રુદ્રને પ્રચંડ બાણુ ફેંકનાર અને ચમકદાર રૂપે વર્ણવેલો છે અને તે વર્ણન અગ્નિને જ લાગુ પડે છે. નિરુક્તમાં પણ "अग्निरपि रुद्र उच्यते।" (૧૦-૭-૨) એવો ઉલ્લેખ છે. અથર્વવેદમાં પણ રુદ્રની સ્તુતિ કરતાં કહ્યું છે: "જે અગ્નિરૂપ રુદ્ર જલમાં, ઔષધિમાં વનસ્પતિઓમાં વાસ કરે છે અને જે સર્વભુવનોનો નિર્માતા છે તે તેજસ્વી રુદ્રને અમારા નમસ્કાર."[3]

આ રીતે ઋગ્વેદોક્ત રુદ્ર એ સંહાર કરનાર–સૌને ભસ્મ કરી દેનાર દેવતા અગ્નિ છે, એમ સ્પષ્ટ પ્રતીત થાય છે. પણ ઋગ્વેદનો કાલ વીતી ગયા પછી કાલક્રમે એ રુદ્ર શિવ-મહાદેવની સાથે એકતા સાધી લે છે અને પછી તેનાં રુદ્ર, હર, મહાદેવ, પશુપતિ, ભવ, શર્વ એવાં અનેક નામ પ્રચલિત થાય છે. યજુર્વેદના શત-રુદ્રી પ્રકરણમાં શિવને પર્વતવાસી કહેલા છે અને તે જ પર્વત પછી પુરાણોનો કૈલાસ બની જાય છે. યજુર્વેદના શતરુદ્રીય પ્રકરણમાં રુદ્રનું જે વર્ણન મળે છે તે ઉપરથી તે સરહદના પહાડી પ્રદેશના દેવતા હશે અને પાછળથી કાલબળે તે દેવતાને બ્રાહ્મણોએ અપનાવી લીધા હશે એમ પ્રા. ધર્માનંદ કોસંબીજીનું માનવું છે.[4]

## શૈવ મતની ઉત્પત્તિ

આર્યો જ્યારે ઋગ્વેદના ઇન્દ્રાદિક દેવતાઓની સ્તુતિ કરી તેમને દ્રાવિડ પ્રજા કે સરહદની જાતિઓના લિંગપૂજાના ગઢને જીતવાની પ્રેરણા કરી રહ્યા હતા ત્યારે એ આર્યેતર જાતિઓ કંઈ જંગલી અવસ્થામાં ન હતી. તેમની પણ સુવિકસિત સંસ્કૃતિ હતી જેનો આર્યોને સતત ડર રહ્યા કરતો. એ ડર ખરો પડ્યો. કાલક્રમે આર્ય સંસ્કૃતિ તથા દેવમંડળમાં દ્રાવિડ સંસ્કૃતિ તથા તેનો દેવતાઓને સંસ્કારિત કરી દાખલ કરી લેવાની ફરજ પડી.

પ્રા. ધર્માનંદ કોસંબી માને છે કે, ઋગ્વેદમાં આવતા મરુતગણ તે રુદ્ર-શિવના વંશજ કે ભક્ત હતા. सं ता इन्द्रो असृजदस्य शाकैः। (ઋ. ૫-૩૦-૧૦) એ રૂચામાં આવતા शाक શબ્દનો અર્થ સાયણાચાર્ય 'મરુત' એવો કરે છે. એટલે 'મરુત'એ શક લોકો હતા એમ માનીએ તો શક લોકોના પૂર્વજો મરુત હતા એમ અનુમાન કરી શકાય. આ રીતે મહાદેવ-રુદ્ર એ શક વગેરે સરહદી તથા પહાડી જાતિઓના દેવ હતા એમ જણાય છે. યુદ્ધો, રાજકારણ તથા વાણિજ્ય વગેરેને કારણે આર્યોને એ પ્રજાનો સંપર્ક ધીમે ધીમે થવા લાગ્યો. પરિણામે આર્યેતર પ્રજાના કુંભાર, રથ બનાવનાર (લુહાર), નિષાદ, ધનુષ્યબાણ બનાવનાર, શિકાર કરનાર, કૂતરા પાળનાર વગેરેને આર્યોએ અપનાવવા માંડ્યા. એ સમયે એ લોકોના અધિપતિ તરીકે–દસ્યુઓના સ્વામી તરીકે અને વનવાસી તરીકે શિવ-રુદ્રની પ્રાર્થનાઓ થયેલી અને તે યજુર્વેદમાં સંગ્રહાયેલી છે.

"ઉન્નતને, ધનુર્યોધ્યને, ચોરોના અધિપતિને નમસ્કાર હો. ધનુર્યોધ્યને, બાણોનો ભાથો ધારણ કરનારને, ધાડપાડુઓના અધિપતિને નમસ્કાર હો × × રથોને અને રથોના અધિપતિને–તમને નમસ્કાર હો. કુંભારોને અને લુહારોને તમને નમસ્કાર હો."

અહીં રુદ્ર-શિવને ચોર અને ધાડપાડુઓના અધિપતિ કહેલા છે. આ ઉપરાંત યજુર્વેદમાં ભવ, શર્વ, પશુપતિ, નીલકંઠ વગેરે શિવનાં નામ પણ મળી આવે છે. યજુર્વેદના સમયમાં

---

૩ અથર્વવેદ: ૭–૯૨–૧.

૪ "હિંદુ સંસ્કૃતિ અને અહિંસા", પૃ. ૧૨૪-૨૫.

સરહદના પહાડી પ્રદેશના લોકો તેમના દેવની પૂજા આ નામોથી કરતા હશે. આ યુદ્ધખોર–ધાડ પાડનાર સરહદી લોકોને કબજે રાખવા મોટું સૈન્ય રાખવાનું બ્રાહ્મણો માટે શક્ય ન હતું. માટે ભવ, શર્વ વગેરે તેમના દેવો એ બધા રુદ્ર જ છે એવું તેમને મનાવીને આ તોફાની ટોળીઓને પોતાના પક્ષે વાળી લેવાનો આ એક પ્રયત્ન હોવો જોઈએ, એમ પ્રા. ધર્માનંદ કોસંબીનું માનવું છે.

બીજી કલ્પના એ છે કે, કેટલીક આર્યેતર જાતિઓ આપોઆપ આર્યમાં મળી ગઈ હતી. એટલે તેમના સંસર્ગથી શૈવમતનો પ્રચાર આર્યજાતિમાં થયો હશે. વળી પ્રસંગવશાત્ વિજેતા બનેલી શક વગેરે જેવી આર્યેતર જાતિઓના દબાણથી પણ તેમની રુદ્ર-શિવની કલ્પના આર્ય-જાતિમાં દાખલ થઈ હશે. આના સમર્થનમાં અકબર બાદશાહને પ્રસન્ન કરવા માટે બ્રાહ્મણોએ "અલ્લોપનિષદ" રચ્યું હતું તે પ્રસંગ બતાવી શકાય.[૫]

પ્રા. કોસંબીજી કહે છે કે: ગૃહ્ય સૂત્રોના જમાનામાં યજ્ઞનું જે વિધાન મળે છે તે જોતાં તે સમય-પર્યંત મહાદેવ-શિવ હિંસક દેવતા હતા પણ વેમા કડફાઈસેસ( Wema Kadphises )ના સિક્કા ઉપર મહેશ્વર-શિવની મૂર્તિ અને નંદી જોવામાં આવે છે.[૬] આ સમય ઈસવી સનના પહેલા સૈકાના આરંભનો ગણી શકાય. એટલે તેનાથી બે-ત્રણ સૈકા પૂર્વે મહાદેવનું પરિવર્તન ગોરક્ષક મહેશ્વરમાં થયું હશે; જોકે તેના રુદ્ર સ્વરૂપનો અંશ હજી પણ જનમાન્યતામાં સચવાઈ રહેલો છે.

આ રીતે શૈવમત ઘણો પ્રાચીન છે. હવે તેનો વિકાસ કેમ થયો તે સંક્ષેપમાં અવલોકીએ.

## શૈવ મતનો વિકાસ

દર્શનશાસ્ત્રોની રચનાનો પ્રારંભ થતાં સિદ્ધાન્તોનો મતભેદ આગળ તરી આવવા લાગ્યો. જ્યાં મૌલિક સિદ્ધાન્તોમાં મતભેદ પડવા લાગ્યો ત્યાં દરેક મતવાળા પોતાનો અલગ વાડો રચવા લાગ્યા. આ રીતે શૈવમતમાં જુદા જુદા પેટાભેદ પડવા લાગ્યા.

મહાભારતની રચનાના સમય સુધીમાં શૈવોમાં જે પેટા શાખાઓ અસ્તિત્વમાં આવી તેનો ઉલ્લેખ અનુશાસન પર્વના ૧૪મા અધ્યાયમાં જોવા મળે છે. વામનપુરાણમાં પણ શૈવ, પાશુપત, કાલદમન અને કાપાલિક એ ચાર મતનો ઉલ્લેખ થયેલો છે. પાછળથી કાલદમન મતનો લોપ થઈ ગયો હોય એમ લાગે છે. તે પછી શૈવ સંપ્રદાયની અનેક શાખાનો ઉલ્લેખ 'શિવજ્ઞાન-તંત્ર'માં મળે છે:

शैवं पाशुपतं सोमं लाकुलं च चतुर्विधम् ।
तेषु शैवं परं सौम्यं रौद्रं पाशुपतादिकम् ॥

शैवं पुनश्चतुर्भेदं वामदक्षिणमेव च ।
मिश्रश्चैव तु सिद्धान्तं तेषु सिद्धान्तमुत्तमम् ॥

---

૫ આ ઉપનિષદને અથર્વવેદનું અંગ કહેવાનો પ્રયાસ પણ થયો હતો. (જુઓ: હિંદી સંસ્કૃતિ અને અહિંસા." પૃ. ૨૩૬).

૬ પ્રા. કૃષ્ણદત્ત બાજપેયી, વેમા (વિમ) કડફાઈસેસનો સમય ઈ.સ. ૪૦-૭૭નો માને છે. (मथुरा : पृ. १८).

શૈવ, પાશુપત, સોમ, લાકુલ એ ચાર મુખ્ય શાખાએ છે. તેમાં શૈવ મત સૌમ્ય અને અને બાકીના પાશુપત વગેરે રૌદ્ર વિચારવાળા છે. શૈવ મતના પણ વામ, દક્ષિણ, મિશ્ર અને સિદ્ધાન્ત એવા ચાર ફાંટા થયા છે. તે બધામાં સિદ્ધાન્ત શૈવો શ્રેષ્ઠ ગણાય છે, એમ આ તંત્રકારનું માનવું છે. આગળ જતાં શૈવોમાં ૨૮ ભેદ થયા છે.

**આગમ :** વૈદિક મતવાળાએ વેદથી માંડીને સમસ્ત બ્રાહ્મણ શ્રૌત સૂત્ર આદિ ગ્રન્થોને ‘ નિગમ ’ કહે છે તેવી જ રીતે શિવસંપ્રદાયના તંત્ર ગ્રન્થોને ‘ આગમ ’ કહેવામાં આવે છે. ‘ મહાનિર્વાણતંત્ર ’માં શિવ કહે છે કે : “ **विना ह्यागममार्गेण कलौ नास्ति गतिः प्रिये।** ” હે પ્રિયે, કલિયુગમાં આગમ–માર્ગ સિવાય મનુષ્યની બીજી ગતિ નથી. )

આગમતંત્રોમાં સિદ્ધ અને નાથોનો ઇતિહાસ અંકુર રૂપે રહેલો છે, તેથી તેના સિદ્ધાન્ત સંક્ષેપમાં જાણી લેવા આવશ્યક બને છે.

આગમનાં લક્ષણ દર્શાવતાં ‘ વારાહીતંત્ર ’માં આ પ્રમાણે ઉલ્લેખ છે :

> **सृष्टिश्च प्रलयश्चैव देवतानां यथार्चनम् ।**
> **साधनं चैव सर्वेषां पुरश्चरणमेव च ॥**
> **षट्कर्मसाधनं चैव ध्यानयोगश्चतुर्विधः ।**
> **सप्तभिर्लक्षणैर्युक्तमागमं तद् विदुर्बुधाः ॥**

સૃષ્ટિવિચાર, પ્રલયવિચાર, દેવતાઓની અર્ચનવિધિ, પુરશ્ચરણ, ષટ્કર્મવિધાન ( મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન અને શાંતિ ) ધ્યાનયોગ તથા હઠયોગનું વર્ણન જેમાં હોય તેવા સાત લક્ષણોવાળા શાસ્ત્રને વિદ્વાનો ‘ આગમ ’ કહે છે.

બધા આગમોવાળાઓમાં આ સિદ્ધાન્તો પ્રાયઃ સરખા છે. આગમ પંથમાં જેમ નવા નવા માણસો ભળવા લાગ્યા તેમ તેમ આચારવિચારના ભિન્ન ભિન્ન ભેદ ખડા થવા લાગ્યા. આ રીતે આગળ જતાં તેના સાત કે આઠ આચારરૂપ ભેદો અસ્તિત્વમાં આવ્યા.

આ આચારભેદ આ રીતે ગણાવવામાં આવે છે ; ( ૧ ) વેદાચાર, ( ૨ ) વૈષ્ણવાચાર, ( ૩ ) શૈવાચાર, ( ૪ ) દક્ષિણાચાર, ( ૫ ) વામાચાર, ( ૬ ) સિદ્ધાન્તાચાર અને ( ૭ ) દિવ્યાચાર અથવા કુલાચાર. દિવ્યાચારનો એક ભેદ સમયાચાર નામનો થયો છે તે સાથે આઠ આચારરૂપ ભેદો ગણી શકાય.

આગમમાં વિશ્વાસ હોવા છતાં જેમણે વૈદિક આચાર, વિચારને ન છોડી દીધા તે વેદાચારી કહેવાયા. જે વૈખાનસ સંપ્રદાયી પંચરાત્રી વિષ્ણુ–ઉપાસક હતા તે વૈષ્ણવાચારી કહેવાયા. જે સૌમ્ય વિચારના શૈવ હતા તે શૈવાચાર મતમાં ગણાવા લાગ્યા. દક્ષિણના દ્રાવિડ શૈવો દક્ષિણાચારી કહેવાયા. જે કૌલાયત વિચારધારાને અપનાવી ચૂક્યા તે વામાચાર મતમાં ગણાયા અને જે સિદ્ધાન્ત પ્રમાણે આચાર કરનારા હતા તે સિદ્ધાન્તાચારી કહેવાયા. જે આગમવાળાએ કુલાચારને અનુરૂપ આચરણ કરતા હતા તેએ દિવ્યાચારી અથવા કૌલ નામથી ઓળખાયા.[૭]

---

૭ “ ભસ્મવિજ્ઞાન ” ( ઉપોદ્ઘાત ), પૃ. ૩૦–૩૧.

## કૌલ સંપ્રદાય

દિવ્યાચાર અથવા કૌલ મત ચિત્રવિચિત્ર આચારો વગેરેને કારણે ઘણો પ્રસિદ્ધ થયો છે. શ્રી હજારીપ્રસાદ ત્રિવેદી નોંધે છે કે, કૌલમાર્ગીઓનો દાવો છે કે, તેમનો રસ્તો સહજ (સરલ) છે અને યોગીઓનો દુરુહ (કઠીન) છે. રુદ્રયામલ તંત્રમાં કહ્યું છે કે જ્યાં ભોગ હોય ત્યાં યોગ નથી હોતો અને જ્યાં યોગ હોય ત્યાં ભોગ નથી હોતો. પરંતુ શ્રીસુન્દરી સાધનાના ઉપાસકોને યોગ અને ભોગ બેઉ સાથે પ્રાપ્ત થાય છે.૮

'કૌલજ્ઞાનનિર્ણય' ગ્રન્થના સંપાદક શ્રી પ્રબોધચંદ્ર બાગચી તેના સોળમા પટલમાં ગુપ્તજ્ઞાનના રહસ્ય સમું કુલાગમ તંત્ર કાર્તિકેય ચોરી જાય છે અને સમુદ્રમાં પધરાવી દે છે, એવી ગળા ગઈ આખ્યાયિકા આપે છે. ભૈરવ (શિવ) મત્સ્યેન્દ્રનાથરૂપે સમુદ્રમાં ગયા અને જે માછલી કુલાગમ હતી તેનું પેટ ચીરીને તે બહાર લાવે છે. તે માછલી મારનાર શિવરૂપ ભૈરવ મત્સ્યઘ્ન કહેવાયા.૯ આ રૂપકકથા શિવરૂપ મત્સ્યેન્દ્રનાથને કૌલ માર્ગના સ્તંભ તરીકે રજૂ કરે છે. કુલાગમનો નાશ કરવા મથનાર કાર્તિકેય મને આ કૌલમતના બીજા વિરોધી મતોના પ્રતીક સમાન લાગે છે.

સિદ્ધોના રસગ્રંથોમાં અને ગોરક્ષસંહિતામાં પાર્વતી શિવને કૌલ અને કૌલોના નાથ કહીને સંબોધન કરે છે. કૌલોમાં પણ કુલકૌલ, મહાકૌલ, સિદ્ધકૌલ, રોમકૂપાદિ કૌલ, વૃષણોત્થ કૌલ, વહ્નિ કૌલ, સદ્‌ભાવ કૌલ, પદોત્થિત કૌલ વગેરે મતભેદો થયેલા છે.

કૌલ સંપ્રદાયમાં ભૈરવી ચક્ર નામે એક ધાર્મિક ક્રિયા થાય છે. તે ક્રિયા વખતે યુવાન સ્ત્રીના ભગાંકુરને શિવલિંગ માનીને તેની પૂજા કરવામાં આવે છે. તે વિષે મહાનિર્વાણ તંત્રમાં ઉલ્લેખ છે:

> संप्राप्ते भैरवी चक्रे सर्वे वर्णा द्विजोत्तमाः ।
> निवृत्ते भैरवी चक्रे सर्वे वर्णाः पृथक् पृथक् ॥

ભૈરવી ચક્રમાં સામેલ થનાર વ્યક્તિ કોઈ પણ જાતની હોય છતાં તે દ્વિજ બની જાય છે, ચક્રપૂજામાંથી નિવૃત્ત થયા પછી તે ફરી પોતાની જાતિ અને વર્ણમાં આવી જાય છે.

આ કૌલમતમાં પંચમકારની સાધના પણ આવશ્યક માની છે:

> मद्यं मांसं तथा मत्स्यमुद्रामैथुनमेव च ।
> पुनः पुनः साधयित्वा पूर्णयोगी बभूव सः ॥

(મહાનિર્વાણતંત્ર)

કૌલમતાવલંબી શૈવોનાં આજથી હજાર વર્ષ પહેલાં દક્ષિણમાં પૂર્ણગિરિમાં, ઓરિસામાં જગન્નાથપુરીમાં, સિરહટ્ટ, કોણાર્ક વગેરે સ્થાનોમાં અનેક મઠ તથા મંદિર હતાં. એ મંદિરોના શિલ્પમાં, પરિક્રમા વગેરે સ્થળોમાં અનેક પ્રકારની અશ્લીલ કામમુદ્રા, ભોગમુદ્રા વગેરેની મૂર્તિઓ કંડારેલી આજે પણ જોવા મળે છે. જગન્નાથજીના મંદિરમાં જગન્નાથજીની પત્નીને સ્થાને

---

૮ નાથ સંપ્રદાય : પ્રકરણ પાંચમું.

९ कौलज्ञाननिर्णय (प्रकाशक : Metropolitin Printing and Publishing House : Culcutta.)

બહેન સુભદ્રાની મૂર્તિની સ્થાપના આજે પણ થાય છે. કેટલાક સંશોધકો આને પણ વામાચારના રૂઢ અવશેષરૂપે ગણે છે. ગમે તેમ હો, પણ તે જાતની અશ્લીલતાને યોગમાર્ગના સાધનરૂપે ખપાવી સામાન્ય જનતાને તેમાં શ્રદ્ધાશીલ બનાવવામાં આવી હતી. જૈન અને બૌદ્ધ ચૈત્યોનાં શિલ્પમાં પણ આ સંકેતો દાખલ થઈ ગયા હતા. બીજી રીતે કહીએ તો કૌલમતનો પ્રભાવ તે સમયે સારા દેશમાં ફેલાઈ ગયો હતો.

બૌદ્ધ વજ્રયાનીઓ અને કૌલમાર્ગીઓનાં સ્થાનોમાં તે વખતે આ ભોગ અને કામકલાની પાષાણનિર્મિત મુદ્રાઓ અને આસનો એકસરખી રીતે પ્રચલિત થયાનું જણાઈ આવે છે. કૌલ અને વજ્રયાની મતનાં દેવીદેવતા પણ જાણે એકબીજાનાં પૂરક બની ગયાં હતાં. કૌલ શૈવો અને બૌદ્ધોનાં કેટલાંક સ્થાન જાણે સંગમસ્થાન જેવાં બની ગયાનું જણાઈ આવે છે. આ માન્યતાના સમર્થનમાં સાધનમાલામાં વજ્રયોગિની સાધનવિધાનની નીચેની પંક્તિઓ નોંધપાત્ર બને છે:

ओडियान पूर्णगिरि कामाख्य सिरिहट्ट इत्यनेन पूजयेत् ।
पुनरपि धर्म्मसम्भोगनिर्म्माणमहासुख इत्यनेन ॥

ઓડિયાન (ઓરિસા), પૂર્ણગિરિ, કામાખ્ય (કામરૂપ), સિરહટ્ટ(સિલહટ)ની પૂજા કરવી. તે પૂજાથી ધર્મ, સંભોગસુખ, મોક્ષ, મહાસુખ વગેરે પ્રાપ્ત થાય છે. આ ઉપદેશ બતાવે છે કે શૈવ તથા બૌદ્ધ તાંત્રિકોના દેવીદેવતા એકબીજાનાં મિત્ર જેવાં બની ગયાં હતાં. તેમ ન હોય તો વજ્રયાનીઓ કૌલનાં સ્થાનકોની પૂજાનો સંકેત શા માટે કરે?[૧૦]

કૌલાચારીઓ તેમના સિદ્ધાન્તોને ગુપ્ત રાખવાની પણ સાવધાની રાખતા હતા એમ નીચેની ઉક્તિ પરથી સમજાય છે:

अन्तः शाक्ता बहिः शैवाः सभामध्ये च वैष्णवाः ।
नानारूपधराः कौला विचरन्ति महीतले ॥

તેઓ તેમના બિભત્સ આચારને જાહેરમાં મૂકતાં ડરતા હશે એમ આ ઉપરથી જણાઈ આવે છે. છતાં કૌલાચાર ફેલાતો જતો હતો. એ સમયે વામાચાર, અઘોરાચાર જેવા મત પણ ફેલાવો પામી રહ્યા હતા. અઘોરી સાધુઓ શિવજીને અઘોરી મતના સ્થાપક મનાવી પોતે તેનું અનુકરણ કરતા હતા. ધૂર્ત લોકો શિવનું નામ આગળ મૂકી વિપરીત આચાર-વિચારવાળા સંપ્રદાયોની આળપંપાળ ખડી કરતા અને ભોળી-અંધશ્રદ્ધાળુ જનતા તેમની જાળમાં ફસાતી. આમજનતાનો મોટો ભાગ, ખાસ કરીને સ્ત્રીવર્ગ આવા સાધુઓને કામણટૂમણ, મૂઠચોટ, મંત્રતંત્ર, વશીકરણ, મારણ, મોહન વગેરેમાં કુશળ માની તેમના હાથમાં રમતો થઈ ગયો હતો. પછી થોડાઘણા વિદ્વાનોનો વિરોધ હોય તોપણ તે સફળ શી રીતે થાય?

દિવ્યાચાર અથવા કુલાચાર સંપ્રદાયમાંથી નીકળેલા સમયાચાર મતમાં ભૈરવી ચક્ર અને પંચમકારની સાધના ન હતી. તેમનામાં મૂલાધાર ચક્રની સાધના પ્રચલિત હતી. આ સમયાચાર મતમાં જ શ્રી શંકરાચાર્ય પ્રગટ થયા હતા.

---

૧૦ ભસ્મવિજ્ઞાન (ઉપોદ્ઘાત): પૃ. ૩૩.

## શૈવ મતમાં અવતારવાદ

આ રીતે શૈવ મત તેની શાખા-પ્રશાખાઓ દ્વારા દેશભરમાં ફેલાઈ રહ્યો હતો. તે દરમ્યાન પંચરાત્રી વિષ્ણુ, રામ અને કૃષ્ણના અવતારોની રચના કરી ચૂકયા હતા. તેમને સમાજમાં આદર પણ મળી રહ્યો હતો. આથી શૈવોને પણ શિવના અવતારની કલ્પના સૂઝી. પરિણામે તેમણે શિવના ૧૮ અવતારની કલ્પના ( રચના ) કરી.

શિવપુરાણની સનતકુમાર સંહિતા મુજબ શિવને પંચમૂર્તિ કહેલા છે. (૧) સદ્યોજાત મૂર્તિ ક્રીડા કરે છે. (૨) વામદેવ મૂર્તિ તપ કરે છે. (૩) અઘોર મૂર્તિ લોકસંહાર કરે છે. (૪) તત્પુરુષ મૂર્તિ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. (૫) ઈશાનમૂર્તિ જ્ઞાનપ્રધાન હોવાથી સંપૂર્ણ સંસારનું આચ્છાદન કરે છે. શિવનાં આ ભિન્ન ભિન્ન રૂપો અંગે આગમોમાં જુદા જુદા અર્થ ઘટાવેલા છે તેનો વિસ્તાર અહીં આવશ્યક નથી.

**રેણુકાચાર્ય :** રેણુકાચાર્ય શિવજીનો બીજો અવતાર ગણાય છે. '**पूर्वं मम मुखज्जातः सद्योजातश्चः रेणुकः।**' શિવના મુખથી રેણુકાચાર્ય ઉત્પન્ન થયા. આ રેણુકાચાર્યને રેવણ અને રેણુક પણ કહેલા છે. રેણુકાચાર્યે શ્રી શંકરાચાર્યજીને ચંદ્રમૌલીશ્વર નામનું શિવલિંગ આપ્યું હતું એમ કહેવાય છે.[૧૧] આ વાત સાચી હોય તો તે આદ્ય શંકરાચાર્યના સમકાલીન ગણાય.

રસાચાર્ય સિદ્ધોમાં પણ રેવણની ગણના થાય છે. વીર શૈવમતના એ આચાર્યના એક દાસક નામે શિષ્ય હતા. દાસકની ઉત્પત્તિ શિવના વામદેવ નામના મુખથી બતાવેલી છે.

**આચાર્ય લકુલીશ :** શિવનો લકુલીશ અવતાર કાયાવરોહણ તીર્થમાં થયો હતો. વડોદરા જિલ્લાના ડભોઈ નજીક આવેલું કારવણ ગામ તે જ પ્રાચીન કાયાવરોહણ ગણાય છે. લકુલીશના જન્મસમય વિષે ચોક્કસ માહિતી મળતી નથી. શિવપુરાણમાં કાયાવરોહણનું માહાત્મ્ય મળે છે.

લકુલીશજીની મૂર્તિના એક હાથમાં બીજોરૂ અને બીજા હાથમાં નકુલી અથવા પોલી નળી જેવી લાકડી હોય છે. એ પોલી નકુલી ધારણ કરવાથી તે નકુલીશ કહેવાયા હશે અને 'ન'નો 'લ' થતાં 'લકુલીશ' નામ પ્રચલિત થયું હશે, એમ જણાય છે. તેમનું રચેલું 'પાશુપત સૂત્ર' પ્રગટ થયું છે. તે ઉપરથી સમજાય છે કે લકુલીશ પાશુપત મતના આદિ આચાર્ય અને પ્રવર્તક હશે. લકુલીશજી સાથે તેમની પરંપરામાં કુલ અઢાર આચાર્ય થયા છે.

મથુરામાંથી મળેલા એક સ્તંભલેખને આધારે લકુલીશનો સમય ઈ. સ. ૭૩ લગભગ આવે છે. તે વખતે મથુરામાં શૈવ રાજા હુવિષ્કનું રાજ હતું, એમ સ્વામી હરિશરણાનંદજી જણાવે છે.[૧૨] કુશાન રાજાઓના સિક્કાઓ ઉપર લકુલીશ શિવની મૂર્તિ અંકિત થયેલી જોવા મળે છે, તે ઉપરથી આ વાતને પુષ્ટિ મળે છે. પ્રાચીન કાળમાં પાશુપત મત ખૂબ ફેલાવો પામ્યો હતો.

**શ્રી આદ્ય શંકરાચાર્ય :** અદ્વૈત મતના પ્રતિપાદક શ્રી શંકરાચાર્યજી પણ જનશ્રુતિ અનુસાર શંકરના અવતાર ગણાય છે. તેઓ શૈવ મતની સમયાચાર શાખાના પ્રવર્તક, શ્રીવિદ્યાના

---

૧૧ એજન, પૃ. ૪૨.

૧૨ ઈ. સ. ૭૩માં મથુરામાં હુવિષ્કનું નહિ પણ વિમ તક્ષમનું રાજ હતું. હુવિષ્કને શ્રી બાજપેયી બૌદ્ધ ધર્મનો રક્ષક માને છે.

ઉપાસક અને પ્રત્યભિજ્ઞા દર્શનના મહાન જ્ઞાતા હતા. શૈવ મતના પ્રત્યભિજ્ઞા દર્શન (અદ્વૈતવાદ) અને ત્રિકદર્શન (દ્વૈતવાદ) સાથે ત્રિપુરાસુંદરી અથવા શ્રીવિદ્યાનો ઘનિષ્ઠ સંબંધ છે. શૈવ મતના ત્રિક સિદ્ધાન્તમાં પંચવક્ત્ર શિવથી મહાશક્તિ ત્રિપુરાસુંદરીનો પ્રાદુર્ભાવ થયાનો ઉલ્લેખ છે. એ ત્રિપુરાસુંદરીના મંત્ર તથા તેના અધિષ્ઠાતા દેવતાને જાણવા એનું નામ શ્રીવિદ્યા છે. શ્રી એટલે ત્રિપુરાસુંદરી અને વિદ્યા એટલે મંત્ર એવો અર્થ થાય છે.

શ્રીવિદ્યાના આચાર્યોમાં ગૌડપાદજી એક મહાન વિદ્વાન ગણાય છે. તેમણે 'શ્રીવિદ્યા-સૂત્ર' નામે ગ્રન્થ પણ રચ્યો છે. એ ગૌડપાદજીના પ્રખ્યાત શિષ્ય ગોવિંદપાદાચાર્ય થયા જેમને રસાયન-વિદ્યાના પણ આચાર્ય માનવામાં આવે છે. શંકરાચાર્યજી આ ગોવિંદપાદજીના શિષ્ય હતા. શંકર-દિગ્વિજયના પાંચમા સર્ગમાં પણ આ પરંપરા બતાવેલી છે. શ્રી શંકરાચાર્યે શૃંગેરી મઠની સ્થાપના વખતે ત્યાં શ્રીચક્ર પણ સ્થાપિત કર્યું હતું તે આજે પણ પુજાય છે. શ્રી શંકરાચાર્યજીએ રચેલ 'સૌંદર્યલહરી' પણ તેમની ત્રિપુરાસુંદરીની ઉપાસનાને સ્પષ્ટ કરે છે.

અદ્વૈત મતનું પ્રતિપાદન કરતું 'શાંકરભાષ્ય' જોઈને કોઈક વિદ્વાનો શંકરાચાર્ય ઉપર બૌદ્ધ ધર્મના મહાયાન મતના શૂન્યવાદની અસર પડી હતી એમ માને છે, પણ સ્વામી હરિશરણા-નંદ વૈદ્ય, શંકરનું ચિંતન સ્વતંત્ર રીતે વિકાસ પામ્યું હતું એમ માને છે. તેઓ કહે છે કે, પ્રત્યભિજ્ઞા દર્શનનો અદ્વૈતવાદ અને નાગાર્જુનનો શૂન્યવાદ એ બન્ને સ્વતંત્ર રીતે વિકાસ પામ્યાં છે.[૧૨અ]

છતાં કેટલાક વિદ્વાનો ખુદ શંકરાચાર્યજીને "પ્રચ્છન્ન બૌદ્ધ" માને છે. પ્રા. ધર્માનંદ કૌસંબી કહે છે કે ગૌડપાદાચાર્યની લખેલી માંડૂક્યકારિકાઓ ઉપરથી તે બૌદ્ધ ભક્ત હોવાનું સિદ્ધ થાય છે. વળી આગળ ચાલતા કહે છે: "ગૌડપાદ ખુલ્લી રીતે બુદ્ધભક્ત હતા જ્યારે શંકરાચાર્ય 'પ્રચ્છન્ન બૌદ્ધ' બન્યા એટલો જ બન્નેમાં ફેર છે." પ્રા. કોસંબીજી શંકરના અને સમકાલીન બૌદ્ધ સિદ્ધાન્તોમાં બહુ તફાવત ન હતો એમ પણ માને છે.[૧૩] શંકરાચાર્યનો સમય ઈ. સ. ૭૮૮-૮૨૦નો છે. તે જોતાં આઠમા-નવમા સૈકામાં બૌદ્ધ અને શૈવ મત વચ્ચે સિદ્ધાન્તોની દૃષ્ટિએ ઘણો સમન્વય થઈ ચૂક્યો હતો એમ જણાય છે. આ કેવી રીતે બન્યું તે હવે પછી બૌદ્ધ ધર્મની આલોચના કરતાં વધુ સ્પષ્ટ સમજાશે.

## બૌદ્ધ અવતારવાદ

પ્રાચીન શૈવ મતના અનેક ભેદ થયા અને સંપ્રદાયવાદી આચાર્યોએ પોતાના મતના પ્રચાર માટે અવનવા રસ્તા શોધી કાઢ્યા. મંત્રતંત્ર વગેરેનાં શાસ્ત્રો શિવના મુખેથી પ્રગટ્યાં છે, એવી શ્રદ્ધા પેદા કરી શિવના જુદા જુદા અવતારોની પણ કલ્પના કરવામાં આવી. અલૌકિક શિવની, વિષ્ણુની અને શક્તિની કલ્પના કરી એ દેવતાઓને સર્વશક્તિમાન ગણાવવામાં આવ્યા. એ અલૌકિક દેવતાઓનાં વરદાનથી અને દર્શનથી લોકોને વિદ્યા તથા સંપત્તિ મળી અને તે દેવતાઓ મનુષ્યરૂપે અવતાર પણ લે છે, એવો પ્રચાર થયો.

---

૧૨અ ભસ્મવિજ્ઞાન (ઉપોદ્‌ઘાત) પૃ. ૪૪.

૧૩ હિંદી સંસ્કૃત અને અહિંસા પૃ. ૧૯૯-૨૦૦.

આ રીતે લકુલીશ, રેવણાચાર્ય, રામ, કૃષ્ણ વગેરે અનેક અવતાર થયા અને તેમના આગમ, પુરાણ, ગીતા, રામાયણ, ભાગવત વગેરે અનેક ગ્રન્થો રચાયા. જનતાનો આ દેવતાઓમાં સંપૂર્ણ વિશ્વાસ પેદા કરવામાં આચાર્યો એ રીતે સફળ થયા. કામી લોકોએ શિવને કામી તરીકે ચિત્રિત કરવામાં પણ નાનમ માની નથી. કામશાસ્ત્રનો સંબંધ પણ મહાદેવના નામ સાથે જોડતાં લોકો અચકાયા નહિ.[૧૪]

તાંત્રિક યુગમાં આગમપંથીઓએ મંત્ર, તંત્ર, હઠયોગ, અર્ચા, ક્રિયા—મંદિર તથા મૂર્તિઓની સ્થાપના, ભક્તિ વગેરે ઉપર ખૂબ ભાર મૂકયો. આથી જનતા તે તરફ ખૂબ આકર્ષાઈ. અર્થસિદ્ધિના પ્રલોભને અને કામણ, ટૂમણ-મંત્રતંત્રના પ્રભાવે આમાં મોટો ભાગ ભજવ્યો. પહેલા સૈકાથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ ચારસો-પાંચસો વર્ષમાં તો સારા દેશમાં ફેલાઈ ગઈ. જૈન અને બૌદ્ધ જેવા ધર્મો પણ આ અસરમાંથી મુક્ત રહી શકયા નહિ.

તાંત્રિક યુગની આવી પ્રબળ અસરથી નાગાર્જુન નામના બૌદ્ધ આચાર્ય ખૂબ પ્રભાવિત થયા. બૌદ્ધ ધર્મ જનતામાં આકર્ષણનો વિષય બને તે રીતે વિચારવાની તેમને ફરજ પડી. નાગાર્જુને શાકયસિંહ બુદ્ધને ઐતિહાસિક વ્યક્તિ ન માનતાં તેમને સર્વશક્તિમાન દેવાધિદેવ ઠરાવ્યા. શૈવોના અનુકરણમાં બુદ્ધ-મૂર્તિઓની સ્થાપના, પૂજા, ઉપાસના વગેરેનો સમારોહ બૌદ્ધોમાં પણ દાખલ થયો. વળી નાગાર્જુને શરૂ કરેલા મહાયાન-બૌદ્ધ ધર્મમાં શૂન્યવાદ અથવા અભાવવાદ નામનો નવો સિદ્ધાન્ત પણ સ્થાપિત થયો. એ સિદ્ધાન્તની ચર્ચા કરતો 'મધ્યમકારિકા' નામે ગ્રન્થ પણ રચાયો અને ખૂબ ફેલાવો પામ્યો.

અગાઉ બુદ્ધના અવશેષોની પૂજા થતી હતી તેને બદલે હવે મૂર્તિઓની પૂજા થવા લાગી. પછી મંજુઘોષ બુદ્ધ પ્રગટ થયા છે. મહાયાન પંથે સામાન્ય લોકના દેવોને અપનાવી લીધા તથા મૂળના બૌદ્ધ વાઙ્ગમયમાં એવા ફેરફાર થયા કે તેને બુદ્ધનો ઉપદેશ કહેવામાં જ શંકા થાય એવી પરિસ્થિતિ ઉપસ્થિત થયાનું પ્રા. ધર્માનંદ કોસંબીએ પણ નોંધ્યું છે. બૌદ્ધ ભિક્ષુઓ માત્ર મહાદેવને પોતાના પંથમાં અપનાવી શકયા નહિ, કારણ તેની વાર્તાઓને અહિંસક સ્વરૂપ આપવાનું લગભગ અશકય હતું.[૧૫]

પંચમુખી શિવની કલ્પના ઉપરથી પંચધ્યાની બુદ્ધોની કલ્પના કરવામાં આવી. જુદી જુદી દિશામાં આ બુદ્ધની જુદી જુદી મૂર્તિઓ સ્થાપી તેની આરાધના કરવાની વિધિ પણ પ્રચલિત થઈ.

અવતારવાદની પરાકાષ્ઠારૂપે ઓરિસામાં જગન્નાથજી બુદ્ધ બની ગયા હતા. મહાયાનની અસરથી મુક્ત ન થયેલા વૈષ્ણવો માનતા હતા કે: "સંસારજનકૂ તારિયાં નિમન્તે, બૌદ્ધરૂપે નિજે અછિ જગન્નાથ." સંસારીજનોના તારવા માટે બુદ્ધરૂપે નિમંત્રી રહ્યા છે.[૧૬] પુરાણોએ પણ બુદ્ધને વિષ્ણુના અવતાર ગણ્યા.

---

૧૪ જુઓ: 'કામસૂત્ર'—અધ્યાય: ૧–૮.

૧૫ હિંદી સંસ્કૃતિ અને અહિંસા: પૃ. ૧૮૦–૮૧.

૧૬ પંચસખા: (લેખક: જેઠાલાલ ત્રિવેદી: 'સ્ત્રીજીવન' દીપોત્સવી અંક: નવેમ્બર, ૧૯૬૭).

## તંત્રયાન

કેટલાક સૈકાઓ બાદ બુદ્ધના જેવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર—બુદ્ધના અવતાર, બોધિસત્વ મહામુનિ મંજુશ્રી કુમારભૂત (મંજુઘોષ) પ્રગટ થયા. તેમના પર શૈવ આગમોની ઘણી અસર પડી હતી. મહાયાનીઓએ જે અલૌકિક બુદ્ધની સ્થાપના કરી હતી તે બુદ્ધની અલૌકિક શક્તિઓનું મંજુઘોષે જનતા આગળ પ્રદર્શન કરી બતાવ્યું. મહાયાનની અંદર જ તેમને **તંત્રયાન** અથવા તંત્રવાદનો નવો સિદ્ધાન્ત એ અલૌકિક બુદ્ધ દ્વારા ઉપદિષ્ટ થતો બતાવ્યો.

તેમના ગ્રન્થના આરંભમાં બુદ્ધ દ્વારા મંત્રયાન પૃથ્વી પર કેવી રીતે ઊતર્યો તે બતાવ્યું છે :

**एकस्मिन् समये भगवान् शुद्धावासोपरि-गगनतल-प्रतिष्ठितेऽचिन्त्याश्चर्याद्‌भुत-प्रविभक्त-बोधिसत्व-सन्निपात—मण्डलमाडे विहरति स्म । तत्र भगवान् शुद्धवासकायिकान् देवपुत्रामामन्त्रयते स्म । श्रुण्वन्तु देवपुत्राः ।**

જેમ આગમતંત્રનો ઉપદેશ શિવ પાસેથી પ્રાપ્ત થયો છે તેમ બૌદ્ધોનો આ તંત્રશાસ્ત્રનો રહસ્યમય ઉપદેશ બુદ્ધ દ્વારા થયેલો બતાવ્યો છે. 'મંજૂશ્રી મૂલકલ્પ'માં લખ્યું છે : "દરિદ્ર જનતા જોઈને મહાતેજસ્વી મંજુઘોષે મંડલોમાં બાંધીને સંક્ષેપમાં આ શાસ્ત્ર કહ્યું છે. આ મંત્રશાસ્ત્ર એવું છે કે, તે દેખવા માત્રથી જ મંત્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ રીતે બૌદ્ધ મહાયાનમાં મંત્રશાસ્ત્રનો પ્રારંભ થયો. શૈવાગમની પેઠે આ તંત્રમાં પણ સિદ્ધિ આપનાર અનેક દેવીદેવતાને દાખલ કરવામાં આવ્યાં. બૌદ્ધોમાં આ મંત્રયાનનો ખૂબ પ્રચાર થઈ ગયો.

મહાયાન સંપ્રદાયે તાંત્રિક રૂપ ધારણ કર્યું તે સાથે **મૈત્રેયનાથ** (ઈ. સ. ૨૭૦-૩૫૦) નામે બીજા મોટા આચાર્ય પ્રગટ થયા. તેમણે પંચમુખી શિવના અનુકરણમાં પંચધ્યાની બુદ્ધોની કલ્પના કરી છે. જે રીતે આગમ તંત્રમાં શિવ, શકિત અને બિન્દુ એ ત્રણ રત્નો ગણાય છે તે રીતે બૌદ્ધ ધર્મમાં પણ બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રણ રત્નો માનવામાં આવે છે.

## વજ્રયાન

તંત્રયાનમાં અશ્લીલ વિધિઓ અને વામાચાર વધતાં તે વજ્રયાનનું સ્વરૂપ પામ્યો. ૮૪ સિદ્ધ આ વજ્રયાન સંપ્રદાયમાં જ થયા હતા. વજ્રયાનમાં 'મહાસુખવાદ'નો પ્રચાર થયો. પ્રજ્ઞા અને ઉપાયના યોગથી એ 'મહાસુખદશા' પ્રાપ્ત થાય છે એમ કહેવાયું. નિર્વાણનાં ત્રણ અંગ નક્કી થયાં: (૧) શૂન્ય, (૨) વિજ્ઞાન અને (૩) મહાસુખ. સ્વ રામચંદ્ર શુકલ કહે છે તેમ વજ્રયાનમાં નિર્વાણના સુખનું સ્વરૂપ સહવાસસુખની સમાન બતાવ્યું છે. વળી દેવતાઓની શક્તિઓ સહિત 'યુગનદ્ધ' સ્વરૂપની ભાવના પ્રચલિત બની અને તેની અનેક નગ્ન મૂર્તિઓ સહવાસની અનેક અશ્લીલ મુદ્રાઓમાં બનવા લાગી. ઊંચ-નીચ વર્ણની સ્ત્રીઓ સાથે મદ્યપાન સહિત અનેક બીભત્સ વિધાનો વજ્રયાનની સાધનાનાં પ્રધાન અંગ બન્યાં.[૧૭]

વજ્રયાની યોગીને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કોઈ સ્ત્રીનો યોગ અથવા સેવન આવશ્યક મનાયું. એવી સ્ત્રીને શક્તિ, યોગિની અથવા 'મુદ્રા' કહેવામાં આવતી. ભારતના પૂર્વ ભાગમાં

---

૧૭ હિંદી સાહિત્ય કા ઇતિહાસ; પૃ. ૮.

આ પ્રવૃત્તિ વધુ ફેલાવો પામી હતી. આ રીતે કૌલાચારી સાધુઓ જે પંચમકારનું સેવન કરતા હતા તેમનામાં અને વજ્રયાની સાધકોમાં આચરણની દૃષ્ટિએ કોઈ ભેદ રહ્યો નહિ. તેમની આ સાધના આગળ તેમને સંપ્રદાયની કંઈ પડી નહિ.

આગમમાં પ્રણવને તાર અને તેની શક્તિને તારા કહે છે. મંત્રયાનમાં પણ તે તાર અને તારાનું ધ્યાન કરવાનું કહેલું છે. તેવી જ રીતે બૌદ્ધોનું 'યોગતંત્રાયન' હઠયોગની જ ક્રિયાઓ બતાવે છે.

## સિદ્ધ સંપ્રદાય

આ રીતે શૈવ મત તથા બૌદ્ધ મત વચ્ચે આગમતંત્ર અને તંત્રયાન દ્વારા ક્રમશઃ એકતા સિદ્ધ થઈ રહી હતી. બીજી રીતે કહીએ તો બેઉ ધર્મોનો જુદી રીતે સંગમ થઈ રહ્યો હતો પણ ગંગાજમનાના સંગમ જેવો આ સંગમ ન હતો. સિદ્ધાન્તો, દેવદેવીઓ અને વિધિઓ વગેરે અરસપરસ મળતાં હોવા છતાં બૌદ્ધ તે બૌદ્ધ અને શૈવ તે શૈવ તરીકે જ રહેવા માગતા હતા. સંપ્રદાયના આગેવાનો નિજ નિજના સ્વાર્થ માટે પોતાની અલગતા ટકાવી રાખવા માગતા હતા, પણ બૌદ્ધ માર્ગના સિદ્ધો અને શૈવ સાધુઓને અરસપરસનો ગાઢ સંસર્ગ કરવામાં કોઈ રૂકાવટ નડી નહિ. યોગસાધકોમાં તે નવા મિશ્રવર્ગને સિદ્ધ સંપ્રદાય એવું નામ પ્રાપ્ત થયું.

પાછળના સમયમાં સંત તુલસીદાસે એ સંપ્રદાયનો ઉલ્લેખ કરતાં ટીકા કરી છે:

"અશુભ વેશ ભૂષણ ધરે ભક્ષાભક્ષ જે ખાંહિં,
તે **જોગી** તે **સિદ્ધ** જન, પૂજન કલિયુગ માંહિ."[૧૮]

સિદ્ધોમાં ધર્મ, દર્શનવાદ, હઠયોગ, સ્વરોદય, સામુદ્રિક, રસાયન વિદ્યા જેવી વિદ્યાઓનો પ્રચાર હશે પણ મોટે ભાગે અંધવિશ્વાસ, રૂઢિવાદ, પંચમકાર અને મંત્રતંત્રનો આડંબર ઘર ઘાલી બેઠો હશે એમ લાગે છે.

## ચોરાસી સિદ્ધ

સિદ્ધ સંપ્રદાયમાં પરંપરા અનુસાર ૮૪ સિદ્ધોની ગણના થયેલી છે. એ ચોરાસી જણા એક જ ગુરુપરંપરાના અનુયાયી હોવાથી અને તેમનામાં કેટલાક પ્રસિદ્ધ યોગીઓ થયેલા હોવાથી તે તમામને સામુદાયિક ખ્યાતિ પ્રાપ્ત થયેલી છે. આ સિદ્ધો વિષે મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનજીએ તિબેટ(ભોટ દેશ)થી અનેક પ્રાચીન ગ્રન્થો લાવીને ઘણું મહત્ત્વનું સંશોધન કરેલું છે.

તેમણે ચોરાસી સિદ્ધોની તૈયાર કરેલી વંશાવલી પ્રમાણે સિદ્ધોનો વંશ સરહથી શરૂ થાય છે. સંક્ષેપની ખાતર એ ચોરાસી સિદ્ધોની નામાવલી માત્ર આપીએ છીએ:

૧ સરહ (ઈ. સ. ૭૬૯-૮૦૯), ૨ નાગાર્જુન, ૩ પંકજ, ૪ શવરપા, ૫ જોગિયા, ૬ લૂહિયા. ૭ રાહુલ, ૮ ડોમ્બિપા, ૯ ડેંગિપા, ૧૦ દારિકપા, ૧૧ કિલપા, ૧૨ નાગબોધિ, ૧૩ ભૂસુક, ૧૪ સર્વભક્ષ, ૧૫ ઘંટાપા, ૧૬ કર્ણરીપા, ૧૭ કુક્કુરીપા, ૧૮ અનંગવજ્ર (૮૦૬-૪૯), ૧૯ ઉધલિ, ૨૦ કજવલપા, ૨૧ ઇન્દ્રભૂતિ. ૨૨ લક્ષ્મીકરા, ૨૩ તંતિપા,

૧૮ તુલસીકૃત રામાયણ (ઉત્તરકાંડ).

૨૪ કણ્ણુહપા (ઈ. સ. ૮૫૦-૯૦૦), ૨૫ ભદ્રપા, ૨૬ વીણાપા, ૨૭ મેકોપા, ૨૮ વિરૂપા, ૨૯ કનખલા, ૩૦ ધર્મરીપા, ૩૧ ભદેપા, ૩૨ મણિભદ્રા, ૩૩ મેખલા, ૩૪ તિલોપા, ૩૫ નારોપા (૮૫૦-૧૦૨૬), ૩૬ મહિપા, ૩૭ જલંધર, ૩૮ મીનપા, ૩૯ ચર્પટી, ૪૦ કન્થલીપા, ૪૧ લીલાપા, ૪૨ ગુણ્ડરીપા, ૪૩ જવરિપા, ૪૪ ખડ્ગપા (૧૦૨૯-૭૫), ૪૫ મેદનીપા, ૪૬ શલિપા, ૪૭ થગનપા, ૪૮ શાન્તિપા, ૪૯ ઘોમ્ભીપા, ૫૦ ચમરિપા, ૫૧ ધર્મપા, મત્સ્યેન્દ્ર (ઈ. સ. ૧૧૦૦-૧૧૫૦), ૫૨ કુઠાલીપા, ૫૩ છત્રપા, ૫૪ અજોગિપા, ૫૫ ચેલુકપા, ૫૬ કમ્બરીપા, ૫૭ કાલપા, ૫૮ ગોરક્ષ (ઈ. સ. ૧૨મી સદી), ૫૯ ચૌરંગીપા, ૬૦ અનંગપા, લીલાવજ્ર, ૬૧ કંકણુપા, ૬૨ દોખન્દિ, ૬૩ પનહપા, ૬૪ જયાનન્ત, ૬૫ નિર્ગુણપા, ૬૬ ભીખનપા, ૬૭ સાગરપા, ૬૮ વ્યાલિ, ૬૯ ધહુલિપા, ૭૦ સમુદ્રપા, ૭૧ કોકાલિપા, ૭૨ પુત્તલિપા, ૭૩ કપાલપા, ૭૪ કલકલપા, ૭૫ કુમરિપા, ૭૬ ભલિપા, ૭૭ ચમ્પકપા, ૭૮ લૂચિકપા, ૭૯ ધોકરીપા, ૮૦ નલિનપા, ૮૧ મલ્લભવપા ૮૨ અચિન્તપા, ૮૩ કુચિ(કસૂલી)પા, ૮૪ તતેપા.

આ યાદીમાં લક્ષ્મીકરા, મણિભદ્રા અને મેખલા જેવી યોગિનીઓનો પણ સમાવેશ થાય છે, તે નોંધપાત્ર છે. ઘણાખરાં નામોને અંતે 'પા' આવે છે તે આદરસૂચક 'પાદ' શબ્દનું ઘસાઈ ગયેલું રૂપ છે. ક્રમાંક ૫૧ના ધર્મપા પછી મત્સ્યેન્દ્રનું નામ આવે છે પણ તે નામ ૮૪ની સંખ્યા બહારનું છે તે પણ અભ્યાસીઓએ નોંધવા જેવું છે. સ્વ. રામચંદ્ર શુક્લજીએ 'હિંદી સાહિત્યકા ઇતિહાસ'માં ચોરાસી સિદ્ધોનાં નામ આપેલાં છે, તે પણ આની સાથે સરખાવવા જેવાં છે.[૧૯] શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ નાથસિદ્ધ અને સહજયાની સિદ્ધની અલગ અલગ નામાવલી આપી છે. તેમણે નાથસિદ્ધ ૭૬ અને સહજયાની સિદ્ધ ૮૪ બતાવ્યા છે.[૨૦]

આ સિદ્ધોમાં અનેક રસાચાર્ય પણ થઈ ગયા છે; અને તેથી રસગ્રંથોમાં પણ તેમના રસપ્રદ ઉલ્લેખો જોવા મળે છે. રસવિદ્યા (પારદની સિદ્ધિને લગતી વિદ્યા, તેને રસાયનવિદ્યા પણ કહે છે તે) પણ શિવના મુખેથી પ્રગટ થઈ હોય તેમ શિવ-પાર્વતીના સંવાદરૂપે રસગ્રંથોમાં વર્ણવેલી જોવા મળે છે. પોતાની વિદ્યા, સંપ્રદાય કે ગ્રંથનું નામ કોઈ અલૌકિક દેવતા સાથે જોડવાથી તેનું મહત્ત્વ વધે અને પ્રભાવ પડે એવી માન્યતાથી અનેક ગ્રંથકારો અને આચાર્યોએ શિવને પોતાના ઉપદેશક, પ્રવર્તક કે વક્તા બનાવેલા છે.

શિવપુરાણમાં કે ઇતર પુરાણોમાં રસવિદ્યાનો ઉલ્લેખ નથી. એટલે આઠમી અગર નવમી શતાબ્દીના આરસામાં રસવિદ્યા પ્રગટી હોવા છતાં તેની પ્રાચીનતા અને અલૌકિકતા બતાવવા માટે તેનો સંબંધ શંકરની સાથે જોડી દેવામાં આવ્યો છે. આ રીતે શિવને અનેક વિદ્યાઓ, મંત્રો અને શાસ્ત્રોના પ્રવક્તા બનાવી દેવામાં આવ્યા છે. કલ્પના તો કયાં સુધી ચગી છે તે ખબર છે? ચંચળ પારદ ગંધકથી બંધાય છે તે કારણે ગંધકને પાર્વતીનું રજ અને પારદને શંકરનું વીર્ય કહેલું છે. અભ્રકને પણ શુક્રરૂપે માનેલું છે.[૨૧]

---

૧૯ હિન્દી સાહિત્યકા ઇતિહાસ, પૃ. ૬.

૨૦ નાથ સંપ્રદાય, પૃ. ૨૭.

૨૧ देव्या रजो भवेत् गन्धो धातुशुक्रं तथाऽभ्रकम् ।

હવે ૮૪ સિદ્ધોની પ્રસ્તુત વાત પર આવીએ. સિદ્ધોના પહેલા આચાર્ય સરહ હતા. એથી તેમને આદિનાથ કહેલા છે.

आदिनाथं मूलनाथं गोरक्षकोंकणेश्वरम् ।[२२]

સરહને આદિનાથ અને જાલંધરને મૂલનાથ કહેલા છે. સિદ્ધોની ઉપર્યુક્ત વંશાવલી પ્રમાણે મીનપા(મત્સ્યેન્દ્ર?)ના ગુરુ જાલંધર છે. એટલે સિદ્ધોમાંથી ફરી નીકળેલા નાથસંપ્રદાયના મૂળ પુરુષ તરીકે તેમને અહીં 'મૂલનાથ' કહેલા છે. ખરી રીતે નાથસંપ્રદાયના આસ્તિકો મત્સ્યેન્દ્રનાથને મૂલનાથ માને છે અને જાલંધરને તેમના ગુરુભાઈ ગણે છે. મત્સ્યેન્દ્ર અને જાલંધર બેઉ ઉપર શિવની ગુરુકૃપા ઊતરી હતી, એવી કથા પ્રચલિત છે.[૨૩]

## સરહ સિદ્ધ અને તેમના શિષ્ય

સરહ સિદ્ધનું મૂળ નામ રાહૂલભદ્ર અથવા સરોજવજ્ર હતું. તે રાંચી નગરના બ્રાહ્મણને ઘેર જન્મ પામ્યા હતા. બૌદ્ધ ભિક્ષુ બનીને તેમણે નાલંદામાં શિક્ષણ લીધું અને ત્યાં જ આચાર્ય બની તંત્રયાનનું શિક્ષણ આપવા લાગ્યા. તેમને તંત્રયાન તરફ ઘણો પક્ષપાત હતો. પાછળથી એક બાણ બનાવનારની કન્યાને મુદ્રા (યોગસહચરી) બનાવી તે અરણ્યમાં રહેવા લાગ્યા. ત્યાં સાધના કરી તે સિદ્ધ બન્યા. તે પછી તેઓ સરહવજ્ર સિદ્ધ તરીકે ઓળખાયા. તેમના લખેલા વજ્રયાનને લગતા ૩૦ ગ્રન્થોનો અનુવાદ ભોટ ભાષામાં મળી આવે છે.

બુદ્ધજ્ઞાન, નાગાર્જુન અને શવર નામે તેમના ત્રણ શિષ્યો થયા. બુદ્ધજ્ઞાન, સિદ્ધબુદ્ધ અને સુબુદ્ધિ નામથી પણ ઓળખાય છે. શવર સિદ્ધ ગૌડદેશના રાજા ધર્મપાલ(ઈ. સ. ૭૬૯-૮૦૯)ના લેખક હતા અને જાતે કાયસ્થ હતા. સરહના શિષ્ય બની સિદ્ધિ મેળવવા માટે તેમણે શવરી નદીના કિનારે સાધના કરી તેથી શવર સિદ્ધ નામ પડ્યું. તે તંત્રવિદ્યાના મોટા આચાર્ય ગણાય છે. એમણે એવી મંત્રજાળ રચી કહેવાય છે કે જેને સાધવાની જરૂર પડતી નથી. તેમનો મંત્ર પઢવા માત્રથી ફળ આપે છે. લોકો તેમને શિવનો અવતાર માનતા અને તેમની વિદ્યા 'શાવરી વિદ્યા' તરીકે ઓળખાય છે. શાવરી વિદ્યા નાથસંપ્રદાયના યોગીઓ પણ સાધતા હતા એમ કહેવાય છે. શવરે લખેલા માગધી ભાષાના ૨૯ ગ્રન્થોનો ભોટ ભાષામાં અનુવાદ થયેલો છે.

## સિદ્ધ નાગાર્જુન

સરહ સિદ્ધના વિખ્યાત શિષ્ય નાગાર્જુન શ્રીશૈલ પર્વત ઉપર લાંબો સમય રહ્યા હતા. કાંચીનગરના એક શ્રીમંત બ્રાહ્મણને ત્યાં તેમનો જન્મ થયો હતો. એ બાળક સાત વર્ષથી વધુ સમય જીવશે નહિ એવી ભવિષ્યવાણી જ્યોતિષીઓએ ભાખી તેથી માતાપિતા દુઃખી થયા. પુત્ર સાત વર્ષનો થવા આવતાં તેને પોતાની નજર સમક્ષ મરતો જોવો ન પડે તે માટે માતાપિતાએ તેને દુઃખપૂર્વક અનુચરો સાથે જંગલમાં મોકલી દીધો.

---

૨૨ આનંદકંદ.

૨૩ શ્રી નવનાથ કથાસાગર (જેઠાલાલ ત્રિવેદી), ભા. ૧, ૨.

બોધિસત્વ અવિલોકિતેશ્વર વેશ બદલીને તે બાળક પાસે આવ્યા. તેમણે તે બાળકને નાલંદા મઠમાં રખાવ્યો. તેમના દર્શનના પ્રભાવે તે બાળક મૃત્યુના ભયમાંથી ઊગરી ગયો. નાલંદામાં સરહ સિદ્ધે આ બાળકને ભિક્ષુ બનાવી શિક્ષણ આપવા માંડયું. તે પછી ઘણાં વરસે નાલંદામાં દુષ્કાળ પડ્યો. ભિક્ષુઓને અન્નના સાંસા પડવા લાગ્યા. આથી સરહ સિદ્ધ ચિંતાતુર બન્યા. તેમને ખબર પડી કે સમુદ્રપારના એક ટાપુમાં કોઈ મહાત્મા રહે છે, જે સુવર્ણ બનાવવાનો કીમિયો જાણે છે. આથી સરહે નાગાર્જુનને તે મહાત્મા પાસે મોકલ્યા. સમુદ્ર ઓળંગી ટાપુ પર પહોંચવું અશક્ય હતું, પણ નાગાર્જુને દૈવી વિદ્યાના બળથી એક ઝાડનાં બે પાન તોડીને તેના આધારે સમુદ્ર ઓળંગી દીધો.

નાગાર્જુનને ત્યાં આવેલો જોઈ મહાત્મા આશ્ચર્ય પામ્યા. તેમણે પૂછયું: "તમે કયે રસ્તે અહીં આવ્યા?" નાગાર્જુને પોતાની વિદ્યાની વાત કરી ઝાડનું એક પાન બતાવ્યું. જો ઝાડનું તે પાન પોતાને આપી દે તો મહાત્માએ નાગાર્જુનને સોનું બનાવવાની વિદ્યા શીખવવાનું વચન આપ્યું. ચતુર નાગાર્જુને એક પાન મહાત્માને આપી સુવર્ણવિદ્યા શીખી લીધી. પછી છુપાવી રાખેલા બીજા પાનની મદદથી સમુદ્ર તરીને તે નાલંદા પાછા આવી ગયા. નાલંદા આવીને તેમણે સુવર્ણવિદ્યાના પ્રતાપથી ભિક્ષુઓનું દુઃખ દૂર કર્યું. ત્યાર બાદ ગુરુની આજ્ઞા લઈ નાગાર્જુન શ્રીશૈલ પર રહેવા લાગ્યા.[૨૩અ]

મહાયાનના સ્થાપક નાગાર્જુન અને આ સરહ શિષ્ય સિદ્ધ નાગાર્જુન એ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ હતી એ ધ્યાનમાં રાખવું જોઈએ. સિદ્ધ નાગાર્જુને બાર વર્ષ તપ કરી વટયક્ષણી સાધીને રસાયણ વિદ્યા-સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી હતી એવો તેમના કક્ષપુટ ગ્રંથમાં ઉલ્લેખ છે. તે આદ્ય શંકરાચાર્યના સમકાલીન મનાય છે. તેમના ૫૮ ગ્રંથોનો અનુવાદ ભોટ ભાષામાં મળે છે. 'કક્ષપુટ' અને 'રસેન્દ્રમંગલ' એ ગ્રંથો વધુ જાણીતા છે.

તેમની પાસે અનેક સાધુ, સન્યાસી, યોગી, સિદ્ધ, તાંત્રિકો વગેરે વિદ્યા ભણવા માટે શ્રીશૈલ પર્વત ઉપર આવવા લાગ્યા. એ રીતે શ્રીશૈલ સિદ્ધોનું પ્રસિદ્ધ તીર્થ બન્યો. નાગાર્જુન સિદ્ધનાં દર્શન અને આશિષ મેળવવી એ પરમ સૌભાગ્ય ગણાવા લાગ્યું. નાગાર્જુને શાલિવાહન કે સાલવાન રાજાને આશ્રયે રસાયનવિદ્યા સિદ્ધ કરી હતી અને રાજા માટે પુષ્કળ સુવર્ણ બનાવ્યું હતું એવી જનશ્રુતિ છે.[૨૪]

## નાથ સંપ્રદાયની ઉત્પત્તિ

નાગાર્જુન સિદ્ધના શિષ્ય નાગબોધિના વિરુપાદ અને ભૂસુક નામે બે શિષ્યો હતા. ભૂસુકનો શિષ્ય સર્વભક્ષ થયો. તે શૂદ્ર હતો અને કાલક્રમે અઘોર મંત્રો રચીને તેણે અઘોર મતની સ્થાપના કરી. તેનો લખેલો 'કરુણાચાર્ય કપાલદૃષ્ટિ' નામે એક ગ્રંથ મળે છે.

---

૨૩અ પં. હરિનાથ શાસ્ત્રી–સંપાદિત "બૌદ્ધ ગાન ઔર દોહા"માં સિદ્ધ નાગાર્જુનનું આ વૃત્તાંત મળે છે.

૨૪ પં. કાશીપ્રસાદ જાયસવાલ તર્ક કરે છે કે આ જનશ્રુતિનું મૂળ એ સંભવી શકે કે, નાગાર્જુને જ સૌથી પહેલાં મૈસુર યા બાલાઘાટવાળી સોનાની ખાણો શોધી કાઢી હોય. (અંધકારયુગીન ભારત : પૃ. ૩૯૦).

નાગબોધિના બીજા શિષ્ય વિરુપા (વિરુપાદ) જાતે કાયસ્થ હતા અને તેમનો જન્મ ત્રિકુર નામના ગામમાં થયો હતો. તે પહેલાં ભિક્ષુ તરીકે નાલંદામાં ભણીને પછી શ્રીપર્વત ઉપર ગયા. ત્યાં તે નાગબોધિના શિષ્ય થયા. તે તંત્રશાસ્ત્રના મોટા પંડિત હતા અને યમારિતંત્રના ઋષિ ગણાતા હતા. તેમના જાલંધરપાદ અને ચર્પટી નામના બે વિખ્યાત શિષ્યો થયા અને તે શિષ્યોએ નવીન નાથ સંપ્રદાય સ્થાપ્યો એમ માનવામાં આવે છે.

**જાલંધરનાથ :**—તે ભોગનગરમાં બ્રાહ્મણને ત્યાં જન્મ્યા હતા. પહેલા તે બૌદ્ધ ભિક્ષુક બન્યા અને પછી મંત્રયાનની સિદ્ધિઓ મેળવી મહાન હઠયોગી થયા. વજ્રયાની તાંત્રિક તરીકે જાલંધરપાદે એક પીઠ સ્થાપી જે આજકાલ કોણાર્ક નામે ઓળખાય છે. ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય જણાવે છે કે, ઉડ્ડીયાનપીઠ તે ભુવનેશ્વર અને જાલંધરપીઠ તે કોણાર્ક છે. હઠયોગના ગ્રંથોમાં જાલંધરબંધ અને ઉડ્ડીયાનબંધનાં નામ આવે છે તે કદાચ આ યોગીપીઠો દ્વારા આવિષ્કૃત ક્રિયાઓ હશે.

જાલંધરપાદે આગળ જતાં સિદ્ધ સંપ્રદાયથી અલગ પડીને પોતાનો નવો સંપ્રદાય સ્થાપ્યો અને તે નાથપંથ નામે પ્રસિદ્ધ થયો. આથી નાથપંથીઓ તેમને મૂલનાથ કહે છે અને તિબેટના ગ્રંથોમાં પણ તેમને આદિનાથ ગણેલા છે. તેમના ૭ ગ્રંથોનો અનુવાદ તિબેટી ભાષામાં મળે છે. જાલંધરનાથના અનેક શિષ્યો થયા; તેમાં તન્તિપાદ, કણ્હપાદ, મીનપા, ચમરિપા અને મત્સ્યેન્દ્રનાથ મુખ્ય છે. તે બધા આગળ જતાં મોટા સિદ્ધ થયા હતા.[૨૫]

## મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ

નાથોની લોકપ્રિય ક્રમપરંપરા અને તેમનાં જીવનચરિત્રો વિષયક જે સાહિત્ય મળ્યું છે તે અનુસાર નાથસંપ્રદાયના આદ્ય પ્રવર્તક જાલંધર નહિ પણ મત્સ્યેન્દ્રનાથ ગણાય છે; અને જાલંધર તથા મત્સ્યેન્દ્રનાથ ગુરુબંધુ મનાય છે. આમ છતાં સિદ્ધ સાહિત્યને લપ્રતા તિબેટી ગ્રન્થો ઉપરથી શ્રી રાહુલજીએ તૈયાર કરેલી ૮૪ સિદ્ધોની વંશાવળી મુજબ જાલંધરનો સમય ઈ. સ. ૮૫૦-૧૦૨૯ ગણાય છે, જ્યારે મત્સ્યેન્દ્રનાથનો કાલ તે પછીનો (ઈ. સ. ૧૧૦૦-૧૧૫૦) બતાવેલો છે. વળી મીનપા અને મત્સ્યેન્દ્રનાથ એક હશે કે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ હશે તે વિષે પણ સંદેહ રહે છે.

મત્સ્યેન્દ્રની ઉત્પત્તિ ‘સ્કંદપુરાણ’ના નાગરખંડમાં તેમ જ નારદપુરાણમાં મળે છે. નેપાલના અધિષ્ઠાતા દેવતા મત્સ્યેન્દ્ર ગણાય છે. ત્યાં તેમની પૂજા થાય છે. કિંવદંતી છે કે મત્સ્યેન્દ્ર-નાથ માછલીના પેટમાં બાર વર્ષ રહેલા અને માછલીના પેટમાંથી તેમને કામરૂપ દેશના એક માછીએ બહાર કાઢચા હતા. આ રીતે તેમની જન્મભૂમિ કામરૂપ સંભવે. કોઈક વળી મત્સ્યેન્દ્ર-નાથને બંગાળી માને છે અને તે ચંદ્રદ્વીપમાં જન્મ્યા હતા એમ કહે છે.[૨૬] નોઆખલી જિલ્લાનો સનદ્વીપ(Sundwip) આ સ્થાન માટે દાવો કરે છે. સનદ્વીપ(શૂન્યદ્વીપ)માં નાથ જોગીઓની મોટી વસતી છે એટલે ત્યાંના કોઈ ટાપુને મત્સ્યેન્દ્રના સ્થાન તરીકે માનવાનું વલણ ડૉ. પ્રબોધચન્દ્ર બાગચી દર્શાવે છે.[૨૭]

---

૨૫ ભસ્મવિજ્ઞાન (ઉપોદ્ઘાત), પૃ. ૧૦૦-૧૦૧.

૨૬ ‘ગોરખનાથ’, પૃ. ૬.

૨૭ कौलज्ञाननिर्णय (Introduction).

મત્સ્યેન્દ્રનાથે સિદ્ધ પરંપરામાંથી પોતાનો નાથ પંથ અલગ તારવ્યો છતાં તેમના અપૂર્વ વ્યક્તિત્વને લીધે નેપાળી બૌદ્ધો તેમને ચોથા બોધિસત્વ અવિલોકિતેશ્વરનો અવતાર માને છે. વળી નેપાળમાં મત્સ્યેન્દ્રનાં શૈવ મંદિરો પણ છે અને ત્યાં સત્તરમી સદીના એક શિલાલેખમાં આ પ્રમાણે લખ્યું છે: "યોગીશ્રેષ્ઠો તેમને મત્સ્યેન્દ્રનાથ કહે છે. બૌદ્ધો તેમને લોકેશ્વર કહે છે અને જે બ્રહ્મસ્વરૂપ છે એ પુરુષનો જય થાઓ."[૨૮]

શૈવ અને બૌદ્ધ એ ઉભય સંપ્રદાયોમાં જેમનું અપૂર્વ સ્થાન છે, એવા પ્રભાવશાળી મત્સ્યેન્દ્રનાથ નાથપંથના મુખ્ય પ્રવર્તક હોય એ અસંભવિત નથી. અલબત્ત, એ કાર્યમાં ગુરુબંધુ જાલંધરનાથ તથા બીજા અનેક શિષ્યો અને પ્રશિષ્યોનો સંપૂર્ણ સહકાર અને ફાળો હશે જ. જાલંધરે પણ મત્સ્યેન્દ્રના જેટલો જ પુરુષાર્થ અને પ્રભાવ આ મહાન કાર્યમાં દાખવ્યો હશે તેથી તેમના પ્રશંસકોએ તેમને મૂલનાથ કહ્યા હોય એ સંભવિત છે. પણ કાલક્રમનો પ્રશ્ન વચમાં આવે છે જે વધુ સંશોધન માગી લે છે.

મત્સ્યેન્દ્રનાથના પ્રભાવશાળી શિષ્ય ગોરખનાથ વિષે તો ઘણી વાતો પ્રસિદ્ધ છે. 'ચેત મચ્છેન્દર ગોરખ આયા' એ કિંવદંતી તો બહુ જાણીતી છે. ગોરખનાથના નામ ઉપરથી નેપાળના લોકો ગોરખા (ગુરખા) કહેવાય છે અને નેપાળની મુદ્રામાં ગોરખનાથનું નામ પણ અંકિત થતું હતું. નાથ સંપ્રદાયનો પ્રચાર તેમણે ખૂબ ઉત્સાહથી કર્યો છે અને પોતાના ગુરુના કાર્યને દીપાવ્યું છે. એમણે ગોરખપુર નજીક તપશ્ચર્યા કરી હતી. તેથી એ સ્થળનું નામ ગોરખપુર પડયું છે. નાથસંપ્રદાયના સાધુઓ ગોરખનાથજી અમર છે અને સિદ્ધો તથા નાથો સાથે કૈલાસમાં નિવાસ કરે છે એમ માને છે.[૨૯]

## નાથ સંપ્રદાયની ઉત્પત્તિનું કારણ

સિદ્ધ સંપ્રદાયથી અલગ પડીને મત્સ્યેન્દ્ર, જાલંધર વગેરેએ નવો નાથપંથ શા માટે સ્થાપ્યો એ પ્રશ્ન વિચારણીય છે. સિદ્ધ સંપ્રદાયની અવનતિ એ તેનું કારણ હતું એમ કહી શકાય. સિદ્ધોમાંથી મોટે ભાગે ત્યાગ, ભક્તિ, ચિંતન, સદ્‌વર્તન, સંયમ વગેરે ઓસરી ગયાં હતાં. તેમના અનુયાયી તથા શિષ્યોની ટોળીઓ સુવર્ણ અને ઐહિક સુખની પાછળ ભમી રહી હતી. વજ્રયાનિયોમાં કામલોલુપતા અને પંચમકારની ઉપાસના જોરદાર બની હતી અને આત્મચિંતનનો માર્ગ કે યોગમાર્ગ ગૌણ બની ગયો હતો. વજ્રયાનના સાધુ-ભિક્ષુઓની અવનતિનું ચિત્ર પ્રા. ધર્માનંદ કોસંબીના એક જ વાકયથી રજૂ કરી શકાય: "દિવસે બુદ્ધની પૂજા કરવી અને રાત્રે વામમાર્ગનો અંગીકાર કરીને નગ્ન સ્ત્રીની પૂજા કરવી એ બેનો મેળ કેમ બેસે?"[૩૦] આવી દાંભિકતાથી અને કામલોલુપતાથી ગમે તેવા મહાન સંપ્રદાયનું પતન થાય એમાં નવાઈ શી?

મત્સ્યેન્દ્ર, જાલંધરનાથ અને તેમના શિષ્યોને સિદ્ધોની આ કામ અને ધન માટેની લોલુપતા અને આત્મવિમુખતા જરૂર ખૂંચી હશે. તેમનો આત્મા આ ચારિત્ર્ય-ભ્રષ્ટતાથી કકળી ઊઠયો અને

---

૨૮ 'ગોરખનાથ', પૃ. ૧૫.

૨૯ 'ગોરખવાણી'. પૃ. ૧૬.

૩૦ હિંદી સંસ્કૃતિ અને અહિંસા, પૃ. ૨૦૭.

તેથી તેમણે પોતાના મતના સિદ્ધોનું સંગઠન સાધી પોતાનો નવો નાથ સંપ્રદાય અલગ તારવી લીધો, એમ કહી શકાય. મત્સ્યેન્દ્ર અને ગોરખનાથ પહેલાં બૌદ્ધ હતા અને પછી શૈવ થયા તેનો ખુલાસો પણ આ રીતે મળી રહે છે.

નાથ સંપ્રદાયે શંકર દ્વારા પ્રવર્તિત યોગમાર્ગને મહત્ત્વ આપી હઠયોગ, સદ્વર્તન, સંયમ તથા ત્યાગની ભાવનાનો પ્રચાર કરવા માંડ્યો અને દેશમાં સતત પદયાત્રા કરી લોકોને ઢંઢોળીને જાગ્રત કરવા માંડ્યા. આ રીતે નાથ યોગીઓએ એક દેશવ્યાપી ધાર્મિક પુનરુત્થાનનું કાર્ય ઉત્સાહથી શરૂ કર્યું. શંકર–ભોળાનાથના અનુયાયી તરીકે ભ્રમણ કરતા એ પ્રભાવશાળી યોગીઓને લોકો નાથ ( સ્વામી ) તરીકે સંબોધવા લાગ્યા અને એ રીતે તેઓ સિદ્ધ મટીને નાથ બન્યા.

## નાથોની સાધના

મત્સ્યેન્દ્રનાથ, જાલંધરનાથ વગેરે નાથ-સિદ્ધો યોગીઓ તરીકે પ્રસિદ્ધ થયા છે અને તેમના માર્ગને યોગ માર્ગ, અવધૂત માર્ગ, સિદ્ધ માર્ગ વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે. ગોરક્ષ-સિદ્ધાન્ત સંગ્રહમાં અવધૂતનાં લક્ષણ આ પ્રમાણે આપ્યાં છે :—

क्वचिद्योगी क्वचित्त्यागी क्वचिन्नग्नः पिशाचवत् ।
क्वचिद्राजा क्व चाचारी सोऽवधूतो विधीयते ॥[31]

આ લક્ષણ જાલંધર, મત્સ્યેન્દ્રનાથ વગેરે યોગીઓનાં જીવનમાં આપણને મળી આવે છે. વળી નાથનાં લક્ષણ દર્શાવતાં ગોરખનાથે કહ્યું છેઃ

एकहस्ते धृतस्त्यागो भोगश्चैककरे स्वयम् ।
अलिप्तस्त्यागभोगाभ्याम् ॥[32]

એક હાથમાં ત્યાગ અને બીજા હાથમાં ભોગ ધારણ કરીને જે ત્યાગ તથા ભોગથી અલિપ્ત રહી શકે તે જ નાથ સ્વરૂપ ગણાય. મત્સ્યેન્દ્રનાથે પોતાના પ્રિય શિષ્ય ગોરખનાથને ત્યાગ અને ભોગની અલિપ્તતાનું રહસ્ય સમજાવવા માટે જ ત્રિયારાજમાં જઈ ભોગવિલાસનો અભિનય કર્યો હતો, એમ કહેવાય છે.

**હઠયોગ :**—નાથ યોગીઓ પતંજલિના યોગમાર્ગથી આકર્ષાયા હશે અને પરંપરાગત જ્ઞાન અને સ્વાનુભવથી તેમણે હઠયોગની વિદ્યાનો પ્રચાર કર્યો હશે. મત્સ્યેન્દ્ર અને ગોરખનાથે યોગનો ઉપદેશ શંકર પાસેથી પ્રાપ્ત કરેલો એવી આખ્યાયિકા પ્રચલિત છે.

'હઠયોગ પ્રદીપિકા'માં હઠયોગથી સિદ્ધિ પ્રાપ્ત કરનાર યોગીઓમાં નાથ યોગીઓનાં નામ આગળ તરી આવે છેઃ

हठविद्या हि मत्स्येन्द्रगोरक्षाद्या विजानते ।
स्वात्मारामोऽथवा योगी जानीते तत्प्रसादतः ॥

---

૩૧ ગોરક્ષસિદ્ધાન્ત સંગ્રહ, પૃ. ૧૦

૩૨ એજન, પૃ. ૧.

વળી હઠયોગના સિદ્ધ સાધકો તરીકે સ્વાત્મારામ યોગી આદિનાથ શંકરની સાથે મત્સ્યેન્દ્ર, મીનનાથ, ચૌરંગીનાથ, ગોરક્ષનાથ વગેરે નાથોનો ઉલ્લેખ કરે છે. તદુપરાંત હઠયોગમાં મત્સ્યેન્દ્રાસન, ગોરક્ષાસન, જાલંધરબંધ, ઉડ્ડીયનબંધ વગેરે વિવિધ ક્રિયાઓને આપેલાં સૂચક નામો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, હઠયોગનું નાથોએ સારી રીતે ખેડાણ કર્યું હતું.

હઠયોગ સમજાવતાં ગોરક્ષનાથ કહે છેઃ

हकारः कीर्तितः सूर्यष्ठकारश्चन्द्र उच्यते ।
सूर्याचंद्रमसोर्योगो हठयोगो निगद्यते ॥

આ બે પંક્તિઓમાં હઠયોગનું અને નાથોની સાધનાનું સંક્ષિપ્ત રહસ્ય આવી જાય છે. હકાર એટલે સૂર્ય અને ઠકાર એટલે ચંદ્ર. પ્રાણપ્રવાહનું વહન કરનારું જમણું નસકોરું સૂર્યનાડી અને ડાબુ નસકોરું ચંદ્રનાડી કહેવાય છે. આ સૂર્યચંદ્ર રૂપ પ્રાણનો સુષુમણામાં યોગ કરવો અર્થાત્ એકતા કરવી તે હ+ઠવિદ્યા–હઠવિદ્યા. આ વિદ્યા વડે પ્રાણને જીતવાથી યોગીને આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

પ્રાણને જીતીને યોગ ક્રિયાઓના અભ્યાસથી સુષુપ્ત કુંડલિનીને જાગ્રત કરવી એ હઠયોગનું પરમ ધ્યેય ગણાય છે. નાથ યોગીઓનો 'ઊલટો માર્ગ' અથવા કાયાસાધન પણ આ કુંડલિનીની જાગૃતિ સાથે સંકળાયેલું જણાય છે. ગોરખનાથનાં ભજનો પણ આ હકીકત ઉપર પ્રકાશ પાડે છે.

**ઊલટા સાધન** :–કબીરે 'બીજક'માં ઉલ્લેખ કરેલો ઊલટા સાધનનો માર્ગ "જીવતિ હિ ઊલટિ મરણા" એ શબ્દોમાં ગોરખ રજૂ કરે છે. કુંડલિની દેહમાં અધોમુખ પડેલી છે. યોગસાધના વડે તેને જાગ્રત કરી ઊર્ધ્વગામી બનાવવી એ પરમ સિદ્ધિ ગણાય છે. સામાન્ય સંસારી લોકોથી ઊલટો આ માર્ગ છે; અને તેમાં અધોમુખી શક્તિને ઊર્ધ્વમુખી બનાવાય છે માટે એને ઊલટો માર્ગ (ઊલટું સાધન) કહેવામાં આવે છે.[33]

**અજપાજાપ** :—'ગોરક્ષવિજય' ગ્રંથમાં પણ ઊલટા યોગની સૂચનાઓ જોવા મળે છે. યોગથી ષટ્ચક્રોનું ભેદન કરવાનો તથા અજપાજાપનો પણ ઉલ્લેખ મળે છે. "અજપાજાપ" એટલે શ્વાસપ્રશ્વાસની ક્રિયા વડે 'સોહમ્' મંત્રનો જાપ કરવાથી અમર બની શકાય છે. કબીર વગેરે શબ્દયોગની વાત કહી ગયા છે તે નાદ અથવા શબ્દયોગની જ સાધના છે. નાથ યોગીઓ એને અજપાજાપ કહે છે. નાદના અનુસંધાનને જ સંતો અનહદનાદ કહે છે.[34]

**સુષુમ્ણા** :–'ગોરક્ષવિજય' ગ્રંથમાં કહ્યું છેઃ

"સરુયા સંખિની સહ એકા ભેદી કાલ;
બેંકાનાલે સાધ ગુરુ ના કરિઓ હેલા."

અહીં ગોરખનાથ ગુરુને બેંકાનાલ(વંકનાલ-સુષુમ્ણા નાડી)ની મદદથી કાયા સાધન કરવાનું કહે છે. વળી અન્યત્ર કહે છે:

"વંકનાલ સે વેરા ચલિયા, સુકન કયારા પિલાયા જી."

સુષુમ્ણામાં પ્રાણવાયુ પ્રવેશ કરે ત્યારે જ તે સિદ્ધિદાતા બને છે; અને ત્યારે સુકાયેલા ક્યારામાં પ્રાણનું સિંચન થાય છે. હઠયોગના ગ્રંથોમાં પણ કહ્યું છે કે જ્યાં સુધી પ્રાણવાયુ મધ્યનાડીરૂપ સુષુમ્ણામાં

33 'ગોરખનાથ', પૃ. ૪૪. 34 એજન, પૃ. ૫૧.

પ્રવેશ ન કરે ત્યાં સુધી યોગનું ઇતર જ્ઞાન મિથ્યા છે.[૩૫] જાલંધરનાથે તેમની યોગપીઠમાં ઊડ્ડિયાનબંધ નામની ક્રિયા સિદ્ધ કરી હતી. ઊડ્ડિયાનબંધ એ પ્રાણને સુષુમ્ણામાં પ્રવેશ કરાવવા માટેની ક્રિયાવિશેષ છે. એ બંધથી બંધાયેલો પ્રાણ ઊડીને મધ્યનાડીરૂપ સુષુમ્ણામાં પ્રવેશ કરે છે.[૩૬]


નાથયોગી જાલંધરનાથ (જેમને કેટલાક હાડિપા કહે છે તે) સૂર્યચંન્દ્રને કુંડળ તરીકે ધારણ કરતા હતા એમ કહે છે. તે રૂપકનો અર્થ એ જ થાય કે તે મહાન હઠયોગીએ સૂર્યચંદ્ર રૂપ ઇડા-પિંગલા રૂપી નાડીઓના પ્રાણને જીતીને તેની એકતા કરી સુષુમ્ણામાં વહાવ્યો હતો.

નાથોને શૈવ-તાંત્રિક તરીકે ઓળખી શકાય. યોગમાર્ગના તેમણે કરેલા અપૂર્વ ખેડાણનો લાભ પરવર્તી કાલમાં અન્ય સંતોએ પણ ઉઠાવ્યો છે. એ પરંપરાના નિવૃત્તિનાથ અને જ્ઞાનનાથ (જ્ઞાનદેવ) તો કાલક્રમે ભક્તિમાર્ગના પણ પ્રચારક બન્યા હતા.

## ઉપસંહાર

નાથપરંપરા અને કાલક્રમ વિષે મતભેદ છે. એટલે તેમનો ચોક્કસ સમય નક્કી થઈ શકતો નથી. સંત જ્ઞાનદેવનો જન્મસમય વિ સં. ૧૩૩૧ છે અને જ્ઞાનદેવના ભાઈ નિવૃત્તિનાથ ગોરખનાથના શિષ્ય ગહનીનાથના શિષ્ય હતા. તે પરથી ગોરખનાથનો સમય અનુમાની શકાય. અભિનવગુપ્તરચિત 'તંત્રાલોક'માં 'મત્સ્યેન્દ્ર વિભુને' પ્રણામ જણાવ્યા છે. 'તંત્રાલોક' અગિયારમી સદીના પ્રારંભમાં રચાયો હતો એટલે તેની લગભગ સો વર્ષ પહેલાં મત્સ્યેન્દ્રનાથ થયાનું માની શકાય. મત્સ્યેન્દ્રનાથનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે પૂર્વ ભારત અને ગોરખનાથનું પશ્ચિમ ભારત, રાજસ્થાન હોવાનું જણાય છે.

નાથયોગીઓ કાન વીંધીને ગેંડાના ચામડામાંથી બનેલાં કુંડળ પહેરતા તેથી કાનફટ્ટા પણ કહેવાય છે. હાથમાં કડાં, ગળામાં રુદ્રાક્ષની માળા તથા શીંગી (શીંગડામાંથી બનેલી નાનકડી વાંસળી) ધારણ કરે છે. નાથોની એક પરંપરા આદિનાથ શંકરથી શરૂ કરી નીચે પ્રમાણે ગણવામાં આવે છે :—




૩૫ 'હઠયોગ પ્રદીપિકા', પૃ. ૧૭૯. ૩૬ એજન, પૃ. ૯૯.

૩૭ ભર્તૃહરિનાથને સિદ્ધસાહિત્યમાં વિચારનાથ નામે ઓળખાવ્યા છે. તે આ ગોપીચંદની માતા મૈનાવતીના ભાઈ ગણાય છે.

કોઈ વળી મૈનાવતીને ગોરખનાથની શિષ્યા માને છે. જાલંધરનાથને મત્સ્યેન્દ્રનાથના ગુરુ ગણવાનો મત સિદ્ધ સંપ્રદાયના સાહિત્યમાં જોવા મળે છે. પણ લોકકથાઓનો ઉપર્યુક્ત પરંપરાને વિશેષ ટેકો છે.

ગુજરાતમાં નાથ સંપ્રદાય સાધના અને સંખ્યા બેઉની દૃષ્ટિએ ક્ષીણ થઈ રહ્યો છે. કેટલાક નાથો હવે સંસારી બન્યા છે. બારેક વર્ષ ઉપર હું નાથ સંપ્રદાય તથા તેના સાહિત્ય વિષે માહિતી મેળવવા પ્રયાસ કરતો હતો ત્યારે અમદાવાદના પ્રસિદ્ધ માણેકનાથજીના સમાધિસ્થાનના માલિક શ્રી ધનસુખનાથજી તથા પૂજારી શ્રી મીઠાઈનાથને મળ્યો હતો. ધનસુખનાથજીના કાન ફાડેલા હતા. પણ પુત્રોના કાન ફાડવાની પ્રથા હવે બંધ કરી છે. નામને છેડે નાથ જોડવાને બદલે પુત્રોની અટક ‘ નાથ ’ રાખી છે. નાથ સંપ્રદાયમાં હવે મંત્રતંત્ર, સાધના યોગ જાણનાર ખાસ કોઈ રહ્યા નથી એમ મીઠાઈનાથનું કહેવું હતું. બંને ગૃહસ્થોએ મને સંપ્રદાયને લગતાં કેટલાંક પુસ્તકો પૂર્વપરિચય વગર પણ વાંચવા આપ્યાં હતાં. પ્રભાસ પાસે ગોરખ મઢીમાં પણ કોઈ સાધકો-યોગી જોવામાં આવ્યા નથી.

નાથો મહાન ધર્મસુધારકો હતા. કટોકટીની પળે આગળ આવીને તેમણે ધાર્મિક અધઃપતનમાંથી દેશને બચાવી લીધો છે, એ તેમની સેવા ખાસ સ્મરણીય છે. “જ્યાં લગ માતાં ધરતરિ, ત્યાં લગ ગોપીચંદ ભરતરિ” એ પ્રસિદ્ધ ઉક્તિ નાથપંથ વિષે લોકહૃદય ઉપર પડેલી પ્રભાવશાળી છાપને પ્રગટ કરે છે.

નાથસંપ્રદાય સદા જાગૃત અને ચારિત્ર્યશીલ રહે તે માટે મહાત્મા ગોરખનાથે તેમના દીર્ઘજીવન દરમ્યાન કરેલો મહાપુરુષાર્થ પ્રસિદ્ધ છે. ડૉ. હજારીપ્રસાદે યથાર્થ જ કહ્યું છે કે, શંકરાચાર્ય પછી ગોરખ જેવો પ્રભાવશાળી આચાર્ય બીજો કોઈ થયો નથી.

# ભાગવત પુરાણમાં ભક્તિ

**હરિપ્રસાદ શાસ્ત્રી**

પુરાણ એટલે પુરાણી (પ્રાચીન) અનુશ્રુતિઓનો સંગ્રહ. આ સંગ્રહનો આરંભ વંશો–(ખાસ કરીને રાજવંશો)ને લગતી વંશાવળીઓ અને વંશ્યાનુચરિત એટલે એ વંશોમાં થયેલ પ્રસિદ્ધ વ્યક્તિઓનું ચરિત–એ બે વિષયના નિરૂપણથી થયેલો. આગળ જતાં પુરાતન રાજવંશોના સંદર્ભમાં મન્વંતરોનો વિષય ઉમેરાયો: પછી વળી સૃષ્ટિના સર્જન, પ્રલય અને પુનઃસર્જનને લગતી અનુશ્રુતિઓ સમાવવા માટે સર્ગ અને પ્રતિસર્ગના વિષય ઉમેરાયા. આમ પુરાણ એટલે આ પાંચ વિષયોને લગતી અનુશ્રુતિઓનો સંગ્રહ એવો ખ્યાલ રૂઢ થયો.

> **सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।**
> **वंश्यानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥**

વંશોનું નિરૂપણ હાલનાં પુરાણો પૈકી વાયુ, બ્રહ્માંડ (હરિવંશ), મત્સ્ય, વિષ્ણુ, ભાગવત અને પદ્મપુરાણમાં સંપૂર્ણ મળે છે. એમાં કલિયુગના રાજવંશોનો પણ સળંગ કે અલગ સમાવેશ થાય છે. આ વંશાવળીઓ પ્રાયઃ ગુપ્તકાલના આરંભ (લગભગ ઈ.સ. ૩૨૫) સુધીની છે. વળી કાલ, ખગોળ અને ભૂગોળના નિરૂપણનો પણ સમાવેશ થયો.

સમય જતાં પુરાણોએ સાંપ્રદાયિક ધર્મગ્રંથોનું સ્વરૂપ ધારણ કર્યું. હરિવંશને અનુસરીને વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ વગેરે પુરાણોમાં વૈષ્ણવ સંપ્રદાયનું અને શૈવસંહિતાને અનુસરીને વાયુપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ વગેરે પુરાણોમાં શૈવ સંપ્રદાયનું પ્રાધાન્ય પ્રવર્ત્યું. માર્કંડેય પુરાણમાં દેવીનું માહાત્મ્ય નિરૂપાયું.

હરિવંશ, બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, અને બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીકૃષ્ણ-ચરિતનો ઉત્તરોત્તર વિસ્તાર થતો ગયો.

આ દરમ્યાન પુરાણોમાં બીજા અનેક ધાર્મિક વિષય ઉમેરાયા, જેમ કે વર્ણાશ્રમ ધર્મ, વ્રતો, દાન, શ્રાદ્ધ, તીર્થો વગેરે. સ્કંદપુરાણનો મોટો ભાગ તીર્થક્ષેત્રો અને એના માહાત્મ્યને લગતો છે. ગરુડપુરાણમાં પ્રેતકાંડનું પ્રાધાન્ય રહેલું છે. અગ્નિપુરાણ તો જ્ઞાનકોશ જેવું છે, જેમાં પૂજા, દેવાલય-નિર્માણ, પ્રતિમાવિધાન, પ્રતિષ્ઠા, વાસ્તુવિદ્યા, જ્યોતિષ, સંસ્કારો, અશૌચ, પાતકો, પ્રાયશ્ચિત્તો, વ્રતો, રાજધર્મ, રત્નપરીક્ષા, ધનુર્વેદ, આયુર્વેદ, તાંત્રિક મત, છંદઃશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ, કોશ ઇત્યાદિ અનેકવિધ વિષય નિરૂપાયા છે.

ભાગવતપુરાણ, એનું નામ સૂચવે છે તેમ, ભાગવત સંપ્રદાયનું પુરાણ છે. આજે પણ એ વૈષ્ણવોનું સૌથી મહત્ત્વનું અને સૌથી લોકપ્રિય પુરાણ છે. 'ભાગવત' એટલે ભગવત્-(ભગવાન)ના ઉપાસક. 'ભગવત્' એટલે પૂજ્ય, આદરણીય. આ વિશેષણ અનેક દેવો તથા

ધર્માચાર્યો માટે પ્રચલિત હતું, જેમ કે ભગવાન બુદ્ધ, ભગવાન કાશ્યપ, ભગવાન વાસુદેવ વગેરે. (હાલ જેમ 'માનનીય' અને 'શ્રીમાન' જેવાં માનવાચક વિશેષણ પ્રચલિત છે તેમ.)

સાત્વતોમાં, સાત્વત કુલના યાદવોમાં, શ્રીકૃષ્ણ વાસુદેવની ભક્તિ પ્રચલિત થઈ. વાસુદેવ સાત્વત કુલની વૃષ્ણિ શાખામાં જન્મ્યા હતા, તેથી તેઓ 'વાર્ષ્ણેય' કહેવાતા. યાદવ, માધવ, સાત્વત અને વાર્ષ્ણેય એ એમનાં આ પ્રકારનાં (પૂર્વજોના નામ પરથી પડેલાં) નામ હતાં. એમાં આગળ જતાં પિતામહ શૂરના નામ પરથી 'શૌરિ' ઉમેરાયું, ને પોતે વાસુદેવના પુત્ર હતા, તેથી 'વાસુદેવ' તરીકે ઓળખાયા. શ્રીકૃષ્ણ વાસુદેવના ઉપાસકો પહેલાં તો 'સાત્વત' તરીકે ઓળખાતા પરંતુ આગળ જતાં 'ભાગવત' તરીકે ખ્યાતિ પામ્યા. અન્ય ધર્મપ્રવર્તકોની જેમ શ્રીકૃષ્ણ વાસુદેવ 'ભગવાન શ્રીકૃષ્ણ' કે 'ભગવાન વાસુદેવ' તરીકે ઓળખાતા. પરંતુ ધીમે ધીમે 'ભગવાન' શબ્દ શ્રીકૃષ્ણ વાસુદેવ માટે જ પ્રયોજાતો થયો ને આથી સાત્વતો વાસુદેવને માટે માત્ર 'ભગવાન' શબ્દનો પ્રયોગ કરતા થયા. એવી રીતે સાત્વત કૃષ્ણ વાસુદેવના ઉપાસકો હવે 'સાત્વતો' ન કહેવાતાં ભગવત્(ભગવાન)ના ઉપાસકો તરીકે 'ભાગવતો' તરીકે ઓળખાયા.

શ્રીકૃષ્ણ વાસુદેવ માટે પર્યાયરૂપે થતો 'ભગવાન'નો પ્રાચીન પ્રયોગ મહાભારતનો અંતર્ગત ભાગ ગણાતી ભગવદ્ગીતામાં જોવા મળે છે. એનું નામ છે श्रीमद् भगवद्गीताः उपनिषदः અને એમાં જ્યાં જ્યાં શ્રીકૃષ્ણની ઉક્તિ શરૂ થાય છે, ત્યાં ત્યાં લખવામાં આવે છે. श्रीभगवानुवाच । વળી અધ્યાય ૭માં કહ્યું છે:

> बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
> वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९ ॥

આ બધું વાસુદેવમય છે એવું જ્ઞાન જે મેળવે છે તે મને પામે છે. એવો મહાત્મા અત્યંત દુર્લભ છે. ભગવદ્ગીતામાં ભાગવત ધર્મનું પ્રતિપાદન થયેલું છે. આ ધર્મના તત્ત્વજ્ઞાનમાં પરમેશ્વરને 'વાસુદેવ', જીવને 'સંકર્ષણ', મનને 'પ્રદ્યુમ્ન' અને અહંકારને 'અનિરુદ્ધ' નામ આપ્યું છે. વિભૂતિયોગને લગતા અધ્યાય ૧૦માં ભગવાન કહે છે, वृष्णीनां वासुदेवोऽस्मि (શ્લો. ૩૭); અને અધ્યાય ૧૧માં ભગવાન વાસુદેવનું વિશ્વરૂપ દર્શાવ્યું છે.

વૈયક્તિક દેવની ઉપાસના એટલે સગુણ બ્રહ્મની ઉપાસના; ને સગુણ બ્રહ્મની ઉપાસના એટલે ભક્તિ. પછી એ ભક્તિ વિષ્ણુની હોય, વાસુદેવની હોય, રામની હોય, શિવની હોય, શક્તિની હોય કે આદિત્યની હોય. ભક્તિ સગુણ-સાકાર ઇષ્ટદેવની જ હોય છે. અવ્યક્તની ઉપાસનામાં 'અધિકતર કલેશ' (શ્રમ) પડે છે, જ્યારે વ્યક્તની ઉપાસનામાં સરળતા રહેલી છે. એમાં કર્મ, મન, બુદ્ધિ—સર્વ ભગવાનને અર્પણ કરવાનું હોય છે. એવું કરનાર ભક્ત ભગવાનને પ્રિય હોય છે એવું અધ્યાય ૧૨માં વારંવાર જણાવ્યું છે. શ્રીકૃષ્ણ અર્જુનને છેવટે કહે છે मन्मना भव मद्भक्तो ને તો मामेव एष्यसि । (૧૮, ૬૫) અને

> सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
> अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ १८, ६६

આથી, પહેલાં પોતાની મતિ પ્રમાણે न योत्स्ये કહેનાર અર્જુન છેવટે योत्स्ये નહિ, પણ करिष्ये

वचनं तव (૧૮, ૭૩) કહીને વાસુદેવની આજ્ઞાને વશ વર્તે છે. 'વાસુદેવ' અને 'પાર્થ'ના આ સંવાદને સાંભળી સંજય પણ ધન્યતા અનુભવે છે. આમ શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીભગવાને ઉપદેશેલી ભાગવત ધર્મની ભક્તિ આગળ જતાં શ્રીમદ્ભાગવતપુરાણનો મુખ્ય વિષય બને છે.

શૌનકાદિ ઋષિઓ અને સૂત પૌરાણિક વચ્ચે પ્રશ્નોત્તરીરૂપે ભાગવતના કથાનકનો આરંભ થાય છે. ત્યાંથી જ શ્રીકૃષ્ણની ભક્તિનો મહિમા ગવાયો છે.

वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः ।
जनयत्याशु वैराग्यं ज्ञानं च यदहैतुकम् ॥ २, ७

આગળ જતાં સૂત પૌરાણિક કહે છે:

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः ।
वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः ॥ २८

वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः ।
वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः ॥ २९

વ્યાસે વેદોની સંહિતા કરી; ને મહાભારત રચ્યું તોય તેમને અસંતોષ રહ્યો. શાથી? નારદ કહે છે, વાસુદેવનો મહિમા વર્ણવ્યો નથી માટે. હરિચર્યાનું (કૃષ્ણચરિતનું) વર્ણન સંસારસાગર તરવાની નૌકારૂપ છે.

પછી ભગવાન વ્યાસે સાત્વત-સંહિતા (ભાગવત-સંહિતા) રચી; ને એ શુકદેવને ભણાવી.

ભારતયુદ્ધમાં થયેલા ઘોર સંહાર પછી યુધિષ્ઠિર કુરુક્ષેત્રમાં શરશય્યા પર પોઢેલા ભીષ્મ પિતામહ પાસે ગયા, ત્યારે તેઓ કૃષ્ણ વાસુદેવને ઉદ્દેશીને કહે છે:

एष वै भगवान् साक्षाद् आद्यो नारायणः पुमान् ।
मोहयन्मायया लोकं गूहश्चरति वृष्णिषु ॥ ९, १८

નારાયણ અને વાસુદેવ એક જ છે. ભીષ્મે પોતાનું ચિત્ત ભગવાન શ્રીકૃષ્ણમાં પરોવી દેહત્યાગ કર્યો.

સ્કંધ ૧ના અંતમાં પરીક્ષિત અને શુકદેવ વચ્ચેની પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

સ્કંધ ૨ના અધ્યાય ૩માં વળી કૃષ્ણભક્તિનો મહિમા ગાયો છે.

जीवञ्छवो भागवतांघ्रिरेणुं
न जातु मर्त्योऽभिलभेत वस्तु । (२३)

ભાગવત-ચરણરજ ન પામે તે જીવતા છતાં શબ સમાન છે.

અ. ૪માં શુકદેવ હરિગુણ કથનથી ઉપદેશનો આરંભ કરે છે. કિરાત, હૂણ, આંધ્ર, પુલિંદ, આભીર, કંક, યવન, ખસ આદિ (મ્લેચ્છ) જાતિઓના લોકો પણ તેના આશ્રયથી શુદ્ધ થાય છે (૧૮).

આમ ભાગવત ધર્મ આર્યેતર જાતિઓ પણ અપનાવતી. પ્રાચીન ઇતિહાસમાં આપણને એનાં કેટલાંક સંગીન દૃષ્ટાંત મળે છે; જેમ કે (૧) તક્ષશિલાના યવનરાજા મહારાજ અંતલિક્તિનો યવનદૂત હેલિયોદોર ભાગવત હતો ને તેણે વિદિશામાં દેવદેવ વાસુદેવનો ગરુડધ્વજ કરાવ્યો હતો; (૨) કુષાણ જાતિના રાજવંશમાં પહેલાં કનિષ્ક, વાસિષ્ક અને હવિષ્ક નામે રાજા થયા. પણ તે પછીના રાજાનું નામ 'વાસુદેવ' હતું.

બ્રહ્માએ નારદને પણ વાસુદેવનો જ મહિમા કહ્યો હતોઃ વેદો, દેવો, લોકો, યજ્ઞો, યોગ, તપ, જ્ઞાન, ગતિ—સર્વ નારાયણ-પર છે. અગાઉ આ સર્વને 'વાસુદેવ-પર' કહેલા. આમ અહીં વાસુદેવને નારાયણનું જ સ્વરૂપ માન્યું છે.

અ. ૬માં પુરુષસૂક્તના આધારે વિરાટ પુરુષની વિભૂતિ વર્ણવી, પણ અંતે તેમના અવતારોની વાત રજૂ કરી. બ્રહ્માએ હજાર વર્ષના તપ પછી ભગવાનનાં દર્શન કર્યાં. ને ભગવાને સર્વ તત્ત્વજ્ઞાનનો સાર કહ્યો:

अहमेवासम् एवाग्रे नान्यद् यत्सदसत्परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥ ९, ३२

ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।
तद् विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥ ३३

यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु ।
प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥ ३४

एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनाऽऽत्मनः ।
अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात् सर्वत्र सर्वदा ॥ ३५

સમસ્ત ભાગવતનો સાર આ ચતુઃશ્લોકીમાં હોવાનું મનાય છે. જે કંઈ હતું, છે ને હશે તે ભગવાન જ છે; જે નથી છતાં દેખાય છે, ને જે છે છતાં દેખાતું નથી તે પણ ભગવાન જ છે. ન્યાય-તર્કશાસ્ત્રની ભાષામાં કહીએ તો અન્વયથી તેમ જ વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા એ જ છે. તત્ત્વજિજ્ઞાસુએ આટલું જ જાણવાનું છે.

સ્કંધ ૩માં ઉદ્ધવ વિદુર પાસે પણ શ્રીકૃષ્ણની ભક્તિનો મહિમા ગાય છે, ને બાલલીલાઓનું સ્મરણ કરે છે ને પછીનું ચરિત પણ નિરૂપે છે.

અ. ૯માં જલશાયી ભગવાનની નાભિમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ સૃષ્ટિના સર્જન પહેલાં ભગવાનની સ્તુતિ કરેલી તે નિરૂપાઈ છે.

હવે જગતની ઉત્પત્તિ સાંખ્યમતથી તેમ જ પૌરાણિક માન્યતાથી સમજાવવામાં આવે છે ને એમાં જગતના આદ્ય તત્ત્વ તરીકે ભગવાનને જણાવી સાંખ્ય મત સાથે ભાગવત મતનું સંકલન કરવામાં આવ્યું છે.

ભગવાનના અવતારોમાં આદ્ય ગણાતા વરાહ અવતારની કથા કહી છે. પછી વળી કપિલ અવતાર નિમિત્તે સાંખ્ય મતનું નિરૂપણ કર્યું છે. અ. ૨૯માં વળી કપિલ પોતાનાં માતાને ભક્તિયોગ સમજાવે છે. ભક્તિની દૃષ્ટિએ આ અધ્યાય ઘણો મહત્ત્વનો છે.

સ્વભાવ તથા ગુણના ભેદને લઈને ભક્તિયોગ બહુ પ્રકારનો છે. કોઈ તામસ ભક્ત હોય છે, કોઈ રાજસ ભક્ત અને કોઈ સાત્ત્વિક ભક્ત. નિર્ગુણ ભક્તિયોગમાં ભક્તિ હેતુ વિનાની અને ભેદભાવ વિનાની હોય છે. ખરો ભક્ત તો સાલોક્ય, સાર્ષ્ટિ ( ઐશ્વર્ય ), સામીપ્ય સારૂપ્ય કે એકત્વ- ( સાયુજ્ય )નો પણ અંગીકાર કરતો નથી. તેનું નામ આત્યંતિક ભક્તિયોગ છે. એમાં ભક્તિ સાધન મટી સાધ્ય બની જાય છે.

અહીં એકેશ્વરવાદ સાથે સર્વેશ્વરવાદનું સંયોજન કર્યું છે. કોઈ મૂર્તિરૂપે ભગવાનની પૂજા કરે ને પ્રાણીઓનું અપમાન કરે, તો ભગવાન પ્રસન્ન થતા નથી. જ્યાં સુધી સર્વભૂતોમાં રહેલા ભગવાનને પોતાના હૃદયમાં સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જ પ્રતિમાદિરૂપે પૂજન કરવું જરૂરી છે. ભેદભાવ રાખનારને સંસારમાંથી મુક્તિ મળતી નથી. જે તન-મન વગેરે સર્વ ભગવાનને અર્પણ કરી દે છે તે શ્રેષ્ઠ છે.

સ્કંધ ૪માં ધ્રુવના આખ્યાનમાં ભક્તિનો મહિમા ઉદાહૃત થયો છે. અહીં પણ નારદ વાસુદેવની ભક્તિનો મહિમા ગાય છે. ભક્તિયોગમાં તથા તેના સાહિત્યમાં નારદ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. નારાયણનું મુખ દ્વારા નામ-રટન અને વાદ્ય દ્વારા નામ-કીર્તન એ નારદનાં મુખ્ય લક્ષણ મનાય છે. નારદ ધ્રુવને પણ કહે છે :

> धर्मार्थकाममोक्षाख्यं य इच्छेच्छ्रेय आत्मनः ।
> एकमेव हरेस्तत्र कारणं पादसेवनम् ॥ ૬, ૪૧

ને ધ્રુવને કાલિંદીતીરે જઈ મધુવનમાં ભગવાનનું ધ્યાન ધરવા કહે છે, ને ભગવાનના સ્વરૂપનું વિગતવાર સુંદર વર્ણન કરે છે.

> श्रीवत्साङ्कं घनश्यामं पुरुषं वनमालिनम् ।
> शङ्खचक्रगदापद्मैरभिव्यक्तचतुर्भुजम् ॥ ૪૭
>
> किरीटिनं कुण्डलिनं केयूरवलयान्वितम् ।
> कौस्तुभाभरणग्रीवं पीतकौशेयवाससम् ॥ ૪૮ ઇત્યાદિ.

અહીં યદુકુલમાં મનુષ્યદેહે જન્મેલા શ્રીકૃષ્ણવાસુદેવને સ્વર્ગલોકના વિષ્ણુ ભગવાન જ માનવામાં આવ્યા છે. દા.ત. શ્રીવત્સ એ લાંછન વિષ્ણુનું છે, જ્યારે ઘનશ્યામ સ્વરૂપ કૃષ્ણનું છે. વળી ચતુર્ભુજ સ્વરૂપ પણ દેવનું છે, માનવનું નહિ. છતાં ગીતામાં પણ કૃષ્ણના માનવ-સ્વરૂપને ચતુર્ભુજ કહ્યું છે. અર્જુન જ્યારે શ્રીકૃષ્ણનું વિરાટ સ્વરૂપ જોઈ ભયભીત થઈ જાય છે ત્યારે તે તેમનું અસલ સ્વરૂપ ધારણ કરવા વિનંતી કરે છે—એ સ્વરૂપમાં તે કિરીટ, ગદા, ચક્ર વગેરે ધારણ કરતાં ને ચતુર્ભુજ હતા ( ૧૧, ૪૬ ). 'વાસુદેવે પોતાનું રૂપ દર્શાવ્યું' ( ૧૧, ૫૦ ) એ વિધાન સ્પષ્ટ છે ને એ સ્વરૂપને સ્પષ્ટતઃ 'માનુષ' કહેવામાં આવ્યું છે ( ૧૧, ૫૧ ).

પછી નારદે ધ્રુવને જપવાનો મંત્ર શિખવ્યો—ॐ नमो भगवते वासुदेवाय । આ દ્વાદશાક્ષર મંત્ર ભાગવત સંપ્રદાયમાં ગાયત્રીમંત્ર જેવું મહત્ત્વ ધરાવે છે.

ભગવાન વિષ્ણુ ગરુડારૂઢ થઈ ધ્રુવ પાસે આવે છે ત્યારે ધ્રુવ કેવો લાગણીવશ થઈ જાય છે.

दृग्भ्यां प्रपश्यन्, प्रपिबन्निवार्भकः ।
चुम्बन्निवास्येन, भुजैरिवाश्लिषन् ॥ ९, ३

વસંતતિલકામાં અહીં પછી આપેલી ધ્રુવની સ્તુતિ शक्रादयः સ્તુતિનું સ્મરણ કરાવે તેવી ભક્તિભાવ સભર છે. ભાગવતમાં આવાં અનેક ભાવપૂર્ણ સ્તવન-સ્તોત્ર જોવા મળે છે.

ધ્રુવને ભગવાનની કૃપાથી ઇષ્ટાર્થની પ્રાપ્તિ તો થઈ, પરંતુ પછી ધ્રુવને ભાન થતાં અપાર સંતાપ થયો કે ભગવાનના સાક્ષાત્ દર્શનનો દુર્લભ યોગ પામ્યો, ત્યારે મેં આવું વિનાશી રાજ્યસુખ જ માગ્યું ! આગળ જતાં એ પ્રૌઢ વયે પુત્રને રાજ્ય સોંપી ભગવાનનું ધ્યાન ધરે છે ત્યારે એ પોતે ભગવાન-ભક્તનો ભેદભાવ ભૂલીને પોતાની જાતને ય વીસરી જાય છે (૧૨, ૧૭-૧૮) ને નારદ કહે છે તેમ પાંચ છ વર્ષની વયે ભગવાનને પ્રસન્ન કરેલ ધ્રુવ વૈકુંઠમાં વિષ્ણુપદ પામ્યો.

સ્કંધ ૫માં ભરત રાજાના આખ્યાનમાં ભક્તિનો મહિમા ગાવામાં આવ્યો છે. એની ભૂમિકામાં અ. ૬માં કહ્યું છે: ભગવાન પતિ હોય, ગુરુ હોય, દેવ હોય, મિત્ર હોય, કુલપતિ હોય, સેવક હોય, તે પોતાના ભક્તને મુક્તિ દે છે, પરંતુ કદી ભક્તિયોગ દેતા નથી. (શ્લો. ૧૮) આમ ભક્તિયોગ મુક્તિ કરતાં ય મહામૂલો છે.

ભરત મહાભાગવત હતા. એમને હૃદયમાં ભગવાન વાસુદેવ વિશે ઉચ્ચતમ ભક્તિનો ઉદય થયો હતો. હરિક્ષેત્રમાં જઈ તેમણે ભગવાનનું અનન્ય ધ્યાન ધર્યું. એમને ભક્તિયોગની અભિવૃદ્ધિ થતાં નેત્રોની દર્શનક્રિયા બંધ થઈ જતી તેમ જ ભગવાનની પૂજાનું પણ ભાન ન રહેતું (૭, ૧૨) એટલા બધા એ ભગવાનના ધ્યાનમાં મગ્ન થઈ જતા.

સ્કંધ ૬માં અજામિલ આખ્યાનમાં ભગવાનની ભક્તિનો મહિમા પ્રતિપાદિત થયો છે.

પાપના નિવારણના અનેક ઉપાય છે. કેટલાક કેવળ વાસુદેવ-ભક્તિથી પાપનો નાશ કરે છે. આ માટે અજામિલનું દૃષ્ટાન્ત આપેલું છે. તે દુરાચારી હતો, પરંતુ પુત્રના નામ નિમિત્તે વારંવાર 'નારાયણ' નામ દેતો હતો. મૃત્યુ સમયે પણ એ નામ દીધેલું. આથી યમદૂતોને રોકીને વિષ્ણુદૂતો તેને વૈકુંઠમાં લઈ ગયા. સ્તેય, સુરાપાન, મિત્રદ્રોહ, બ્રહ્મહત્યા, ગુરુપત્નીસંગ, સ્ત્રીહત્યા, રાજહત્યા, પિતૃહત્યા, ગોહત્યા—સર્વ પાતકોનું વિષ્ણુના નામના ઉચ્ચારણથી પ્રાયશ્ચિત્ત થઈ જાય છે (૨, ૯-૧૦). સંકેતરૂપે, પરિહાસમાં, આલાપપૂર્તિ માટે, કે અપમાનપૂર્વક ઉચ્ચારાયું હોય તોપણ તે નામ સર્વ પાપ દૂર કરે છે (૨, ૧૪), આપત્તિ પડતાં બોલાઈ ગયેલું 'હરિ' નામ નરકની વેદનામાંથી બચાવે છે.

વિષ્ણુનું સંકીર્તન એ જગતનું મંગલ છે, મોટા પાપોનું પણ ઐકાંતિક પ્રાયશ્ચિત્ત છે. (૩, ૩૧).

અ. ૪માં દક્ષ પ્રજાપતિએ હંસગુહ્ય નામે સ્તોત્રથી ભગવાનની સ્તુતિ કરી એમ જણાવ્યું છે તે સ્તોત્ર પૂર્ણ ભાવવાહી છે.

અ. ૮માં વિશ્વરૂપે ઇન્દ્રને કહેલું नारायणकवच આવ્યું છે. એમાં ॐ नमो नारायणाय એ અષ્ટાક્ષર મંત્ર તેમ જ ॐनमो भगवते वासुदेवाय એ દ્વાદશાક્ષર મંત્ર આપવામાં આવ્યો છે; વળી ॐ विष्णवे नमः એ ષડક્ષર મંત્ર પણ આપ્યો છે. આ મંત્રો વડે દેહનાં અંગોનો ન્યાસ કરવાનું

જણાવ્યું છે. આ મંત્રો દ્વારા નારાયણ, વાસુદેવ અને વિષ્ણુનો અભેદ સૂચિત થાય છે. પછી સ્તોત્રમાં વિષ્ણુના મત્સ્યાદિ અવતારો અને ચક્રાદિ આયુધોનું આરાધન કરવામાં આવ્યું છે. મૂર્તિવિધાનમાં અવતારો ઉપરાંત આયુધ–દેવતાઓની પણ મૂર્તિઓનું સ્થાન રહેલું છે.

સ્કંધ ૭માં નિરૂપેલું પ્રહ્લાદ આખ્યાન એ ભગવદ્‌ભક્તિનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે.

પ્રહ્લાદ ગુરુપુત્રો શીખવે તે શીખતો નહોતો. પરંતુ—

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ ५, २३

એ નવલક્ષણા વિષ્ણુભક્તિનું જ અધિશીલન કરતો હતો. પોતાના સહાધ્યાયીઓને પણ ભગવદ્‌-ભક્તિમાં લીન થવાનો ને તેમાં જ પરાયણ રહેવાનો ઉપદેશ દેતો હતો.

न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद् विडम्बनम् ॥ ७, ५२

દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શૂદ્રો, વ્રજવાસીઓ, પક્ષીઓ, પશુઓ અને પાપી જીવો પણ ભક્તિથી ભગવાનને પામ્યા છે ( શ્લો. ૫૪ ).

પ્રહ્લાદ કહે, ભગવાન્ સર્વત્ર છે. પિતા પૂછે, તો આ સ્તંભમાં કેમ દેખાતો નથી? ને ભક્તને બચાવવા ભગવાન સ્તંભમાંથી પણ પ્રગટ થયા. ભગવાનના વિકરાળ નૃસિંહ સ્વરૂપને બ્રહ્મા, રુદ્ર, ઇંદ્ર, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો વિદ્યાધરો, નાગો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, કિંપુરુષો, કિન્નરી વગેરે સૌ પ્રસન્ન કરવા લાગ્યા. છતાં ભગવાનનું એ ભીષણ સ્વરૂપ શાંત પડયું નહિ ત્યારે પ્રહ્લાદે ભગવાનને પ્રણામ કરી તેમની સ્તુતિ કરી.

અ. ૧૦માં પ્રહ્લાદે કરેલી ભગવાનની સ્તુતિ એ સ્તોત્રનો એક ઉત્તમ નમૂનો છે. અર્જુને વિરાટ સ્વરૂપથી ભયભીત થઈ ભગવાનને પોતાનું સૌમ્ય સ્વરૂપ ધારણ કરવા વિનંતી કરી, તેના કરતાંય ભકત પ્રહ્લાદનું આ સ્તવન વધુ હૃદયદ્રાવક છે.

સ્કંધ ૮માં કેટલાક મનુઓ અને તેઓના સમયમાં થયેલા અવતારોનો વૃત્તાંત આવે છે. ચોથા મનુ તામસના સમયમાં અવતરેલા હરિએ ગ્રાહના પાશમાંથી ગજેન્દ્રને છોડાવ્યો તે પ્રસંગ નિરૂપાયો છે. અ. ૩માં ગજેન્દ્રે કરેલી વિષ્ણુ ભગવાનની સ્તુતિ ભકિતરસથી સભર છે.

नमो नमस्तेऽखिलकारणाय निष्कारणायाद्‌भुतकारणाय ।
सर्वागमाम्नायमहार्णवाय नमोऽपवर्गाय परायणाय ॥ १५

આમ કેટલાક શ્લોકોમાં વિષ્ણુનું પરબ્રહ્મ સ્વરૂપ નિરૂપાયું છે તો બીજા કેટલાકમાં એમનું કરુણાનિધિ સ્વરૂપ પણ આલેખાયું છે, જેમ કે—

मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ।
स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीतप्रत्यग्दृशे भगवते बृहते नमस्ते ॥ १७

ને આ સ્તુતિનો મુખ્ય અનુરોધ તો ભગવાનના 'પ્રપન્ન-પાલ' સ્વરૂપને જ છે. સમુદ્રમંથન માટે બ્રહ્માએ કરેલી સ્તુતિ (અ. ૬) પણ આ પ્રકારની છે. મંદરાચલને સ્થિર રાખવા ભગવાને કૂર્મ

સ્વરૂપ ધારણ કર્યું. સમુદ્રમાંથી વિષ નીકળ્યું, રત્ન નીકળ્યાં ને છેવટે અમૃતપાત્ર પણ મળ્યું. એ પાત્ર અસુરો લઈ ગયા ત્યારે ભગવાને મોહિની સ્વરૂપ ધારણ કરી દેવોને અમૃત મેળવી આપ્યું. એ અવતાર છઠ્ઠા મન્વંતરમાં થયા. સાતમા મન્વંતરમાં વામનાવતાર થયો. મત્સ્યાવતારના વૃત્તાંતમાં દ્રવિડ દેશના સત્યવ્રત રાજાને ભગવાનના એ કરુણામય સ્વરૂપનું દર્શન થયેલું ને ભગવાનની કૃપાથી વેદોનું સંરક્ષણ થયેલું, એમ જણાવ્યું છે. એમાં પણ સત્યવ્રતે કરેલી ભાવપૂર્ણ સ્તુતિ આવે છે (અ. ૨૪). એ સત્યવ્રત એ જ આ કલ્પમાં વૈવસ્વત મનુ થયા.

સ્કંધ ૯માં અંબરીષ આખ્યાનમાં ભક્તિનો મહિમા દર્શાવાયો છે. અંબરીષ કેવો ભગવત્પરાયણ રહેતો :

स वै मनः कृष्णपदारविन्दयोः, वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥ ४, १८

દુર્વાસાએ એવા પરમભક્ત પર કોપ કરી કૃત્યા છોડી, તો અંબરીષે વિષ્ણુ ભગવાને આપેલું ચક્ર છોડયું. દુર્વાસા બ્રહ્મા તથા રુદ્ર પાસે ગયા, તો તેમણે તેમને વિષ્ણુ પાસે મોકલ્યા. પરંતુ ભગવાન કહે: હું તો ભક્તને આધીન છું. જે પોતાનું સર્વસ્વ તજી મારે શરણે આવ્યા છે, તેમને હું કેવી રીતે તજી શકું? જેમ સત્સ્ત્રી સત્પતિને વશ કરે. તેમ તેઓ ભક્તિ વડે મને વશ કરે છે. મારી સેવા માટે તો તેઓ આલોકયાદિ પણ ઇચ્છતા નથી.

साधवो हृदयं मह्यं, साधूनां हृदयं त्वहम् ।
मदन्यत् ते न जानन्ति, नाहं तेभ्यो मनागपि ॥ ४, ६८

ભગવાને દુર્વાસાને અંબરીષ પાસે મોકલ્યા ને અંબરીષે તેના માટે ચક્રની સ્તુતિ કરી. આયુધોનું આ રીતે સજીવારોપણ તથા દેવત્વારોપણ થતું. મૂર્તિવિધાનમાં આયુધપુરુષો—આયુધ દેવતાઓનાં સ્વરૂપ નિરૂપાયાં છે.

નવમ સ્કંધમાં ઐક્ષ્વાકુ, ઐલ ઇત્યાદ વંશોનું નિરૂપણ આપેલું છે. ઐલ વંશમાં યયાતિ થયા; યયાતિના જ્યેષ્ઠ પુત્ર યદુના વંશમાં શ્રીકૃષ્ણ થયા ને પૂરુના વંશમાં પાંડવો થયા.

દશમ સ્કંધ એ તો ભાગવતો માટે સમસ્ત ભાગવતપુરાણનો સૌથી મહત્ત્વનો અને સૌથી લોકપ્રિય સ્કંધ છે. એ આમ તો બાર સ્કંધમાનો એક સ્કંધ છે, પરંતુ આખા પુરાણના ⅓ ભાગ કરતાં ય વધુ વિસ્તાર ધરાવે છે. આ સ્કંધ ૯૦ અધ્યાયનો છે, જ્યારે બીજા બધા સ્કંધોમાં લાંબામાં લાંબો સ્કંધ માત્ર ૩૩ અધ્યાયનો છે, જ્યારે પાંચ સ્કંધ તો ૧૦ થી ૧૯ અધ્યાયના છે.

વંશની જેમ વંશ્યાનુચરિત એ પુરાણોનો એક મુખ્ય વિષય છે. એમાં શ્રીકૃષ્ણ વાસુદેવના ચરિતનો અહીં આટલો બધો વિસ્તાર કરવામાં આવ્યો છે. યદુકુલસંહાર અને દેહોત્સર્ગની અંતિમ ઘટનાઓનો વૃત્તાંત એકાદશ સ્કંધમાં આપવાનો રખાયો છે. તે સિવાયનું સમગ્ર કૃષ્ણચરિત દશમ સ્કંધમાં નિરૂપાયું છે. ભાગવતમાંથી દશમ સ્કંધ બાદ કરો, તો આત્મા વિનાના કલેવર જેવું લાગે.

શ્રીકૃષ્ણના ચરિતના કેટલાક પ્રસંગ મહાભારતમાં પ્રાસંગિક રીતે આલેખાયા છે; 'હરિવંશ'માં બાલલીલા વગેરેના પૂરક પ્રસંગ નિરૂપાયા છે. આથી શ્રીકૃષ્ણનું આખું સળંગ

ચરિત એમાં ઉપલબ્ધ થતું નથી. એ સંક્ષેપમાં ઉપલબ્ધ થાય છે, વિષ્ણુપુરાણ અને બ્રહ્મપુરાણમાં. પરંતુ એનું વિસ્તૃત સળંગ નિરૂપણ થયું હોય તો તે પહેલવહેલું ભાગવતપુરાણમાં. ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદે ગુજરાતી પદ્યમાં ઉતારેલો ‘ દશમસ્કંધ ’ ઘણો લોકપ્રિય છે.

દશમ સ્કંધમાં નિરૂપાયેલા શ્રીકૃષ્ણચરિતના પ્રસંગો જાણીતા છે. દેવકીના ઉદરમાંથી રોહિણીના ઉદરમાં થયેલું બલરામના ગર્ભનું સંક્રમણ જૈન અનુશ્રુતિમાં દેવાનંદાના ઉદરમાંથી થયેલા ત્રિશલાના ઉદરમાં મહાવીર સ્વામીના સંક્રમણનું સ્મરણ કરાવે છે. રામ ( બલરામ ) ‘ સંકર્ષણ ’ તરીકે ઓળખાયા એ આ સંદર્ભમાં નોંધપાત્ર છે.

શ્રીકૃષ્ણ દેવકીના ગર્ભમાં રહ્યા; બ્રહ્માદિ દેવોએ તેમની સ્તુતિ કરી ( અ. ૨ ). શ્રીકૃષ્ણના જન્મદિન માટે માત્ર રોહિણીનક્ષત્રનો નિર્દેશ છે; ને જન્મસમય માટે નિશીથ( મધ્યરાત્રી )નો. એ નવજાત પુત્રનું સ્વરૂપ કેવું હતું ? ચતુર્ભુજ, શ્રીવત્સના લાંછનવાળું, કૌસ્તુભ મણિવાળું, પીતાંબરધારી, કિરીટકુંડલધારી, કાંચી-અંગદ-કંકણાદિથી શોભતું ( અ. ૩ ). આ છે ભગવાનનું આદર્શ સ્વરૂપ. ઉંમર લાયક અને વૈભવશાળી થયેલા શ્રીકૃષ્ણ આવી દેહભૂષા ધારણ કરતા હશે, પરંતુ માનવસ્વરૂપે ચતુર્ભુજ હશે ખરા ? ભગવદ્‌ગીતામાં પણ શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપથી ભયભીત થયેલો અર્જુન તેમને પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરવા વિનંતી કરે છે, ત્યારે તે પણ ત્યાં ચતુર્ભુજ સ્વરૂપનો ઉલ્લેખ કરે છે. અહીં દ્વિભુજ માનવ કૃષ્ણના સ્વરૂપમાં ભક્તિભાવે ચતુર્ભુજ દેવ વિષ્ણુના સ્વરૂપનું આરોપણ થયું લાગે છે.

અ. ૩માં પિતા વસુદેવે તથા માતા દેવકીએ સંતાનસ્વરૂપ ભગવાનની કરેલી સ્તુતિ આપી છે.

અ. ૬થી શ્રીકૃષ્ણની બાલલીલાઓના પ્રસંગ નિરૂપાતા જાય છે. આમાંના ઘણા પ્રસંગોનાં મૂળ હરિવંશ તથા વિષ્ણુપુરાણમાં જોવા મળે છે. પૂતનાવધ, શકટાસુરવધ, તૃણાવર્તવધ, વિશ્વરૂપ-દર્શન, યમલાર્જુનવધ, વત્સાસુરવધ, બકાસુરવધ. અઘાસુરવધ, બ્રહ્મ-પરાભવ, ધેનુકાસુરવધ, કાલિયમર્દન, દાવાનલ-પાત, પ્રલંબાસુરવધ ને આગળ જતાં અરિષ્ટાસુરવધ, કેશિવધ, વ્યોમાસુરવધ ઇત્યાદિ પ્રસંગોમાં બાલ કૃષ્ણનાં અનેક અદ્‌ભુત પરાક્રમ નિરૂપાયાં છે.

શ્રીકૃષ્ણે મૃત્તિકા-ભક્ષણ નિમિત્તે દેવકીને બતાવેલું વિશ્વસ્વરૂપદર્શન ભક્તિની દૃષ્ટિએ ઘણું સૂચક છે. શામળાજી વગેરેનાં મંદિરોમાં વિશ્વરૂપનું મૂર્તિવિધાન જોવા મળે છે. શામળાજીમાં જેને સ્થાનિક લોકો ‘ કળશી છોકરાની મા ’ તરીકે ઓળખે છે તે ખરી રીતે બહુમુખ વિશ્વરૂપ છે. આવું એક શિલ્પ કઠલાલમાં પણ છે. અ. ૮માં શ્રીકૃષ્ણની ‘ કુમાર લીલાઓ ’ તથા તેનું સુંદર વર્ણન આપવામાં આવ્યું છે. કેટલાક પ્રસંગો હરિવંશમાં તથા વિષ્ણુપુરાણમાં નથી ને ભાગવતમાં ઉમેરાયા છે, જેમ કે તૃણાવર્તવધ, વત્સાસુરવધ, બકાસુરવધ, અઘાસુરવધ, વ્યોમાસુરવધ વગેરે. બ્રહ્માએ ગોપ બાળકો અને વાછરડાંનું હરણ કર્યું તો ભગવાને માયાથી એવાં બીજાં સ્વરૂપ સર્જી તેમને મૂંઝવી દીધા; ને બ્રહ્માએ ભગવાનની સ્તુતિ કરી (અ. ૧૪)

અ. ૬ થી ૧૮માં નિરૂપાયેલ લીલાપ્રસંગ આ પ્રકારના છે. એમાં અ. ૮માં શ્રીકૃષ્ણ કેવાં તોફાન કરતા ને માતાને તથા ગોપીઓને કેવા પજવતા ને છતાં એ સૌને કેવા વહાલા લાગતા તેનું ટૂંકું વર્ણન છે ખરું. પરંતુ ગોપીઓને મુગ્ધ કરનાર બંસીધર શ્રીકૃષ્ણનું મોહક પાસું અ. ૨૦થી

શરૂ થાય છે. અ. ૨૨માં આવતો ગોપીવસ્ત્રહરણનો પ્રસંગ ગોપીઓની નિર્વસ્ત્રસ્નાન રૂપે થયેલી વ્રતચ્યુતિની ખો ભુલાડવા માટેનો હોવાનું જણાવાયું છે. પોતાની પત્નીઓની ભગવાન કૃષ્ણ વિશે અલૌકિક ભક્તિ જોઈ ઋષિઓને પોતાને માટે પસ્તાવો થયો.

ગોવર્ધન-ધારણ તથા ગોવર્ધન-મહોત્સવના પ્રસંગમાં પર્જન્યદેવ ઇન્દ્રની આરાધનાને સ્થાને ગિરિ ગોવર્ધનની પૂજા પ્રચલિત કરવાનું ક્રાંતિકારક પગલું નિરૂપાયું છે. આમાં વેદોક્ત ઇન્દ્રાદિ દેવોને સ્થાને પુરાણોક્ત કૃષ્ણાદિ દેવોની આરાધના પ્રચલિત થયાનું પરિવર્તન પ્રતિબિંબિત થતું લાગે છે.

અ. ૨૯-૩૩ : રાસપંચાધ્યાયી એ ગોપીઓની શૃંગારરસપ્રધાન ભક્તિના નિરૂપણને લગતો સુપ્રસિદ્ધ રસપ્રદ ખંડ છે. એમાં શ્રીકૃષ્ણ અદશ્ય થતાં ગોપીઓ જે વિરહવ્યથા અનુભવે છે તેના નિરૂપણમાં વિપ્રલંભશૃંગારની નિષ્પત્તિ થાય છે, ને વિપ્રલંભશૃંગાર તો સંભોગશૃંગાર કરતાં અધિક અસરકારક નીવડે છે. વિરહાવસ્થામાં ગોપીઓએ કરેલી ભગવાનની સ્તુતિ હૃદયદ્રાવક છે. ને પછી ભગવાને પ્રગટ થઈ તેઓને કેટલાં બધાં પ્રસન્ન કરી દીધાં ! तं विलोकयागतं प्रेष्ठं ( ૩૨, ૩ ). શ્રીકૃષ્ણની તેઓ ' પ્રેયસી 'ઓ હતી, પરંતુ શ્રીકૃષ્ણ તો તે દરેકના ' પ્રેષ્ઠ ' ( પ્રિયતમ ) હતા. શ્રીકૃષ્ણને જોઈ ગોપીઓ કેવી ઘેલી થઈ ગઈ ( ૨૨, ૪-૮ ) ! પછી એ ईषत्कुपित ગોપીઓ ( ને પ્રણયકલહમાં તો અલ્પકોપ જ હોય ) કૃષ્ણને પૂછે છે : કેટલાક ભક્તો તરફ ભાવ રાખે છે, કેટલાક અ-ભકતો તરફ રાખે છે ને કેટલાક ભકતો ને અભકતો—બન્ને તરફ ભાવ રાખતા નથી. તેમાં સારું શું ? ભગવાન કહે છે : જે પરસ્પર ભાવ રાખે છે, તેમાં સૌહૃદ નહિ પણ સ્વાર્થ છે; જે અભકત તરફ ભાવ રાખે છે તેમાં નિર્ભેળ સૌહૃદ રહેલું છે; જે ભકતો તેમ જ અભકતો તરફ ભાવ નથી રાખતા તેઓ અકૃતજ્ઞ છે ( ૩૨, ૧૭-૧૯ ). હું તમારા પર ભાવ દર્શાવું કે ન દર્શાવું, પરંતુ તમે હંમેશાં પ્રતિભાવની ય અપેક્ષા વિના ભક્તિપરાયણ રહો ત્યારે ખરું. ને પછી તો ભગવાને ગોપીઓની સાથે રાસલીલા ખેલી, જલક્રીડા કરી અને વનક્રીડા કરી ( અ. ૩૩ ).

અ. ૩૪માં વળી શંખચૂડવધનો પ્રસંગ આવે છે તે પણ પહેલ-વહેલો ભાગવતમાં જોવા મળે છે.

અ. ૩૫માં ગોપીઓ કૃષ્ણલીલાનું સ્મરણ કરી જે ગીત ગાય છે તે સંભોગશૃંગારની સુભગ અનુભૂતિની સુખદ સ્મૃતિ વ્યક્ત કરે છે.

અ. ૩૬માં વળી અરિષ્ટવૃષભાસુરવધના પ્રસંગ આવે છે. અ. ૩૭માં અશ્વરૂપકેશિવધ ને ગોપાલવેષધારી વ્યોમવધના પ્રસંગ નિરૂપાયા છે. વચ્ચે દેવર્ષિ આવીને ભગવાનને કંસવધ માટે વીનવે છે. દેવર્ષિને અહીં ' ભાગવતપ્રવર ' કહ્યા છે ને શ્રીકૃષ્ણને ' સાત્વતપ્રવર '. દેવર્ષિ ભગવાનને એમના અવતારના મુખ્ય પ્રયોજનનું સ્મરણ કરાવે છે :

स त्वं भूधरभूतानां दैत्यप्रमथरक्षसाम् ।
अवतीर्णो विनाशाय सेतूनां रक्षणाय च ॥ १४

આ શ્લોક परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । એ ગીતા-વચનનું સ્મરણ કરાવે છે.

હવે કંસ અક્રૂરને ગોકુલ મોકલે છે ને કૃષ્ણ ગોકુલથી મથુરા ચાલ્યા જાય એ સ્થાનપરિવર્તન અને સાથે સાથે ભાવ-પરિવર્તનની ઘટના શરૂ થાય છે. ગોપીઓનો વિરહવિલાપ (અ. ૩૯) કેટલો હૃદયદ્રાવક છે!

अहो विधातस्तव न क्वचिद् दया
संयोज्य मैत्र्या प्रणयेन देहिनः ।
तांश्चाकृतार्थान् वियुनङ्क्ष्यपार्थकं
विक्रीडितं ते[ऽ]र्भकचेष्टितं यथा ॥ १९

આટલી બધી માયા લગાડીને હવે પરોક્ષ થઈ જાવ છો તે સારું નથી. તે અક્રૂરને કહે છે: નામ તમારું 'અક્રૂર' છે, પણ તમે ક્રૂર છો. ગોપીભાવે ભગવાનની થતી ભક્તિ એ ભાગવતોની ભક્તિનો સૌથી વધુ અસરકારક પ્રકાર ગણાતો રહ્યો છે.

અ. ૪૦માં અક્રૂરે કરેલી ભગવાનની સ્તુતિ આવે છે. તેમાં આરંભ તો એ સૃષ્ટિના આદ્ય-હેતુરૂપ છે એ સ્વરૂપના જ્ઞાનપ્રધાન વર્ણનથી થાય છે.

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं, नारायणं पूरुषमाद्यमव्ययम् ।
यन्नाभिजातादरविन्दकोशाद्, ब्रह्माऽऽविरासीद् यत एष लोकः ॥ १ ॥

(આ લોકની ઉત્પત્તિ બ્રહ્મામાંથી થઈ, ને એ બ્રહ્માની ઉત્પત્તિ નારાયણમાંથી થઈ. તેથી તેઓ તો સૃષ્ટિના હેતુનો ય હેતુ છે.) પરંતુ આ સ્તુતિનો અંત ભક્તિભાવથી સભર છે. એમાં અક્રૂર ભગવાનનાં ચરણનું શરણ લે છે, તેમનો અનુગ્રહ યાચે છે ને કહે છે: प्रपन्नं पाहि मां प्रभो ।

શ્રીકૃષ્ણની ભક્તવત્સલતા મથુરામાંય પ્રગટ થયા વિના રહેતી નથી. ચાણૂરાદિ મલ્લોના તથા કંસના વધના ગંભીર વાતાવરણમાંય એ કુબ્જા પર કૃપા કરે છે. શ્રીકૃષ્ણ સાંદીપનિ પાસે જઈ વિદ્યાભ્યાસ કરી આવે છે, ત્યારે પણ તેઓ ગોપીઓને યાદ કરે છે ને પોતાના વિરહથી ઝૂરતી ગોપીઓને સાંત્વન આપવા ઉદ્ધવને મોકલે છે. ઉદ્ધવ એ ભગવાનનો શ્રેષ્ઠ (પ્રિયતમ) ભક્ત હતો. ગોપીઓ કૃષ્ણની બાળલીલાઓ તથા કિશોરલીલાઓનું વારંવાર સંસ્મરણ કરે છે ને કૃષ્ણની પાસે ભ્રમરને દૂત તરીકે કલ્પી ભગવાનને સંદેશો મોકલે છે. મેઘદૂત જેવાં અનેક દૂતકાવ્ય સંસ્કૃત સાહિત્યમાં લખાયાં છે, તેમાં આ 'ભ્રમરદૂત' ટૂંકું (શ્લો. ૧૨-૨૧) પણ ઘણું ઊર્મિ-સભર છે. પહેલાં તો ગોપીઓ ભ્રમર-દૂતને જ ઠપકારે છે.

मधुप कितवबन्धो मा स्पृशांघ्रिं सपत्न्याः... । જેણે આટલી માયા લગાડી દીધી અમને તરછોડી દીધી, તેને શું કહેવાનું! છતાં એટલું પૂછજે કે મધુપુરીમાં રહેલા આર્યપુત્ર હવે પિતાને, બાંધવોને, ગોપોને યાદ કરે છે ને ક્યારેક અમારી—દાસીઓની વાત ગૂંજે છે; क्वचिदपि स कथाः नः किंकरीणां गृणीते । ક્યારેક એટલું યાદ કરતા હોય તોય ગોપીઓ ધન્યતા અનુભવે.

ગોપીઓને સાંત્વન આપી ભગવાને કુબ્જાને પ્રસન્ન કરી.

आहूय कान्तां नवसङ्गमह्रिया विशङ्कितां कङ्कणभूषिते करे ।
प्रगृह्य शय्यामधिवेश्य रामया रेमेऽनुलेपार्पणपुण्यलेशया ॥ ४८, ५

અહીં જે કુબ્જાને કોઈ દૃષ્ટિપ્રસાદ સરખોય ન કરે, તેના પર ભગવાને આટલો બધો પ્રેમ વરસાવ્યો એવો ભાવ રહેલો છે.

પછી શ્રીકૃષ્ણ અક્રૂરને ત્યાં ગયા ને તેમને પ્રસન્ન કર્યા. અક્રૂરે પણ ભગવાનની સ્તુતિ કરી. (૪૮, ૧૭-૨૮). અક્રૂરને મથુરા મોકલી પાંડવોની ખબર કાઢી. અહીં દશમ સ્કંધનો પૂર્વાર્ધ સમાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણ વાસુદેવની કર્મભૂમિ હવે મથુરાથી દ્વારકામાં ખસે છે. દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં નિરૂપાયેલું કૃષ્ણચરિત એ ગુજરાતમાં વસેલા દ્વારકાધિપતિ કૃષ્ણનું ચરિત છે. કવિવર નાનાલાલ કહે છે તેમ કાલિંદીતટે વ્રજમાં વાંસળી બજાવતા કનૈયાને સ્થાને હવે ઘૂઘવતા સાગરને કાંઠે વસતા પરાક્રમી યદુકુલ અગ્રણી કૃષ્ણ દેખા દે છે.

મથુરા તજવા માટેના સંયોગો, દ્વારકા-નિવેશન, કાલયવનવધ, રુક્મિણીહરણ, સ્યમન્તક-પ્રસંગો, જાંબવતી-સત્યભામા વિવાહ, અન્ય પાંચ કન્યાઓ સાથેનો વિવાહ ઇત્યાદિ આરંભિક પ્રસંગ જાણીતા છે. શ્રીકૃષ્ણના ચરિતમાં અહીં એમની આઠ પત્નીઓ વિશે વિચારવા જેવું છે. ભાગવતમાં અહીં રુક્મિણી, જાંબવતી અને સત્યભામા પછી કાલિંદી, મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, ભદ્રા કૈકેયી અને લક્ષ્મણા માદ્રી એ પાંચ પત્નીઓ જણાવી છે (અ. ૫૮). અ. ૬૧માં દરેક પત્નીનાં સંતાન ગણાવે છે. ત્યાં રુક્મિણી, સત્યભામા, જાંબવતી, નાગ્નજિતી, કાલિંદી, માદ્રી, મિત્રવિંદા, ભદ્રા અને રોહિણી એ નવ પત્નીઓ જણાવી છે. અહીં રોહિણી વધારાની છે. વધુ પ્રાચીન પુરાણોમાં આપેલી વંશાવળીઓ તપાસતાં માલૂમ પડે છે કે મિત્રવિંદા અને કાલિંદી એક જ હતી, 'રોહિણી' એ જાંબવતીનું જ નામ હતું, માદ્રીનું નામ 'સુશીલા' હતું. જ્યારે લક્ષ્મણાનું પિતૃકુલ અનિર્દિષ્ટ છે. વળી એમાં જણાવેલી સુદત્તા શૈલ્યાનો અહીં સમાવેશ થતો નથી. ભાગવતમાં કાલિંદી અને મિત્રવિંદાને બે ગણી, લક્ષ્મણા અને માદ્રીને એક ગણી, આમ કરતાંય આઠની સંખ્યા બરાબર રહે, પરંતુ શૈલ્યાનો સમાવેશ થયો નહીં ને ભદ્રા ઉમેરાઈ.

ભૌમાસુરવધ, બાણાસુરવધ, પૌંડ્રકવધ, શિશુપાલવધ, શાલ્વવધ ઇત્યાદિ ઉત્તરકાલીન પ્રસંગો જાણીતા છે. શ્રીકૃષ્ણ હવે ગોપીઓને બદલે પત્નીઓના પ્રિયતમ બની ગયા છે. એમાં રુક્મિણીને એમણે મજાકમાં ખીજવી ને પછી રીઝવી (અ. ૬૦) એ પ્રસંગ રસપ્રદ છે.

अयं हि परमो लाभो गृहेषु गृहमेधिनाम् ।
यन्नर्मैर्नीयते यामः प्रियया भीरु भामिनि ॥ ३१

પ્રિયા સાથે ઘરમાં સર્વ ગોષ્ઠી (વિનોદ ગોષ્ઠી)માં એકાદ યામ (પ્રહર) પસાર થાય એ ગૃહસ્થીનો એક પરમ લાભ છે.

વાસુદેવ અનેક થયા. જૈન અનુશ્રુતિમાં નવ વાસુદેવ જણાવ્યા છે પરંતુ એ જુદા જુદા સમયે થયા. શ્રીકૃષ્ણ વાસુદેવ એમાંના એક હતા. પરંતુ એમના સમયમાં બીજા એક જણે વાસુદેવ હોવાનો દાવો કર્યો. એ હતો કરૂષાધિપતિ પૌણ્ડ્રક. તેણે કહેવડાવ્યું કે વાસુદેવ તરીકે એકલો હું જ

અવતરેલો છું. તું મારું નામ ને મારાં ચિહ્ન મિથ્યા ધારણ કરે છે. તે તજીને મારે શરણે આવ, નહિ તો મારી સાથે યુદ્ધ કર. એ પણ શંખ, ખડ્ગ, ગદા, શાંર્ગ, શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વનમાલા, પીતાંબર ઇત્યાદિ ધારણ કરતો હતો. શ્રીકૃષ્ણ વાસુદેવે ચક્ર વડે તેનો શિરચ્છેદ કર્યો.

શ્રીકૃષ્ણે ભીમ દ્વારા જરાસંધનો વધ કરાવી, જરાસંધે પૂરી રાખેલા રાજાઓને મુક્ત કર્યા ત્યારે તેઓ ચતુર્ભુજ વાસુદેવને શરણે આવ્યા ને તેઓએ ભગવાનની સ્તુતિ કરી. प्रपन्नान् पाहि नः कृष्ण। પ્રપત્તિ એ ભક્તિનું એક પરમ લક્ષણ છે.

દંતવક્ત્રવધનો પ્રસંગ પહેલવહેલો ભાગવતમાં નિરૂપાયો છે.

શ્રીદામાનો પ્રસંગ એ પરમ ભક્તના પ્રસંગ તરીકે નોંધપાત્ર છે ને ગુજરાતી સાહિત્યમાં ઘણો લોકપ્રિય નીવડેલો છે. અલબત્ત અહીં શ્રીદામા(સુદામા)નું સ્થાન જણાવવામાં આવ્યું નથી. ખરો ભક્ત ભગવાન પાસે જઈ ભૌતિક દ્રવ્ય યાચે ખરો?

સ્વર્ગ–અપવર્ગ(મોક્ષ)નું મૂળ જેના ચરણનું અર્ચન છે, તેણે ભક્તની સેવા કરી! માન ઘણું આપ્યું, પણ કંઈ ન દીધું! શ્રીદામાને તેમાંય ભગવાનનો શુભ આશય દેખાય છે. કહે છે: આ નિર્ધન ધન પામીને મને સ્મરે નહિ, આથી કરુણામય ભગવાને મને ધન ન આપ્યું. ભગવાનમાં ભક્તનો કેવો વિશ્વાસ!

દ્વારકાવાસી શ્રીકૃષ્ણ જાણે ગોપીઓને સાવ વિસરી ગયા હોય એવો ભાસ થાય છે. પરંતુ સૂર્યગ્રહણ નિમિત્તે યાદવો કુરુક્ષેત્ર ગયા ત્યારે ત્યાં ગોપ-ગોપીઓનું મિલન થાય છે ને ભગવાન તેમને મળીને આધ્યાત્મિક ભગવદ્‌ભક્તિનો બોધ આપે છે.

અહીં દ્રૌપદી કૃષ્ણની પત્નીઓને તેઓના વિવાહનો વૃત્તાંત પૂછે છે. અહીં રુક્મિણી, સત્યભામા, જાંબવતી, કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણા—એવાં આઠ નામ જણાવ્યાં છે (અ. ૮૩). આ નામો અને ક્રમ અ. ૫૮માં આપેલાં નામો સાથે મળતાં આવે છે.

અ. ૮૬માં શ્રુતદેવની ભક્તિ નિરૂપી છે. અ. ૮૭માં શ્રુતિઓએ (વેદોએ) કહેલી સ્તુતિ આપી છે. આ સ્તુતિ ભાગવતોમાં ગણી લોકપ્રિય છે. હસ્તલિખિત ગ્રન્થોમાં એની અનેક છૂટક પ્રતો મળે છે. એમાં ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું સુંદર નિરૂપણ છે.

અ. ૮૯માં વિષ્ણુ ભગવાનની શ્રેષ્ઠતા દર્શાવી છે. ભૃગુએ બ્રહ્મા, મહેશ્વર, અને વિષ્ણુ એ ત્રણે દેવોની પરીક્ષા કરી જોઈ, તો તેમાં વિષ્ણુ સર્વોત્તમ જણાયા. ભૃગુએ એમના વક્ષઃસ્થલમાં પાદપ્રહાર કર્યો તો વિષ્ણુ ભગવાન તેમની પગચંપી કરવા લાગ્યા!

સ્કંધ ૧૧નો મુખ્ય વિષય છે યાદવકુલનો સંહાર અને શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ. છતાં એના કેટલાક અધ્યાયોમાં ભક્તિનો મહિમા જોવા મળે છે. અ. ૨માં નારદ વસુદેવને ભાગવત ધર્મનો ઉપદેશ દે છે.

सर्वभूतेषु यः पश्येद् भगवद्भावमात्मनः ।
भूतानि भगवत्यात्मन्येष भागवतोत्तमः ॥ ४५

અ. ૪માં ભગવાનનાં ભૂત-વર્તમાન-ભાવિ કર્મ ગણાવ્યાં છે. અ. ૫માં ભગવાનને ન ભજનારાઓની શી ગતિ થાય છે તે સમજાવ્યું છે.

तमो विशन्त्यनिच्छन्तो वासुदेवपराङ्मुखाः ॥ २८

પછી વળી ભગવાન કયા કાલે, કયા વર્ણના, કેવા સ્વરૂપના, કયા નામે, કઈ વિધિથી પૂજાય છે તે વર્ણવ્યું છે.

યદુકુલનો નાશ થવાનો છે ને શ્રીકૃષ્ણ સ્વધામ જવાના છે એ જાણીને ઉદ્ધવ ભગવાનને કહે છે:

कथं त्वां प्रियमात्मानं वयं भक्तास्त्यजेमहि ॥ ६, ४५

અમે તો તારી કથા વડે દુસ્તર તમને તરી જઈશું.

ભગવાને ઉદ્ધવને બદ્ધ, મુક્ત સાધુ અને ભકતનાં લક્ષણ નિરૂપી ભક્તિયોગની વિગતો જણાવી (અ. ૧૧). અ. ૧૪માં પણ ભક્તિયોગનો મહિમા ગવાયો છે.

न साधयति मां योगो सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ २०

અ. ૧૫માં વિષ્ણુપદની પ્રાપ્તિ નિરૂપાઈ છે. અ. ૧૬માં ભગવાન પોતાની વિભૂતિઓ ગણાવે છે. આ અધ્યાય ભગવદ્ ગીતાના વિભૂતિયોગના અધ્યાય સાથે ઘણું સામ્ય ધરાવે છે. તે તે પદાર્થ વર્ગની સર્વોત્તમ વ્યક્તિ તે તે ભગવાનની વિભૂતિ, જેમ કે अक्षराणामकारोऽस्मि, आदित्यानामहं विष्णुः, सर्पाणामस्मि वासुकिः, मासानां मार्गशीर्षोऽहं, द्वैपायनोऽस्मि व्यासानां, वासुदेवो भगवतां, અને त्वं ( उद्धवः ) तु भागवतेष्वहम् ।

અ. ૨૦માં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણે યોગોનું નિરૂપણ ભગવાનના મુખે કરાયું છે. ભક્તિયોગ વડે ભજનાર ભગવાનના હૃદયમાં સ્થાન પામે છે, તેના સર્વ સંશયોનો તથા તેનાં સર્વ કર્મોનો નાશ થાય છે.

તેઓને સ્વર્ગ, વૈકુંઠ કે મોક્ષ જે જોઈએ તે મળે છે; પરંતુ એકાન્તી ભક્તો કંઈ વાંછતા નથી. ભગવાન પોતે તેમને 'અપુનર્ભવ કૈવલ્ય' આપે છે.

ભગવાને ઉદ્ધવને નિરૂપેલો ભક્તિયોગ અ. ૨૯માં સમાપ્ત થાય છે.

મદ અને મદિરાથી ઉન્મત થયેલા યાદવોનો પરસ્પર સંહાર થયો. શ્રીકૃષ્ણ તથા બલરામે દેહોત્સર્ગ કર્યો.

द्वारकां हरिणा त्यक्तां समुद्रोऽप्लावयत् क्षणात् ।
वर्जयित्वा महाराज श्रीमद्‌भगवदालयम् ॥ ३१, २३

શ્રીકૃષ્ણે તજેલી દ્વારકા પર સમુદ્રનાં પાણી ફરી વળ્યાં, માત્ર ભગવાનનું આલય બચી ગયું.

ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવના ચરિતનું સંકીર્તન અહીં સમાપ્ત થાય છે. તેમનાં જન્મ બાલચરિતો, અવતારવીર્યો ઇત્યાદિ કર્મોનું જે કીર્તન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે ને પરમહંસગતિમાં પરાભક્તિ પામે છે (અ. ૩૧, ૨૭-૨૮).

ભાગવતપુરાણનો મુખ્ય ભાગ અહીં પૂરો થાય છે.

સ્કંધ ૧૨મા પછી કલિયુગના ભાવિ રાજવંશોનો વૃત્તાંત આપવામાં આવે છે. તેમાં કયારેક ભક્તિનો નિર્દેશ ચમકી જાય છે.

શ્રીકૃષ્ણમાં ભક્તિ પામવા ઇચ્છનારે નિત્ય વારંવાર તેમનો ઉત્તમ શ્લોક (યશ) ગુણાનુવાદ ગાતા રહેવો, જે 'અમંગલઘ્ન' છે (૩, ૧૫). અ. ૮માં માર્કંડેય ઋષિનુ ચરિત્ર શરૂ થાય છે. તે પરમ નિશ્ચલ તપસ્વી પાસે નરનારાયણરૂપે હરિ પ્રગટ થયા. તે શુકલ-કૃષ્ણ હતા, ચતુર્ભુજ હતા, કમંડલુ ને દંડ ધારણ કરતા હતા. માર્કંડેયે કરેલી ભગવાનની સ્તુતિ ટૂંકી પણ ભાવસભર છે. ભગવાને તેમને પોતાની માયાનું દર્શન કરાવ્યું. ભગવાન કહે છે, વરદાન માગો. મારું દર્શન અમોઘ હોય છે. ઋષિ કહે છે, શું માગું? તમારા દર્શનથી હું પૂર્ણકામ થયો. છતાં માગું તો આટલું જ—ભગવાનમાં તથા ભગવત્-પરાયણ ભકતોમાં અચ્યુત ભકિત (૨૦, ૩૪).

અંતિમ સ્કંધના અંતિમ અધ્યાયનો આરંભ यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः એ પ્રસિદ્ધ શ્લોકથી થાય છે. ભગવાનની સ્તુતિ કરતાં સૂત અંતે શું વાંછે છે?

भवे भवे यथा भक्तिः पादयोस्तव जायते ।
तथा कुरुष्व देवेश नाथस्त्वं नो यतः प्रभो ॥ २२

नामसङ्कीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥ २३

ભવે ભવ તમારાં ચરણની ભક્તિ થતી રહે એવું કરો.

ખરો ભકત તો મોક્ષના કરતાં ય એવી ભકિત જ વાંછે છે.

આમ શ્રીમદ્ ભાગવત-પુરાણ એ ભગવદ્-ભક્તિનો શ્રેષ્ઠ ગ્રંથ હોઈ એમાં ભક્તિનો અપાર મહિમા ગાયેલો છે.

# ઋષિકેશનાં બે શિલ્પો

મણિભાઈ વોરા

મારી ઉત્તર ભારતની યાત્રા દરમ્યાન તા. ૫-૫-'૭૪ને રવિવારે હું ઋષિકેશમાં હતો. ઋષિકેશના ભરતમંદિરની સામેના વડના થાળામાં કેટલાક શિલ્પખંડો મારી નજરે ચડયા. સામાન્ય ઉત્તર ભારતના બધા મૂલ્યવાન અવશેષોની નોંધ લેવાઈ ગયેલ છે; પણ આ અવશેષોમાંના બે હજુ વણનોંધાયેલ મને લાગતાં, 'સ્વાધ્યાય' દ્વારા તેને જાહેરમાં મૂકવા આ મારા સામાન્ય કેમેરાથી સાંજના સમયે લીધેલ બે ફોટો સાથે મોકલું છું.

ચિત્ર ૧ (જુઓ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર) : આ અવશેષોમાં એક ઊભી મૂર્તિ ભગવાન બુદ્ધની લાગે છે. લગભગ ત્રણ ફૂટ ઊંચાઈની આ મૂર્તિને આજુબાજુના લોકો 'ભરતજી' તરીકે ઓળખાવે છે. યાત્રાળુઓ પણ 'ભરતજીએ અહીં ઊભા ઊભા તપ કરેલું' એવા સ્મરણ સાથે આ ઘસાયેલી મૂર્તિને અભિનંદે છે. હકીકતમાં આ ઈ. સ.ની પહેલી-બીજી સદીની મૈત્રેય બુદ્ધની પ્રતિમા છે. દક્ષિણ હસ્ત અભય મુદ્રામાં ઊંચે ઉઠાવેલ છે અને વામ હસ્તે અમૃતકૂપી લીધેલ છે એવી ઊભેલ આ મૂર્તિ છે. ભારતમાં પ્રાપ્ત આવી એક મૈત્રેય બુદ્ધની પ્રતિમા હાલ દિલ્હીના નેશનલ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલી છે. મથુરા મ્યૂઝિયમમાં આવેલી ત્રણેક બોધિસત્વ પ્રતિમાઓ સાથે સાથે પણ આનું સામ્ય સ્પષ્ટ છે.

ચિત્ર ૨ (જુઓ આ અંકના પાછલા પૂઠા ઉપરનું ચિત્ર) : બીજો અવશેષ કોઈ આઠેક ફૂટની વિરાટ પ્રતિમાનું મસ્તક છે, ખભા પાસેથી તૂટેલો આ ભાગ અહીં ટાયાયેલ પડયો છે. આ મસ્તક પણ બુદ્ધ મૂર્તિનું લાગે છે. ભારતીય કલાના પ્રારંભના તબક્કાનું હોઈ ઘણું જ અગત્યનું શિલ્પ જણાય છે. મથુરા મ્યૂઝિયમની આઠેક ફૂટની યક્ષ મૂર્તિ અને સારનાથ માંહેના એવડી જ બોધિસત્વની પ્રતિમા સાથે આ શિલ્પખંડનું સામ્ય છે.

ગાંધાર અસર ધરાવતા આ બન્ને અવશેષો સ્પષ્ટતઃ મથુરા શૈલીના હોવાનું હું માનું છું.

ભરતમંદિર(ઋષિકેશ)ના વટવૃક્ષના થડની આજુબાજુ બીજા પણ શિલ્પાવશેષો પડેલા છે તેની વિગતે નોંધ લેવી ઘટે. કોઈ મૂર્તિ ઉપર સાધુઓએ વસ્ત્ર ચડાવ્યાં છે જે વિનંતી છતાં હટાવી શકાયાં નહિ.

# 'વિક્રમચરિત્રરાસ': એક દૃષ્ટિ

સુભાષ મ. દવે

સંવત ૧૫૬૫માં રચાયેલી પ્રસ્તુત કૃતિ મધ્યકાલીન પદ્યવાર્તા કે લોકકથાસ્વરૂપની પ્રતિનિધિ કૃતિ છે. વસ્તુ અને બંધારણની દૃષ્ટિએ જોતાં એ એક સ્વયંસંપૂર્ણ સળંગ લાંબી વાર્તારૂપે પ્રસ્તુત થઈ છે. એનો રચયિતા જૈન કવિ ઉદયભાનુ છે. એના ગુરુ, પૂર્ણિમાગચ્છના જગવિખ્યાત ગુરુ રાજતિલકસૂરિના શિષ્ય વિનયતિલકસૂરિ હતા. ઉદયભાનુની આ એક જ ઉપલબ્ધ કૃતિ છે.

પ્રસ્તુત કૃતિનાં કથાવસ્તુ અને રચના, બંનેમાં, કવિએ પ્રાચીન વાર્તાપરંપરાનું અનુસંધાન સ્વીકાર્યું છે. પ્રાચીન વાર્તાપરંપરાની જેમ 'વિક્રમચરિત્ર રાસ'નું વસ્તુ પણ ઇતિહાસ કે પુરાણ-વિષયક નહિ, પણ લોકોને આકર્ષતી અને લોકોમાં પ્રચલિત વાર્તાઓનું બનેલું છે. વિખ્યાત રાજા વિક્રમના પ્રતાપી પુત્ર વિક્રમકુમારનાં ચાતુર્ય, ધૈર્ય અને પરાક્રમ 'વિક્રમચરિત્ર રાસ'નું મુખ્ય કથાવસ્તુ છે. આ જ કથાવસ્તુનું નિરૂપણ કરતી અન્ય રચનાઓ પણ મળે છે. એમાં સમય દૃષ્ટિએ ૧૫મા શતકના જૈન કવિ સાધુકીર્તિની 'વિક્રમચરિત્રકુમાર રાસ' રચના સૌથી પ્રાચીન છે. કાળાનુક્રમે, આ વાર્તાચક્રમાં, ઉદયભાનુરચિત પ્રસ્તુત કૃતિ એ પછી રચાયેલી છે. કવિ મધુસૂદન, અભયસોમ અને પરમસાગરની રચનાઓ ઉદયભાનુની રચના પછી રચાયેલી છે.

ઉદયભાનુએ વિક્રમનો રાસ નિરૂપતાં કૃતિના પૂર્વાર્ધરૂપે એના પિતા રાજા વિક્રમનું કથાનક લંબાણપૂર્વક આલેખ્યું છે. વિક્રમકુમાર જેની કૂખે જન્મ લે છે એ લીલાવતી સાથે રાજા વિક્રમે કેવી રીતે લગ્ન કર્યાં, એ કથાનકનું નિરૂપણ કૃતિના આરંભની ૨૧૭ કડી પર્યન્ત વિસ્તાર્યું છે. રાજા વિક્રમનું કથાનક કૃતિનો મુખ્ય વિષય નથી એ દૃષ્ટિએ જોતાં આ વિસ્તાર વસ્તુ-સંવિધાનની કલા પરત્વે કવિનું બેધ્યાનપણું સૂચવે છે. રાજા વિક્રમનું ચરિત્ર રોમાંચક અને લોકહૃદયને જકડી રાખનારું હોઈ કૃતિના કેન્દ્રવર્તી કથાનકથી પૃથક્ રીતે પણ શ્રોતાજનને આકર્ષે એ વાત કૃતિના સંદર્ભમાં ગૌણ બની જાય છે. રાજા વિક્રમનાં લીલાવતી સાથેનાં લગ્નનું કથાનક વાર્તાના પૂર્વાર્ધને પ્રેમકથાના વર્ગમાં મૂકવા પ્રેરે છે.

વિક્રમ એ કોઈ રાજા, મહારાજા કે સમ્રાટ હતો કે કેમ એ પ્રશ્ન બાજુએ રાખીએ તો, એ સર્વ જાદુઈ વિદ્યાઓમાં પારંગત એક વિદ્યાધર હતો, એમ વિક્રમવિષયક વાર્તાચક્ર પરથી કહી શકાય તેમ છે. ઉદયભાનુએ વિક્રમના પરદુઃખભંજક, પરાક્રમી, દયાળુ, દાનવીર અને પુણ્યશ્લોક વ્યક્તિત્વને કલાત્મક રીતે આલેખવાને બદલે આ ગુણસંપન્ન વ્યક્તિત્વનો ઉલ્લેખ માત્ર આરંભમાં કરીને વિશેષ તો લોકકથાના એક કામાસક્ત નાયક જેવો ચીતર્યો છે. રાત્રીના સમયે સ્વપ્નમાં ચંપાનગરીની રાજકુંવરી લીલાવતીના રૂપસૌન્દર્યથી એ કામાસક્ત બન્યો છે અને મંત્રીની સહાયથી યુક્તિપ્રયુક્તિ કરી લીલાવતીને મેળવીને જ જંપે છે. ઉદયભાનુએ આ કથાનકને નિરૂપવા માટે ઊભા કરેલા પ્રસંગો ને એ પ્રસંગોમાં પ્રગટતું વિક્રમનું ચલન-વલણ એના પ્રણયીરંગ સાથે ધૂર્ત

વ્યક્તિત્વને પણ ઉપસાવે છે. લીલાવતી પુરુષદ્વેષિણી છે, એમ જાણી એણે સ્ત્રીદ્વેષીનો ભજવેલો પાઠ એની ધૂર્ત વિદ્યાની દ્યોતક ઘટના છે. વિક્રમનું આ પ્રકારે પાત્રાલેખન ઉદયભાનુનું મૌલિક સર્જન નથી. 'પંચદંડ'ની વાર્તામાં અને પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની કૃતિમાં વિક્રમને ધૂર્ત, દ્યૂતકાર અને કૂટકલાદક્ષ નિરૂપ્યો છે, એટલું જ નહિ 'કથાસરિત્સાગર' અંતર્ગત ચોરશાસ્ત્રના પ્રણેતા મૂલદેવના કથાનક સાથે પણ એનો સંબંધ સ્વીકારાયો છે. વળી 'બૃહત્કથા' અને 'કથાસરિત્સાગર'ની વાર્તાઓનો નાયક નરવાહનદત્ત, 'વસુદેવ-હીંડી'નો વસુદેવ અને 'અંબડચરિત્ર'નો અંબડ વિદ્યાધર આદિ પાત્રો પરિવર્તિત થતાં થતાં વિક્રમનું લોકપ્રિય પાત્ર નિર્માયું છે, એ અભ્યાસીઓને સુવિદિત છે.

વિક્રમ સાથે વેતાળનો પણ ઉદયભાનુએ બે વાર ઉલ્લેખ કર્યો છે: એક તો વિક્રમની ઓળખ આપતા કહ્યું: 'વિકટ વીર આગીઓ વેતાલ, સાહસથી જીત્યઉં તત્કાલ' અને બીજી વાર આ વિકટ વીર વેતાલે જ મદનની મૂર્તિમાં પ્રવેશકરીને યોગીનો વેશ ધારણ કરેલા વિક્રમના પૂર્વભવની વાતના સંદર્ભમાં એણે (વિક્રમે) લીલાવતીને પરણવા માટે યોજેલ યુક્તિને સફળ બનાવી હતી. આમ વિક્રમની સિદ્ધિના આગળ કરેલા ઉલ્લેખને અહીં ચરિતાર્થ કરી બતાવ્યો છે. આ વેતાલનું પાત્ર કૃતિમાં અદ્‌ભુત સૃષ્ટિને સજીવ બનાવવા માટે વિક્રમ વિષયક વાર્તાચક્રના સામાન્યતઃ બધા કવિઓએ ખપમાં લીધું છે. 'વેતાલપચીસી', 'સિંહાસનબત્રીસી' અને 'પંચદંડ'ની વાર્તાત્રયીમાં પણ સિદ્ધવિદ્યાના પ્રતીકરૂપે વેતાલ અને વિક્રમના પાત્રની જેમ વેતાલનું પાત્ર પણ 'કથાસરિત્સાગર'ની વાર્તાસૃષ્ટિ જેટલું જૂનું છે. 'કથાસરિત્સાગર'માં 'અગ્નિશિખ', 'યમશિખ', 'ભૂતકેતુ' આદિ જુદા જુદા વેતાલના ઉલ્લેખો મળે છે. તેઓ પૈકીનો અગ્નિશિખ અથવા આગિયો વેતાલ જ વિક્રમનો સહાયક. ઉદયભાનુએ વાર્તાચક્રની આ પરંપરાને સ્વીકારીને આગિયા વેતાલને વિક્રમનો સહાયક બતાવ્યો છે.

વિક્રમના કથાનકની સંકલનામાં ઉદયભાનુએ પ્રયોજેલ સ્વપ્નપ્રસંગ કથાવસ્તુનો બીજ નિક્ષેપક પ્રસંગ છે. આ પ્રસંગથી સમગ્ર કથાનકને એક ધક્કો વાગે છે અને એમાંથી એક પછી એક એમ પ્રસંગપરંપરા ઊભી થાય છે. વિક્રમનું સ્વપ્ન, મંત્રી દ્વારા સ્વપ્નભંગ, મંત્રી પર રોષ, મંત્રીની ચિંતા અને દુઃખનિવારણ માટે ઉપાયો, અવધૂતનો ભેટો, લીલાવતીની માહિતીની સંપ્રાપ્તિ, વિક્રમ અને મંત્રીનું ચંપાનગરી જવું, વેશપરિવર્તન કરી લીલાવતી સાથે મંત્રીની મુલાકાત, મદનભુવનમાં નાટકની યોજના, વિક્રમ-લીલાવતીની પ્રશ્નોત્તરી અને અંતે, બન્નેનાં લગ્ન, એમ કથાનકનું એકધારું નિર્વહણ સધાયું છે. ઉદયભાનુએ આ પ્રસંગપરંપરાના નિયોજનમાં પરંપરાપ્રાપ્ત લિંગપરિવર્તનના 'મોટીફ'નો કરેલો ઉપયોગ ઉલ્લેખપાત્ર છે. વિક્રમ અને મંત્રી ચંપાનગરી તરફ નીકળ્યા છે, લીલાવતીની શોધમાં. ત્યાં માર્ગમાં એક જંગલમાં વિરહાનલથી ત્રસ્ત વિક્રમ દ્રાક્ષમંડપમાં નિદ્રાધીન થયો. એટલામાં એક વિદ્યાધર યુગલ આવ્યું અને વિક્રમને સૂતેલો જોઈ એના પગે જડીબુટ્ટી બાંધી તેથી એ સ્ત્રી બની ગયો. થોડી વાર પછી સ્ત્રીયુગલ આવ્યું ને બીજું ઔષધ પગે મૂકયું તો તે પુરુષ બની ગયો. આ પ્રસંગમાં ઉલ્લેખાયેલ જડીબુટ્ટીનો જાદુ અદ્‌ભુતની રસસૃષ્ટિ નિષ્પન્ન તો કરે જ છે, પણ એ સાથે ભાવિમાં લીલાવતીને મેળવવામાં જે યુક્તિ-પ્રયુક્તિનો આશ્રય લેવો પડે છે, એની ભૂમિકા પણ અહીં રચાતી આપણે જોઈ શકીએ.

વળી આ જડીબુટ્ટીની પ્રાપ્તિથી એ યુક્તિ-પ્રયુક્તિઓની સંભવિતતા-અસંભવિતતાના પ્રશ્નમાંથી શ્રોતાને ઉગારી લે છે. આમ વાર્તાની પ્રસંગશ્રેણીના એક ચાલક બળ તરીકે લિંગપરિવર્તનનું 'મોટીફ' અહીં સફળ રીતે પ્રયોજાયેલું જણાય છે.

કૃતિના ઉત્તરાર્ધમાં મુખ્ય કથાનકનું નિરૂપણ થયું છે. વિક્રમકુમારના પરાક્રમ વર્ણવવાનું વાર્તાકારનું લક્ષ્ય છે. એથી માતા લીલાવતીને ધૂતીને પરણી જનાર પિતા વિક્રમને ધૂર્તતાનો પદાર્થપાઠ શીખવવાનો જાણે સંકલ્પ કરી ઉજ્જૈન આવે છે અને એક વણિક મિત્ર ચંપકની સહાયથી ઉજ્જૈનની પ્રજાને પોતાની ધૂર્તવિદ્યાના પરચા બતાવતો બતાવતો અંતે રાજા વિક્રમને પણ એનો ભોગ બનાવી દરબારમાં પ્રત્યક્ષ પ્રગટ થઈ પુત્ર તરીકેની પોતાની ઓળખ આપે છે. પુત્ર તરીકે ઓળખ આપતાં એ કહે છે કે 'મુજ માતા ધૂતારી તુહ્મે તીણઈ વયર પુરવંચિઉં અહ્મે.' આમ વાર્તાનો આ ઉત્તરાર્ધ પૂર્વાર્ધ સાથે અનુસંધાન પામે છે. આખી વાર્તાનું કેન્દ્ર, આ સન્દર્ભમાં, પાત્ર નહીં, પણ शठं प्रति शाठ्यનું દૃષ્ટિબિન્દુ બને છે એથી અહીં નિરૂપિત ઘટનાઓ પૂર્વયોજિત બની જાય છે. અને તેથી વસ્તુવિકાસમાં એક પ્રકારની, અસ્વાભાવિકતા અનુભવાય છે. પાત્રોને કશીય વૈયક્તિતતા પ્રાપ્ત થતી નથી, બધાં પાત્રો કવિના હાથમાં કઠપૂતળીની જેમ રમતાં હોય એવું લાગે છે. દેપા નાપિત, સેલુત, શશિદેવ-મૂલદેવ, દામોદર પુરોહિત, ગાંગ વેશ્યા, રજક અને ખુદ વિક્રમને એમ એક પછી એક બધાંને વિક્રમકુંવર ઠગે છે અને પોતાની ધૂર્તવિદ્યાની પારંગતતાને કારણે અરધું રાજ્ય મેળવી ધૂર્ત પિતા કરતાં સવાયો ધૂર્ત પોતાને સાબીત કરે છે. આમ એની ઉપસ્થિતિ વાર્તાકારના હાથમાં રમતા રમકડા જેવી બની રહે છે. વળી અનેક પ્રસંગો હોવા છતાં એમાં પરિસ્થિતિજન્ય વૈવિધ્યનો અભાવ હોવાથી વાર્તારસ પણ મોળો બની જાય છે.

વિક્રમકુમારના ધૂર્તવિદ્યાના પ્રસંગોમાં પ્રચ્છન્નશ્રવણ (overhearing) 'મોટીફ'નો થયેલો ઉપયોગ ધ્યાનપાત્ર છે. ઉદયભાનુએ કથા નિરૂપણમાં વાર્તાપરંપરામાં વિનોદલાભ માટે ચાતુર્યસભર સમસ્યાઓ કે આડકથાઓનો દેખાતો ઉપયોગ નહીંવત કરી નાખ્યો છે, એ એની એક નોંધપાત્ર વિશિષ્ટતા ગણી શકાય.

પદબંધની દૃષ્ટિએ વિચારતાં, અહીં, પ્રાચીન વાર્તાપરંપરાને અનુસરીને ચોપાઈ અને દૂહાનો પદબંધ રચાયો છે. 'વસ્તુ' અને 'ગાથા' જેવા પ્રાકૃત વાર્તાપરંપરાના છંદો પણ અહીં પ્રયોજાયા છે. વળી એક સ્થળે 'રાગદેશા'ની પાંચ કડી પણ રજૂ થઈ છે. આમ 'વિક્રમચરિત્ર-રાસ'માં છંદવૈવિધ્ય જોવા મળે છે. પરંતુ આ વૈવિધ્યની કોઈ સાભિપ્રાયતા સિદ્ધ થઈ શકે તેમ જણાતું નથી. કૃતિના આરંભમાં અને ઉપસંહારની પૂર્વે એમ બે વાર અહીં 'વસ્તુ' છંદ પ્રયોજાયો છે. પરંતુ આ બંને સ્થાનો પર આ છંદ પ્રયોજન પાછળનું કવિનું કોઈ ચોક્કસ ઉદ્દિષ્ટ પ્રતીત થઈ શકતું નથી.

'વિક્રમચરિત્રરાસ'ની ભાષાનું સ્વરૂપ સાડાચારસો વર્ષ જૂનું છે. વિક્રમના ૧૬માં શતકમાં રચાયેલી અન્ય કૃતિઓની ભાષા સાથે એની તુલના કરતાં મધ્યકાલીન ગુજરાતીની બધી લાક્ષણિક-તાઓ એમાં સચવાયેલી જોવા મળે છે. ૧૭મા શતકમાં ગુજરાતી ભાષાનું અર્વાચીન સ્વરૂપ સ્પષ્ટ પ્રાપ્ત થાય છે. એ પૂર્વેનું અને અપભ્રંશ પ્રાકૃતિથી ભિન્ન એવું મધ્યકાલીન ભાષાસ્વરૂપ આ કૃતિમાં

સચવાયું છે. 'કાન્હડદેપ્રબંધ' ભાલણરચિત 'નળાખ્યાન' અને કેશવરામકૃત 'કૃષ્ણલીલા કાવ્ય' જેવી રચનાઓમાં મળતા ભાષાસ્વરૂપ સાથે 'વિક્રમચરિત્રરાસ'ની ભાષાનું મળતાપણું સ્પષ્ટ છે. રાસના સંપાદનમાં સં. ૧૭૦૬ની પ્રત ઉપયોગમાં લેવાઈ છે, એમ છતાં એમાં જૂની ભાષાની લાક્ષણિક મુદ્રા સચવાઈ રહી છે, એનું શ્રેય લહિયાને આપી શકીએ. 'વિક્રમ ચરિત્રરાસ'ની ધ્વનિમાલામાં તદ્ભવ શબ્દોમાં અન્ત્ય કે ઉપાન્ત્ય સ્વરયુગ્મો अइ-अउ-માંથી ऐ, औ સંયુક્ત સ્તરો વિકસ્યા નથી. 'जैन', 'क्षीर', 'रौद्र' જેવા સંસ્કૃત તત્સમ શબ્દોમાં જ એ સચવાયા છે. એ જ પ્રમાણે ऋ પણ સંસ્કૃત તત્સમ શબ્દોમાં જ મળે છે. અન્યથા 'ઋ'નો 'રિ' થયેલો છે. 'न' અને 'ण' માંથી તદ્ભવ શબ્દોમાં સ્વરમધ્યવર્તી 'ण' સવિશેષ પ્રયોજાયો છે. મૂર્ધન્ય 'ष' સંસ્કૃત તત્સમ પૂરતો જ જોવા મળે છે. જ્યાં એ તદ્ભવ શબ્દમાં એ પ્રયુક્ત છે, ત્યાં એ 'ખ'નો લિપિસંકેત હોય છે. षाइ, षेहइ, मुषि જેવા શબ્દોમાં 'ष' 'ખ'નો લિપિસંકેત જ છે. સંસ્કૃત 'श्' તદ્ભવમાં 'स्' રૂપે મળે છે ( सेलहुत, संति, सिउं ).

विक्रम, मरहुंडीया, मलीआगरी, लीलावती, माटीपणउं, मुलवे જેવા અકારાંત, આકારાંત, ઈકારાંત, ઉકારાંત અને એકારાંત એવા નામોના વિભિન્ન પ્રકારની આ ભાષારૂપમાં સ્થિતિ સૂચવે છે. નામોની ત્રણે જાતિઓ અને બહુવચનના आ અને औं પ્રત્યયો પણ મળે છે. વિભક્તિમાં તૃતીયાનો इ અને ए પૈકીનો इ વિશેષ પ્રયુક્ત થયો છે. ચોથીનો नइ પંચમીનો हिं थकी; ષષ્ઠીનો तणइ, तगउ અને नु, સપ્તમીનો इ વ્યાપકપણે અને मांहि ક્વચિત પ્રત્યય અનુગોનો ઉપયોગ થયા કર્યો છે. સર્વનામોમાં 'હું' અને 'તું'નાં વિભિન્ન વિભક્તિ રૂપો પ્રાપ્ત થાય છે એમાં 'હું'નું તૃતીયા એ.વ.નું રૂપ मइँ નોંધપાત્ર છે. ક્રિયાપદોમાં મુખ્ય ત્રણે કાળનાં રૂપ સુલભ છે.

# ટૂંકી વાર્તાનું કાવ્ય

**હસિત હ. બૂચ**

ટૂંકી વાર્તા અંગે કાવ્ય કે ઊર્મિકાવ્યની સંબંધકડી અવારનવાર ચીંધાઈ છે. આધુનિક ટૂંકી વાર્તા એના કાવ્યરૂપ તરફ વધુ ઝૂકે છે. આ બન્ને સ્વરૂપો પરત્વે લેખક જ નહીં, વાચક-ભાવક પણ સુસજ્જ અને જાગ્રત હોય એવી અપેક્ષા સેવાય છે, તોયે એક જુદાઈ બેઉ વચ્ચે એવી છે કે કાવ્યો નિયમિત ઘણાં લખાતાં હશે છતાં એ પ્રમાણમાં વંચાતાં નહીં હોય અને તે પરનાં વિવેચનો કે તે સ્વરૂપ વિશેનાં વિવેચનો વધુ વંચાતાં હશે પરંતુ વાર્તાઓ તો નિયમિત ઘણી લખાય છે-વંચાય છે ને તેનાં વિવેચનો ઓછાં લખાતાં અને એથીયે ઓછાં વંચાતાં હોય છે! ટૂંકી વાર્તાની સૂક્ષ્મતા વિવેચનોમાં સમજાવાય, પણ કાવ્યસંગ્રહો કરતાંયે કદાચ વાર્તાસંગ્રહો છાપવા-વસાવવામાં ઉત્સાહ ન હોય, એવું એ ક્યાં નથી જણાતું ?

ટૂંકી વાર્તા ખૂબ લખાતી-વંચાતી હોવાથી એનું કાવ્ય વાર્તાના ભાર તળે દબાઈ જાય એવું તો વ્યાપકપણે બને જ. તે સાથે એવું ય થાય કે એનું કાવ્ય ફોરાવવા જતાં એની વાર્તા અદ્ધર સરી જાય. આમાંથી વાર્તા અદ્ધર રહે ત્યારે તો એમ જ થાય કે આના કરતાં અછાંદસ્ કવિતા જ લખાઈ હોય તો હરકત નહીં ! તે સાથે કાવ્યની લગીરે ફોરમ ન ઊઠે કે એની તૃપ્તિ ન થાય તો વાર્તા હવે અનાકર્ષક જ રહેવાની. ટૂંકી વાર્તા એ અર્થમાં આધુનિક-અપૂર્વ સાહિત્યસ્વરૂપ છે. પહેલાં વાર્તા સમૂહરૂપે સાંભળવાની હતી ત્યારે ન હતી એવી કાવ્યસુરખી હવે વાર્તામાં સ્વાભાવિક રીતે છવાવી ઘટે. શ્રી ફ્રેંક ઑ' કોનોરે યથાર્થ લખ્યું છે કે ટૂંકી વાર્તાનો લેખક much more of a writer, much more of an artist હોય; અલબત્ત એણે એય ઉમેરી આપ્યું છે કે તે Too much of an artist ન હોય. ઉત્તમ નવલિકાકાર વાર્તાથી દૂર ભાગે એમ એ કહે છે તેનો અર્થ એ નહીં કે એ એનો સંબંધ જ તજી દે છે; પણ અર્થ એ જ કે એ કાવ્યનો પરિમલ વધુ બક્ષે છે; મુશ્કેલી ત્યાં જ છે કે જો વાર્તા આમ વાર્તા રહીને જ કાવ્યની નજીકની કલા થતી હોય તો એ વિવેક સિદ્ધ કેમ કરવો ? આમ તો કહેવાય કે એનો આધાર લેખકની પ્રતિભા અને સર્જકતા પર છે; તોયે એની કંઈક ઝાંખી મેળવી શકાય ખરી. અહીં એ દૃષ્ટિથી ટૂંકી વાર્તાનું કાવ્ય વિચારવા ઉદ્દેશ છે.

ટૂંકી વાર્તામાં ઘટના કે પાત્રનું મહત્ત્વ ઓછું નથી. તેમાંથી જ એનો ધ્વનિ સ્ફુરે છે, રસ ઝમે છે. આજે હવે પાત્ર પર, તેના આંતરદર્શન પર લેખકની મીટ વધુ મંડાય છે. એ જોતાં ઘટના-ભાર ઓછો-નહીંવત્ થાય એમાં આધુનિકતા ગણાય છે. એનો અર્થ એ કે એક જ ઘટના હોય એવી બીજી નાની નાની ઘટનાઓ પણ ધ્યાન ખેંચે તેવી હોય, ઉપાડ ને અંત ઘટનાની અપેક્ષાએ સદ્ધર હોય એમ હવે ન બને. સમગ્ર લક્ષ હોય, અભિપ્રેત પાત્રના આંતરને સૂચવવાનું જ. તેમાં સળંગ પ્રતીતિ વાર્તાની તો થવી જ જોઈએ; નહીં તો કૃતિ સ્કેચ થઈ રહે. વાર્તા મનોવિશ્લેષણનું

"પ્રકરણ" થઈ જાય એ કરતાં આજે તે સ્કેચ બની જાય એવું ભયસ્થાન વધુ સંભવિત છે. તે ન થાય એ માટે જ ઘટનાનો આધાર કે તેનો પોષક સ્પર્શ અપેક્ષિત છે.

પાત્રના આંતર આલેખનને નાનીમોટી ઘટનાઓથી કે ભાવપ્રતીકોથી કે પછી એના સંવેદન-ચિંતનથી આલેખાય, પરંતુ એમાં મહત્ત્વનું છે તે તો જેને કુ. નેન્સી હેલ feeling કહે છે તે. તેઓએ Emotionથી આ feelingને નોખી બતાવી સ્પષ્ટતા કરી છે કે એ છે Method of perceiving—અર્થાત્ પાત્રનો આંતરિક અનુભવ—માનસિક અનુભવ લેખક કઈ રીતનો અનુભવે છે તે. બીજી રીતે કહીએ તો એક યા વધુ પાત્રોના કયા આંતરસંદર્ભ પર લેખકનું લક્ષ છે તે પ્રતીત થવું જોઈએ. પાત્રની એક લાગણી કે તેની આસપાસનું મંથન, તેનો મધુર કે કરુણ અંત, પાત્રની અનેક લાગણીઓની પરસ્પર વિરોધદર્શી ખેંચતાણ કે તેમાંથી જ વ્યંજિત કોઈ એક જાતની સંકુલતા, ગમે તે લક્ષાય. એમાં જરૂર છે તે લેખકનો Angle, વાર્તા લખનારનાં આશય-દૃષ્ટિ-ઇંગિત. એથી ય જરૂરનું એ છે કે સહૃદય અને સજ્જ ભાવક-વાચકને તે "સમજાઈ જવું" જોઈએ. સ્પષ્ટ છે કે જો વાર્તાકાર અભિવ્યક્તિની ધાર પરત્વે જાગરૂક હોય, તો જ આમ થાય. ઉપરાંત એ સામાન્યપણે સાચું જ છે કે લેખકની Method of perceiving તે કઈ ઘટના—ઘટનાઓ પસંદ કરે છે તે પર પણ આધાર રાખે છે.

ફ્રેન્ક ઓ' કોનોરે તેથી જ નાટકની જેમ વાર્તામાં તાત્કાલિકતા—શીઘ્રતાવાળી ઘટનાનું મૂલ્ય યાદ કરાવ્યું છે. ભલે ઘટનાના અલ્પત્વની કિંમત સ્વીકારીએ. કુ. નેન્સી હેલે દર્શાવ્યું છે તેમ, વાર્તામાંની લેખકની 'Feeling', 'Thing-centred' હોવી જોઈશે. તે વિના વાર્તા સ્પર્શક્ષમ થતી નથી. એમણે કહ્યું છે કે વાર્તામાં જે "બનતું" હોય તે લેખકનું પંડનું—અંગત જણાવું જોઈએ.[1] આમ ઘટનાનું મહત્ત્વ છે અને નથી. વાર્તાકારની સંવેદના, પાત્રના આંતર જીવનની વિભાવના ઘટનાના સ્પર્શથી સદેહ બને, પણ એટલું જ ઘટનાનું કાર્ય છે એ યાદ રાખવા જેવું છે. શ્રી રસિકલાલ છો. પરીખે વાર્તામાં બનાવોના વ્યંગ્યમાં રસાનુભવ ચીંધ્યો છે અને બનાવની કડીમાંથી લાગણીની કડી નીપજે તે મહત્ત્વનું કહ્યું છે તે આ અર્થનું જ છે. એ સ્પષ્ટતામાં એમણે વાર્તા કાવ્ય બનવી ઘટે એ તો વિશદ કર્યું છે જ.

"ઝબકારો" 'Immediacy'[2] કે : વાર્તા : must explode in one crisis'[3] આદિ સ્પષ્ટીકરણથી ટૂંકી વાર્તામાં ત્વરિત નિર્વહણ પર ભાર મુકાતો રહ્યો છે. શ્રી તુર્ગેનેવ વાર્તામાં નિબંધ યા કાવ્યની Static quality દર્શાવે છે તે સમગ્રપણે એમાંની પ્રૌઢ કવિતા પર ધ્યાન દોરવા; બાકી એ બે જેવો "વૈભવ" કે "અવકાશ" વાર્તાને ન પોસાય. વાર્તાએ એક જ ઝબકારે એનું ઇંગિત પ્રતીત કરાવવાનું હોય. આજે એને સ્થૂલ અર્થમાં ઘટાવી કવચિત્ પાત્રની ઝીણી કે અસંબંધિત ભાસતી વિગતો સળંગ આવતી જોઈને કે તેની ચર્ચાને એવે રૂપે સાદ્યંત ખડકાયેલી ગણીને રાવ કરાય કે આમાં "એક ઝબકારામાં જ"ની શરત તૂટી;—એ બરાબર નથી. "એક ઝબકારામાં"નો માયનો એ નથી કે અદ્ધર શ્વાસે વંચાતાં યે વાર્તાએ કોઠો ટાઢો કરવો જોઈએ. ટૂંકી વાર્તાને એનો ખાસ વાચક હોય. તે Impressible, Emotional, Swiftly, intelligent હોય એમ કહેવાયું છે.[4] તેમાં છેલ્લી ઓળખ

1 "....should mean something private to the writer",
૨ રિચર્ડ સમર્સ. ૩ નેન્સી હેલ. ૪ બેરી પેઈન.

(ચપળ બુદ્ધિપ્રભા-સંપન્ન) અગત્યની છે. ઘણી વાર પેલી "એક ઝબકારા"ની વાતમાં વાચકનો મુદ્દો વીસરાતો રહે છે. એકાગ્ર ઝડપી થવું એટલે ઘટનાચક્ર એવું ફરે એ સ્થૂલ અર્થ છે; પાત્ર-પાત્રોના આંતરવહેણનો મિજાજ એવો લાગે, તે ખરો માયનો છે. એટલે કે લેખકનો અભિપ્રેત અભિગમ વાર્તા પૂરી થતાં તેવો અનુભવાવો જોઈએ. વાર્તા પૂરી થઈ, મન તેના સમગ્ર પટમાં ઝબોળાઈ ગયું. પછી પેલા અભિગમનો "તણખો" અસ્વસ્થ કરી ગયો? અંતર્મુખતા સર્જી ગયો? અમુક ગાળે એવું અનુભવ્યું કે પાછો પેલો તણખો એની વીગત સામગ્રીના આછા પરિવેશ વચ્ચે આંચ પ્રેરી ગયો? એ જોવાનું છે. "મુકુન્દરાય" ("દ્વિરેફ"), અને "ધારો કે—" (મધુરાય) વાર્તાઓ એ રીતે અસરકારક છે. તેથી જ આ—તે "નવીનતા" કરતાં તીવ્રતા ઉત્કટતા તરફ, એટલે અંશે વાર્તામાં પ્રાણિત થવા યોગ્ય નાટક પ્રત્યે લેખકે લક્ષ આપવું રહ્યું. આ ઉત્કટતા—તીવ્રતા દઝાડીને મર્મ વીંધે તેવી હોય કે પછી ખબર ન પડે હૂંફની અને ઊંડે ઊતરી જાય એવા કિરણ સમી હોય.

ટૂંકી વાર્તાનું કાવ્ય સિદ્ધ કરવામાં આકૃતિ અભિવ્યક્તિ, રજૂઆતનું જે મહત્ત્વ છે તે આ રીતે જોવાવું જોઈએ. કોઈ પણ સાહિત્યસ્વરૂપ તેની આકૃતિગત શિસ્તથી જ દઢરમ્ય બને છે–ભલે પછી તે શિસ્ત કૃતિએ કૃતિએ અવનવી રીતે નિયમતી હોય. ટૂંકી વાર્તા માટે આ હકીકત વિશેષ મૂલ્ય ધરાવે છે, કારણ તેની લોકભોગ્યતા, કારણ એની સંક્ષિપ્તતા, કારણ તેની આવશ્યક બાહ્ય સરલતા. એવું બની જાય છે કે આવે કારણે ટૂંકી વાર્તાનો કોઈ સુસ્પષ્ટ આકાર, વિશદ એવું એનું રૂપ ન નિર્માય. લેખક-વાચક આ મુશ્કેલીએ જ ઘણી વાર "કથાનક"ને લહેરાતું જોઈ "નવલિકા" મળ્યાનું માની લે છે. "કલ્પનશલાકા સમુદાય"ને ટૂંકી વાર્તા ગણી લે છે. તેથી જ અગાઉ કુ. નેન્સી હેલે જે સૂચવી છે તે Feeling વાર્તાનું આરંભબિંદુ છે એમ એમણે કહ્યાનું ભૂલવા સરખું નથી; તેઓ વાર્તાની તાદશતા Technique પર નથી—Feeling પર છે એમ પણ કહે છે. અભિવ્યક્તિ કે રચના માટે કોઈ નિશ્ચિત ફોર્મ્યુલા ન જ હોય. લેખકને અમુક "દર્શન" માટે તે પળે જે કારગત જણાય તે ખરું—નીવડયે સાચું. કોઈ પણ વાર્તાને એની રચનાથી જ સમજી શકાય. એની રચનામાં જ એનું પ્રવર્તક બળ રહ્યું હોય છે." એમ સૂચવી પ્રા. સુરેશ જોષીએ ચેતવણી આપી જ છે. "પ્રતીકો અને કલ્પનાની ધમાચકડી મચાવી મૂકવાથી જ વાર્તા નવી બની જાય છે, એવું કેટલાક બાળલેખકો માને છે.......આપણા પ્રૌઢો પણ કેટલીક વાર સ્થગિત બંધિયાર પૂર્વગ્રહોને શાશ્વત મૂલ્યોને નામે બિરદાવીને કલા પોતાની આગવી રીતે જે તાટસ્થ્ય અને નિર્મળ વૈશદ્યથી મૂલ્યબોધની ભૂમિકા રચી આપવામાં કારગત નીવડે છે તેને ઉવેખવા જેવું કરે છે.[૫] આ ચેતવણીમાં નિરૂપણ કે રહસ્યદર્શનના ચોકઠાની પૂજા સામે અવાજ છે. એમણે યથાર્થ કહ્યું છે કે રૂપરચના એટલે નર્યું કલેવર ઘડવું એ ખ્યાલ ખોટો છે અને અનુભવ-સંવેદનાના સ્વરૂપને ઓળખી તેને અનુરૂપ માધ્યમ ઢાળવું જરૂરી છે. અહીં "માધ્યમ" અને તેનું વિશેષણ "અનુરૂપ" સૂચક છે. ટૂંકી વાર્તાનું કાવ્ય સિદ્ધ કરવામાં આ મર્યાદા ન વિસરી શકાય. જો એ વિશેષણનો સૂચિત અર્થવિસ્તાર લક્ષમાં રખાય તો આધુનિકતાને નામે "વાર્તા"-ને અન્યાય થતો બંધ થાય અને સનાતનતાને મિષે વાર્તાની "નવી શકયતાઓ"ને ન ઉવેખાય.

---

૫ "કથોપકથન", પૃ. ૨૨૭.

શબ્દ, ભાવપ્રતીક, વર્ણન, ઘટનાતત્ત્વ, બધું કંઈક " વિશેષ "વાળું હોય તેથી અભિવ્યક્તિ ટૂંકી વાર્તાનું કાવ્ય સિદ્ધ કરી લે એવું નથી. સમગ્ર આકૃતિની છાપમાં કંઈક " વિશેષ " સર્જાઈ જવું ઘટે. એ માટે લેખક આરંભ-અંતાદિનું સૌષ્ઠવ પસંદ કરે, એવું ન કરતાં માત્ર પાત્રના ભીતરના કોઈ મર્મ પર જ સાદ્યંત ફોકસ ઠેરવે, એમાં એ કોઈ એક લાગણી બનાવ પર ઝૂકે કે પછી પ્રગટ રીતે તે પરત્વે સ્વૈરવિહારી અદા બતાવે. અમુક શબ્દો—આકૃતિ-સંવેદના માટેના આગ્રહથી વાર્તા વિશે " નવું " યા " જૂનું " વલણ ધાર્યાનો સંતોષ લઈ શકાય, પણ તેથી ટૂંકી વાર્તાનું કાવ્ય કળાયું જ એમ હંમેશાં ન બને. આ લોકપ્રિય સાહિત્યસ્વરૂપ સતત વિવિધ લેખકોની પ્રતિભાને પડકાર્યા કરવાનું. એમાં વાદનો લાગો નકામો નીવડવાનો. લેખકના " વિશેષ "ને પ્રગટ થવામાં ટૂંકી વાર્તા આજે સૌથી આકર્ષક સ્વરૂપ છે. તે સાથે સહેલાઈથી ભાવક પાસે ય પહોંચવાનું છે. એમાં બાહ્ય જગતનો સ્પર્શ આવવાનો જ છે. આ સામસામી લાગતી પરિસ્થિતિમાં એ જ હકીકત છે કે વાર્તામાં શબ્દથી માંડી સકલ રજૂઆત—આકાર મુદ્દાની વાત છે. તોયે એનો નશો ન ચાલે. જો આ સાર માત્ર "થિયરી"માં સ્વીકારીશું તો વાર્તા વાદને કોરે કરી એનો માર્ગ કરી લેવાની છે—કરતી રહી છે. તેથી જ "ધૂમકેતુ"–"દ્વિરેફ" મેઘાણી—પન્નાલાલ—જયંતિ દલાલ—મડિયા—સુરેશ જોષી—મધુરાય, એમની વાર્તા આપણે ત્યાં ટૂંકા ગાળામાં ય લક્ષ્યસાધક થઈ છે. ટૂંકી વાર્તાનું કાવ્ય પહેલાં હતું—હવે નથી યા પહેલાં ન હતું વાસ્તવ—ન હતી કલા—છે એ બધું આજે—અહીં જ, એવી સ્થાપના અવશ્ય ઇતિહાસ—મર્મ બંનેથી વિપરીત છે.

ટૂંકી વાર્તાનું કાવ્ય સિદ્ધ થાય એ માટે ત્રણ અંગો એવાં છે કે જેની સુયોગ્ય અજમાયશ-મિલાવટ થાય તો ચમત્કાર સર્જાય અને તે પરની પકડ "લોકભોગ્યતા"ને બહાને કે "પ્રયોગ"ને નામે જાય તો એ કાવ્ય દૂર ભાગે. એ ત્રણ અંગો તે ઘટના-પાત્રનો લેખકનો આંતર-અનુભવવિશેષ, ગદ્યનું ભારે માયાવી માધ્યમ અને સમગ્ર રજૂઆતની સ્પર્શક્ષમ વિશદસરલ વ્યંજના. લેખકનું ચિંતન, તેની કલ્પના, તેની સંવેદના, એની શબ્દયોજના—લઢણ અને ભાવકના ચિત્તમાંની એ માત્ર કળ્યા કરે તેવી છાપ, આ બધું વાર્તાની શરતે સિદ્ધ થાય એ જરૂરી છે. આજના વાર્તાવાચક સાહિત્ય-કલાનો શહીદ જ છે એવું માની વાર્તાના કાવ્યત્વને માથે થાપીએ તે ચાલે તેમ નથી. આજના વાચકનો વિવેક કોઈ વાદને વરેલ માની ન લઈએ. એ સજ્જ અને સચેત છે. એને વાર્તાનું કાવ્ય જોઈએ જ છે, પરંતુ તે વાર્તાને ઓળઘોળ કરીને નહીં. એના એકાંતનો મિત્ર વાર્તાકાર છે, પણ તે વાર્તાને કારણે. વાર્તાને ખસેડવા જતાં એ તરત પૂછશે કે તમે વાર્તાકાર છો કે વિચારક? કે કસબી? કે ઊર્મિકવિ? કે ચિતારા? આપણાં "વિવેચનો"નો અભિનિવેશ કે એનાં હલ્લા-કીર્તન સાથે નહીં, વાર્તા સાથે જ ભાવકનો જીવતો સંબંધ છે. એ આજનો વાચક છે. એના અધિકારને ઓછો મૂલવવો ઠીક નથી. "નવા પ્રયોગ"માં જો દરિયા પારની નકલ—ધૂન હશે, લોકસ્વી કૃતિના બિલ્લા પાછળ જો સીનો જ કાચો હશે, તો એ માફ કરવાનો નથી. એ આજે ટૂંકી વાર્તાનું કાવ્ય માગે છે. એ એના લેખકને ટુ ઇન વન—વાર્તાકાર + કવિ નહીં, વાર્તાકાર × કવિ રૂપે મળવા ઝંખે છે. એ કથાકાર માત્રથી તો રાજી નથી જ.

# ગુજરાતી નિબંધ અને તેનો વિકાસ

**પ્રવીણ દરજી**

કવિઓને માટે જેમ ગદ્ય લખવું એ કસોટીરૂપ મનાય છે તેમ ગદ્યકારો માટે ગદ્યની છડી પોકારતો નિબંધ લખવો અઘરો છે. લલિતસાહિત્યનાં અન્ય સ્વરૂપોની સરખામણીમાં નિબંધની પ્રતિષ્ઠા જેટલી થવી જોઈએ તેટલી થઈ નથી. એના સ્વરૂપ વિશેની વિભાવનામાં આજે પણ અનેક મતમતાન્તરો પ્રવર્તે છે. 'નિબંધ' શીર્ષક તળે છેક અત્યાર સુધી ભાત ભાતનાં લખાણોનો સમાવેશ થતો રહ્યો છે. પ્રબંધ કે પદ્યગ્રંથો પણ નિબંધમાં ખપ્યા છે. નર્મપ્રધાન અને ચિન્તનાત્મક રચનાઓને પણ નિબંધમાં સમાવવામાં આવી છે. લલિતરૂપે વિકસવા સર્જાયેલ નિબંધ આમ જુદા જુદા નિમિત્તે અવતરીને અનેકધા ફંટાઈ જતાં, એના લલિતરૂપે ઘણુંખરું, બધી ભાષામાં ખૂબ મોડેથી પ્રગટ્યો જણાય છે.

નિબંધ શબ્દના કોશગત અર્થો છે: 'પ્રયાસ', 'પ્રયત્ન', 'ઉદ્યોગ', 'ઉપક્રમ', 'કોશિશ', 'પરીક્ષા', 'પરખ', 'સાહિત્યિક રચના', યા 'લેખ';[1] 'શબ્દકલ્પદ્રુમ'માં પણ 'નિબંધ' શબ્દની સ્પષ્ટતા લગભગ ઉપર પ્રમાણે જ કરવામાં આવી છે.[2] 'નિબંધ' શબ્દ આ રીતે ભૂતકાળમાં પ્રચલિત હતો. એની વિવિધ અર્થચ્છાયાઓ જોતાં લાગે છે કે આજે જેને આપણે 'નિબંધ'(Creative Essay)કહીએ છીએ એ અર્થમાં તે સંસ્કૃતમાં પણ વપરાયેલો જણાતો નથી. આ દૃષ્ટિએ જોતાં ગુજરાતીમાં 'લલિત નિબંધ'કે 'નિબંધ' શબ્દ પ્રયોજાય છે તે પશ્ચિમના સાહિત્યની અસરનું પરિણામ છે.

ફ્રેન્ચ લેખક મિખાઈલ-દ-મૉન્ટેઈનની (૧૫૩૩-૧૫૯૨) પહેલાં પ્લેટો અને સેનેકાનાં લખાણોમાં નિબંધનાં કેટલાંક તત્ત્વો ઉપલબ્ધ થાય છે પણ આજે જેને 'નિબંધ' તરીકે ઓળખીએ છીએ તે પ્રકારની રચનાઓ તો સૌ પ્રથમ મૉન્ટેઈન પાસેથી જ મળે છે. તેણે તેનાં એ આત્મલક્ષી લખાણોને 'Essai' એવું નામ આપ્યું હતું. ફ્રેંચ ભાષામાં 'Essai'નો અર્થ 'an attempt'–'પ્રયત્ન' એવો થાય છે. નિબંધ માટે આજે યોજાતો 'Essay' શબ્દ આમ ફ્રેંચ શબ્દ 'Essai' ઉપરથી ઊતરી આવ્યાનું મનાય છે. લગભગ આ જ અરસામાં યુરોપમાં ફ્રાન્સિસ બેકન પોતાની રચનાઓને 'Essays' એવા મથાળા નીચે પ્રગટ કરે છે. અલબત્ત મૉન્ટેઈન અને બેકનનાં લખાણો એકબીજાથી તદ્દન વિરોધી લક્ષણોવાળાં છે. મૉન્ટેઈન હૃદયને બહાર કાઢી રમતિયાળ બની વાચક સાથે સખ્યભાવે ગોષ્ઠી કરતો જણાય છે તો બેકન ઉપદેશકની માફક ગંભીર બની ચિંતન વ્યક્ત કરતો માલૂમ પડે છે, આમ 'નિબંધ' શબ્દ

---

૧ 'બૃહત્ અંગ્રેજી-હિન્દી કોશ'—ડૉ. હરદેવ બાહરી, પૃ. ૪૭૦; 'સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ'—સંપા. ગોપાલદાસ પટેલમાં પણ લગભગ એ પ્રકારના જ અર્થો મળે છે; જુઓ પૃ. ૨૩૯.

૨ 'શબ્દકલ્પદ્રુમ'—ભા. ૩જો, પૃ. ૨૨૧.

ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડમાં આજથી લગભગ ચારસો વર્ષ પહેલાં (૧૫૭૧) ઉપર્યુક્ત બે લેખકોને હાથે પ્રચલિત થતો જણાય છે.

લલિતનિબંધનો ખ્યાલ વધુ સ્પષ્ટ બને તે માટે પ્રારંભમાં 'પ્રબન્ધ' અને 'લેખ'નો સંક્ષેપમાં વિચાર કરી લઈએ. 'પ્રબંધ' અને 'નિબંધ' એ પરસ્પર જુદાં છે. નિબંધને મુકાબલે પ્રબન્ધ વિસ્તારી હોય છે. નિબંધમાં લખનારનું વ્યક્તિત્વ કેન્દ્રોમાં હોય છે. પ્રબન્ધમાં વસ્તુ કેન્દ્રમાં હોય છે. પ્રબન્ધકારને વસ્તુના યાથાતથ્યને ગૂફી આપવામાં રસ છે, તેથી તે ઝીણી ઝીણી વિગતોમાં પણ ઊતરે છે. નિબંધકાર પોતાની વાત કલ્પનાનો પાસ દેતાં દેતાં કરે છે તેને માહિતી આપવામાં રસ નથી હોતો. પ્રબંધની જેમ આકારની શિથિલતા નિબંધમાં નિર્વાહ ન બને. નિબંધ-લેખકે આત્મલક્ષી ઢબે ગતિ કરવાની હોય છે, પ્રબન્ધકારે વસ્તુનિષ્ઠ રહીને. સંક્ષેપમાં કહીએ તો નિબંધકારને રસલક્ષી કૃતિ કંડારી કાઢવામાં રસ હોય છે, પ્રબન્ધકારને જ્ઞાનના વિતરણમાં.

'નિબંધ' અને 'લેખ' બંને સગોત્રીય છે. બંનેના ઉદ્દ્ભવમાં વર્તમાનપત્રો અને સામયિકોનો ફાળો રહેલો છે. છતાં બંને વિકસ્યા છે જુદી જુદી રીતે. બંને કદની દૃષ્ટિએ સંક્ષિપ્ત છે. નિબંધનો લેખક વાચકને પોતાના વક્તવ્ય કરતાં નિરૂપણના વૈવિધ્યથી આકર્ષે છે. વાચકને આનંદદાયક વાચન પૂરું પાડવાનો તેનો ઉદ્દેશ રહ્યો હોય છે. વર્તમાનપત્રો કે સામયિકોમાં આવતી આ પ્રકારની કટારોના લેખકો માટે, નિયમિતપણે લખવાનું હોવાથી કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે, છતાં એનાં લખાણોમાં એકંદરે એની કલ્પક શક્તિનો ફાળો મોટો હોય છે. 'લેખ' લખનાર પોતાના વક્તવ્યનો તારેતાર લેખમાં ઊતરે તેનો ખ્યાલ રાખે છે. વાચકને આનંદ આપવાની દૃષ્ટિએ નહિ, પણ અમુક વિષયના અભ્યાસીઓને ઉપયોગી થવાની તેની દૃષ્ટિ રહી હોય છે. એકંદરે એમ કહી શકાય કે 'લેખ' અભ્યાસવૃત્તિની નીપજ છે, તો નિબંધ અંતઃસ્ફુરણાનું પરિણામ છે.

સ્ટીલ, એડીસન અને ચાર્લ્સ લૅમ્બના નિબંધોએ વ્યક્તિત્વના સ્પર્શવાળી રચનાઓ તે જ નિબંધ એવું ઠેરવી આપ્યું છે. પશ્ચિમમાં Personal Essayના નામથી ઓળખાતી લલિત રચનાઓને માટે ગુજરાતીમાં 'શુદ્ધ નિબંધ', 'કલ્પનાપ્રધાન નિબંધ',[3] 'લલિત-નિબંધ', 'સર્જક નિબંધ',[4] કે 'નિબંધિકા'[5] જેવા પર્યાયો યોજાય છે. વ્યક્તિત્વથી પ્લાવિત રચનાઓ જ આજે 'નિબંધ'નો પર્યાય બની છે.

નિબંધનું સ્વરૂપ અને તેના પ્રકારો વિશે વિચારીએ તે પહેલાં તેનાં લક્ષણો બાંધવાના જે કેટલાક પ્રયત્નો થયા છે, તેને સંક્ષેપમાં જોઈ લઈએ. નિબંધનો જનક મૉન્ટેઈન કહે છે, કોઈ પણ પ્રકારની કૃતકતા વિના મારે મારા સાદા, સહજ અને રોજદા રૂપમાં પ્રકટ થવું છે......હું મારી

---

૩ વ્યક્તિત્વના સ્પર્શવાળી રચના માટે સુન્દરમે યોજેલા શબ્દો. 'પ્રસ્થાન' શ્રાવણ-ભાદરવો-આસો. ૨૦૦૩. માગશર, મહા, ૨૦૦૪.

૪ શ્રી ઉમાશંકર જોષીએ વાપરેલા શબ્દો જુઓ 'શૈલી અને સ્વરૂપ', પૃ. ૫૫.

૫ હળવા અને વ્યક્તિનિષ્ઠ નિબંધને વિ. મ. ભટ્ટ 'નિબંધિકા' કહે છે. જુઓ 'નિબંધમાળા', સં. વિ. મ. ભટ્ટ; પૃ. ૧૫૦.

જાતને ચીતરું છું......મારા પુસ્તકનો વિષય હું—મારી જાત પોતે છે."[6] મૉન્ટેઈન અહીં નિબંધના આકાર કે વિષયવસ્તુનો કશો નિર્દેશ કરતો નથી છતાં તેણે નિબંધમાં પોતાની જાતને પ્રકટ કરવાની કરેલી વાત ધ્યાન ખેંચે તેવી છે. તેમ કહીને તેણે લલિતનિબંધના એક અનિવાર્ય લક્ષણ ઉપર પ્રકાશ નાખ્યો છે.

ફ્રાન્સિસ બૅકન નિબંધને 'વિકીર્ણ ચિંતન' (Dispersed meditations) કહે છે.[૭] બૅકનને મન નિબંધ ચિંતનને વ્યક્ત કરવાના સાધનરૂપ છે. છતાં 'વિકીર્ણ' શબ્દ દ્વારા તે નિબંધમાં સ્વૈરવિહારનું તત્ત્વ સૂચવતો તે જણાય છે. અઢારમી સદીના લેખક ડૉ. જ્હોન્સન નિબંધને 'ચિત્તની શિથિલ અવસ્થાનું પ્રસ્રવણ' કહી 'ક્રમબદ્ધતા વિનાના અનિયમિત, અપરિપકવ ખંડ' તરીકે ઓળખાવે છે.[૮] જ્હોન્સનની વ્યાખ્યામાં નિબંધના મહત્ત્વના તત્ત્વ—સ્વૈરવિહારનો સ્ફોટ થાય છે. પણ નિબંધને ચિત્તની શિથિલ અવસ્થાનું સંચરણ લેખીને ને તેને અપરિપકવ રચના કહીને તેણે મોટો ગૂંચવાડો ઊભો કર્યો છે. તેના અનુગામી કેટલાક પાશ્ચાત્ય વિવેચકોએ પણ આ વ્યાખ્યાની અસર નીચે નિબંધ વિશે એ પ્રકારનો જ અભિપ્રાય ઉચ્ચાર્યો છે. હકીકતમાં તો નિબંધમાં સ્વૈરવિહારનું તત્ત્વ હોવા છતાં તેમાં વ્યવસ્થા અને સુનિબદ્ધતા અપેક્ષિત છે.[૯] જે. બી. પ્રિસ્ટલી નિબંધની વ્યાખ્યા આપતાં જણાવે છે: "સાચો નિબંધ પરિચિત ગોષ્ઠી જેવો હોય છે. નિબંધકાર ભાવકની સામે પોતાના અંતરાત્માને વ્યક્ત કરતો ચતુર ગોષ્ઠીકાર છે. નિબંધમાંનું દરેક વાક્ય એના વ્યક્તિત્વથી મ્હેંકતું હોય છે."[૧૦] અહીં પ્રિસ્ટલીની વ્યાખ્યામાં લલિત નિબંધના—વ્યક્તિત્વનો સ્પર્શ—મૂર્ધન્ય લક્ષણનો ઉચિત રીતે આદર થયો છે. ઓગણીસમી સદી પછી નિબંધ એ માર્ગે જ વિકસતો ગયો છે. હાઉસ્ટન પેટરસન, હડસન, લ્યુકૉર, બૅન્સન અને બૅરડન જેવા અન્ય પ્રાશ્ચાત્ય લેખકો પણ પ્રિસ્ટલીની માફક સર્જક અને ભાવક વચ્ચે નિખાલસ સંબંધ રચી આપતી આત્મનિષ્ઠ રચનાઓને નિબંધ કહેવા પ્રેરાય છે.

ગુજરાતીમાં પણ નિબંધ ભિન્ન ભિન્ન પ્રકારે વિકસતો રહ્યો છે અને તે દૃષ્ટિએ તેનાં લક્ષણો તારવી બતાવવાના પ્રયત્નો થયા છે. નર્મદ નિબંધ વિશે લખે છે કે, "નિબંધ લખવા જેવી તેવી વાત નથી, પોતાના મનની કલ્પના કાગળ પર સંબંધ રાખી લખી જણાવવી, તથા કેટલીએક બાબતોમાં વિદ્વાનોનાં મતો શોધવા પડે છે તથા તેઓ પોતાના ગ્રંથોમાં કેવી રીતે વાક્યયોજના કરી ગયા છે તે સર્વ જાણવું જોઈએ."[૧૧] નિબંધ વિશેનો આ ખ્યાલ ગુજરાતી નિબંધના ઉદ્દગમ

---

6 'Great Essays'—Edited by Houston Peterson, p. 3.

7 Casseller's Encyclopædia of Literaturc, Volume I, p. 205.

8 Collier's Encyclopædia, Volume IX (1962), p. 316.

૯ આ અંગેની વિસ્તૃત છણાવટ અભ્યાસીઓને મ. સ. યુનિવર્સિટી, વડોદરા, પ્રકાશિત ત્રૈમાસિક 'સ્વાધ્યાય', પૃ. ૧૦, અંક ૨, 'વસંતપંચમી' (૧૯૭૩) 'નિબંધ વિશે બે મુદ્દા', (લે. ડૉ. પ્રવીણ દરજી)માંથી મળી રહેશે.

10 'Essayists Past and Present'—J. B. Priestley, P. G. Introduction.

૧૧ 'જૂનું નર્મ ગદ્ય'—(રજી. આ.), પૃ. ૫.

વખતનો હોવા છતાં એમાં કેટલીક અગત્યની વાત નર્મદે કરી છે. નિબંધલેખન એ ગંભીર વ્યાપાર છે તે નર્મદ જાણતો હતો. નિબંધમાં કલ્પના અને વિદ્વત્તા એ બંને અનિવાર્ય તત્ત્વો પર તે પૂરતો ભાર મૂકે છે. વળી 'વાકયયોજના, શબ્દ વાપરીને તેણે નિબંધમાં શૈલીનું મહત્ત્વ પણ સ્વીકાર્યું છે. નવલરામનો નિબંધ વિશેનો ખ્યાલ પ્રાથમિક કક્ષાનો રહ્યો છે. વિ. મ. ભટ્ટ તે ખ્યાલને સંસ્કારીને નિબંધને ચિંતનપ્રધાન અને વિચારયુક્ત વસ્તુના વાહન તરીકે સ્થાપે છે.[૧૨] મ. ન. દ્વિવેદીનું વલણ પણ કંઈક અંશે ગંભીર અને સુશ્લિષ્ટ રચનાઓને નિબંધ તરીકે પુરસ્કારવાનું રહ્યું જણાય છે.[૧૩] પંડિતયુગ પછીના લેખકો વૈયક્તિક મુદ્રાવાળી હળવી રચનાઓને નિબંધ તરીકે સ્વીકારે છે. તેથી વિ. ક. વૈદ્ય, કાકાસાહેબ, સુન્દરમ્, ઉમાશંકર જોશી વગેરેએ નિબંધની બાંધેલી વ્યાખ્યામાં ભાવક અને લેખક વચ્ચે વિશ્રંભનો સેતુ બંધાતો હોય તેવી વ્યક્તિત્વપ્રધાન રચનાઓને નિબંધ લેખવાનું ઉત્કટ વલણ દેખાય છે. આ બધાં ઉપરથી નિબંધ વિશે એમ કહી શકાય કે વિષય કરતાં સર્જકની મનોમુદ્રાથી પ્રધાનપણે અંકિત થયેલી સર્જક અને ભાવક વચ્ચેના નિખાલસ વાર્તાલાપ જેવી, સરળ અને રોચક ગદ્યમાં લખાયેલી સંક્ષિપ્ત અને સુનિબદ્ધ કળાકૃતિ તેનું નામ નિબંધ.

હવે લલિત નિબંધનાં વ્યાવર્તક લક્ષણો જોઈએ. ઊર્મિકાવ્યની નજીક જતા નિબંધમાં કર્તાના વ્યક્તિત્વને પ્રકટ થવા માટે વધારેમાં વધારે અવકાશ રહ્યો છે. લેખક અહીં પાત્રો વગેરેની આડશ લીધા વિના પોતાના વ્યક્તિત્વનો નિક્ષેપ કરે છે. નિબંધનું પ્રાણતત્ત્વ સર્જકના વ્યક્તિત્વનું પ્રકટીકરણ છે. વિષયની ઓઠે રહીને તે પોતાની જાતને અને વિષય સાથેના પોતાના સંબંધને વ્યક્ત કરતો હોય છે. કોઈ પણ જાતનું અંતર રાખ્યા વિના, ભાવકની અડોઅડ આસન લઈને સર્જક ગુફતેગુ માંડતો હોય છે. ભાવકને તે આકર્ષે છે એના નિખાલસ અને નિર્દંભ વ્યક્તિત્વ વડે જ. આમ નિબંધમાં બીજું બધું પશ્ચાદ્ભૂમાં નંખાઈ જાય તો ચાલે, પણ એના પ્રત્યેક શબ્દને વ્યક્તિત્વનો પાસ બેઠેલો હોવો જોઈએ. નિબંધમાં પ્રગટ થતું લેખકનું વ્યક્તિત્વ આત્મકથામાં પ્રગટ થતા વ્યક્તિત્વ જેવું સ્થૂલ કોટિનું નથી. નિબંધમાં સ્વમાંથી ઊંચકાઈ આવી સમાજ, દેવ અને વિશ્વના જુદા જુદા વિષયો સાથે તાદાત્મ્ય સાધતું સૂક્ષ્મ વ્યક્તિત્વ પ્રગટતું હોય છે. વાચકને પણ રસ પડે છે એવા વૈવિધ્યસભર સાર્વજનીન વ્યક્તિત્વમાં. નિબંધમાં પ્રકટતા એવા 'હું' ને—વ્યક્તિત્વને લેસલી ફીલ્ડરે 'ઉત્તમ હું' (Best I) કહ્યો છે.[૧૪]

અન્ય સાહિત્યસ્વરૂપોની સરખામણીનાં નિબંધમાં વિષયનું મહત્ત્વ નહિવત્ છે, કારણ કે નિબંધકાર વિષયને સહારે નિજને આલેખતો હોય છે. આથી નિબંધમાં વિષય સર્જકના વ્યક્તિત્વને ઉઠાવ આપનાર ઉદ્દીપન વિભાવનું કાર્ય કરે છે. નિબંધકારના વ્યક્તિત્વનો જાદુ છે કે અડફેટમાં જે વિષય આવે છે તેને તે અપાર શકયતાઓવાળો કરી દે છે. આથી જ ચ્હાનો કપ, છત્રી, અમીબા, વટવૃક્ષ, કીડી કે ખિસકોલી જેવા સામાન્ય વિષયો પણ નિબંધને

---

૧૨ 'નિબંધમાળા', સંપા. વિ. મ. ભટ્ટ, (૧લી આ.), પૃ. ૧૬,

૧૩ 'સુદર્શન ગદ્યાવલિ'—મ. ન. દ્વિવેદી, પૃ. ૯૭૫.

14 'The Art of the Essay'—Edited by Leslie Fielder, p. XI.

યોગ્ય બન્યા છે. વિષયનાં પડો ઉકેલતાં ઉકેલતાં નિબંધકાર ઉકેલાતો જતો હોવાથી નિબંધને અંતે વિષય નહીં, વ્યક્તિત્વ ભીંજવે છે,

વિષય કે તેના પ્રતિપાદન કરતાં નિબંધનું મહત્ત્વનું તત્ત્વ છે તેની નિરૂપણરીતિ. નિરૂપણ નિબંધલેખનના રૂઢ નિયમોમાં પડી જાય તો નિબંધ ન બને. નિબંધમાં લેખકે વાચકને સતત જકડી રાખવાનો છે વિવિધ લઢણો વડે. વર્જિનિયા વુલ્ફ કહે છે તેમ નિબંધકાર માટે સૌથી જરૂરી વસ્તુ જ એ છે કે તેણે કેવી રીતે લખવું તે સૌ પ્રથમ જાણી લેવું જોઈએ. વિષય ગમે તેટલો આકર્ષક હોય, નિબંધકારને ગમે તેટલું કહેવાનું હોય પણ એની લખાવટ જો નબળી હોય તો એ કૃતિ કલાકૃતિ ન બને. નિબંધલેખકે પોતાને અનુકૂળ પડે તેવું આગવું તંત્ર ઊભું કરવાનું હોય છે. નિબંધકાર ઠેકંઠેકા કરતો હોવાથી એક વિષયને ભાગ્યે જ પકડી રહે છે. આથી વિષયનું નિરૂપણ કદાચ અનિયમિત કે અવ્યવસ્થિત લાગે, દેખીતી રીતે રચના તંત્ર વિનાની લાગે પણ નિબંધના સ્વરૂપની વિશેષતા જ છે કે, તેમાં ફંટાઈ ( Digressive ) શકાય છે. શક્તિશાળી નિબંધકાર નિબંધના સ્વરૂપમાં રહેલી આ શક્યતાનો પૂરેપૂરો લાભ ઉઠાવી એના નિરૂપણને વૈવિધ્યભર્યું અને રસાળ બનાવી શકે છે.

પ્રત્યેક નિબંધલેખક પોતાની સર્ગપ્રતિભાને બળે પોતાને અનુરૂપ પદ્ધતિ ખોળી લેતો હોવાને કારણે નિરૂપણ પદ્ધતિનાં સર્વસામાન્ય તત્ત્વો તારવી બતાવવાનું કામ મુશ્કેલ છે. છતાં રચનાની સમગ્રતા, આકારની સંક્ષિપ્તતા, વિનોદ અને વ્યક્તિત્વને મુખર કરે તેવી અકૃતક શૈલી વગેરે તત્ત્વો કોઈ પણ સારા નિબંધમાં અપેક્ષિત બની રહે છે.

નિબંધમાં જ્ઞાન, ડહાપણ, ચિંતન, અભ્યાસ આદિનું પ્રસંગોપાત્ત નિરૂપણ થતું રહે છે. નિબંધકારે હળવી રીતે, વિનોદ કરતાં કરતાં એ સર્વને વ્યક્ત કરવાનાં હોય છે. આથી નિબંધકાર પાસે વિનોદવૃત્તિ(sense of humour)ની અપેક્ષા રાખવામાં આવે છે. કુશળ લેખક નિબંધમાં આવતાં આવાં સ્થાનોને પકડીને હાસ્ય ઊભું કરે છે. આમ છતાં એ નોંધવું જોઈએ કે વિનોદ રહિત રચનાઓ પણ ક્યારેક આસ્વાદ્ય બનતી જોવા મળે છે.

નિબંધકાર આત્મીય જન છે, ઉપદેશક નહિ. નિબંધલેખકે તટસ્થતા જાળવીને પોતાની કૃતિમાં જે વસ્તુ આવતી હોય તેને પ્રવેશ આપવાનો હોય છે. તેનો કાંઈ હેતુ હોય તો ભાવકને નિરતિશય આનંદની ઉપલબ્ધિ કરાવવી તે છે. તેને તો ભાવકના સાચા સહૃદયી થઈ, મૃદુભાષી ચિંતક બની તેના માર્ગદર્શક નીવડી, એના જીવનપંથમાં ઉષ્માભર્યા સધિયારાની ગરજ સારવાની હોય છે.

જીવન અને જગતને જોવાની નિબંધકાર પાસે વિશેષ પ્રકારની દૃષ્ટિ રહેલી છે. અસુન્દર અને તુચ્છ વસ્તુમાં રહેલાં સુભગ તત્ત્વોને તે ખોતરી કાઢે છે અને ભાવકને તેનો પરિચય કરાવે છે. જેવી છે તેવી જ માનવજાતમાં તેને શ્રદ્ધા અને વિશ્વાસ છે. માનવજીવનને અને જગતને તે જિગરથી ચાહે છે. જીવનમાં જે મંગલ છે તેને તે પ્રસંશે છે અને જે કંઈ અધૂરપો છે, મનુષ્ય સ્વભાવની જે નિર્બળતાઓ ને વિચિત્રતાઓ છે તેને તે નિર્ભીકપણે જાહેર કરે છે. આ દૃષ્ટિએ નિબંધકાર તટસ્થ ન્યાયાધીશ છે, કશાનો પક્ષકાર નથી. કવિની જેમ સ્વપ્નીલ થયા વિના

મર્યાદાવાળા માનવ અને જગતની મધુરપનું પાન કરાવતો નિબંધકાર એક દૃષ્ટિએ વધુમાં વધુ વાસ્તવવાદી ( Realistic ) સર્જક છે.

સંક્ષિપ્તતા નિબંધનું અનિવાર્ય લક્ષણ છે. આજે માનવરુચિ લઘુ પ્રકારો તરફ ઢળી છે. નિબંધના ટૂંકા કદ માટે એ ઉપરાંત સામયિકો અને પત્રકારિતા પણ કારણભૂત લેખી શકાય. નિબંધ એક રસઘન કૃતિને અન્વયે પણ અનિવાર્ય રીતે સંક્ષિપ્ત જ હોવો જોઈએ. નિબંધકાર ભીતરની તત્ત્વસમૃદ્ધિ ક્ષીણ થઈ જાય ત્યાં સુધી તો ન જ લંબાવી શકે. કોઈ પણ સારા નિબંધકારે, ઇચ્છાએ નહિ તો અનિચ્છાએ પણ જેપ્સન કહે છે તેમ, આ સાંકડા મેદાન ઉપર જ કામ કરવાનું હોય છે.[૧૫] આ સંક્ષિપ્ત પટ પર જ તેણે પોતાનાં સ્વપ્ન, આદર્શ, અવલોકન અભ્યાસ અને ચિંતન-મનનને વ્યક્તિત્વનો પુટ આપીને કળામય રીતે મૂકી આપવાનાં હોય છે. બેકન યોગ્ય જ કહે છે કે નિબંધકારે તો માત્ર એક જ શબ્દમાં ('Just the word') ખેલ ખતમ કરવાનો હોય છે. મરાઠી ભાષામાં તો સંક્ષિપ્તતા ઉપર એટલો ભાર મૂકાયો છે કે ત્યાં લલિતનિબંધ 'લઘુનિબંધ' તરીકે જ ઓળખાય છે.

આકૃતિ કે આકાર વિના કોઈ કળા સંભવે નહીં. નિબંધ માટે પણ એ સાચું જ છે. નિબંધમાં તરેહ તરેહની આવતી સામગ્રીને કારણે પ્રિસ્ટલીએ તેને જાદુઈ ઝભ્ભો કહ્યો છે. મહત્ત્વનું તો એ છે કે એમાંની ભાતીગળ સામગ્રી સૂત્રેમણિગણાઈવ જોડાઈને સર્જનાત્મક નિબંધની ભાત ઉપસાવતી હોવી જોઈએ. નિબંધ શોભે છે એના અવયવોની અખંડતા અને સમગ્રતામાંથી ઊભી થતી સૌંદર્યશ્રી વડે જ. સર્જકનું હૃદ્ગત નિબંધમાં આકારરૂપે જ નિબદ્ધાઈ પ્રકટવું જોઈએ.

અન્ય ગદ્યસ્વરૂપો કરતાં નિબંધમાં શૈલીનું મહત્ત્વ વધુ રહ્યું છે. નિબંધકાર એના વક્તવ્ય અને વ્યક્તિત્વને ઉપસાવે છે શૈલી વડે. નિબંધનું સ્વરૂપ અંગત વાતચીતના પ્રકારનું હોવાથી દેખીતી રીતે જ તેની લખાવટનાં સરળતા અને સાદાઈ આવે. પણ તે સાથે નિબંધ સર્જનકૃતિ છે, એટલે એ ભાષામાં સાહિત્યોચિતતાની પણ અપેક્ષા રહે છે. વળી આ બહુકેન્દ્રી રચનામાં નિબંધકાર અનેક વિષયોને સ્પર્શી આવતો હોય છે. એટલે તે પ્રમાણે તેની ભાષા પલટા પણ લેતી રહેવી જોઈએ. પાત્રાદિના આવરણ વિના સતત પોતે જ બોલતો હોવાથી એનું કથન લપટું કે ભાવક માટે કંટાળારૂપ ન બનવું જોઈએ તેનો પણ તેને ખ્યાલ રાખવાનો રહે છે. આ માટે તેને શૈલીની વિવિધ છટાઓ પ્રકટાવાની હોય છે. તેની શૈલીમાં વાતચીતની નૈસર્ગિક છટા અને સ્વાભાવિકતા લાગવી જોઈએ. કશે પણ તે કૃત્રિમ થાય તો ન ચાલે. શૈલી સર્જકના વ્યક્તિત્વની દ્યોતક બની રહેવી જોઈએ—સાદ્યંત રચનામાં.

વાર્તાની જેમ, નિબંધમાં પણ આરંભની અગત્ય રહેલી છે. નિબંધલેખકે વર્જિનિયા વુલ્ફ કહે છે તેમ, ભાવકને પહેલા શબ્દથી જ મંત્રમુગ્ધ કરવાનો હોય છે. આકર્ષક આરંભમાં જકડાયેલા વાચકનું કુતૂહલ છેલ્લા શબ્દ સુધી ટકી રહેવું જોઈએ. વ્યક્તિત્વના પ્રકાશમાં નિબંધ ઊર્મિકાવ્યની લગોલગ જાય છે તો એની લખાવટમાં તે કયારેક વાર્તાની નજીક પણ પહોંચી જતો હોય છે. નિબંધકાર નિબંધને રસાવહ કરવા વચ્ચે વચ્ચે દૃષ્ટાંતો, ટુચકાઓ, કટાક્ષાદિનો આશ્રય

---

15 'Essay by Modern Writers'—by R. W. Jepson, P. VIII,

પણ લઈ શકે. પ્રસંગોપાત્ત એ પોતાની વર્ણનશક્તિ, અલંકારવૈભવ વગેરેનો ઉપયોગ પણ કરી શકે. વિષયને દીપ્ત કરવા વિવિધ ભાષાનાં અવતરણો પણ તે મૂકી શકે. નિબંધની શૈલીના આ બધા બાહ્ય સંસ્કારો છે. દક્ષ નિબંધકાર આ બધાં તત્ત્વોનો યથાયોગ્ય સ્થળે વિન્યાસ કરતો હોય છે. નિબંધની જુદી જુદી શૈલીઓ ગણાવાઈ છે.[૧૬] પણ શૈલીનું એવું કોઈ તૈયાર ચોકઠું હોઈ શકે નહીં. એક સર્જક બીજા સર્જકથી અલગ તરી આવે છે તે તો નિજી મુદ્રાથી અંકિત-ભીતરના સંસ્કારોથી રસિત શૈલી વડે જ. એ રીતે શૈલીને કૃતિથી અલગ પાડી જોઈ નહિ શકાય. શૈલી એ અર્થમાં પ્રત્યેક સર્જકનો પોતાનો જ ઉત્સર્ગ છે. નિબંધમાં અભિનિવેશપૂર્વક કોઈ એક સર્જક બીજાની શૈલીનું અનુકરણ કરવા જાય તો તરત જ પકડાઈ જવાનો, કારણ કે અહીં નિબંધમાં તો સર્જક ' સ્વ 'ને પ્રકટાવે છે. એકનું નિજીપણું બીજાનું થઈ શકે ?

કળા માત્ર સમગ્રરૂપે આસ્વાદી શકાય. તેને અલગ અલગ ખંડરૂપે જોવાની રીત ભૂલભરેલી છે. એ પ્રકારના વિભાગો પાડવા પાછળ મૂળભૂત સાહિત્યિક દૃષ્ટિ કામ કરતી નથી. નિબંધના પ્રકારો વિશે પણ તેવું છે. આમ જોઈએ તો દરેકમાં કોઈક ને કોઈક વિશેષ તત્ત્વ હોય છે જ. આવાં તત્ત્વોને લઈને નિબંધના પ્રકારો પાડવા બેસીએ તો અસંખ્ય પ્રકારો પાડી શકાય. નિબંધના સ્વરૂપની ચર્ચા કરવી સહેલી પડે તે પૂરતી જ અગત્ય એ પ્રકારના વર્ગીકરણોને આપી શકાય. જેમાં વિચારનું પ્રાધાન્ય હોય તે વિચારાત્મક, જેમાં ભાવની પ્રધાનતા હોય તે ભાવાત્મક, જેમાં વર્ણનનો આધાર મુખ્યતઃ લેવાયો હોય તે વર્ણનાત્મક, જેમાં વિવેચન પ્રધાન રહ્યું હોય તે વિવેચનાત્મક—આ પ્રકારનાં વર્ગીકરણો પહેલી નજરે જ અર્થહીન લાગે છે, લલિતનિબંધમાં તો પ્રાધાન્ય છે લેખકના વ્યક્તિત્વનું. બીજું જે કંઈ આવે તે એને અનુષંગીને જ. અંગ્રેજી નિબંધોને પ્રો. રેમન્ડ એમ. આલ્ડન ત્રણ વિભાગમાં વહેંચે છેઃ

૧. સૂત્રાત્મક—ચિંતનાત્મક નિબંધો. (Gnomic or aphoristic)
૨. વ્યક્તિત્વની મુદ્રાવાળા નિબંધો (Personal or familiar)
૩. વિવેચનાત્મક નિબંધો (Critical or didactic)

જે. બી. પ્રિસ્ટલી અને જ્હૉન એ. બૅરડન પણ નિબંધના લગભગ ઉપર પ્રમાણેના જ પ્રકારો ગણાવે છે.[૧૭] ગુજરાતીમાં કેટલાક વિદ્વાનો નિબંધને બે પ્રકારમાં વહેંચે છે. ગંભીર, ચિંતન મનનયુક્ત, સૌષ્ઠવપૂર્ણ રચના તે નિબંધ અને હળવી, કટાક્ષ-હાસ્યાદિના આશ્રયવાળી રમતિયાળ શૈલીમાં લખાયેલી રચના તે ' નિબંધિકા ' અથવા તો ' હળવો નિબંધ.'[૧૮] નવલરામે કથન,

---

૧૬ ખાસ કરીને હિન્દી ભાષાના અભ્યાસીઓનું વલણ શૈલીના આ પ્રકારના સ્થૂલ પ્રકારો પાડવાનું રહ્યું છે. જુઓ : हिन्दी निबंधकार-जयनाथ—પૃ. ૨૮.

૧૭ અનુક્રમે—
' Essayistis Past and Present '— J. B. Priestley, p. 14, અને ' Collier's Encylopædia '—g—p. 316.

૧૮ ' નિબંધમાળા ' સં. વિ. મ. ભટ્ટ, પૃ. ૧૫, અને ' જૂઈ અને કેતકી ' વિ. ક. વૈદ્ય, બંને લેખકોએ આ પ્રકારના વિભાગો પાડવામાં માને છે.
રામપ્રસાદ બક્ષી અને ડૉ. ધીરુભાઈ જેવા વિદ્વાનો આ પ્રકારના પ્રકારો પાડે છે. પણ તેઓ ' નિબંધિકા 'માં વિચારતત્ત્વનો આગ્રહ રાખતા જણાય છે. જુઓ ' વાઙ્મયવિમર્શ '—રામપ્રસાદ બક્ષી પૃ. ૩૮૦, ' રસ અને રુચિ '—ડૉ. ધીરુભાઈ ઠાકર, પૃ. ૭૦.

વર્ણન અને વિવેચન એવા ત્રણ પાડેલા પ્રકારોમાં વિ. મ. ભટ્ટ સુધારો કરી વર્ણનપરાયણ, કથનપરાયણ અને વિચારપરાયણ એવું વર્ગીકરણ આપે છે. આ બધાં વર્ગીકરણો શાળા-મહાશાળામાં લખાવાતા નિબંધોને લાગુ પડે તેવાં છે. બાકી સાચી નિબંધકૃતિ નથી હોતી કેવળ કલ્પનાપ્રધાન, વર્ણનપ્રધાન કે કથનપ્રધાન. તેમાં તો એ બધાનું સામંજસ્ય સધાયેલું હોય છે. નિબંધ એટલે ગંભીરતા, વિદ્વત્તાભર્યું જ લખાણ. એમ ગૃહીત કરીને હળવી તેમ જ અંગત સ્પર્શવાળી રચનાઓ માટે 'નિબંધિકા' જેવો શબ્દ ન યોજીએ તોપણ ચાલે. જેમાં કળા છે, સર્જન છે, વ્યક્તિત્વના રંગો ખીલેલા છે, તેને આપણે 'નિબંધ' તરીકે ઓળખીએ તે જ વાજબી છે. 'નિબંધ' શબ્દથી એનું જે કલાત્મક સ્વરૂપ છે, તે જ આપણા મનમાં અંકાઈ જવું જોઈએ.

## ગુજરાતી નિબંધનો વિકાસ

પશ્ચિમની જેમ ગુજરાતીમાં પણ નિબંધ જુદા જુદા નિમિત્તે ખેડાતો રહ્યો છે. તેથી તેનો ઐતિહાસિક વિકાસક્રમ આલેખતી વેળા 'નિબંધ' શીર્ષક તળે ઓળખાયેલાં બધાં લખાણોને ધ્યાનમાં લેવાં પડે.

ગુજરાતી નિબંધનો પ્રારંભ થાય છે જાગૃતિકાળમાં. અંગ્રેજોના આગમન પહેલાં સમગ્ર દેશ, રાજકીય, સામાજિક, સાહિત્યક, એમ સર્વ દૃષ્ટિએ પછાત હતો. ગુજરાત પણ એમાંથી બાકાત કેવી રીતે હોય? અંગ્રેજી કેળવણી અને સંસ્કૃતિના સંપર્કે આ સ્થિતિમાં આમૂલ પરિવર્તન આણ્યું. અંગ્રેજશાસન તળે પ્રજાએ પહેલી વાર કંઈક રાહત અનુભવી. વિધવિધ ક્ષેત્રોમાં નવી હવાનો સંચાર થયો. ધર્મ, સામાજિક સુધારણા અને રાજકીય પ્રસંગો જેવા બળોએ લેખકોને વિષયો પૂરા પાડ્યા. સાંસ્કૃતિક આંદોલનોની સાથે અઢીસો વર્ષના અંગ્રેજી નિબંધસાહિત્યે પણ તત્કાળના લેખકોને નિબંધલેખનનો આદર્શ પૂરો પાડ્યો. આમ અહીં નિબંધના સૂત્રપાત માટે અનુકૂળ વાતાવરણ ઊભું થાય છે.

નર્મદની પહેલાં દલપતરામની નિબંધપ્રવૃત્તિ ઉલ્લેખનીય બની રહે છે. તેમની 'ભૂતનિબંધ', 'જ્ઞાતિનિબંધ' વગેરે રચનાઓ પ્રબન્ધાત્મક હોવા છતાં નાણાંકીય નિબંધનું એક આછું માળખું તેમાંથી મળી રહે છે. અંગ્રેજી ગદ્યના પ્રભાવ વિનાનું એમનું ગદ્ય પ્રસંગોપાત્ત તેમાં આવતા રમૂજી ટુચકાઓ, કહેવતો વગેરેને લઈને ધ્યાન ખેંચનારું બન્યું છે.

નિબંધના સ્વરૂપની સભાનતા સાથે પહેલવહેલો નિબંધ ખેડાય છે નર્મદને હાથે. એડીસનના 'સ્પેક્ટેટર'નાં લખાણ જેવાં લખાણ આપવાની તેની ઉમેદ હતી. 'દાંડિયો' પાક્ષિકની શરૂઆત કરી, તેણે સાહિત્ય, સમાજ, ધર્મ, રાજકારણ એમ અનેક વિષયો ઉપર કલમ ચલાવી છે. 'મંડળી મળવાથી થતા લાભ' તેની પાસેથી મળતો સંક્ષિપ્ત શૈલીનો પ્રથમ નિબંધ છે. સંબોધનાત્મક અને વિમર્શાત્મક એમ બે પ્રકારના તેના નિબંધો છે. પહેલામાં તે યુયુત્સુ અને રૂઢિભંજક રૂપે વ્યક્ત થયો છે તો બીજામાં ધીર-ગંભીર વિચારક તરીકેનું તેનું પ્રતિબિંબ ઝિલાયું છે. નર્મદે નિબંધો દ્વારા ગદ્યની વિવિધ છટાઓ-લઢણો ઊભી કરી છે. ગદ્યને પળોટીને નિબંધના સર્જન અને વિકાસ માટે તેણે નવી દિશા ઉઘાડી આપી.

'શાળાપત્ર'ના તંત્રી નવલરામ મુખ્યત્વે વિવેચક છે. તેમ છતાં તેમની કલમે 'લગ્નસરા' અને 'ઓથારિયો હડકવા' જેવા વિચારપ્રધાન અને નર્મયુક્ત નિબંધો આવ્યા છે. નર્મદને

મુકાબલે નવલરામનું ગદ્ય સુઘડ છે. નર્મદને હાથે અવતરેલો નિબંધ નવલરામને હાથે સંસ્કારાતો જણાય છે. આ ઉપરાંત આ યુગમાં ઘરગથ્થુ શૈલીમાં સુધારા વિશે લખાણો લખનાર કરસનદાસ મૂળજી, મહીપતરામ નીલકંઠ, હરગોવિન્દદાસ કાંટાવાળા અને અંબાલાલ સા. દેસાઈ વગેરેએ પણ નિબંધસાહિત્યને ખીલવવામાં યથાશક્તિ–મતિ પોતાનો ફાળો આપ્યો છે.

આ યુગમાં નિબંધ જન્મે છે, પણ તેના લેખનમાં લક્ષ્ય રૂપે સુધારો હોવાથી તત્ત્વતઃ તે સુધારાનું વાહન બની રહે છે. તેનું કળામય રૂપ પ્રકટતું નથી. આ માટે લેખકો કરતાં તત્કાલીન પરિસ્થિતિને જ સવિશેષ જવાબદાર લેખી શકાય.

યુનિવર્સિટીઓની સ્થાપના થતાં પંડિતયુગમાં નવી કેળવણી લઈ સ્નાતકો બહાર પડવા લાગ્યા. અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત અને અરબી-ફારસી ભાષાના અભ્યાસની પણ તકો વધી. રાષ્ટ્રીય મહાસભાના ભરાયેલા અધિવેશને દેશ સમગ્રમાં દેશોત્કર્ષની ભાવના જગવી. ધાર્મિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વિષયો નવી નજરે જોવાવા લાગ્યા. જીવનનો વધુ ગંભીરતાથી વિચાર થવા લાગ્યો. અલંકારવિભૂષિત-પાંડિત્યપૂર્ણ ગદ્યનો મહિમા વધ્યો. નિબંધ આ યુગના વિદ્વાનો અને ચિંતકોના ગંભીર અને મનનયુક્ત વિચારોને વ્યક્ત કરનાર વાહન બને છે.

પંડિતયુગના પહેલા નિબંધકાર છે મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. શિષ્ટ, સંસ્કૃતપ્રચુર શૈલી વિષયનું ગંભીરપણે દૃષ્ટાંતો–અવતરણોથી થતું નિરૂપણ અને અલંકારપ્રિયતા—જે પંડિત-યુગના નિબંધનાં લક્ષણો છે તે સૌ પ્રથમ તેમના નિબંધોમાં જોવા મળે છે. તેમના નિબંધો કદની દૃષ્ટિએ વિસ્તૃત હોવા છતાં વિચારતત્ત્વની દૃષ્ટિએ મૂલ્યવાન બન્યા છે.

પંડિતયુગના સર્વોત્તમ નિબંધકાર મણિલાલ ન. દ્વિવેદી છે. 'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના તંત્રીપદે રહી તેમણે ધર્મ, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ, સાહિત્ય અને કેળવણી વિશે મિતાક્ષરી, ચિંતનગર્ભ અને તેજસ્વી વાક્છટાવાળા ગદ્યમાં ઊંચા પ્રકારની વિચારસામગ્રીવાળા નિબંધો આપ્યા છે. વિષયનો સચોટ ઉઘાડ, વિચારતત્ત્વનો સહજપણે થતો વિકાસ, વિષયનાં અંગોપાંગોનું માર્મિક વિશ્લેષણ અને ભારેમાં ભારે વિષયને પણ દૃષ્ટાંત-દલીલો વડે સરળ અને સર્વગ્રાહ્ય બનાવી આપવાની આવડત-એ સૌ તેમના નિબંધોની તરી આવતી વિશેષતાઓ છે. ચિન્તનાત્મક નિબંધોનું સુશ્લિષ્ટ અને સુગ્રથિત સ્વરૂપ પહેલવહેલું મણિલાલમાં જોવા મળે છે.

ગંભીર મનોવૃત્તિવાળા નરસિંહરાવ દીવેટિયા 'વિવર્તલીલા'માં કવિતા અને ચિંતનનો યોગ સાધી હળવા પ્રકારની નિબંધરચનાઓ આપે છે. 'સ્મરણમુકુર'માં તેમણે કેટલાક સુન્દર ચરિત્રાત્મક નિબંધો આપ્યા છે. તેમના વિવેચનાત્મક નિબંધો પ્રમાણમાં વિસ્તૃત અને રચના-દૃષ્ટિએ શિથિલ બન્યા છે.

'ધર્મ અને સમાજ' ૧-૨માં ધર્મ અને સમાજવિષયક નિબંધો આપનાર રમણભાઈ મ. નીલકંઠ બીજા એક મહત્ત્વના નિબંધલેખક છે. વ્યવસ્થિતતા અને સુશ્લિષ્ટતા તેમના નિબંધો-નાં પ્રધાન લક્ષણો છે. તેમનાં વિવેચનાત્મક લખાણો પ્રમાણમાં પ્રબન્ધાકારી છે. ગુજરાતી નિબંધક્ષેત્રે તેમનું જે વિશિષ્ટ અર્પણ છે તે તો તેમના 'હાસ્યમંદિર'માંના વિનોદપ્રધાન નિબંધોનું. આ પ્રકારનો તે આપણો પહેલો નિબંધસંગ્રહ છે. ગંભીરપણે ખેડાતો આવતો નિબંધ

વિનોદનો વાહક તેમના હાથે બને છે. તેમની શૈલી એકંદરે સરળ, પ્રવાહી અને વિશદ છે. આ અરસામાં કેશવલાલ હ. ધ્રુવ અને ઉત્તમલાલ ત્રિવેદીએ પણ માહિતીપ્રધાન અને શાસ્ત્રીય નિરૂપણવાળા નિબંધો આપ્યા છે. કૃષ્ણલાલ મો. ઝવેરીને પણ અહીં યાદ કરવા જોઈએ.

મણિલાલ ન. દ્વિવેદીનું સ્મરણ કરાવે તેવા બીજા ઉચ્ચ કોટિના નિબંધકાર છે આનંદશંકર બા ધ્રુવ. 'વસંત'ના તંત્રીપદેથી તેમણે જીવનના અનેકવિધ પ્રશ્નોની ચર્ચા કરી છે. 'આપણો ધર્મ' તેમની ધર્મવિષયક વિચારણાનો આકરગ્રંથ છે. તેમાં તેમનું હૃદય સર્વસ્વ ઊતર્યું છે. આ સંગ્રહમાંના વાર્તિક કે વ્યાખ્યાન શૈલીના નિબંધો તેમનું વિશિષ્ટ અર્પણ છે. નિર્મળ વ્યક્તિત્વને પ્રકટ કરતી તેમની પ્રાસાદિક નિબંધરચનાઓ લલિતનિબંધની દિશામાં ગતિ કરતી જણાય છે.

બળવંતરાય ક. ઠાકોરે લાક્ષણિક શૈલીમાં સામાજિક, રાજકીય અને સાહિત્યિક વિષયો પર અનેક નિબંધો લખ્યા છે. વિષય, શૈલી અને નિરૂપણ—એમ સર્વ પ્રકારે તેમના નિબંધો અરૂઢ અને નિરાળી છાપ ઉપસાવે છે. તેમના વ્યાખ્યાન શૈલીના નિબંધોમાં ગદ્યની અનોખી છટા પ્રકટી છે. ક્યારેક દુર્બોધ બનતા હોવા છતાં લેખકના વિશિષ્ટ વ્યક્તિત્વથી અંકિત તેમના નિબંધો તેજસ્વી વિચારસંપત્તિ અને બલિષ્ટ ગદ્યને લઈને વિશિષ્ટ સ્થાનના અધિકારી બન્યા છે,

ન્હાનાલાલે ઉચ્ચાશયી જીવનભાવનાઓથી ઊભરાતા કાવ્યમય નિરૂપણવાળા, અલંકારપ્રચુર નિબંધો આપ્યા છે. પ્રબળ ઊર્મિ અને ઉત્કટ ભાવમયતા કવિતાની પેઠે તેમના નિબંધોમાં પણ પ્રકટે છે. તેમના નિબંધોમાં પ્રવેશતું ઊર્મિતત્ત્વ તેનો અતિરેક થતાં તેમના દર્શનને ક્વચિત્ ધૂંધળું, હવાઈ કે અતિશયોક્તિભર્યું પણ બનાવી દે છે.

ગુજરાતની ઉન્નતિમાં રાચનાર રણજિતરામ મહેતાની પાસે નિબંધલેખનની સામગ્રી છે, પણ તેમાંથી કલાત્મક નિબંધ કંડારી કાઢે તેવી સર્જકતાની તેમનામાં ઊણપ જણાય છે. આથી ઘણુંખરું તેમની રચનાઓ કળાકૃતિ બનવાને બદલે માહિતીસભર લેખો બની રહે છે. 'સમાલોચક' અને 'વસંત' દ્વારા વિચારપૂર્ણ નિબંધો લખનાર ચંદ્રશંકર પંડ્યા ગણનાપાત્ર નિબંધલેખક છે. વકતૃત્વ છટાવાળી ગદ્યશૈલી તેમના નિબંધોનો વિશેષ છે.

પંડિતયુગ ને ગાંધીયુગના સંધિકાળે નોંધપાત્ર નિબંધકાર મળે છે તે અતિસુખશંકર ક. ત્રિવેદી. પંડિતયુગના ભારેખમ નિબંધને કલાત્મક અને હળવો બનાવવામાં તેમનો ફાળો ઘણો છે. ઊર્મિસભર ચિંતન અને સંક્ષિપ્તતા તેમના નિબંધોની વિશેષતાઓ છે. તેમના નિબંધો વાંચતાં ગુજરાતી નિબંધ કલાત્મકતા બાજુ ઝોક લઈ રહ્યો છે તેવી પ્રતીતિ થાય છે.

આ ઉપરાંત આ યુગમાં ધર્મતત્ત્વને લોકગમ્ય શૈલીમાં નિબંધાકારે અવતારનારાઓમાં વા. મો. શાહ, અમૃતલાલ પઢિયાર, વિશ્વવંદ્ય, નર્મદાશંકર દે. મહેતા અને શ્રીમદ્ રામચંદ્ર મુખ્ય છે. આ પ્રકારના લેખકોનાં સરળ અને ધ્યેયલક્ષી લખાણો અણસરખાં છતાં પ્રસંગોપાત્ત અનેરી રસવત્તાની છાપ પાડે છે.

પંડિતયુગમાં નિબંધ વિપુલતાથી ને વિવિધતાથી ખેડાયો છે. વિષયો પણ વધ્યા છે. મુદ્રણની સગવડે અને સામયિકોની ભરતીએ લેખકોને માટે અનુકૂળતા પણ ઊભી કરી આપી છે. જીવનના વધુ ગંભીર અને માર્મિક પ્રશ્નોની નિબંધરૂપે ગવેષણા પણ થતી રહી છે. સમગ્રરૂપે જોતાં અહીં નિબંધ ગંભીર વિચારોનો વાહક બને છે. જાગૃતિકાળનો નિબંધ પંડિતયુગમાં સ્વતંત્ર કળાપ્રકાર તરીકેની પ્રતિષ્ઠા પામી સંપન્ન બને છે. તેમ છતાં અનૌપચારિકતાથી ફોરતી, આત્મલક્ષી રચનાઓ આ યુગમાં ઝાઝી મળતી નથી એ નોંધવું રહ્યું.

ગાંધીયુગના નિબંધનાં વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ સર્જાય છે. પ્રજા સ્વાતંત્ર્યાભિમુખ થઈ હતી તેવે ટાણે ગાંધીજીનું સ્વદેશાગમન દેશ માટે અનેક રીતે વરદાનરૂપ બની રહે છે. અમદાવાદમાં તેમણે સાબરમતી આશ્રમની સ્થાપના કરી લોકકલ્યાણ અને સ્વાતંત્ર્યની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો. 'હરિજનબન્ધુ' અને 'નવજીવન' દ્વારા તેમણે લેખનપ્રવૃતિ આદરીને રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક એમ અનેક વિષયોને છણ્યા ને પ્રજા સુધી પ્રસાર્યા. સંપૂર્ણ રાષ્ટ્રીય શિક્ષણ આપે તેવી તેમણે સ્થાપેલી વિદ્યાસંસ્થા 'ગુજરાત વિદ્યાપીઠ'-માંથી અનેક સ્નાતકો સમાજસેવકો કે લેખકો રૂપે બહાર આવવા લાગ્યા. સંસ્કૃતાઢ્ય શૈલીના બદલે સાદી, સરળ અને ધ્યેયલક્ષી શૈલીનો તેમણે આગ્રહ રાખ્યો અને તેને ચલણી પણ બનાવી. તળપદું વાસ્તવ સર્જનનો વિષય બન્યું. ગાંધીજીની આજુબાજુ તેમની વિચારસરણીના રંગે રંગાયેલું એક નાનકડું લેખકવૃન્દ પણ ઊભું થયું. સમાજ અને જીવનના વિવિધ પ્રશ્નો અને વિષયોની ચર્ચા માટે નવાં નવાં સામયિકો પ્રગટતાં ગયાં. આમૂલે બદલાઈ ગયેલી આબોહવાએ લેખકોને નવા વિષયો પૂરો પાડચા. ગાંધીયુગમાં આમ નિબંધના વિકાસ માટે ઉજ્જવલ તકો ઊભી થાય છે.

નિબંધો દ્વારા પોતાનું આંતરસત્ત્વ પ્રગટ કરનાર ગાંધીજી આ યુગના અગ્રિમ નિબંધકાર છે. નિબંધને અનેક ક્ષેત્રે વિચરતો કરવાનો યશ આ યુગમાં તેમને મળે છે. પોતાના વિચારોને તેઓ સચોટ અને સંક્ષિપ્ત શૈલીમાં ઊતારી શકે છે તે લેખક તરીકેની તેમની પહેલી વિશેષતા. કોઈ પણ વિષય ઉપરની રચનાને તેઓ પોતાના ઋજુ, સત્યનિષ્ઠ વ્યક્તિત્વથી રસાળ બનાવી શકે છે. તેમનું સ્વચ્છ અને પારદર્શક ગદ્ય તેમના નિબંધોને આકર્ષક બનાવે છે. 'મંગળ પ્રભાત'ની રચનાઓ નિબંધક્ષેત્રે જુદા જ પ્રકારની ભાત ઉપસાવી આપે છે.

શુદ્ધ સર્જનહેતુથી પ્રેરાઈને રમણીય નિબંધો આપનાર કાકાસાહેબ—આ યુગના અનન્ય નિબંધકાર છે. આર્યસંસ્કારોથી ઊભરાતું તેમનું ચિત્ત, સૌંદર્યદર્શી કવિપ્રાણ, શિશુસદશ સ્વાભાવિકતા, વિનોદવૃત્તિ અને મધુર-મખમલી ગદ્ય તેમના નિબંધોને સત્ત્વયુક્ત અને કાવ્યની ખુશબોવાળા બનાવે છે. કલ્પનાપ્રાણિત નિબંધો ઉત્તમરૂપે અને વિપુલ સંખ્યામાં પહેલવહેલા તેમની પાસેથી મળે છે. તેમના નિબંધોમાં લલિત નિબંધનું એક શિખર સર થતું જણાય છે. તેમણે ધર્મ, સમાજ, સંસ્કૃતિ, સાહિત્ય, રાજકારણ, પ્રકૃતિ અને પર્યટણ જેવા અનેક વિષયો પર રમણીય ને મનનાત્મક નિબંધો લખ્યા છે.

'ઓતરાતી દીવાલો'ની રચનાઓ એક વિશિષ્ટ પ્રકારનું તેજ ધારીને આવે છે. તેમાં કાકાસાહેબની વિનોદશક્તિ ઉત્તમ રીતે પ્રકટી છે.

ગાંધીજીના સાન્નિધ્યમાં રહીને જેમની કલમ પાંગરી છે તેવા બીજા નિબંધકાર છે કિશોરલાલ ઘ. મશરૂવાળા. ધર્મ, કેળવણી, તત્ત્વજ્ઞાન અને સમાજ વગેરે વિષયો ઉપર તેમણે કેટલુંક મૌલિક ચિંતન-મનન કર્યું છે. સરળ, તર્કબદ્ધ અને સ્વસ્થ ગદ્યમાં લખાયેલા તેમના નિબંધો જીવન વિશેના કેટલાક આગવા બુદ્ધિપૂત અભિગમોને લઈને યાદગાર બને છે.

સ્વામી આનંદ, પંડિત સુખલાલજી, મહાદેવભાઈ દેસાઈ, ચંદ્રશંકર શુકલ, મગનભાઈ પ્ર. દેસાઈ, બબલભાઈ મહેતા, હરભાઈ નાનાભાઈ, ગિજુભાઈ, મટુભાઈ કાંટાવાળા આદિ બીજા અનેક લેખકોએ કોઈક ને કોઈક નિમિત્તે નિબંધાકારી લખાણો આપીને નિબંધને વિકસાવવામાં પોતાનો ફાળો આપ્યો છે.

કંઈક અંશે ગાંધીવિચારણાના પ્રત્યાઘાત રૂપે કનૈયાલાલ મા. મુનશીનું રૂઢિભંજક માનસ સાહિત્યમાંથી નીતિનો ઉચ્છેદ કરી ઉલ્લાસને પુરસ્કારી—ગાઈને રોનકવાળા ગદ્યમાં નિબંધો લખવા શરૂ કરે છે. તેમનાં વિવેચનાત્મક અને ચિન્તનાત્મક લખાણો ઉપર તેમના ઉદ્દામ અને કલ્પનાશીલ વ્યક્તિત્વની મુદ્રા પ્રબળપણે અંકિત થયેલી છે. ચરિત્રાત્મક નિબંધોમાં પણ તેમની કલમ સરસ ખીલી છે. તેમનાં લખાણો આકર્ષક હોવા છતાં તેમાંનાં નિરીક્ષણો કયારેક એકપક્ષીય કે ચિંત્ય બનતાં હોય છે તે તેમની મર્યાદા છે. ગુજરાતી ગદ્યમાં તેમની ચિત્રાત્મક અને વેગવાળી શૈલી નોખી ભાત પાડે છે. લીલાવતી મુન્શી પણ રંગદર્શી લેખિકા છે. તેમને પણ સંક્ષિપ્ત શૈલીનાં ઉઠાવદાર રેખાચિત્રો આપ્યાં છે.

વિવેચનને સર્જન જેવું મનોરમ બનાવનાર વિજયરાય વૈદ્ય શક્તિશાળી નિબંધકાર છે. પ્રયોગખોરીને કારણે તેમનું વિવેચન કયારેક કૃત્રિમતાનો ભાસ કરાવે છે, પણ તેમનું ખરું અર્પણ નર્મપ્રધાન નિબંધોનું છે. 'વિનોદકાન્ત' ઉપનામને સાર્થ કરતા એ પ્રકારના નિબંધોમાં તેમણે જીવનનાં અનેક પાસાંઓ ઉપર નિર્દોષ કટાક્ષ કર્યો છે. પોતાની જાતને કેન્દ્રમાં રાખી હસવું—હસાવવું એ તેમનો હેતુ રહ્યો જણાય છે. તેમનો વિનોદ બુદ્ધિસંતર્પક છે.

'સ્વૈરવિહારી' ઉપનામે નર્મપ્રધાન નિબંધો આપનાર બીજા લેખક છે રા. વિ. પાઠક. તેમણે વિવેચનાત્મક નિબંધો આપ્યા હોવા છતાં તેઓ નિબંધક્ષેત્રે સવિશેષ જાણીતા બન્યા છે તેમના નર્મપ્રધાન નિબંધોથી. તેમના એ પ્રકારના નિબંધો ગુજરાતી નિબંધ માટે એક નવી જ દિશા ઉઘાડી આપે છે. કશા પણ દૃઢ બંધનમાં બંધાયા વિના અહીં તહીં ઊડાઊડ કરી તેઓ એક જ રચનામાં અનેક વિષયને સ્પર્શી આવે છે. શુદ્ધ વિનોદ કરતાં તેમનામાં કટાક્ષ સવિશેષ છે. સરળ અને લોકગમ્ય શૈલીમાં લખાયેલી આ રચનાઓની પાછળ કર્તાનું જીવન અને જગત વિશેનું ઝીણવટભર્યું અવલોકન પડેલું છે.

ગંભીર અને કટાક્ષપ્રધાન એમ ઉભય પ્રકારના નિબંધોના ખેડનાર ધૂમકેતુ અને ૨. વ. દેસાઈનું પ્રદાન પણ નિબંધક્ષેત્રે મહત્ત્વનું રહ્યું છે. રતિલાલ મો. ત્રિવેદી, અંબાલાલ પુરાણી અને ઝવેરચંદ મેઘાણી બીજા ઉલ્લેખપાત્ર નિબંધકારો છે. ત્રણેયને પોતપોતાના આગવા મરોડવાળી શૈલી છે.

વિવેચક તરીકે જાણીતા બનેલ નવલરામ જ. ત્રિવેદીએ મેઘાણીની જેમ કટાક્ષને વ્યંગ્યસભર નિબંધો આપ્યા છે. સમયદૃષ્ટિએ અહીં યાદ કરવા જેવા નિબંધકારો છે ચાંપશીભાઈ વિ. ઉદ્દેશી, બટુભાઈ ઉમરવાડિયા અને કુસુમાકર. ચંદ્રવદન મહેતા અને જિતુભાઈ પ્ર. મહેતા વગેરેનો ફાળો પણ નિબંધને પુષ્ટ કરવામાં ઠીક ઠીક રહ્યો છે.

કિસનસિંહ ચાવડા એક અચ્છા નિબંધકાર છે. ઊર્મિકાવ્યની લગોલગ પહોંચી જતા તેમના રસઘન ચરિત્રાત્મક નિબંધોમાં આસ્વાદ્ય બને છે પ્રાસાદિક ગદ્ય.

કાકાસાહેબની પેઠે નિબંધને શુદ્ધરૂપે ખીલવનાર નિબંધલેખિકા છે વિનોદિની નીલકંઠ. પ્રસન્ન ગદ્યમાં કલ્પનાના આછા-પાતળા રંગો વડે નિજત્વને પ્રગટ કરતાં કરતાં તેઓ આનંદદાયક રચનાઓ કંડારી કાઢે છે. નર્મમર્મ કરતાં તેમની રચનાઓમાં વિષાદના રંગો સવિશેષ હોય છે.

સુન્દરમ્ ત્રીસના મહત્ત્વના નિબંધકાર છે. તેમની વિવેચન પ્રવૃત્તિ પણ ‘સૌંદર્યના સત્યશોધનની યાત્રા’ બનેલ હોવાથી તેમના કેટલાક વિવેચનલેખોમાં લલિત નિબંધની ફોરમ માણવા મળે છે. ‘દક્ષિણાયન’ અને ‘ચિદમ્બરા’માં તેમણે વિષયને કલ્પનાસ્પૃષ્ટ ઉઠાવ આપતા પ્રાસાદિક ગદ્યવાળા નિબંધો આપ્યા છે. પરોઢની તાજગીનો અનુભવ કરાવી રહેતું પ્રસન્ન ગદ્ય તેમના નિબંધોનું તરી આવતું લક્ષણ છે.

ઉમાશંકરે અન્ય સ્વરૂપોની જેમ નિબંધને પણ નોંધપાત્ર રીતે ખેડ્યો છે. તેમની વાતચીતિયા ઢબની પ્રાસાદિક શૈલી તેમનાં વિવેચનોને નિબંધનો આકાર આપે છે. શુદ્ધ નિબંધક્ષેત્રે તેમનું પ્રદાન સવિશેષ મહત્ત્વનું છે. કોઈ પણ વિષયને વ્યક્તિત્વથી ભીંજવી દઈ વાતચીતની ઉષ્મા દાખવતા ગદ્યમાં તેઓ આસાનીથી નિબંધ સર્જે છે. નિબંધ એ બે આત્મા વચ્ચેની ગોષ્ઠી છે તે ‘ગોષ્ઠી’ અને ‘ઉઘાડી બારી’ની રચનાઓ વાંચતાં સમજાય છે. તેમની રચનાઓનું નર્મતત્ત્વ પણ ધ્યાનપાત્ર છે.

જયંતિ દલાલ, યશોધર મહેતા અને ઈશ્વર પેટલીકરનું પ્રદાન પણ નિબંધક્ષેત્રે નોંધનીય રહ્યું છે. આ ઉપરાંત એક યા બીજે પ્રસંગે ગદ્યને ખેડીને નિબંધરૂપે લખાણો આપનારાઓમાં ઈન્દુલાલ યાજ્ઞિક, અમૃતલાલ યાજ્ઞિક, નિરંજન વર્મા, જયમલ્લ પરમાર, જયભિખ્ખુ, ની. દે., પ્રબોધ ચોકસી, વાડીલાલ ડગલી અને ભોગીલાલ ગાંધીને પણ અહીં યાદ કરવા જોઈએ. આમાંનાં કેટલાંક લખાણો વસ્તુપ્રધાન હોવા છતાં તેમની લાક્ષણિક ગદ્યછટાને કારણે અત્રે ઉલ્લેખનીય બને છે.

નર્મતત્ત્વનો પ્રધાનપણે ઉપયોગ કરનાર લેખકો જોઈએ. મો. પા. દવે અને જયેન્દ્ર ભ. દૂરકાળ બંનેને સમયની દૃષ્ટિએ પંડિતયુગમાં મૂકી શકાય, પણ બંનેનું વલણ એકંદરે હળવા નિબંધો લખવા તરફ વિશેષ રહ્યું હોવાથી તેમનો અહીં ઉલ્લેખ કરવો વધુ યોગ્ય ગણાશે. ‘તરંગ’માં મો. પા. દવેની કેટલીક રમણીય નર્મપ્રધાન રચનાઓ છે. સામાન્ય વિષયમાંથી પણ તેઓ અદ્ભુત રીતે હાસ્ય ઊભું કરી આપે છે. જયેન્દ્ર દૂરકાળનો વિનોદ અભિજાત છે. તેઓ કમનીય શૈલીના નિબંધકાર છે.

નર્મપ્રધાન નિબંધકારોમાં અગ્રસ્થાને વિરાજે છે જ્યોતીન્દ્ર દવે. તેમની ચકોર નજરે જે વિષય ચડે છે તેને તેઓ હાસ્યથી છલકતો કરી દે છે. તેમની પાસે કોઈ પણ વસ્તુમાં રહેલા વિસંગત તત્ત્વને પારખી લેવાની એક વિશેષ પ્રકારની સૂક્ષ્મ દૃષ્ટિ છે. તેઓ વિવિધ રીતિઓનો આશ્રય લઈ હાસ્ય ઊભું કરે છે. તેમનું હાસ્ય કટુતા રહિત છે, તેથી તે વિશેષ આસ્વાદ્ય બન્યું છે. તેમના હાસ્ય પાછળ કોઈક ગંભીર ચિંતન-મનન પડેલાં હોય છે તેથી તે હાસ્ય છીછરું બની જતું નથી.

ગગનવિહારી મહેતા, ધનસુખલાલ મહેતા, મસ્તફકીર, મુનિકુમાર ભટ્ટ, જયસુખલાલ મહેતા, ઓલિયા જોશી, જાગીરદાર, જદુરાય ખંધેડિયા, નટવરલાલ બૂચ, વગેરેએ પણ હાસ્ય-પ્રધાન નિબંધને વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. વ્યક્તિત્વથી પ્લાવિત, સુશ્લિષ્ટ આકારવાળાં વિવેચનોને નિબંધ લેખવામાં મતમતાન્તરો રહે છતાં નિબંધ જે જે રીતે વિકસતો ગયો છે એનો પૂરેપૂરો ખ્યાલ મેળવવો હોય તો તે પ્રકારનાં લખાણોને પણ ધ્યાનમાં લેવાં પડે. વિવેચનને એકાગ્રપણે ખેડનાર વિવેચકો વિશે જોઈએ.

રામપ્રસાદ બક્ષી વ્યુત્પન્નમતિ વિવેચક છે. બુદ્ધિપૂત અને શાસ્ત્રીય દૃષ્ટિકોણથી લખાયેલાં તેમનાં વિવેચનો દઢાકારી નિબંધો છે. વિ. મ. ભટ્ટનાં વિવેચનો પ્રમાણમાં માહિતી-સભર અને પ્રબન્ધાકારી હોવા છતાં તેમના વેગીલા અને ઊર્મિપ્રાણિત ગદ્યને લઈને આકર્ષક બને છે. વિ. ર. ત્રિવેદી રમણીય શૈલીના ગદ્યકાર છે. 'સૌંદર્યની ઉપાસના' અને 'અનુભાવના' જેવાં તેમનાં વિવેચનો તત્ત્વતઃ મધુર નિબંધો જ છે. ડોલરરાય માંકડ, સુન્દરજી બેટાઈ, દર્શક, મનસુખલાલ ઝવેરી, ગુલાબદાસ બ્રોકર, અનંતરાય રાવળ, હરિવલ્લભ ભાયાણી, ડૉ. ધીરુભાઈ ઠાકર, યશવંત શુકલ, ચૂનીલાલ વ. શાહ, રામચંદ્ર શુકલ, ર. છો. પરીખ, રામપ્રસાદ શુકલ વગેરે વિવેચકો–ગદ્યકારો પાસે પોતપોતાના આગવા મરોડવાળી શૈલી છે. નિબંધના વિકાસમાં એ પ્રકારના ગદ્યલેખકોનો પણ એક યા બીજા પ્રકારનો ફાળો રહેલો છે. અધ્યાપકના વ્યવસાય નિમિત્તે કે તે સિવાયના પ્રવાસ, વિજ્ઞાન, સંસ્કાર જેવા વિષયો ઉપર જુદાં જુદાં સામયિકોમાં લખનાર લેખકોની પણ અહીં નોંધ લેવી જોઈએ.

ગાંધી યુગનું નિબંધ સાહિત્ય અવલોકતાં જણાય છે કે અહીં કેળવણી, સંસ્કૃતિ, વિજ્ઞાન, રાજકારણ, પ્રવાસ, પ્રકૃતિ, સાહિત્ય, વિભૂતિવંદના એમ અનેક વિષયો ઉપર નિબંધો લખાયા છે. પાંડિત્યપૂર્ણ શૈલીનો મોહ અદૃશ્ય થતો જણાય છે. જ્ઞાનવિતરણ ખરું પણ તેનું ભારણ નહીં એ અહીં સૌ પ્રથમ વાર સ્પષ્ટ થાય છે. આ યુગના નિબંધકારોનું લક્ષ્ય આનંદવિતરણ પ્રતિ વિશેષ રહ્યું જણાય છે. વિચાર–મનનને વ્યક્ત કરવાના સાધનરૂપને શુષ્ક મનાયેલા નિબંધની ગાંધી યુગમાં લલિત પ્રકાર તરીકેની પ્રતિષ્ઠા બંધાય છે. કાકાસાહેબ, વિનોદિની નીલકંઠ, જ્યોતીન્દ્ર દવે અને ઉમાશંકર વગેરેમાં પોતાનું સ્ફૂર્તિલું રૂપ કાઢતો નિબંધ સર્જનાત્મકતાની દિશામાં જઈ રહ્યો છે તેની પ્રતીતિ આ યુગના નિબંધો કરાવે છે. છેલ્લા દોઢેક દાયકામાં ગતાનુગતિક પ્રવાહથી અલગ પડી લખનારાઓમાં સુરેશ જોશી મુખ્ય છે. 'જનાન્તિકે' અને 'ઇદમસર્વમ્' તેમના નિબંધસંગ્રહો છે. 'જનાન્તિકે'ની સમૃદ્ધિ જોતાં તે આ

દાયકાના નિબંધનું એક શિખર બની રહે છે. સભર આત્મીયતા અને કાવ્યમય, ઇન્દ્રિયગ્રાહ્ય ગદ્ય તેમના નિબંધોનાં વિશિષ્ટ તત્ત્વો છે.

દિગીશ મહેતાકૃત 'દૂરના એ સૂર' લલિત નિબંધ ક્ષેત્રે આ દાયકાનું બીજું એક ઉન્નત મોજું છે. એ નિબંધોમાંથી નીતરતી આત્મીયતા, તળપદી મીઠાશવાળું ચિત્રાત્મક અને ઉર્મિરસિત ગદ્ય તેમની નિબંધકાર તરીકેની લાક્ષણિકતાઓ છે.

આધુનિક લેખકોમાં લાભશંકર ઠાકર, રઘુવીર ચૌધરી, મધુરાય, ગુલામ મોહમ્મદ શેખ અને નંદ સામવેદી વગેરે છૂટક છૂટક રચનાઓ આપે છે પણ નવીનોમાં નિબંધને એકાગ્રપણે ઉપસવાનું વલણ કંઈક ઓછું જણાય છે. આ ઉપરાંત બીજા અનેક નવોદિતો ગદ્યને અવારનવાર ખેડે છે પણ વિવેચન વગેરેમાં પ્રવૃત્ત આ લેખકોની કલમને માટે નિબંધ હજી પડકાર બનીને ઊભો છે.

આ દાયકામાં પરંપરાગત પ્રવાહમાં લખનારાઓમાં ફાધર વાલેસ મુખ્ય છે. નવી પેઢીને ઉદ્દેશીને લખાયેલા તેમના સંક્ષિપ્ત લેખો નિબંધકારી છે. તેમની સરળ, ઘરગથ્થુ અને વાતચીતિયા ઢબની શૈલી વિશેષ પ્રકારની રોચકતા ધારીને આવે છે. એમના કથનની પાછળ નીતરતી વત્સલતા પણ સંવેદ્ય બને છે.

આ ઉપરાંત પુરુષોત્તમ માવળંકર, વ્રજલાલ ર. દાવડા, રસિક ઝવેરી, હરિલાલ ગૌદાની, મધુરમ્, મૂળજીભાઈ શાહ, ધીરુભાઈ પરીખ, ન. મૂ. શાહ, વાસુદેવ મહેતા, ડૉ. અવિનાશ મુનશી વગેરે પણ નિબંધકારી લખાણો આપનારાઓમાં સ્મરણને પાત્ર બને છે.

આ દોઢ–બે દાયકામાં નાર્મિક નિબંધોના લેખકો પણ સારી સંખ્યામાં મળે છે. સમયની દૃષ્ટિએ ચૂનીલાલ મડિયા પહેલા આવે છે. તેમણે 'ચોપાટીને બાંકડેથી'માં નર્મતત્ત્વ ભરપૂર રચનાઓ આપી છે. ચિનુભાઈ પટવાનું આ ક્ષેત્રે મહત્ત્વનું અર્પણ રહ્યું છે. છાપામાં નિયમિતપણે લખનાર પટવાની કલમની વિશેષતા એ છે કે તેમનું હાસ્ય કયાંય છાસિયું થઈ જતું નથી. બકુલ ત્રિપાઠી નવી પેઢીના નર્મપ્રધાન નિબંધકારોમાં અગ્રસ્થાનના અધિકારી બન્યા છે. કોઈ પણ વિષયને બુદ્ધિ-ચાપલ્યથી તેઓ અકૃતક રીતે ખીલવીને હાસ્ય જન્માવે છે. શિષ્ટ-સંમાર્જિત શૈલી તેમના નિબંધોની બીજી વિશેષતા છે. ડૉ. મધુસૂદન પારેખ, દિનકર દેસાઈ, નરોત્તમ વાળંદ, ઈશ્વરચંદ્ર ભટ્ટ, પ્રબોધ જોશી, વિનોદ ભટ્ટ વગેરે લેખકોનું પ્રદાન પણ નર્મપ્રધાન નિબંધોમાં નોંધપાત્ર રહ્યું છે.

આ સિવાય તેજસ્વી અને નિષ્ઠાવાન અધ્યાપકોએ આ બે દાયકામાં જે વિવેચનાત્મક નિબંધો આપ્યા છે તેને પણ અહીં યાદ કરવા જોઈએ.

આધુનિક નિબંધસાહિત્ય ઉપર નજર નાખતાં લાગે છે કે સુરેશ જોશી અને દિગીશ મહેતા જેવા નવીન લેખકોને હાથે ગુજરાતી નિબંધ સર્જનાત્મકતાની દિશામાં એક કદમ આગળ વધ્યો છે. ભવિષ્યમાં જુદાં જુદાં પ્રકારનાં લખાણોને 'નિબંધ' શીર્ષક તળે મૂકવાની જરૂર નહીં

રહે અને આજે એ એના લલિતરૂપે આગળ વધી રહ્યો છે તેને જ આપણે ‘ નિબંધ ’ કહીશું એવી હવા અહીં હવે લગભગ બંધાઈ ગઈ છે.

સવાસો વર્ષના ગુજરાતી નિબંધને અવલોકતાં જણાય છે કે તે અનેક વિષયોમાં ભમી આવ્યો છે. લલિત–લલિતેતર એમ બે કિનારા વચ્ચે એ ગતિ કરતો કરતો આજે વળી પાછો સર્જનાત્મકતા બાજુ ગતિ કરી રહ્યો છે. આજે તેનું બંધાયેલું રસલક્ષી સ્વરૂપ જોતાં અને તે તરફની તેની ગતિ દેખતાં એના ઉજળા ભવિષ્યની સહેજે કલ્પના કરી શકાય.


# શ્યામગર્ત

**છોટુભાઈ સુથાર**

કુદરતમાં સમતા અને વિલક્ષણતાનું અદ્‌ભુત સામંજસ્ય જોવા મળે છે. આપણે જેને સમતા લેખીએ છીએ તે પણ અસમતા દ્વારા સમતાનો ભાવ પેદા કરે છે. એ રીતે કેટલાંક કુદરતી સ્વરૂપો વિલક્ષણતા દાખવતાં રહે છે.

પોતાની વિલક્ષણતાઓને કારણે જે આકાશીપિંડોએ ખગોળશાસ્ત્રીઓને માથું ખંજવાળતા કરી દીધા છે તે પૈકી કવેસાર અને શ્યામગર્ત મુખ્ય છે. કવેસાર દેખાય છે ઉજવળ તારા જેવો પણ એની અન્ય ખાસિયતો તારા જેવી નથી. શ્યામગર્ત તારો છે પણ એના ગુણધર્મ સામાન્ય તારા જેવા નથી. યથા નામ તે શ્યામ તારો છે, અને કોઈ પ્રકારનું વિકિરણ તે દાખવતો નથી. કવેસાર કલ્પનાતીત ઊર્જા પ્રગટાવનારા જ્યોતિ છે. કવેસારની શોધ થયે લગભગ બાર વર્ષ થયાં છે. આમ છતાંય એમની પ્રચંડ વિકિરણ શક્તિનું રહસ્ય હજી પામી શકાયું નથી. બેત્રણ અબજ પ્રકાશવર્ષ છેટે આવેલા કવેસાર એટલે દૂર આવેલાં તારાવિશ્વોના હિસાબે ૧૦૦ ગણું વિકિરણ દાખવે છે. વિલક્ષણતાની વાત એ છે કે તારાવિશ્વો અનેક કરોડ તારા ધરાવતા વિશાળ કદવાળા આકાશી પદાર્થો છે જ્યારે કવેસારનું કદ સામાન્ય તારાવિશ્વના હિસાબે પરાણે કરોડમા ભાગનું છે.

અતિ તેજસ્વી કવેસાર(જેના નામનો અર્થ થાય છે આભાસી તારો)નું રહસ્ય હજી સમજાયું નથી ત્યાં શ્યામગર્તે પોતાના અસ્તિત્વનો અણસારો વ્યક્ત કર્યો છે. ખગોળવિજ્ઞાનની અનેક શાખાઓ–ચાક્ષુષ ખગોળ, રાડર યા રેડિયો ખગોળ, ભૌતિક ખગોળ, ક્ષ-કિરણી ખગોળ, તારક ઉત્ક્રાન્તિ વગેરેના અભ્યાસ તેમ જ સંશોધનો દ્વારા એમ જાણવા મળ્યું છે કે હંસમંડળની પીડમાં આવેલા એક તારાનો સાથીદાર શ્યામગર્ત છે. આ શ્યામગર્તને હંસ × ૧ નામ




આપવામાં આવ્યું છે. આ શ્યામગર્તથી કિરણોત્સર્ગ દાખવતો આકાશી પદાર્થ હોવાનું પહેલાં

શોધાયું હતું. અલબત્ત આ કિરણોત્સર્ગ તારામાં ઉત્પન્ન થનારું વિકિરણ નથી. એનો ઉદ્દગમ પણ વિલક્ષણ રીતે થાય છે. આ અંગેની ચર્ચા યથાસ્થાને કરીશું. પ્રથમ શ્યામગર્ત ( Black hole )ની વાત કરીએ.

ખગોળવિજ્ઞાનમાં થતાં સંશોધનો ભૌતિકશાસ્ત્રના સિદ્ધાંતો ચકાસવાની ભૂમિકા પૂરી પાડે છે. ક્યારેક એવું પણ બને છે કે ખગોળદ્વારા અનુભવાતી કેટલીક બાબતો પ્રચલિત ભૌતિક સિદ્ધાંતો વડે સમજાવી ન શકાય. એમ થતાં એ સિદ્ધાંતો યા નિયમોનું સંશોધન થાય છે અને નવા સિદ્ધાંતોની સ્થાપના થાય છે. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમોની ક્ષતિપૂર્તિ કરનારો સિદ્ધાંત છે.

બધા તારા એકસરખી રીતે ઉત્ક્રાન્ત થતા નથી. ખગોળશાસ્ત્રીઓએ તારાઉત્ક્રાન્તિનો ઊંડો અભ્યાસ કર્યો છે. તારાઓનાં જન્મ અને મૃત્યુ સિવાયની તારાની વિકાસકડી એમને સારી રીતે સમજાઈ છે. તારાના અંત વિષેનું રહસ્ય હજી પૂરેપૂરું સમજવામાં આવ્યું નથી. સૂર્ય કરતાં વધુ દળવાળા તારાઓ એમની જીવનયાત્રાને અંતે શ્વેત વામન રૂપ પામે છે. એમ સમજાયું હતું. પણ પરમસ્ફોટક તારાઓના અવશેષ શ્વેત વામન હોવા છતાં સ્પંદન કરનારા ‘પલ્સાર’ તારા હોવાનું જણાયું. એટલું જ નહીં પણ તે ન્યૂટ્રોન કણોના બનેલા ન્યૂટ્રોન તારા લેખાવા માંડયા છે. આકાશમાં કાળા તારા હોવાની વાત નકારી કઢાઈ નહોતી પણ એ કાળા તારા શ્યામગર્ત હોવાનું કલ્પાયું નહોતું.

પ્રશ્ન થશે કે શ્યામગર્ત શું છે ?

અગાઉ કહ્યા પ્રમાણે શ્યામગર્ત વિશિષ્ટ પ્રકારના તારા છે. આ તારાઓને દૂરબીન વડે જોવા શકય નથી. આ એક ફરક સિવાય સામાન્ય તારાઓના હિસાબે બીજી બાબતોમાં પણ ફરક છે. સામાન્ય તારામાં એના કેન્દ્ર ભાગે ખૂબ ઊંચું ઉષ્ણતામાન હોય છે. આ ઉષ્ણતામાન કેન્દ્ર ભાગે ચાલી રહેલી નાભિકીય પ્રક્રિયાને કારણે તેમ જ તારાદળના દબાણને કારણે થાય છે. આ ઉષ્માદાબને કારણે તારાનું દ્રવ્ય, ગુરુત્વાકર્ષણથી કેન્દ્ર તરફ ખેંચાઈ આવતું નથી અને તારો સમતોલ સ્થિતિમાં રહે છે. આમ છતાંય તારામાં ઉત્પન્ન થતી ઊર્જા તારાનાં આવરણોને પાર કરી તારાની બહારની સપાટી પરથી અવકાશમાં વિકિરિત થતી રહે છે. પરિણામ એ આવે છે કે તારાના કેન્દ્ર ભાગમાં ઉત્પન્ન થતી ઊર્જા જ્યારે ખતમ થવા આવે છે—એમ કહોને કે તારાના કેન્દ્ર ભાગનું હાઈડ્રોજન ઈંધણ ખતમ થાય છે ત્યારે તારો એનાં બાહ્ય આવરણોનો દાબ સહન કરી શકતો નથી. અને તે સંકોચાવા માંડે છે. આ ક્રિયામાં તારાનું કદ નાનું થઈ જાય છે. પણ તે સાથે એનું ગુરુત્વબળ વધી જાય છે. પણ તારાની આ આખરી સ્થિતિ નથી. તારામાં રહેલું દ્રવ્ય હજીયે ઈંધણનું કામ આપે છે અને ત્યારે વળી પાછો તારો સંકોચવાના માર્ગે પહોંચે છે. આવો ક્રમ ચાલતો રહે અને બીજી કશી આડખીલી ઊભી ન થાય તો તારો ( અલબત્ત તારામાં સારું એવું દ્રવ્ય શેષ બચેલું હોવું જોઇએ. ) ધીરે ધીરે વધુ ને વધુ સંકોચાતો જઈ આખરે અત્યંત નાનો તારો બની જાય છે. આવો તારો શ્યામ રંગનો હોઈ આપણી આંખે ચઢતો નથી. આપણે એને શ્યામગર્ત કહીશું.


શ્યામતારો કહેવાને બદલે શ્યામગર્ત શા માટે કહેવાતો હશે ? એ પ્રશ્નનો પણ વિચાર કરીએ.

શ્યામગર્ત અલબત્ત શ્યામતારો છે જ. એને પણ અન્ય તારાઓની માફક દળ છે અને તેથી તે ગુરુત્વબળ ધરાવે છે. ગુરુત્વબળ બહારના દ્રવ્યને તારા પોતાના કેન્દ્ર તરફ ખેંચતા રહે છે. શ્યામગર્ત પણ તેમ જ કરતો રહે છે પણ ફરક છે એ દ્રવ્યના પડવામાં. સામાન્ય તારામાં ખેંચાઈ આવતું દ્રવ્ય તારામાં પડતી વેળા તારા સાથે ટકરાય છે જ્યારે શ્યામગર્તમાં પડતું દ્રવ્ય ટકરાતું કે અથડાતું નથી. સામાન્ય તારાની તુલનામાં શ્યામગર્તનું ગુરુત્વાકર્ષણ અત્યંત વધુ છે. શ્યામગર્તમાંથી પ્રકાશ બહાર જઈ શકતો નથી: એટલું જ નહીં પણ શ્યામગર્તની નજદીક થઈ પ્રકાશ યા દ્રવ્ય અવકાશમાં ગતિ કરી શકે તેમ નથી. શ્યામગર્તનું આકર્ષણ બળ એટલું જોરદાર છે કે તેની નજદીક પહોંચેલું દ્રવ્ય (યા પ્રકાશ) શ્યામગર્તદ્વારા ખેંચાઇ શ્યામગર્તમાં જ સમાઈ જાય છે. એ જ કહોને કે ગળવાની ક્રિયામાં કશો જ સંઘર્ષ થતો નથી એટલું જ નહીં જે વસ્તુને ઉદરસ્થ કરી લેવામાં આવે છે તેનું ફરી એના એ સ્વરૂપે યા બીજા કોઈ રૂપે દર્શન થતું નથી. શ્યામ ગર્તમાં પહોંચેલી બધી વસ્તુઓ આપણી દૃષ્ટિના હિસાબે અલોપ થઈ જાય છે.

શ્યામતારાને દૂરબીન દ્વારા શોધવો અશક્ય છે. અને છતાંય તે શોધાયો છે એ આધુનિક વિજ્ઞાનની મોટી સિદ્ધિ છે. વાત એમ છે કે શ્યામગર્ત (જે જડયો છે તે) એક યુગ્મતારાનો સાથીતારક છે. શ્યામગર્તનો એ જોડીદાર ઉજળા વર્ણનો મોટો તારો છે. શ્યામગર્ત આ તારાના કેન્દ્રને પોતાની તરફ ખેંચી રહ્યો છે. રબરના ફૂલાવેલા ફુગ્ગામાંથી હવા યા વાયુ બહાર નીકળતી વેળા ફુગ્ગાની જે દશા થાય છે લગભગ તેવી દશા પેલા ઉજ્વળ તારાની થાય છે. ફુગ્ગાના મોંની પેઠે એ તારાને પણ શ્યામગર્ત તરફનું મોં બને છે અને એ વાટે દ્રવ્ય શ્યામગર્ત તરફ ખેંચાતું રહે છે. અંતરના હિસાબે, એ દ્રવ્ય તારાને છોડતી વેળા ઓછા વેગવાળું પણ શ્યામગર્ત તરફ પહોંચતી વેળા ભારે વેગવાળું બનતું જાય છે. એનો છેલ્લો વેગ લગભગ પ્રકાશના વેગ જેટલો થઈ જાય છે. એ વેગને કારણે દ્રવ્ય શ્યામગર્તમાં સમાઈ જતાં પહેલાં ક્ષ-કિરણ છોડે છે. આ ક્ષ-કિરણોને કારણે જ શ્યામગર્તનો પત્તો લાગ્યો છે.


શ્યામગર્ત બે પ્રકારે અસ્તિત્વ ધરાવે છે: ૧ સ્થિર સ્થિતિવાળો અને ૨ અક્ષભ્રમણ કરતો શ્યામગર્ત. આ દરેક પ્રકારને ફરતું ઘટના ક્ષિતિજ હોય છે. શ્યામગર્તના દળ ભાગને એકાત્મતા (Singularity) કહીએ તો ચાલે, કારણ કે ત્યાં દ્રવ્ય અને ઊર્જા અલગ રૂપમાં ન રહેતાં એક બની જાય છે. આ એકાત્મતાથી થોડે દૂર ઘટના ક્ષિતિજ આવેલું છે. દૂરથી ખેંચાઈ આવતો પદાર્થ શ્યામગર્તના ઘટના ક્ષિતિજ સુધી પહોંચી, ખેંચાઈ અલોપ બની જાય છે. એમ કલ્પના એક સ્થૈતિક શ્યામગર્તથી ઠીક ઠીક દૂર ઝબકારો પ્રગટ કરવામાં આવે છે અને આપણે એમને દૂરથી જોઈએ છીએ. વળી એમ પણ કલ્પો કે ઉપર્યુક્ત ઝબકારો શ્યામગર્તની દિશામાં ગતિ કરી રહ્યો છે. આપણાથી અત્યંત દૂરના મુક્ત અવકાશમાં બનશે એવું કે આ ઝબકારો તેની આજુબાજુ પ્રકાશનું વર્ધમાન ગોળાકાર આવરણ રચશે, અને તેની મધ્યમાં ઝબકારાનું કેન્દ્ર હશે. ગતિને કારણે ગોળાકાર આવણ શ્યામગર્ત તરફ ખેંચાશે. ઉપર્યુક્ત ઘટનાને દૂરથી જોનારને એમ

લાગશે કે ઝબકારાનું કેન્દ્ર એના ગોળાકાર આવરણમાં ધીરે ધીરે પાછું ફરતું જાય છે; અને એક સમય એવો આવશે કે જ્યારે તે ઉક્ત વર્ધમાન ગોળાકાર અવતરણની ધારે પહોંચી ગયું હશે અને બનાવ બનશે શ્યામગર્તના ઘટનાક્ષિતિજ સ્થળે. આ ક્ષિતિજાવરણ સુધી પહોંચેલા પ્રકાશાવરણનો વેગ પ્રકાશના વેગ જેટલો થઈ જશે અને તે શ્યામગર્તમાં જઈ સમાશે.




ઉપર્યુક્ત વાતનો અર્થ એ થયો કે સ્થૈતિક શ્યામગર્તના ઘટનાક્ષિતિજે પહોંચેલા પદાર્થે શ્યામગર્તમાં સમાઈ જવું ન હોય તો તેણે શ્યામગર્તના આકર્ષણની વિરુદ્ધ દિશામાં, પ્રકાશના વેગથી ગતિ કરવી જોઈએ. એવી ગતિ કરનારો પદાર્થ, એને દૂરથી જોનારની દૃષ્ટિએ, ઘટનાક્ષિતિજ પર સ્થિર રૂપે અવસ્થિત થયેલો દેખાશે. હવે પદાર્થ જો એ ઘટનાક્ષિતિજની અંદર પહોંચી ગયો હોય તો એણે પોતે જે સ્થળે છે એ સ્થળે જ સ્થિર દેખાવા માટે પ્રકાશના વેગ ધારણ કરતાં વધુ વેગ ધારણ કરવો અશક્ય છે અને તેથી ઘટનાક્ષિતિજ પસાર કર્યાનું એક માત્ર પરિણામ એકાત્મતામાં સમાઈ જવાનું રહે છે.

ઘૂર્ણક શ્યામગર્તની બાબત થોડી વધુ જટિલ છે. સામાન્ય સાપેક્ષ સિદ્ધાન્ત અનુસાર અક્ષભ્રમણ કરતું દળ 'જડ ચોકઠાનું વિકર્ષણ' નામે ઓળખાતી અસર જન્માવે છે. બીજા શબ્દોમાં કહીએ તો પૃથ્વી યા સૂર્ય યા શ્યામગર્ત અક્ષભ્રમણ કરે છે ત્યારે દિક્-કાલ (Space Time) એમની આસપાસ ખેંચાતો રહે છે. ઘૂર્ણક શ્યામગર્તની બાબતમાં અગાઉ કથિત ઝબકારાનું વર્ધમાન ગોળાકાર આવરણ શ્યામગર્તના આકર્ષણબળને કારણે તેમ જ શ્યામગર્તના ઘૂર્ણનને કારણે અપકેન્દ્રી (Off-centered) બનશે. એટલું જ નહીં પણ એ આવરણનું કેન્દ્ર ઘટનાક્ષિતિજ સુધી પહોંચતાં પહેલાંજ એના ગોળાકારની ધારે પહોંચેલું અને બાદમાં તેની બહાર નીકળી ગયેલું દેખાશે. ઝબકારાનું કેન્દ્ર ગોળાકારની ધારે પહોંચે છે એ હદને ઘૂર્ણક શ્યામગર્તની



સ્થાયી સીમા કહેવામાં આવે છે. અને એ સીમાએ પહોંચતા પદાર્થને શ્યામગર્તમાં સમાઈ ન જ જવું હોય તો એણે લગભગ પ્રકાશના વેગથી ઊલટી દિશામાં ગતિ કરવી રહે છે. સ્થાયી સીમાની વધુ અંદર પ્રવેશેલા પદાર્થ માટે કશો તરણોપાય રહેતો નથી. ખગોળશાસ્ત્રીઓએ સ્થાયી સીમા દ્વારા રચાતા એકાત્મતાની આજુબાજુના ગોળાકારને એર્ગોળ ( Ergosphere ) નામ આપ્યું છે.

છેલ્લાં થોડાં વર્ષોના પ્રયોગો અને અભ્યાસે દર્શાવ્યું છે કે એ ગોળમાં ગતિ કરતા ઘણુ ઘૂર્ણક શ્યામગર્તમાંથી ઊર્જાનો વિપુલ જથ્થો ખેંચી જઈ શકે છે. ઉદાહરણ દ્વારા આ વસ્તુ સમજીએ. ધારો કે એક પદાર્થકણ એ ગોળમાં પ્રવેશ કર્યા બાદ તૂટે છે અને બે ભાગમાં વિભાજિત થાય છે. આ બે ટુકડાઓ પૈકી એક ટુકડો ઘટનાક્ષિતિજ તરફની ગતિ કરશે જ્યારે બીજો એ ગોળની બહાર નીકળવાનો આ બહાર નીકળતો કણ એની મૂળ ઊર્જા કરતાં વધુ ઊર્જા કરતાં વધુ ઊર્જા ધારણ કરતો હશે. અલબત્ત એ કારણે ઘૂર્ણક શ્યામગર્તની ઘૂર્ણનગતિ થોડી ઓછી થવાની.

અવકાશમાં થોડાં તારાવિશ્વ એવાં દેખાયાં છે કે જેમના અંડાકાર વિશ્વને કર્ણફૂલ યા એરિંગનું સ્વરૂપ બક્ષતું હોય. ખગોળશાસ્ત્રીઓ કલ્પે છે કે આવા તારાવિશ્વોના કેન્દ્રસ્થાને ઘૂર્ણક શ્યામગર્ત હોવો જોઈએ અને એના એર્ગોળમાંથી વછૂટેલા કેટલાક તારાઓને કારણે ઉપર્યુક્ત કર્ણફૂલ જેવી વિશ્વરચના થઈ હોય. આવા તારા સઘન તારાગુચ્છના હોઈ શકે છે. સામાન્ય સઘન તારાગુચ્છમાં લગભગ ૫૦ હજાર જેટલા ( જેમાંના અર્ધ ઉપરાંત સૂર્ય કરતાં વધુ દળવાળા ) તારા એકબીજાની ખૂબ નજદીક આવેલા હોય છે. આવું સઘન તારાગુચ્છ કોઈ કારણે એર્ગોળ સુધી ગતિ કરી થાય અને ત્યાંના પ્રચંડ ભરતી-બળથી તૂટી થાય તો એના છિન્ન વિછિન્ન થનારા તારાઓ પૈકી કેટલાક ઘટનાક્ષિતિજ તરફ જવાના પણ કેટલાક એર્ગોળની અને તારા-વિશ્વની પણ બહાર નીકળી જવાના.

એર્ગોળની વાત છોડી થોડી શ્યામગર્તની વાત કરીએ.

આપણે જોયું કે ઘટનાક્ષિતિજ પાર કરનારો પદાર્થને જોઈ શકાતો નથી. શ્યામગર્તમાંથી વિકિરણ છૂટતું નથી અને એ કારણે શ્યામગર્તનાં દર્શન થવાં અશક્ય છે એમ આપણે કહ્યું. એથી આગળ વધીને એમ પણ કહી શકાય કે શ્યામગર્તનું દળ ૧૦૦ સૂર્યદળ જેટલું હોય અને તે જય તારા જેટલો ( ૪–૭ પ્રકાશ વર્ષ ) દૂર હોય તોપણ એનો પત્તો મેળવવો મુશ્કેલ છે : સિવાય કે તે કોઈ ઉજ્વળ યુગ્મતારાનો સાથીદાર હોય !

શ્યામગર્તને દળ છૂપાવી રાખનારી અદૃશ્ય અવકાશી કોઠીઓ કહી શકાય.

મંદાકિની વિશ્વમાં જે સ્થળે આપણો સૂર્ય આવેલો છે તેની આજુબાજુના વિસ્તારમાં, વૈશ્વિક હિસાબે જે પ્રમાણમાં દ્રવ્ય હોવું જોઈએ તે નથી. મતલબ કે એ વિસ્તારની દ્રવ્યઘટના ઓછી છે. આજુબાજુના તારા, તારાવિશ્વો વગેરેના વેગ તેમ જ તેમની આકાશી સ્થિતિઓના હિસાબે ઉક્ત વિભાગની દળઘટના દર ઘન પ્રકાશ વર્ષે ૦.૦૦૪૩ સૂર્યદળ જેટલી હોવી ઘટે છે, પણ જે દળ ખરેખર નજરે પડે છે તેની ઘનતા ઉપર્યુક્ત ઘનતાના ૧/૩ જેટલી છે. આનો અર્થ એ થયો કે કેટલું દ્રવ્ય, આપણે તેને જોઈ ન શકીએ એવા અદૃશ્ય રૂપમાં ( અને સંભવ છે કે અન્ય કોઈ સ્વરૂપમાં ) કોઈ ઠેકાણે રૂંધાઈ રહ્યું હશે.

પણ આ થઈ સૂર્ય અને તારાઓની વાત.

તારાવિશ્વોનાં ગુચ્છની વાત પણ એવી જ છે. તારાવિશ્વોનાં ગુચ્છો દર્શાવે છે કે પૂરતા દળ જથ્થાને અભાવે ગુચ્છોનું અસ્તિત્વ આકાર લઈ શક્યું નથી.

તારાવિશ્વોની વાત છોડી બ્રહ્માંડની વાત કરીએ તો ત્યાં પણ એવી જ પરિસ્થિતિ પ્રવર્તતી જણાય છે. બ્રહ્માંડનું ઘણું દળ અદૃશ્ય હોવાનું સમજાવ્યું છે. ખગોળશાસ્ત્રીઓ માને છે કે આ અદૃશ્ય દ્રવ્ય શ્યામગર્તોમાં ભરાયેલું હોવું જોઈએ અને આ દ્રવ્ય થોડું હશે એમ રખે માનતા. તારાવિશ્વોના એકબીજાથી દૂર જવાના વેગોના હિસાબે તેમ જ તેમના દ્રવ્યસંચયના આધારે ખગોળશાસ્ત્રીઓએ તારવ્યું છે કે બ્રહ્માંડના કુલ દ્રવ્યજથ્થાનો ૧/૧૦ ભાગ દશ્યરૂપમાં છે જ્યારે બાકીનો અદૃશ્ય રૂપમાં. અદૃશ્ય રૂપનો આ જથ્થો શ્યામગર્તની સંખ્યા અનેકોની હશે, એટલું જ નહીં પણ એ પૈકીના કેટલાક તો વિરાટ સ્વરૂપના પણ હશે. સંભવ છે કે આવા શ્યામગર્ત વિશ્વના કેન્દ્ર ભાગે તેમ જ વિશ્વજૂથોના ગુરુત્વીય કેન્દ્ર ભાગે આવેલા હોય અને તે તારાવિશ્વો, વિશ્વજૂથો અને બ્રહ્માંડનું ગતિક વેગો દ્વારા નિયમન કરતાં હોય.

શ્યામગર્ત દળ છુપાવી રાખે છે એ તેની જેમ એક ખાસિયત છે તેમ તે ઊર્જા પ્રકટાવવામાં સહાયભૂત થાય છે એ એમનું બીજું પાસું છે, કવેસારમાંથી અને કેટલાંક તારાવિશ્વોનાં કેન્દ્રોમાંથી ઊર્મિના પ્રચંડ ધોધ રહે છે એનું કારણ હજી સમજાયું નથી. એટલા પ્રમાણની ઊર્જા નાભિકીય પ્રક્રિયા દ્વારા પ્રકટ થવી અસંભવિત છે. શ્યામગર્તમાં હડપાઈ જતાં દ્રવ્યનો વેગ ધીરે ધીરે વધતો જઈ લગભગ પ્રકાશના વેગ જેટલો થઈ જાય છે એ વાત આપણે કરી છે. આવા પ્રચંડ વેગને કારણે વાયુકણો એક બીજા સાથે અથડાય છે અને તે કારણે તેમનું ઉષ્ણતામાન કરોડ અંશ જેટલું ઊંચું થઈ જાય છે. શ્યામગર્તમાં ગરક થઈ જતાં પહેલાં, આને કારણે ઉત્પન્ન થયેલી ઊર્જા ક્ષ-કિરણોના રૂપમાં પ્રકટી આપણા સુધી પહોંચતી રહે છે. અલબત્ત, આ રીતે પ્રકટતી ઊર્જા નાભિકીય પ્રક્રિયા દ્વારા પ્રકટતી ઊર્જા કરતાં વધુ પ્રબળ છે.

હવે આપણે જોઈએ કે એક તારો કેવા સંજોગોમાં શ્યામગર્ત બની શકે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે સૂર્ય કરતાં બમણા દળવાળો તારો જેણે પોતાનું નાભિકીય ઈંધણ વિધ્વંસક રીતે ગુમાવ્યું નથી તે શ્યામગર્ત બની શકે છે. એથી ઓછા દળવાળો તારો વિહ્રસિત ( Degenerate ) દબાણવાળો ( જેનું દબાણ તારાના ઉષ્ણતામાન પર આધાર રાખતું નથી) હોય તો તે ગુરુત્વબળને અવગણી શકે છે. ૧.૪ સૂર્યદળ કરતાં ઓછું દળ હોય તો શ્વેત વામન તારા એના વિહ્રસિત ઇલેક્ટ્રોનને કારણે સ્થિરત્વ પામી શકે છે. સૂર્યના જેટલા દળવાળા શ્વેત વામન તારાની ત્રિજ્યા ૫,૪૭૦ કિલોમીટરની હોય છે. પાઠક જોશે કે આ ત્રિજ્યા પૃથ્વીની ત્રિજ્યા કરતાં પણ ઓછી છે. મતલબ કે વિહ્રસિત દ્રવ્યવાળો શ્વેત વામન કદમાં પૃથ્વી કરતાં નાનો હોય છે પણ એનું દળ સૂર્યના દળ જેટલું હોવાને કારણે એના દળનું ઘટત્વ ઘણું ઊંચું હોય છે. સૂર્યના હિસાબે ૨૦ લાખ ઘણું ! !

આકાશમાં જોવાયેલા અને સિદ્ધાંત અનુસાર કદવજનમાં ખરા ઊતરેલા અનેક શ્વેત વામનો છે.

પલ્સાર પણ તારાઓની અંતિમ અવસ્થા દાખવે છે. અવકાશમાં મળી આવેલા પલ્સારની સંખ્યા ૧૦૦ જેટલી છે. આ પૈકીના મોટા ભાગના તારાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. માલૂમ પડ્યું છે કે એ બધા ન્યુટ્રૉન તારા છે. અને તેમનું સ્થિરત્વ વિહ્રસિત ન્યુટ્રૉનને કારણે છે. કદની દૃષ્ટિએ પલ્સાર શ્વેત વામનોના હિસાબે ઘણા ઘણા નાના છે. સામાન્ય પલ્સારની ( જેનું દળ બે સૂર્યદળ જેટલું છે તેની ) ત્રિજ્યા કેવળ ૧૨ કિલોમીટર છે ! સૂર્યના હિસાબે આવા પલ્સારની ઘનતા સૂર્યઘનતા કરતાં $૩૨ \times ૧૦^{૧૩}$ ગણી યા ૩, ૨૦,૦૦૦ અબજ ગણી છે ! મોટા ભાગના પલ્સારનુ ઓછામાં ઓછું દળ સૂર્યદળ કરતાં બમણું હોવાનું જણાયું છે. આ દળ શ્વેત વામનોના દળ કરતાં સહેજ વધુ છે. આટલી ભારે ઘનતાવાળું પલ્સાર દ્રવ્ય કેવું ભૌતિક વલણ દાખવતું હશે એનો ખ્યાલ આવવો ખૂબ મુશ્કેલ છે.

શ્યામગર્તનું ઓછામાં ઓછું દળ બે સૂર્યદળ જેટલું હોય છે, અને એની ત્રિજ્યા ન્યુટ્રૉન તારાની ત્રિજ્યા કરતાં પણ ઓછી હોય છે. સામાન્ય શ્યામગર્તની ત્રિજ્યા કેવળ ૩ કિલોમીટર હોવાનું લખાયું છે. આ હિસાબે એની ઘનતા કેટલી વધું હશે તેનો ખ્યાલ આવશે. સામાન્ય ગણતરીથી કહી શકાશે કે તે પલ્સારની ઘનતા કરતાં લગભગ ૬૪ ગણી વધુ હશે ! સૂર્યના હિસાબે તે $૨ \times ૧૦^{૧૬}$ ઘણી છે ! ખગોળશાસ્ત્રીઓએ હિસાબ દ્વારા દર્શાવ્યું છે કે અવકાશમાં $૨ \times ૧૦^{૨૦}$થી માંડી $૨ \times ૧૦^{૫૭}$ ઘનતાવાળા તારાનાં અસ્તિત્વ નકારી શકાય તેમ નથી.

‘ શ્યામગર્તની શોધ શા માટે ?’ એવા પ્રશ્નનો એક સામાન્ય ઉત્તર એમ આપી શકાય કે પોતાની આજુબાજુના ક્ષેત્રમાં પ્રબળ ગુરુત્વબળ દાખવતા શ્યામગર્ત કેટલાક ખગોલીય પ્રશ્નો–વિશેષે કરીને તારા ઉત્ક્રાન્તિને લગતા પ્રશ્નો-હલ કરવામાં તેમ જ નાભિકીય પ્રક્રિયા કરતાં પણ વધુ પ્રબળ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેનું માર્ગદર્શન દાખવવામાં મદદરૂપ થઈ પડે તેમ છે અને એ દૃષ્ટિએ તેમના અભ્યાસને મહત્ત્વ અપાવું જરૂરી બને છે.

# ગ્રન્થાવલોકન

**The Riddle of the Temple of Somanātha :** લેખકો—મધુસૂદન ઢાંકી અને હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી; પ્રકાશક—ભારત મનીષા, પાંડે હવેલી, વારાણસી; પૃ. ૫૦; મૂલ્ય સાઠ રૂપિયા.

સોમનાથ એ ભારતનું અતિપ્રાચીન શૈવ તીર્થ છે અને જેનો સ્થાનનિર્ણય સંશયાતીત છે એવું ગુજરાતનું તો એ પ્રાચીનતમ અને પુરાણપ્રસિદ્ધ ઐતિહાસિક તીર્થધામ છે. 'સોમનાથના મન્દિરની સમસ્યા' (The Riddle of the Temple of Somanātha) એ પુસ્તકના સંયુક્ત લેખકો પૈકી શ્રી મધુસૂદન ઢાંકી ભારતીય શિલ્પ-સ્થાપત્ય અને પુરાવશેષશાસ્ત્રના પ્રતિષ્ઠિત અભ્યાસી છે અને શ્રી. હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી સોમનાથની તીર્થભૂમિનું સંતાન હોઈ છેલ્લા ચારેક દાયકાથી પ્રભાસ-પ્રદેશની સંસ્કૃતિના અધ્યયન-સંશોધન-સંગોપન સાથે સક્રિય રીતે સંકળાયેલા છે અને એ વિષે પૂરા અધિકારપૂર્વક લખી શકે એવા ગણતર વિદ્વાનોમાંના એક છે. એ બંનેએ તૈયાર કરેલા પ્રસ્તુત પુસ્તકમાં વિશેષતઃ પુરાતત્ત્વીય પ્રમાણોને આધારે સોમનાથના પ્રાચીન મન્દિરની આનુપૂર્વી, આ પહેલાં એ વિષે વિદ્વાનોએ કરેલા પ્રયત્નોથી કંઈક જુદા પડીને, નિશ્ચિત કરવાનો એક સમર્થ પ્રયત્ન છે.

અગિયારમા સૈકાના પૂર્વાર્ધમાં મહમૂદ ગઝનવીએ સોમનાથનું મન્દિર તોડયું ત્યાર પછી થોડાક દશકામાં અણહિલવાડ પાટણના ચૌલુક્ય રાજા કુમારપાલે એ સમરાવીને એની પુનઃપ્રતિષ્ઠા કરી હતી. સોમનાથના મન્દિરના મુખ્ય જીર્ણોદ્ધારોની વાત કરીએ તો, કુમારપાલનું મન્દિર એ પાંચમો તીર્થોદ્ધાર કે જીર્ણોદ્ધાર હતો. ઈસવી સનના તેરમા સૈકાના અંતમાં કે ચૌદમા સૈકાના આરંભનાં ત્રણ-ચાર વર્ષમાં અલ્લાઉદ્દીન ખલજીના સેનાપતિ અલફખાને એ મન્દિર ભ્રષ્ટ કર્યું અને તોડયું. એ પછી લગભગ સાડા છસો વર્ષ સુધી પ્રભાસ પાટણના સમુદ્રકિનારે સોમનાથના પ્રાચીન મન્દિરનું જે ખંડેર ઊભેલું હતું તથા જેનાં ચિત્રો, છબિઓ, રેખાંકનો, નકશા આદિ બહુસંખ્ય પ્રકાશનોમાં છપાયાં છે તે કુમારપાલે બંધાવેલું પાંચમું મન્દિર. (યાત્રાળુઓ અને ઉપાસકો છેલ્લાં બસોએક વર્ષથી તો એની બાજુમાં અહલ્યાબાઈ હોલકરે બાંધેલા નાનકડા સોમનાથ મન્દિરમાં જતા હતા.)

ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ત્રણ વર્ષે, સને ૧૯૫૦માં એવો નિર્ણય કરવામાં આવ્યો કે કુમારપાલના મન્દિરનું ખંડેર તોડી નાખવું તથા એ જ સ્થળે ભારતીય સ્થાપત્ય-પ્રણાલિને અનુરૂપ નવું મન્દિર બાંધવું. સોલંકી યુગના ભારતપ્રસિદ્ધ ભવ્ય ઐતિહાસિક અવશેષને આમ નામશેષ બનાવી દેવાની યોજના સામે ગુજરાતના કેટલાક ઇતિહાસરસિકોએ અમદાવાદના એ સમયના જાણીતા સાપ્તાહિક 'પ્રજાબંધુ'ના પહેલા પૃષ્ઠ ઉપર એક નિવેદન પ્રગટ કર્યું હતું; એમાં આ અવલોકનકારની પણ સહી હતી. આ પ્રકારની લાગણી અન્ય સ્થાનોએથી પણ વ્યક્ત થઈ હતી, પરન્તુ એનો સ્વીકાર થયો નહોતો. અલબત્ત, એમ નક્કી થયું કે પ્રાચીન

મન્દિરને નામશેષ કરવામાં આવે ત્યાર પહેલાં પુરાતત્ત્વીય ઉત્ખનન દ્વારા એ મન્દિરના ઇતિહાસનાં સર્વ પ્રમાણો મેળવી લેવાં તથા એ પ્રમાણોનું સંગોપન કરવું. તદનુસાર એ કાર્ય આર્કિયોલોજિકલ સર્વેના શ્રી બી. કે. થાપરને સોંપવામાં આવ્યું અને તેમણે સપ્ટેમ્બર-ઑક્ટોબર ૧૯૫૦માં કરેલા ઉત્ખનનનાં પરિણામ 'સોમનાથ, ધી શ્રાઇન ઇટર્નલ' એ પુસ્તકના ત્રીજા ભાગમાં પ્રગટ થયાં છે. એ ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલી પ્રમાણસામગ્રી શક્ય એટલા પ્રમાણમાં પ્રભાસપાટણ ખાતેના મ્યૂઝિયમમાં સાચવી રખાઈ છે. સમર્થ સર્જક, ઇતિહાસકાર અને વહીવટકર્તા તરીકે સોમનાથ તીર્થમાં વર્ષોથી રસ લેનાર શ્રી કનૈયાલાલ મુનશીએ એ મન્દિરના ઇતિહાસ વિષેનો પોતાનો અભ્યાસ એના થોડા સમય પહેલાં પ્રગટ કર્યો હતો.

શ્રી ઢાંકી અને શ્રી હરિશંકર શાસ્ત્રીના પ્રસ્તુત પુસ્તકમાં શ્રી કનૈયાલાલ મુનશી તથા શ્રી થાપરનાં વિધાનોની સમાલોચના છે. અર્થાત્ ઉપલબ્ધ પ્રમાણસામગ્રીને આધારે થયેલાં એ વિધાનોનું, એ જ સામગ્રીના પ્રકાશમાં પુનરવલોકન અને પુનઃમૂલ્યાંકન કરવાનો પ્રયાસ છે. સોમનાથના મન્દિરના ઇતિહાસની કેટલીયે અગત્યની વિગતોમાં આ પુસ્તકના લેખકો તેમના પૂર્વસૂરિઓ મુનશી અને થાપરથી જુદા પડે છે. એ વિગતોમાં ઊતરવાનું આ અવલોકનમાં શક્ય નથી; સોમનાથનાં પાંચેય મન્દિરોનાં ઇતિહાસ અને આનુપૂર્વી વિષે ઢાંકી અને શાસ્ત્રીએ જે નિર્ણયો બાંધ્યા છે એનું માત્ર સંક્ષિપ્ત તારણ ગુજરાતી વાચકોની અનુકૂળતા સારુ અહીં આપીશ.

(૧) સોમનાથનું પહેલું મન્દિર, પૌરાણિક ઉલ્લેખો અનુસાર, સંભવતઃ સોમશર્મા નામે ઐતિહાસિક વ્યક્તિએ પહેલી સદીના ઉત્તરાર્ધમાં બંધાવ્યું હતું. કેટલીક કથાઓમાં આવે છે તેમ, સોમ અથવા ચંદ્ર ઉપરથી નહિ, પણ સોમશર્મા વ્યક્તિ ઉપરથી દેવને સોમનાથ નામ અપાયું હતું. આ પહેલા મન્દિર વિષેનો કોઈ સ્થાપત્યકીય પુરાવો મળ્યો નથી. (૨) બીજા મન્દિર વિષે સંદિગ્ધ ઐતિહાસિક પ્રમાણ છે. એ મન્દિર સોમનાથનું જ હતું, કેમ કે ઈ. સ. ૮૩૧ના ઘુમલીના તામ્રપત્રમાં સોમેશ્વરનો ઉલ્લેખ છે. પછીના જીર્ણોદ્ધારોમાં આ મન્દિરનું બાંધકામ સાવ દૂર કરી નાખવામાં આવ્યું હશે; આથી એના સ્થાપત્યકીય સ્વરૂપ વિષે કશું જાણી શકાય એમ નથી. એનો સમય સાતમી સદી આસપાસ હોય. એનો નાશ આરબોએ કર્યો હોય એ વાતનું કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ નથી. (૩) ત્રીજા મન્દિરની સ્થાપત્યશૈલી ૮મા-૯મા સૈકાની નહિ, પણ દસમા સૈકાની ત્રીજી પચીસીની છે. ઈસવી સન ૯૬૦ અને ૯૭૩ની વચ્ચે પાટણના ચૌલુક્ય રાજા મૂલરાજે એ બંધાવ્યું હોય એમ બને. (૪) મહમૂદ ગઝનવીએ સોમનાથનો ભંગ કર્યો એ પછી પાટણના રાજા ભીમદેવ પહેલાએ ઈ. સ. ૧૦૨૬-૧૦૩૦માં માળવાના રાજા ભોજ અને લાટના રાજા ત્રિલોચનપાલની સહાયથી ચોથું મન્દિર બંધાવ્યું હતું; ત્રીજા મન્દિરની જેમ સ્થાપત્યની દૃષ્ટિએ એ 'રત્નકૂટ પ્રાસાદ' હતો. પ્રાયઃ ઈ. સ. ૧૧૩૦ આસપાસ સિદ્ધરાજ જયસિંહે એમાં કેટલોક ભાગ ઉમેર્યો હતો. (૫) ચોથા મન્દિરને સ્થાને ઈ.સ. ૧૧૬૯માં કુમારપાલે સોમનાથનું પાંચમું મન્દિર બાંધ્યું હતું, જેનું ભવ્ય ખંડેર ઈ.સ. ૧૯૫૦ સુધી ઊભેલું હતું; એ 'કૈલાસ-મેરુ પ્રાસાદ' હતો. આ પાંચમા મન્દિરની ઐતિહાસિક વિગતો પરત્વે એક તરફ મુનશી અને થાપર તથા બીજી તરફ ઢાંકી અને શાસ્ત્રી વચ્ચે કોઈ મતભેદ નથી. આ 'કૈલાસ-મેરુ પ્રાસાદ'ને સ્થાને સોમનાથ

ટ્રસ્ટની આયોજના અનુસાર નવીન મન્દિર બંધાયું છે, જે જીવંત અને આકર્ષક તીર્થધામ પણ છે. સોમનાથનું છઠ્ઠું મન્દિર એને ગણી શકાય.

પ્રસ્તુત પુસ્તક શાસ્ત્રીય અન્વેષણ અને ચોક્કસાઈનો એવો સુન્દર નમૂનો છે કે એમાં દેખાતી નાનકડી મર્યાદાઓ પ્રત્યે પણ ધ્યાન ખેંચવાનું મન થાય છે. ભાવ બૃહસ્પતિને સોલંકી સમ્રાટે સોમનાથના 'ગંડ' નિમ્યા હતા એ હકીકતનો ઉલ્લેખ કરતાં 'ગંડ'નો અર્થ 'મુખ્ય પુરોહિત' (High Priest) કરવામાં આવ્યો છે (પૃ. ૨) એ યોગ્ય નથી. 'ગંડ' એટલે 'રક્ષક'. સમકાલીન ઐતિહાસિક સાધનોમાં સિદ્ધરાજ જયસિંહને 'ત્રિભુવનગંડ' બિરુદ અપાયું છે, ત્યાં 'ગંડ'નો આ સિવાય બીજો કોઈ અર્થ શક્ય નથી. પાશુપત આચાર્યો સોમનાથ તીર્થના 'ગંડ' હતા, તે પણ આ જ અર્થમાં. વસ્તુતઃ તેઓ સોમનાથના મઠાધિપતિઓ હતા. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીકૃત 'આપણી સંસ્કૃતિનાં વહેણ' એ પુસ્તકનું પ્રકાશનસ્થાન અને પ્રકાશન-વર્ષ તપાસ કર્યા છતાં મળી શક્યું નહિ એવું લેખકોનું વિધાન (ટિપ્પણ ૧૦) આશ્ચર્યજનક છે. એ પુસ્તક વીલે પાર્લે સાહિત્યસભાએ ૧૯૫૩માં પ્રગટ કર્યું છે અને એનું પૂરું શીર્ષક 'આપણી સંસ્કૃતિનાં કેટલાંક વહેણ' એ પ્રમાણે છે. સોમનાથના મન્દિરના ચોથા જીર્ણોદ્ધાર માટે લાટના રાજા ત્રિલોચનપાલની પણ સહાય મળી હતી (પૃ. ૧૮) એ માટે લેખકોએ શ્રી અમૃત પંડ્યાનો આધાર ટાંક્યો છે, પણ એ સાથે શ્રી. પંડ્યાના લેખનો ચોક્કસ નિર્દેશ કરવાની પોતાની અશક્તિ પરત્વે ખેદ વ્યક્ત કર્યો છે (ટિપ્પણ ૬૫). શ્રી પંડ્યાને જ આ માટે પૂછી શકાયું ન હોત? પ્રભાસપાટણનિવાસી કાયસ્થ કવિ કેશવરામકૃત 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'નું સંપાદન શ્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઈએ 'ગુજરાતી'ના સને ૧૯૩૫ના દીપોત્સવી અંકમાં કર્યું હોવાનો ઉલ્લેખ (ટિપ્પણ ૯૨) બરાબર નથી. એ કાવ્યનું સંપાદન શ્રી અંબાલાલ બુલાખીરામ જાનીએ કર્યું છે અને એનું પ્રકાશન મુંબઈની શ્રી ફાર્બસ ગુજરાતી સભા દ્વારા સને ૧૯૩૩માં સ્વતંત્ર પુસ્તકરૂપે થયું છે; અલબત્ત, એની પ્રસ્તાવના શ્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઈએ લખી છે.

પણ આ તો ગૌણ ત્રુટિઓ છે. સોમનાથના મન્દિરનો સ્થાપત્યકીય ઇતિહાસ અને આનુપૂર્વી પુરાતત્ત્વીય અવશેષોને આધારે અધિકૃત રીતિએ રજૂ કરવા માટે તથા એની શાસ્ત્રીય છતાં પ્રાસાદિક નિરૂપણશૈલી માટે લેખકોને ધન્યવાદ ઘટે છે.

પુસ્તક ઊંચી જાતના કાગળ ઉપર છપાયું છે અને એમાં ૩૨ પ્લેટો અને ચાર નકશા છે, તોપણ એનું કદ જોતાં પ્રવર્તમાન મોંઘવારીમાંયે એની કીંમત ભારે છે.

ભોગીલાલ જ. સાંડેસરા

* * *

**વિશ્વદર્શન-૧ (ક્રાંતિ):** જ્ઞાનગંગોત્રી ગ્રન્થશ્રેણી-૧૨, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર, પૃ સં. XXXI+૨૪૦+૬૪, મૂલ્ય રૂા. ૨૦

માનવ ઇતિહાસના વિશાળ ફલક પર અનેક પ્રકારનાં સામાજિક-રાજકીય પરિવર્તનો નોંધાયાં છે; જે 'હતું' તે 'નથી' અને વળી જે 'ન હતું' તે 'છે' બન્યાના અસંખ્ય દાખલા તવારિખની તેજછાયામાં દૃષ્ટિગોચર થાય છે.

આ બધા બનાવો–દાખલાઓ પરથી સામાજિક-રાજકીય પરિવર્તનોની કોઈક માર્ગસૂચક ભાત ( તરાહ–અં. પેટર્ન ) ઉપસાવી શકાય ખરી ? અત્યારના ' છે ' ને ' હતું ' બનવા કે બનાવવા પાછળ કોઈ ચોક્કસ પ્રકારનો કાર્યકારણ સંબંધ હોઈ શકે ખરો ? અને તેવા સંબંધ પરથી નિશ્ચિત દિશાસૂચન કરી શકે તેવા નિયમનું તારણ કરવું શકય છે ? આવા પ્રશ્નો ઇતિહાસવિદો, સમાજ-શાસ્ત્રીઓ અને રાજનીતિશાસ્ત્રીઓ તેમ જ પ્રત્યક્ષ રાજકારણમાં સક્રિય એવા સૌને મન ઉદ્ભવે છે.

વિશ્વના લગભગ બધા જ દેશોમાં અને ખેડાણ પામેલી બધી જ ભાષાઓમાં આ અને આવા પ્રશ્નોને અનુલક્ષીને અભ્યાસપૂર્ણ લેખો કે ગ્રન્થો લખાતા આવ્યા છે. ગુજરાતી ભાષામાં પણ ક્રાંતિદર્શન કે ઉન્નતિવિચાર અંગેનાં લખાણો ઉપલબ્ધ છે.

પણ, એક એવા ગ્રન્થની ગુજરાતી ભાષામાં ઊણપ હતી જેમાં વિશ્વક્રાંતિઓનું સમુચિત દર્શન કરાવાયું હોય-જેમાં જુદા જુદા દેશ કાળની ક્રાંતિઓની ગતિ-વિધિઓ સંકલિત રૂપે પ્રસ્તુત કરાઈ હોય.

વિશ્વદર્શન-૧ (ક્રાંતિ) આ ઊણપ સવિશેષ પૂરી કરે છે. એટલું જ નહીં, વિશ્વદર્શનમાંથી ક્રાંતિનું દર્શન નોખું પાડી ક્રાંતિની પરખ આપવા સાથે, ભૂતકાળની ક્રાંતિઓ અને તે પછીના સાંપ્રત સમાજનો પરિચય કરાવે છે.

આ ગ્રન્થ સહિયારા પુરુષાર્થની પ્રસાદીરૂપ છે. લેખકોમાં સર્વશ્રી દેવવ્રત પાઠક, પ્રવીણ શેઠ, રવિકાન્ત રાવળ, પ્રકાશ શાહ, જગદીશ વ્યાસ, મહેન્દ્ર દેસાઈ, અને ભોગીલાલ ગાંધી છે. બધાં લખાણોનું સંકલન પ્રવેશકમાં શ્રી. ઉત્સવ પરીખે કર્યું છે અને જ્ઞાનગંગોત્રી ગ્રન્થ સમુચ્ચય-માંના માનવવિદ્યાશાખામાંના વીસ ગ્રન્થોમાંનો એક એવો આ ગ્રન્થ જ્ઞાનગંગોત્રીના આયોજનમાં સક્રિય રસ લેતા ગુજરાતના વિદ્વાનોનાં પરોક્ષ યા પ્રત્યક્ષ સૂચનોનોના પરિપાક રૂપે છે.

૩૨૯ પાનાંની વાચનસામગ્રી ધરાવતા આ ગ્રન્થની શરૂઆતમાં શ્રી ઉત્સવભાઈ પરીખના સંકલન બાદ શ્રી દેવવ્રત પાઠકે ક્રાંતિની વિભાવનાનું તલસ્પર્શી નિરૂપણ કર્યું છે અને પ્રત્યેક દેશ કાળનાં નાનાં મોટાં પરિવર્તનોના જુદા જુદા પ્રકારો-છમકલાં, સંક્ષોભ, સંતોષકારક વિદ્રોહ, વિપ્લવ અને બળવાથી ' ક્રાંતિ ' નું ભિન્નત્વ શું રહે છે તે પ્રતિપાદિત કરતાં જે વિદ્રોહ સફળ થાય છે તે " ક્રાંતિ " બને છે " એવું તારણ કાઢયું છે. પણ આવું તારણ સર્વગ્રાહ્ય બની શકે કે કેમ તે શંકાસ્પદ લાગે છે. સફળતા કોને ગણવી તે તો પ્રશ્ન છે જ. કયે તબકકે સફળતા-વિફળતા અંગે નિર્ણય બાંધી શકાય તે પણ વિવાદાસ્પદ છે. ક્રાંતિની પ્રક્રિયા પ્રચ્છન્ન રીતે સતત ચાલ્યા જ કરતી એટલે એના આદિ કે અંતની સમયમર્યાદાઓ બાંધી તેની મૂલવણી કરવાનું કાર્ય કઠિન છે. તેમ છતાં, ક્રાંતિની વિભાવનાનું નિરૂપણ કરવાનું આવશ્યક તો છે જ: ક્રાંતિ અંગેની એક યા બીજી ગૃહીત કલ્પનાનું માંડણ કર્યા વિના ક્રાંતિઓનું વિવરણ શકય ના બને અને તે દષ્ટિએ શ્રી પાઠકે નિરૂપેલી ક્રાંતિની વિભાવના આવકાર્ય છે.

આવી વિભાવનાના સંદર્ભમાં વિશ્વના છ દેશો—ઈંગ્લેંડ, અમેરિકા, ફ્રાંસ, રશિયા, ચીન અને લેટિન અમેરિકામાં થઈ ગયેલા વિદ્રોહ ' સફળ ' થવાથી બનેલી ' ક્રાંતિ " વિષેના વિશ્લેષણાત્મક લેખો ઉપર્યુક્ત લેખકોએ લખ્યા છે. અંતમાં શ્રી ભોગીલાલ ગાંધીએ બે પ્રકરણોમાં રૂસી અને ચીનની ક્રાંતિનાં મૂલ્યાંકનો આપ્યાં છે,

બધા લેખકોએ જે તે દેશમાં થઈ ગયેલા વિદ્રોહ-વિપ્લવમાંથી ક્રાન્તિ બની આવવા પાછળની ભૂમિકાઓને તલસ્પર્શી રીતે રજૂ કરી છે અને તેમાં લેખકોએ પોતપોતાના નિર્દિષ્ટ વિભાગની લેખન સારુ આવશ્યક એવી બધી જ સામગ્રીનું પરીશીલન કર્યું હોવાની ઊંડી છાપ પડે છે. દેશદેશની ઉથલપાથલોનું આલેખન તો ઘણી રસપૂર્ણ શૈલીમાં કરાયું છે, પણ તે ઉપરાંત કાળસૂચક આલેખો, અન્ય આકૃતિઓ તથા નિર્દિષ્ટ વ્યક્તિઓનાં ચિત્રોથી સભર આ ગ્રન્થનું વાચન ઓર સ-રસ બની જાય છે.

ગ્રન્થના અન્ત ભાગમાં બે પ્રકરણોમાં શ્રી ભોગીલાલ ગાંધીએ રૂસી અને ચીનની ક્રાન્તિનાં મૂલ્યાંકન આપ્યાં છે—આ બન્ને દેશોની ક્રાન્તિઓની ઐતિહાસિક રજૂઆત થઈ હોવા ઉપરાંત પણ, આ બન્ને મૂલ્યાંકનોમાં રૂસી-ચીની ક્રાન્તિઓ પછીના તંત્ર( અ. સીસ્ટીમ )ના આલેખન કરતાં વ્યક્તિઓના કાર્યોનું વિશ્લેષણ જરાક વધુ પડતું થયાનું લાગે છે.

એમ કહેવાય છે કે ગત વર્ષના જાન્યુઆરી માસમાં થઈ ગયેલા લોક-આંદોલનમાં સક્રિય એવા એક વિદ્યાર્થી નેતાએ જેલવાસ દરમ્યાન વાંચવા માટે આ ગ્રન્થ મેળવ્યો હતો. એ વાતને નોખી રાખીએ તો પણ દરેક વિચારવંત વ્યક્તિએ કંઈક પરિવર્તન ઝંખતા સૌ કોઈએ આ ગ્રન્થનું ઝીણવટથી પરિશીલન કરવું ઘટેઃ વાચનમાત્રથી ક્રાન્તિકારી બની જવા માટે નહીં—જે ક્રાન્તિ આવી રહી છે તેને પરખવાની દૃષ્ટિ કેળવવા માટે.

રતુભાઈ પરીખ

* * *

**અધીત :** સંપાદકો : ચિમનલાલ ત્રિવેદી અને ચિનુભાઈ મોદી—મંત્રીઓ : ગુજરાતીનો અધ્યાપકસંઘ; પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ; પૃ. ૨૯૪, મૂલ્ય પંદર રૂપિયા.

૧૯૪૭ના નવેમ્બરમાં શ્રી ડોલરરાય માંકડની પ્રેરણાથી સર્વશ્રી રામનારાયણ પાઠક, વિશ્વનાથ ભટ્ટ, વિજયરાય વૈદ્ય, અનંતરાય રાવળ વગેરે ગુજરાતીના બત્રીસેક અધ્યાપકોના વલ્લભવિદ્યાનગરમાં મળેલા પ્રથમ સંમેલનમાંથી–હજુ સુધી બંધારણ વિનાના અને રાજકારણથી અલિપ્ત એવા–'ગુજરાતીના અધ્યાપક સંઘ'નું નિર્માણ થયું. ૧૯૫૭ અને ૧૯૬૫નાં બે વર્ષોના અપવાદ સિવાય, દર વર્ષે જુદે જુદે સ્થળે ૨૫ સંમેલનો યોજી સંઘ તેની રજતજયંતી ઉજવવા ભાગ્યશાળી થયો છે. આ સંમેલનોમાં વિદ્વાન અધ્યાપકો 'અધીત તેજસ્વી બનાવવા'ના એક માત્ર ધ્યાનમંત્રને દૃષ્ટિ સમક્ષ રાખી ઉચ્ચ શિક્ષણમાં (ખાસ કરીને ગુજરાતી) ભાષા-સાહિત્યના અભ્યાસક્રમ ઉપરાંત તેના અધ્યાપન અંગે ઉપસ્થિત થતા વિવિધ વિષયોની વિશદ અને મુક્ત ચર્ચા કરતા રહ્યા છે. કેટલાક શૈક્ષણિક પ્રશ્નો વિષે સંઘે નીડરતા અને સ્પષ્ટતાપૂર્વક ઉચ્ચારેલા સ્વચ્છ અને સુચિંતિત અભિપ્રાયોનો સારો એવો પ્રભાવ પણ પડેલો જોવા મળે છે. દા. ત. આઠે ય યુનિવર્સિટીઓમાં ગુજરાતીના અભ્યાસક્રમમાં મહદંશે શાસ્ત્રીયતા અને એકસૂત્રતા આણવાનું શ્રેય સંઘને ફાળે જાય છે. લગભગ પાંચસો ઉપરાંત અધ્યાપકોને પણ આ સંઘે, સ્વાધ્યાય માટેની

સુસજ્જતાનું પ્રેરણાપાથેય પૂરું પાડીને એકસૂત્રે બાંધવાનો સારો પુરુષાર્થ ખેડ્યો છે. આ સંદર્ભમાં જ શ્રી ચિમનલાલ ત્રિવેદીના "ગુજરાતીના અધ્યાપકો માટે આ સંઘ આત્મશિસ્તની તાલીમશાળા જેવો રહ્યો છે" (૩૭) એ વિધાનનો મર્મ સમજી શકાય. ગુજરાતીના વિષયના પાયાના વિચારોને સુદૃઢ રીતે સ્થાપી આપનાર આદ્ય પ્રાધ્યાપકત્રિપુટી સર્વશ્રી નરસિંહરાવ દિવેટિયા, કેશવલાલ ધ્રુવ અને રામનારાયણ પાઠકને 'આદિ પુરુષો' તરીકે તથા શ્રી માંકડ સાહેબને 'આદ્યસ્થાપક' તરીકે બિરદાવ્યા છે તે સુયોગ્ય છે.

સંઘની બીજી મૂલ્યવાન ફલશ્રુતિ તેના પ્રત્યેક સંમેલનના વિદ્વાન પ્રમુખનાં વ્યાખ્યાનો છે. ૧૩મા સંમેલનથી આ વ્યાખ્યાનો લિખિત આપવાની પ્રણાલિ આજ સુધી ચાલુ રહેતાં ૧૧ અભ્યાસપૂર્ણ પ્રવચનલેખોનો આ સંચય 'અધીત' નામથી ઉપલબ્ધ થાય છે તે માટે સંઘના કાર્યકરો અને સંપાદકો ખરેખર ધન્યવાદને પાત્ર છે.

અધ્યાપકોનું કાર્યક્ષેત્ર, અભ્યાસક્રમો, નાટકનું શિક્ષણ, સાહિત્યનું અધ્યાપન જેવા શૈક્ષણિક વિષયોથી માંડી ભાષા-વ્યાકરણ, કોશ, સંશોધન ઉપરાંત રસાભાસ, અનુષ્ટુપ, ધ્વન્યાત્મક પ્રતીકો જેવા કાવ્યમીમાંસાના પ્રશ્નોની તાત્ત્વિક સૂક્ષ્મ વિચારણા રજૂ કરતા લેખોને લીધે 'અધીત'નું વિષયવૈવિધ્ય જળવાયું છે.

કેટલાક લેખો તેમના વર્ણ્ય વિષયની શાસ્ત્રીય સાંગોપાંગ ચર્ચા, વક્તવ્યની વિદ્વત્તા છતાં વિશદત્તા અને વક્તાની સમતોલ તટસ્થ છણાવટને લીધે 'અધીત'ના આભૂષણરૂપ બની રહે છે. દા.ત. શ્રી નગીનદાસ પારેખે આનંદવર્ધન, અભિનવ, મમ્મટ, હેમચંદ્ર, વિશ્વનાથ, જગન્નાથ, વગેરે પ્રાચીન શાસ્ત્રકારોને મતે રસાભાસનું સ્વરૂપ કેવું છે અને તેમણે કાવ્યમાં કયું સ્થાન આપ્યું છે એ ચર્ચા વિવિધ ઉદાહરણોસહ વિસ્તારથી કરીને, રસાભાસનો ખ્યાલ કેવી રીતે વિકસતો ગયો એનો સંક્ષિપ્ત પણ સ્પષ્ટ આલેખ આપ્યો છે. એના અનુષંગમાં તેમણે 'અનૌચિત્ય'ની પણ ચર્ચા કરી છે. લેખના અંતમાં શ્રી પારેખે શ્રી વિષ્ણુપ્રસાદ અને શ્રી જ્યોતીન્દ્ર દવેના મતોની સમીક્ષા કરી, શ્રી ડોલરરાય માંકડે વડોદરામાં આપેલા વ્યાખ્યાનના મુદ્દાઓની માંડણી કરી તેમાં તેમના નીતિ–અનીતિ વિષેના પ્રબળ આગ્રહને લીધે આભાસવિષયક વિચારો 'ગોટાઈ' ગયા છે–એની ચર્ચા કરીને સ્પષ્ટ જણાવ્યું છે કે "શ્રી માંકડ રસાભાસને હલકી વસ્તુ માને છે, એ માન્યતા બરાબર નથી." (૭૧)

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કોશ, એનાં અર્થ–મહત્ત્વ, પ્રાચીન શબ્દકોશો તથા અર્વાચીન જ્ઞાનકોશો વિષે માહિતી આપી ગુજરાતીમાં થયેલી કોશરચનાપ્રવૃત્તિની સંક્ષિપ્ત સમાલોચના કરી છે. ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી શબ્દસંગ્રહના પ્રથમ પુરસ્કર્તા કે પ્રણેતા અંગ્રેજ અમલદાર આર. ડ્રમંડ હોઈ, તેમની રસપ્રદ 'ગ્લોસરી' ૧૮૦૮માં પ્રસિદ્ધ થઈ. ત્યારથી માંડી છેક અદ્યતન કાળ સુધી પ્રસિદ્ધ થયેલી નાની મોટી સંખ્યાબંધ કોશકૃતિઓનો ઉલ્લેખ કરી ડૉ. સાંડેસરાએ 'નર્મકોશ' લલ્લુભાઈ પટેલનો કોશ, ગુ. વ. સોસાયટીનો 'ગુજરાતી શબ્દકોશ', ગુજરાત વિદ્યાપીઠનો 'સાર્થ જોડણીકોશ' અને 'ભગવદ્ગોમંડળ' જેવાં મહત્ત્વનાં સીમાચિહ્નરૂપ કોશોનો વિગતે પરિચય આપ્યો છે. વ્યાખ્યાનના અંતમાં તેમણે ઐતિહાસિક સિદ્ધાન્તાનુસાર રચાયેલા કોશની આવશ્યકતા

પર ભાર મૂકી તે માટેની ભૂમિકાનું સ્પષ્ટ ચિત્ર દોર્યું છે. તેમાં શાસ્ત્રીયતા ઉપરાંત વ્યાવહારિક ઉપયોગિતાના સમન્વયનો સૂર સંભળાય છે.

શ્રી સુંદરજી બેટાઈનું ‘ ગુજરાતી સાહિત્યમાં અનુષ્ટુપ ’ વ્યાખ્યાન ઊંડા અભ્યાસની પરિણતિ રૂપ છે. પ્રાક્કથનમાં આ પ્રાચીન છંદની રૂપબહુતાની સાથે રૂપવૈવિધ્યની સૂક્ષ્મ અન્વેષણા કરી તેમણે મહાકાવ્યો અને તે પછીનાં સંસ્કૃત કાવ્યમાં યોજાયેલા અનુષ્ટુપમાંથી નિષ્પન્ન થતા વિશિષ્ટ છંદસંવાદના તત્ત્વ પર નવો પ્રકાશ ફેંક્યો છે. નર્મદ-દલપત તથા નરસિંરાવ, કાન્ત, ન્હાનાલાલ, ઠાકોર, કલાપી, શેષ વગેરે કવિઓએ અનુષ્ટુપને પોતપોતાની ઢબે કેવી રીતે પલોટ્યો છે અને તેમાં કેટકેટલાં સુભગ વૈવિધ્યો ઉપસાવ્યાં છે તેની વક્તાએ વિદ્વત્તાપૂર્ણ તથા-સમવિષમ ચરણોના વિકલ્પોની દષ્ટિએ–‘ ટેકનીકલ ’ કહી શકાય એવી છતાં રસપ્રદ શૈલીમાં સોદાહરણ વિવેચના કરી છે. પ્રો. ઠાકોર અને ‘ શેષ ’ના અનુષ્ટુપોની આલોચના વિસ્તૃત અને વિશદ છે. આવા લેખો ‘ અધીત ’ શીર્ષકને યાથાર્થ્ય અર્પે છે.

આ જ પ્રકારનાં સૂક્ષ્મ શાસ્ત્રીય પૃથક્કરણ કરનારાં વ્યાખ્યાનો–શ્રી કાન્તિલાલ વ્યાસનું ‘ કાવ્યમાં ધ્વન્યાત્મક પ્રતીકોનો વિન્યાસ ’, શ્રી કે. કા. શાસ્ત્રીનું ‘ ભાષા અને વ્યાકરણ ’, તથા શ્રી હીરાબહેન પાઠકનું ‘ કાવ્યમાં રહસ્ય, ઘટકાંશ, અને કાર્યપ્રયોજન, એનો આંતરસંબંધ ’—એ પ્રવચનો વ્યાખ્યાતાઓએ આપેલાં ઉદાહરણોને લીધે બહુ ભારેખમ થતાં બચી ગયાં છે. શ્રી હીરાબહેનનાં motive, motif અને motivationના સંબંધને ચર્ચતા કેટલાક મુદ્દાઓ માટે મતભેદને અવકાશ હોઈ શકે પણ અત્રે એની ચર્ચા અસ્થાને છે.

મુખ્યત્વે આંતરચેતના–સંવેદનાના પ્રવાહને ઝીલવા મથતી આધુનિક યુરોપીય નવલકથાનો જન્મ ૧૯૧૩-૧૫ દરમ્યાન માર્સલ પ્રૂસ્ત અને ડૉરોથી રિચર્ડસનની કૃતિઓથી થયો. પાત્ર કે લેખકના મુખે કહેવાતી પ્રથમ પુરુષકથનપદ્ધતિના નવલકથામાં થયેલા વિનિયોગ વિષેના વિવિધ મુદ્દાઓની છણાવટ કરતો શ્રી ધીરુભાઈ ઠાકરનો લેખ નવીન વિષયને છેડે છે. ‘ સરસ્વતીચંદ્ર ’માં છૂટક અને ‘ ભદ્રંભદ્ર ’માં આ પદ્ધતિનું સૌ પ્રથમ સળંગ આલેખન છે. ‘ અમે બધાં ’, ‘ મારી હૈયાસગડી ’, ‘ આકાર ’, ‘ ચહેરા ’, ‘ છિન્નપત્ર ’, ‘ સભા ’, ‘ ઝંઝા ’, ‘ ફેરો ’, ‘ ચાખડીએ ચડીને ચાલ્યા હસમુખલાલ ’ વગેરે કૃતિઓમાં ‘ હું ’ ના આત્મલક્ષી આવિષ્કાર કેવાં કેવાં પરિણામો નિષ્પન્ન કરે છે તેનું સંક્ષિપ્ત પણ સૂક્ષ્મ પરીક્ષણ તેમણે કર્યું છે. તેઓ કહે છે, “ સુરેશ જોષીની નવલકથામાં ગંભીર રૉમૅન્ટિક-કવિતેઈ–સૂર છે. બક્ષી અને મધુ તેને ઍન્ટી રૉમૅન્ટિક-પ્રતિ-કવિતેઈ-વળાંક આપે છે. ” ( ૨૪૪ ) તેમની દૃષ્ટિએ આત્મકથનપદ્ધતિનો ગુજરાતી નવલમાં સર્વોત્તમ વિનિયોગ શ્રી રાવજીની ‘ ઝંઝા ’ માં થયેલો છે.

શ્રી ચંદ્રવદન મહેતાએ પોતાની લાક્ષણિક શૈલીમાં , પૂર્વ-પશ્ચિમની વિદ્યાપીઠોમાં પોતે કરેલાં સૂક્ષ્મ અવલોકન-અનુભવના પરિપાકરૂપ વિચારો ‘ ગુજરાતીના અભ્યાસક્રમમાં નાટકનુ શિક્ષણ ’ એ પ્રવચનમાં રજૂ કર્યા છે. ગુજરાતીના અભ્યાસક્રમમાં મોટે ભાગે સાહિત્યના જ સ્વરૂપ તરીકે થતી નાટકોની પસંદગીની, પશ્ચિમનાં નાટકોના અનુવાદ અને અનુકરણની તથા કહેવાતા ‘ ઍબ્સર્ડ ’ની મર્યાદાઓની તથા ફૂટ અને અટપટા થતા જતાં ‘ ફૉર્મ ’ની તેમણે વિગતે ચર્ચા કરી છે. દશરૂપક વિષે તેમણે ચોખ્ખું કહી દીધું કે “ જ્યાં નમૂના નથી ત્યાં અભ્યાસ શી રીતે કરાવશો ? ” ( ૨૫૫ ) વળી...“ ...નાટકના ક્ષેત્રે પ્રતિલોમ લગ્ન કરી નાટકને એ ( પશ્ચિમના )

લોકો બગાડતા નથી...આપણે આપણું જૂનું શુદ્ધ ફોર્મ શીખવાડવું જ જોઈએ; અને બીજે પક્ષે પાઠયપુસ્તકમાં પશ્ચિમના ઘાટનું નાટક લાવી મૂકીએ છીએ, એના કરતાં આપણા ઘાટનું જ નાટક-વસ્તુ, બીજ, બિન્દુના વિકાસવાળું, નાયક-નાયિકા, ઉપનાયક-નાયિકાના પાત્રવિકાસ તથા રસની ઘટિત ગૂંથણીવાળું, કાવ્યતત્ત્વ થકી પ્રચુર નાટક શીખવાડવાથી ઘણો ફાયદો થશે" (૨૫૭)

તેઓ જણાવે છે કે, પશ્ચિમમાં નાટકનું પારણું ગ્રીસમાં નહીં પણ ઇજિપ્તમાં બંધાયું અને વધુ સંશોધનને અંતે 'કૃષ્ણયુગમાંથી જ આપણને આપણા મૂળ નાટકનાં પારણાં મળી આવે' એવો સંભવ છે. નાટયશિક્ષણમાં શબ્દ અને સંવાદકલાનો વૈવિધ્યપૂર્ણ વિકાસ તથા નાટકમાંની વિવિધ ગદ્યલઢણો વિષે તેમણે દૃષ્ટાન્તો આપી રસપ્રદ ચર્ચા કરી છે. આ વિષયમાં પ્રવર્તતા વિવેચનના અભાવ માટે તેમણે ખેદ પ્રકટ કર્યો છે. ઉચ્ચારણની અશુદ્ધિ પ્રત્યેનો તેમનો પુણ્યપ્રકોપ કેવો માર્મિક છેઃ

"બી.એડના શિક્ષકોનાં જ્યાં ઉચ્ચારણો ન સમજાય એ હદ સુધીનાં અશુદ્ધ છે, ત્યાં કેવળ વાક્‌શુદ્ધિની વાત શી કરવી? આ ક્ષેત્રમાં સોય-ખંજર તો શું, પણ ભાલો-ખડ્ગ પણ ન ખૂંપે એવો અંધકાર છે." (૨૭૧)

નરસિંહ, મીરાં, પ્રેમાનંદ અને દયારામની કૃતિઓમાં શૃંગારરસનો વિનિયોગ કેવી રીતે થયો છે તે વિષેનો શ્રી. પ્રેમશંકર ભટ્ટનો લેખ ઉચિત ઉદાહરણોથી સુવાચ્ય બન્યો છે.

'અધીત'માંનું છેલ્લું વ્યાખ્યાન ડૉ. સુરેશ જોષીનું "'અર્વાચીન સંદર્ભમાં સાહિત્યનું અધ્યાપન' વિષેનું છે. વક્તાએ વર્તમાન શિક્ષણ-સાહિત્યક્ષેત્રને લગતિ સ્થિતિનો loud thinkingની રીતે વિચાર કરતાં કરતાં પ્રશ્નોને રમતા મૂકયા છે. કોઈ ઉકેલ સૂચવતાં નિર્ણાયક વિધાનો કર્યાં નથી. અલબત્ત, વિલક્ષણ વાચક તેમાં રહેલા મર્મ-ધ્વનિ કે કાકુને પકડી શકે તેમ છે.

આ સંઘનાં અધિવેશનોમાં હિન્દી, ઉર્દૂ, ફારસી અને અંગ્રેજી ભાષાના વિદ્વાન અધ્યાપકોને આમંત્રણ આપી તેમના જ્ઞાનનો લાભ લેવામાં આવે છે તે સંઘનું ઉજ્જવલ પાસું છે. આપણા મહત્ત્વાકાંક્ષી અધ્યાપક કવિ શ્રી ઉમાશંકર તો બાપના કૂવામાં બૂડી મરવાને બદલે, ગુજરાતીના વિદ્યાર્થીના અભ્યાસક્રમમાં ચાર પ્રશ્નપત્રો કેવળ ગુજરાતીના અને બીજા ચાર (૧) કોઈ વિશિષ્ટ ભાષાનું સાહિત્ય, (૨) પાશ્ચાત્ય સાહિત્ય, (૩) ભાષાવિજ્ઞાનનાં તત્ત્વો, અને (૪) વિવેચનનાં ઓજારો—ના રાખવાની હિમાયત કરે છે. તેમણે સાચું જ કહ્યું છેઃ

"વિવેચનનાં ઓજારો પણ પાંચકે-દસકે તપાસતા રહેવાનું જરૂરી છે. સંસ્કૃતમાંથી કે પશ્ચિમમાંથી લીધેલી પરિભાષાનું વારંવાર સંમાર્જન થતું રહેવું. જોઈએ. જૂના કવિઓ પીએચ.ડી.ના બૃહન્નિબંધોના વિષયો જ ન રહેતાં પલટાતી રસરુચિઓ વડે એમનું પુનર્મૂલ્યાંકન થયા કરે અને સાહિત્યનો આલેખ પુનઃ પુનઃ થોડો થોડો સમારાયા કરે એ અપેક્ષિત છે."

ગુજરાતીના અધ્યાપક સંઘે પચીશીમાં જે સિદ્ધિ મેળવી હોય તે સમુચિત સાધનરૂપ બની બીજી પચીશીમાં નહીં પણ દશાબ્દીમાં જ વધુ ઉજ્જવલ અને ઇપ્સિત લક્ષ્યાંકો સિદ્ધ કરે એવી આપણી સૌની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે.

મહેન્દ્રકુમાર દેસાઈ ('કુમાર')

## સાભાર સ્વીકાર

૧ **જીવદર્શન :** (જ્ઞાન-ગંગોત્રી ગ્રન્થ શ્રેણી (૧૬)) લે અરવિંદ જે. દવે અને બીજા, પ્ર. રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૧૧૨ + ૫૬ + ૨૮, કિંમત રૂા. ૩૦=૦૦

૨ **ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન :** લે. પ્રબોધ બેચરદાસ પંડિત, પ્ર. કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, પૃ. ૩૦૮ + ૬, રૂા. ૧૦

૩ **શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષાનુવાદ (ચતુર્થ અધ્યાય):** અનુવાદક પ્રો.: નાગરદાસ કાશીરામ બાંભણિયા, પ્ર. મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ, શિવા દલાલની ખડકી, લાડવાડા, વડોદરા, પૃ. ૯૪, કિંમત રૂા. ૮=૦૦

૪ **આયુર્વેદનું અમૃત :** લે. વૈદ્ય પ્રભારામ નરોતમ રાવળ, પ્ર. શ્રી સોનલ મ. પારેખ, કમલ આર્ટ પ્રિન્ટરી ૩૮, પોલીસ કોર્ટ લેન કોટ, મુંબઈ, પૃ. ૨૫૮ + ૧૬, કિંમત રૂા. ૩૦=૦૦

૫ **અલગારી રખડપટ્ટી-સમીક્ષા :** લે. રમેશ ગાનાકર, પ્ર. બુકવર્લ્ડ પબ્લિકેશન, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ, પૃ. ૬૨, કિંમત રૂા. ૩=૦૦

૬ **ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા:** લે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પૃ. ૭૦ + ૬, કિંમત રૂા. ૩=૫૦પૈ.

૭ **ટેન્સરો અને ભૂમિતિ:** લે. દર્શનસિંધ બસન, પ્ર. કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, પૃ. ૯૨, કિંમત રૂા. ૪=૦૦

૮ **એક યાદગાર સત્યાગ્રહ :** લે. અને પ્ર. ચીમનભાઈ દેસાઈ, દેસાઈની હવેલી, બાકરોલ (તા. આણંદ, જિ. ખેડા), પૃ. ૨૪ + ૮, રૂા. ૨=૦૦

૯ **યતિસ્મૃતિ :** લે. સ્વામી શિવગિરિ, પ્ર. સંન્યાસ આશ્રમ, ૩૩, કરણપરા, રાજકોટ, પૃ. ૬૨, કિંમત રૂા ૧=૭૫ પૈ.

૧૦ **અપ્પય દીક્ષિત: કવિ અને આલંકારિક :** લે. ભગવતીપ્રસાદ દેવશંકર પંડ્યા, પ્ર. રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, પૃ. ૪૯૬, કિંમત રૂા. ૩૦=૦૦

**'આયુ પ્રકાશન', ૬, હરસિદ્ધ ચેમ્બર્સ, બીજો માળ, ઇન્કમટેક્ષ ઓફિસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩''નાં શોભનરચિત પ્રકાશનો**

૧૦ **રોજિંદા રોગો:** પૃ. ૧૦૦ + ૧૨, કિંમત રૂા. ૪.

૧૧ **આરોગ્ય પ્રશ્નોત્તરી :** પૃ. ૧૮૪ + ૧૬, કિંમત રૂા. ૫.

૧૨ **ઈમર્જન્સી બોક્સ:** પૃ. ૧૨૦ + ૧૨, કિંમત રૂા. ૪.

### માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરનાં પ્રકાશનો

૧૩ **અમદાવાદની વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓ:** લે. રાજુ સકસેના, અનુવાદ સુરેશ આર. શાહ, પૃ. ૨૨, વિનામૂલ્ય વહેંચણી માટે.

૧૪ **ગુજરાતમાં હરિજન કલ્યાણ પ્રવૃત્તિ:** લે. ડાહ્યાભાઈ નાયક, પૃ. ૭૦.

૧૫. **ગુજરાતની નારી:** લે. ઈલા. ર. ભટ્ટ, પૃ. ૬૮.

૧૬ **અસ્પૃશ્યતા નિર્મૂળ થવી જ રહી:** પૃ. ૪૦.

### રૂપાલી પ્રકાશન ' ૮૦, ગિરધરનગર, અમદાવાદ-૪નાં પ્રકાશનો

૧૭ **તરસ:** લે. રમેશ પંડ્યા, 'આરસ' પૃ. ૬૪, કિંમત રૂા. ૩=૭૫ પૈ.

૧૮ **વિદિશા:** લે. જયંત શુકલ, પૃ. ૬૪, કિંમત રૂા. ૩=૭૫ પૈ.

૧૯ **શક્યતા:** લે. સતીશ ડણાક, પૃ. ૬૪, કિંમત રૂા. ૩=૭૫.

૨૦ **સંભાવના:** લે. દાઉદ જરગેલા, 'કંટક', પૃ. ૬૪, કિંમત રૂા. ૩–૭૫ પૈ.

### બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧ નાં પ્રકાશનો

૨૧ **ગુરુ નાનક: જીવન અને કાર્ય:** લે. ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૧૪૦, કિંમત રૂા. ૪.

૨૨ **માર્ક્સ-માઓ-ગાંધી પછી શું?:** લે. વિમલા ઠકાર, અનુવાદક: કિશનસિંહ ચાવડા, પૃ ૪૦, કિંમત રૂા. ૧–૭૫ પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૧૨ : અંક ૨ ફેબ્રુઆરી, ૧૯૭૫

વસંતપંચમી વિ. સં. ૨૦૩૧

## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય—ભોગીલાલ જ. સાંડેસરા ... | ૧૩૭–૧૪૮ |
| ૨. | ગુરુ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... | ૧૪૯–૧૬૧ |
| ૩. | નાથ અને સિદ્ધ-સંપ્રદાય—જેઠાલાલ ત્રિવેદી ... | ૧૬૨–૧૮૨ |
| ૪. | ભાગવત પુરાણમાં ભક્તિ—હરિપ્રસાદ શાસ્ત્રી ... | ૧૮૩–૧૯૭ |
| ૫. | ઋષિકેશનાં બે શિલ્પો—મણિભાઈ વોરા ... | ૧૯૮ |
| ૬. | 'વિક્રમચરિત્ર રાસ' એક દૃષ્ટિ—સુભાષ મ. દવે ... | ૧૯૯–૨૦૨ |
| ૭. | ટૂંકી વાર્તાનું કાવ્ય—હસિત હ. બૂચ ... | ૨૦૩–૨૦૬ |
| ૮. | ગુજરાતી નિબંધ અને તેનો વિકાસ—પ્રવીણ દરજી ... | ૨૦૭–૨૨૨ |
| ૯. | શ્યામગર્ત—છોટુભાઈ સુથાર ... | ૨૨૩–૨૨૯ |
| ૧૦. | ગ્રન્થાવલોકન : | |
| | (૧) The Riddle of the Temple of Somanātha . . | ૨૩૦–૨૩૨ |
| | (૨) વિશ્વદર્શન-૧ (ક્રાંતિ) ... | ૨૩૨–૨૩૪ |
| | (૩) અધીત ... | ૨૩૪–૨૩૭ |
| | (૫) સાભાર સ્વીકાર ... | ૨૩૮–૨૩૯ |


# વિજેતા બેલડી


હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj



પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

**નાની બચત**
**ઘડપણનો સહારો**

વિગત માટે :
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

# આજ માટે તૈયાર છો, પણ આવતી કાલ નો વિચાર કર્યો છે?




મા-ખા-ગુજ ૩-૭૪



everest/365k/ACW Guj

# નાના ઉદ્યોગપતિઓ!



જો નાણાં એ તમારી સમસ્યા હોય, તો

બૅન્ક ઑફ બરોડા એ તેનો ઉકેલ છે.



**ઍક વિચારથી માંડીને...**
**તેને પૂર્તિ કરવાના...**
**અને વિકસાવવાના સમગ્ર માર્ગમાં**
**બૅન્ક ઑફ બરોડા તમારી સાથે છે:**

જો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા માટે અથવા વિકસાવવા માટે તમારામાં ધગશ, કુશળતા અથવા ટૅકનીકલ જ્ઞાન હોય તો બૅન્ક ઑફ બરોડા તમને જરૂરી નાણાં ધીરશે... પુનઃ ચુકવણી અંગેની હળવી શરતોએ. વધુ વિગતો માટે બૅન્ક ઑફ બરોડાની નજીકની શાખાનો સંપર્ક સાધો.

BANK OF BARODA

ચિર સમૃદ્ધિનું પ્રતીક

**બૅન્ક ઑફ બરોડા**

ભારતમાં અને પરદેશો — બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં — મળીને ૭૦૦ ઉપરાંત શાખાઓનું જૂથ.

Shilpi BOB 25A/72 Guj.

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૪=૦૦ |
| ૨૬ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા**



ચિત્ર ૨

અવશેષ બીજો : મસ્તક

ફોટો : મણિભાઈ વોરા

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં તેમનો લેખ. ]